સાપ્તાહિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
# મુંબઈ સમાચાર
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 31
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ શ્રાવણ સુદ - ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
રવિવાર, ૩ ઑગસ્ટ, ૨૦૨૫, (૧૫ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૩
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મોદીનું નામ લેવા મને ટૉર્ચર કરાઈ હતીઃ સાધ્વી પ્રજ્ઞા

**સત્યને ક્યારેય છુપાવી ન શકાય. હું ગુજરાતમાં રહી હતી અને તેથી મને (તે વખતના ગુજરાતના મુખ્ય પ્રધાન) હાલના વડા પ્રધાન મોદી પર દોષારોપણ કરવા દબાણ કરાયું હતું.**

## માલેગાંવ બ્લાસ્ટ કેસમાં પીએમ ઉપરાંત યોગી આદિત્યનાથ અને મોહન ભાગવતને પણ સંડોવવા માટે દબાણ હોવાનો દાવો



નવી દિલ્હીઃ માલેગાંવ ધડાકાના કેસમાં ત્રાસવાદના આરોપમાંથી અદાલત દ્વારા મુક્ત કરાયેલાં સાધ્વી પ્રજ્ઞાએ આક્ષેપ કર્યો હતો કે હાલના વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ઉત્તર પ્રદેશના હાલના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવત તેમ જ અન્ય કેટલાક લોકો પર આ પ્રકરણમાં દોષારોપણ કરવા માટે મારા પર અત્યાચાર ગુજારવામાં આવ્યો હતો.

ભોપાળનાં ભૂતપૂર્વ સાંસદે જણાવ્યું હતું કે મેં ખોટી રીતે કોઇનું નામ નહોતું આપ્યું. મને ખોટી રીતે સંઘના વરિષ્ઠ નેતા રામ માધવ સહિતના કેટલાક લોકોના નામ આપવા (તેઓ પર દોષારોપણ કરવા) હેરાન કરાઇ હતી.

તેમણે જણાવ્યું હતું કે મારા પર બહુ જુલમ ગુજારવામાં આવતા મારી તબિયત બગડી ગઇ હતી અને ફેફસાંને લગતી તકલીફ ઊભી થઇ હતી. હૉસ્પિટલમાં પણ મને ગેરકાયદે અટકાયત હેઠળ રખાઇ હતી. હું આ બધી વાત લખવાની છું. સત્યને ક્યારેય છુપાવી ન શકાય. હું ગુજરાતમાં રહી હતી અને તેથી મને (તે વખતના ગુજરાતના મુખ્ય પ્રધાન) હાલના વડા પ્રધાન મોદી પર દોષારોપણ કરવા દબાણ કરાયું હતું.

મને કહેવાતું કે જો તમે આ લોકોના નામ આપશો એટલે કે તેઓ પર દોષારોપણ કરશો, તો અમે તમને નહિ મારીએ.

મુંબઈમાંની એનઆઇએની ખાસ અદાલતે માલેગાંવમાં ૨૦૦૮માં થયેલા ધડાકાના સાતેય આરોપીને અંદાજે ૧૭ વર્ષ પછી ચાલુ વર્ષની ૩૧ જુલાઇએ છોડી દેવાનો આદેશ આપ્યો હતો. આ આરોપીઓમાં ભાજપનાં ભૂતપૂર્વ સાંસદ પ્રજ્ઞાસિંહ ઠાકુર અને લેફ્ટનન્ટ કર્નલ પ્રસાદ પુરોહિતનો પણ સમાવેશ થાય છે. (એજન્સી) ■

# ભારત માટે ખતરાની ઘંટીઃ પાકિસ્તાન અને બાંગ્લાદેશ લશ્કરે હાથ મિલાવ્યા

## ઢાકામાં લશ્કરી બળવા કરાવવાની તૈયારીઓ ચાલી રહી છે

નવી દિલ્હીઃ ભારતની જાસૂસી સંસ્થાઓને મળેલી હોવાનું કહેવાતી માહિતી મુજબ પાકિસ્તાન અને બાંગ્લાદેશના લશ્કર વચ્ચેના સંબંધ ઘણાં સુધરી ગયા છે. ભારતના બન્ને દુશ્મન પાડોશી દેશના સૈન્ય વચ્ચે વધેલી સાઠગાંઠ નવી દિલ્હી માટે મોટું જોખમ ઊભું કરી શકે છે.

આ ઉપરાંત, પાકિસ્તાનની મદદથી બાંગ્લાદેશના પ્રમુખ મહંમદ શાહબુદ્દીને હોદ્દા પરથી હટાવીને તેમના સ્થાને કોઇ લશ્કરી ઉચ્ચ અધિકારીને બેસાડવા ષડ્યંત્ર ઘડાયું હોવાનું પણ કહેવાય છે.

પાકિસ્તાની હવાઇ દળ અને બાંગ્લાદેશ હવાઇ દળના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે ૨૦૨૫ની ૧૫ થી ૧૯ એપ્રિલ વચ્ચે બંધબારણે ગુપ્ત મંત્રણા થઇ હતી.

પાકિસ્તાન અને બાંગ્લાદેશ ડ્રોન્સ ઉડાડવા અને આકાશમાંના યુદ્ધમાં ઉપયોગી થાય એવા સ્ટિમ્યુલેટર્સ (મોડ્યુલર ઍન્ડ અનમેન્ડ મિશન ટ્રેનર્સ) સંયુક્ત રીતે બનાવવાની યોજના ઘડી રહ્યા હોવાનું પણ બહાર આવ્યું હતું.

બન્ને દેશ ગુપ્ત સંદેશવ્યવહાર માટેની યંત્રણા વધારવા તેમ જ ભૂમિ પરથી આકાશમાં અને આકાશમાંથી આકાશમાં હુમલા કરવા માટેની સિસ્ટમ્સ પણ સાથે વિકસાવવા માગતા હોવાનું મનાય છે. આ બન્ને દેશ શત્રુઓના સૈન્યની હિલચાલ પર નજર રાખવા ચીનના ઉપગ્રહની મદદ લેવાનું વિચારી રહ્યા છે. બાંગ્લાદેશના હવાઇદળની સિલહટમાંની સ્પેશલ વૉરફેર ટ્રેનિંગ સ્કૂલ ખાતે 'ઑગ્મેન્ટેડ રિયલિટી' અને 'વર્ચ્યુઅલ રિયલિટી' માટે ફ્લાઇટ એસઆરએનએલ આધારિત સિસ્ટમ્સ સાથે મળીને તૈયાર કરવાની યોજના ઘડાઇ રહી છે. બાંગ્લાદેશની એલાઇટ વન પેરા કમાંડો બટાલિયનને સરહદ પાર હુમલા કરી શકે એવા અત્યાધુનિક શસ્ત્રો પણ પૂરા પાડવામાં આવી રહ્યા છે. આવા શસ્ત્રો અમેરિકા દ્વારા અન્ય દેશોને ત્રાસવાદવિરોધી કાર્યવાહી માટે સામાન્ય રીતે વેચવામાં આવે છે. ■

# ભારત ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવાની તૈયારીમાંઃ ટ્રમ્પને મોદીનો સણસણતો જવાબ

## અન્ય દેશો પર અવલંબન ઘટાડવા સ્વદેશી જ ખરીદવાનું એલાન

વારાણસીઃ ભારતના અર્થતંત્રને 'ખાડે ગયેલું' કહેનારા અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને આડકતરી રીતે જવાબ આપતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે જણાવ્યું હતું કે ભારત વિશ્વના સૌથી મોટા અર્થતંત્ર ધરાવતાં રાષ્ટ્રોમાં ત્રીજા ક્રમે પહોંચવાનું છે અને વૈશ્વિક સ્તરે અસ્થિરતા ફેલાઇ છે ત્યારે આપણે સૌએ દેશના હિતના રક્ષણાર્થે સાવધ રહેવું જરૂરી છે. દેશના દરેક નાગરિકે સ્વદેશી ચીજો જ ખરીદીને દેશને સંપૂર્ણ સ્વાવલંબી બનાવવામાં તેમ જ તેના વિકાસમાં સહાય કરવાનું પોતાનું કર્તવ્ય સમજવું જોઇએ.

તેમણે વારાણસી ખાતે જાહેરસભાને સંબોધતા આર્થિક ક્ષેત્રે સ્વાવલંબન પર ભાર આપ્યો હતો અને જણાવ્યું હતું કે અમારી સરકાર ખેડૂતો, લઘુ ઉદ્યોગોના હિતાર્થે અને યુવાનો માટે રોજગારીની તક વધારવા બનતા દરેક પ્રયાસ કરવા કટિબદ્ધ છે. ટ્રમ્પે ભારતથી આયાત કરાતા માલસામાન પર

(જુઓ પાનું ૨) ▸▸

## ઑપરેશન સિંદૂર મહાદેવને અર્પણઃ વડા પ્રધાન

વારાણસીઃ વડા પ્રધાન મોદીએ 'ઑપરેશન સિંદૂર'ની સફળતાનો યશ ભગવાન શિવને આપ્યો હતો.

આતંકવાદ વિરુદ્ધ કાર્યવાહી કરવાની ભારતની પ્રતિબદ્ધતાનું વર્ણન કરતાં મોદીએ કહ્યું હતું કે ઑપરેશન સિંદૂરે વિશ્વને ભારતની તાકાત દર્શાવી દીધી છે અને એવો સ્પષ્ટ સંદેશો પણ આપી દીધો છે કે ભારત પર હુમલો કરનારને બક્ષવામાં નહીં આવે. ભલે પછી એ

(જુઓ પાનું ૨) ▸▸



**બે મહારથીઃ** વારાણસી જિલ્લામાં શનિવારે જાહેરસભાને સંબોધવા આવેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સાથે ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ. (પીટીઆઇ)

# એ સમય દૂર નથી કે હિમાચલ પ્રદેશ નકશામાં નહીં હોયઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી : કેન્દ્ર અને રાજ્ય સરકારોને પર્યાવરણ અને સજીવસૃષ્ટીને બદલે મહેસૂલી આવકને પ્રાધાન્ય ન આપવની શીખ આપતાં સર્વોચ્ચ અદાલતે હિમાચલ પ્રદેશમાં નિરંકુશ બાંધકામ અને સહેલાણીઓના ધસારા અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે જો હિમાચલ પ્રદેશમાં હાલત સુધારવાના ઉપચારો નહીં કરાય તો એ દિવસ દૂર નથી કે હિમાચલ પ્રદેશ દેશના નકશામાંથી દૂર થઈ જશે. જસ્ટિસ જે. બી. પારડીવાલા અને આર. મહાદેવની બેન્ચે કહ્યું હતું કે તાજેતરનાં વર્ષોમાં રાજ્યમાં અનેક કુદરતી આપદા આવી છે. પૂર, પર્વતોમાં સતત ભૂસ્ખલન, ઘરો અને મકાન તૂટવા અને રોડનું બેસી જવું-આ બધામાં સેંકડો માનવી મરણ પામ્યાં છે. આ બધા માટે કુદરત નહીં, પરંતુ માનવી જવાબદાર છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે કુદરતે હિમાચલ પ્રદેશને વિપુલ સૌંદર્ય આપ્યું છે. આ કુદરતી સૌંદર્યનો લાભ લઈને રાજ્ય સરકાર તેના પર્યટન સ્થળોને પ્રોત્સાહન આપવા ચાર લેનના રોડ બાંધી રહ્યું છે. આ રોડને બાંધવા ભારે યંત્રો અને વિસ્ફોટક સામગ્રીનો ઉપયોગ થાય છે. પર્વતને તોડીને રોડ બાંધવામાં આવે છે અને આને લીધે રાજ્યની પ્રકૃતિની સમતુલા ખોરવાઈ જાય છે. સુપ્રીમ કોર્ટે વધુમાં ચેતવણી આપી હતી કે અમે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારને એ સમજાવવા માગીએ છીએ કે મહેસુલી આવક ઊભી કરવી જ સર્વસ્વ નથી. પર્યાવરણ અને જીવવિજ્ઞાનના ભોગે આવક ન ઊભી કરી શકાય, જો આ જ રીતે બધુ ચાલશે તો એ દિવસ દૂર નથી કે આખું રાજ્ય નકશામાંથી હવાની જેમ ઊડી જશે. ■




**બચાવ કામગીરીઃ** પ્રયાગરાજમાં ચોમાસા દરમિયાન ગંગા અને યમુના નદીની જળસપાટી વધતા શનિવારે સ્થાનિક રહેવાસીઓને સલામત સ્થળે ખસેડવાની ચાલતી કામગીરી. (પીટીઆઇ)

# અરુણ જેટલીએ મને ધમકી આપી હતીઃ રાહુલ ગાંધી

## નવા કૃષિ કાયદાની પહેલાં તો જેટલી ગુજરી ગયા હતાઃ ભાજપ

નવી દિલ્હીઃ કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ શનિવારે આક્ષેપ કર્યો હતો કે કેન્દ્રના ભૂતપૂર્વ નાણાં પ્રધાન અરુણ જેટલીએ મને નવા કૃષિ કાયદાની વિરુદ્ધ બોલવા સામે ધમકી આપી હતી. હું જો નવા કૃષિ કાયદાની વિરુદ્ધ બોલીશ તો મારી સામે કાર્યવાહી કરવાની ચેતવણી આપી હતી.

દરમિયાન, ભાજપે આ આક્ષેપને ખોટા ગણાવીને જણાવ્યું હતું કે રાહુલ ગાંધીએ સાચું બોલવું જોઇએ. નવા કૃષિ કાયદા ૨૦૨૦માં ઘડાયા હતા, પરંતુ જેટલી તો ૨૦૧૯માં ગુજરી

(જુઓ પાનું ૨) ▸▸

# આદિત્યનાથે પીએમ મોદીને શિવલિંગ ભેટ આપ્યું



વારાણસીઃ પવિત્ર શ્રાવણ મહિના નિમિત્તે ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે શનિવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને વારાણસીની મુલાકાત દરમિયાન હસ્ત બનાવટનું શિવલિંગ ભેટમાં આપ્યું હતું. આ શિવલિંગ બનારસ મેટલમાંથી બનાવવામાં આવ્યું હતું.

સત્તાવાર બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવ્યાનુસાર કલાકારીગીરીના નમૂનારૂપ આ શિવલિંગ જિયોગ્રોફિકલ ઈન્ડિકેશન (જીઆઈ) સર્ટિફાઈડ ક્રાફ્ટ ઑફ કાશી પ્રમાણિત ધાતુ અને મીનાકારીનો ઉત્કૃષ્ટ નમૂનો છે.

જીઆઈ નિષ્ણાત અને પદ્મશ્રી એવૉર્ડ વિજેતા ડૉ. રજનીકાંતે કહ્યું હતું કે આ શિવલિંગ ૧૮ ઈંચ ઊંચું તેમ જ ૧૫ ઈંચ પહોળુ છે અને તેને મીનાકારી કરેલી વ્યાસપીઠ પર બેસાડવામાં આવ્યું છે. આ શિવલિંગની સાથે પાંચ ફેણવાળો નાગ, નંદી, 'પ્રસાદ' નૈવેદ્ય, ગંગાનું પાણી ભરેલો કળશ અને ત્રિશૂલ પણ છે.

કાશીસ્થિત ત્રણ કારીગર મૅટલ આર્ટિસ્ટ અનિલ કાશેરા તેમ જ રઘુનાથ કાશેરા અને મીનાકારી નિષ્ણાત અરુણકુમાર વર્મા દ્વારા આ કૃતિ તૈયાર કરવામાં આવી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ પ્રસંગે કારીગરોને 'સ્વદેશી અને લોકલ ટૂ ગ્લોબલ' મંત્ર થકી ભારતના હસ્તઉદ્યોગને વૈશ્વિક સ્તરે લઈ જવાની વિનંતી કરી હતી.

કારીગરોના એસોસિયેશને વડા પ્રધાનની આ પ્રતિક્રિયાને ગૌરવની ક્ષણ લેખાવી વધાવી લીધી હતી અને કાશીની પરંપરાગત કલા તેમ જ સંસ્કૃતિને વૈશ્વિક મંચ પર લઈ જવાની દિશામાં મહત્ત્વનું પગલું લેખાવ્યું હતું.

વર્ષ ૨૦૧૪થી અત્યાર સુધીની ત્રીજી મુદત દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીની તેમનાં સંસદીય મતદારક્ષેત્ર વારાણસીની આ એકાવનમી મુલાકાત હતી. (એજન્સી)

# મારું નામ જ નથી મતદારયાદીમાંઃ તેજસ્વી યાદવ

## જોકે ચૂંટણી પંચ તેજસ્વીના દાવાને સાફ નકારે છે




પટણા : રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી)ના નેતા તેજસ્વી યાદવે શનિવારે દાવો કર્યો હતો કે બિહારમાં ચૂંટણી પહેલાં ચૂંટણી પંચે મતદારયાદીની ખાસ સઘન સમીક્ષાના ભાગરૂપે મતદારયાદીનો મુસદ્દો પ્રગટ કરવામાં આવ્યો છે એમાં મારું નામ નથી. જોકે ચૂંટણી પંચ, નાયબ મુખ્ય પ્રધાન અને ભાજપના સિનિયર નેતા સમ્રાટ ચૌધરી અને પટણા જિલ્લા વહીવટીતંત્રે આ દાવાને રદિયો આપ્યો હતો અને એક સ્ક્રીનશોર્ટ શૅર કર્યો હતો જેમાં યાદવની વિગતો અને ફોટોગ્રાફ દેખાય છે.

ચૂંટણી પંચે તેજસ્વી યાદવના દાવાને પાયાવિહોણો ગણાવ્યો હતો. અધિકારીએ કહ્યું હતું કે મુસદ્દામાં સિરિયલ નંબર ૪૧૬માં તેમનું નામ છે. પંચે કહ્યું હતું કે પહેલી ઓગસ્ટથી પહેલી સપ્ટેમ્બર સુધી દાવા અને વાંધા ઉઠાવવા માટેનો સમય રાખવામાં

(જુઓ પાનું ૨) ▸▸

# બળાત્કારના કેસમાં પ્રજ્વલ રેવન્નાને આજીવન કેદ



બેંગ્લૂરુઃ બેંગ્લૂરુની એક વિશેષ અદાલતે શનિવારે ભૂતપૂર્વ સાંસદ અને જેડી(એસ)ના સસ્પેન્ડ નેતા પ્રજ્વલ રેવન્નાને બળાત્કારના કેસમાં આજીવન કેદની સજા ફટકારી છે. સાંસદો/ધારાસભ્યો માટેની વિશેષ અદાલતના ન્યાયાધીશ સંતોષ ગજાનન ભટે આરોપીને કુલ દસ લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો.

અદાલતે શુક્રવારે ૩૪ વર્ષીય રેવન્નાને તેની સામે નોંધાયેલા ચાર જાતીય શોષણ અને બળાત્કારના કેસોમાંના એકમાં દોષિત ઠેરવ્યો હતો અને સજા શનિવાર માટે આરક્ષિત રાખી હતી. આ કેસ હસન જિલ્લાના હોલેનરસીપુરા સ્થિત પરિવારના ગન્નીકાડા ફાર્માહાઉસમાં ઘરકામ કરતી ૪૮ વર્ષીય મહિલાનો છે. ૨૦૨૧માં હસન ફાર્મહાઉસ

(જુઓ પાનું ૨) ▸▸



# ઍરપોર્ટ સ્ટ્રેસને દૂર ભગાવવા કરો ગલૂડિયાંને વ્હાલી, વ્હાલી

હૈદરાબાદઃ અહીંના રાજીવ ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનમથકે કદાચ હવે તમે જાઓ ત્યારે તમને ગલૂડિયાં સાથે રમીને માનસિક તાણ દૂર કરવા મળશે.

હૈદરાબાદના વિમાનમથકનું સંચાલન સંભાળતા જીએમઆર ગ્રૂપે 'થેરપી ડૉગ પ્રોગ્રામ' પ્રાયોગિક ધોરણે શરૂ કર્યો છે. હાલમાં તો ઍરપોર્ટ પર મુસાફરોનો મિજાજ સુધારવા અને માનસિક શાંતિ માટે લાંબા વાંકડિયા વાળવાળા રમકડાંના ચાર ગલૂડિયાં રખાયા છે અને પ્રવાસીઓના પ્રતિભાવનો અભ્યાસ કરાઇ રહ્યો છે. જો આ નવા પ્રયોગને સારો આવકાર મળશે, તો કદાચ ભવિષ્યમાં સાચા કુરકુરિયાં પણ ઍરપોર્ટ પર રખાય. ગલૂડિયાં સાથે તેને સાચવવા અનુભવી ટ્રેનર પણ રખાશે. જે મુસાફરો કુરકુરિયાંની સાથે રમવા ઇચ્છતા હશે, તેઓની પાસે જ ગલૂડિયાં મોકલાશે. હાલમાં હૈદરાબાદના ડૉમેસ્ટિક અને ઇન્ટરનેશનલ ઍરપોર્ટ ખાતે શુક્રવારથી સોમવાર સુધી બપોરના ત્રણથી સાત વાગ્યાના ચાર કલાકના ગાળા દરમિયાન ગલૂડિયાં રાખવાની યોજના ઘડાઇ છે. હૈદરાબાદના વિમાનમથકે છેલ્લાં નાણાકીય વર્ષમાં ૨.૯૫ કરોડ મુસાફરોએ આવ-જા કરી હતી. (એજન્સી)

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૩-૮-૨૦૨૫ થી તા. ૯-૮-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ સમગ્ર સપ્તાહમાં કર્ક રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ કન્યા રાશિમાં ભ્રમણ કરે છે. વક્રી બુધ કર્ક રાશિમાં ભ્રમણ કરે છે. ગુરુ મિથુન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર મિથુન રાશિમાં ભ્રમણ કરે છે. વક્રી શનિ મીન રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે વૃશ્ચિક રાશિમાં રહે છે. તા. પાંચમીએ ધનુ રાશિમાં, તા. ૭મીએ મકર રાશિમાં આવે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં અનુકૂળતા રહેશે. નોકરીના સ્થળની બદલી થાય. નોકરીના કામકાજમાં પરિશ્રમ અધિક જણાય. વેપારમાં નાણાં વ્યવહારમાં સાવધાની દાખવવી જરૂરી છે. તા. ૭, ૮, ૯ મહિલાઓને કાર્યક્ષેત્રે સફળતાસૂચક જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અભ્યાસના કામકાજ એકંદરે શુભ પુરવાર થશે. વિદ્યાર્થીઓને રમતગમત, હરીફાઈ ક્ષેત્રે સફળતા જણાશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજાર નવા રોકાણ માટે અનુકૂળ તકો દર્શાવે છે. નોકરીમાં તા. ૪, ૫, ૯ શુભ પુરવાર થશે. વેપારની પ્રવૃત્તિઓમાં પરિવર્તનો લાવી શકશો. નાણાંની આવકની વૃદ્ધિ થાય. કુટુંબીજનો સાથેના નાણાં વ્યવહાર પણ સફળતાથી સંપન્ન થઈ શકશે. કુટુંબીજનોમાં યશસ્વીપણું અનુભવશો. મહિલાઓને આ સપ્તાહમાં કુટુંબીજનોનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓ નવા અભ્યાસનો પ્રારંભ કરી શકશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણમાં જન્મકુંડળીના આધારે નિર્ણય લેવા જરૂરી છે. નોકરી માટે તા ૩, ૪, ૯ શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરો, મિત્રોની મદદ મેળવશો. જૂનાં ઉઘરાણીના નાણાંની વસૂલી શક્ય જણાય છે. વેપાર વધશે. વેપારના મિત્રોમાં યશ મેળવશો. ગૃહિણીઓને સંતાનના મૂંઝવતા પ્રશ્નોમાં ઉકેલ જણાશે. વિદ્યાર્થીઓને શિક્ષકની અપેક્ષિત મદદ પ્રાપ્ત થતી જણાશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વેપાર અને નાણાં રોકાણની પ્રવૃત્તિઓમાં સફળતા મેળવશો. નોકરીમાં તા. ૫, ૬ શુભ જણાય છે. કારોબારના ઉઘરાણીના નાણાંની વસૂલી શક્ય છે. કારોબાર માટે પરિવર્તનો પણ લાવી શકશો. મહિલાઓને કુટુંબમાં તા. ૩, ૪, ૭, ૮ માંગલિક પ્રસંગો સફળતાથી સંપન્ન થતા જણાશે. વિભાગીય પરીક્ષામાં વિદ્યાર્થીઓને સફળતાનો અનુભવ થશે. અન્ય પ્રવૃત્તિઓ પણ યશસ્વી બની રહેશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારનું લાંબા સમયના નાણાંના રોકાણનો નિર્ણય સફળ બનતો જણાશે. નોકરીમાં સહકાર્યકરો ઉપયોગી થાય. તા. ૬, ૭ શુભ પુરવાર થશે. નોકરીના અધિકારીનો સહયોગ મેળવશો. અકારણ નાણાં વ્યય પરત્વે સાવધાની દાખવવી જરૂરી છે. ભાગીદારીમાં પરિવર્તનો આવે તેમ છે. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને અભ્યાસના નિર્ણયોમાં અનુકૂળતા પ્રાપ્ત થાય.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં જરૂરી માર્ગદર્શન મેળવશો. નોકરીમાં હરીફાઈ, ઉચાટ જેવું વાતાવરણ છતાંય પ્રગતિ જાળવી શકશો. તા. ૩, ૪, ૯ કાર્યક્ષેત્રે શુભ જણાય. કારોબારની નાણાંની આવક જળવાઈ રહેશે. મહિલાઓને નોકરીના ક્ષેત્રે પ્રગતિનો અનુભવ થશે. વિદ્યાર્થીઓના અધ્યયનના કામકાજમાં સફળતા જણાશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. ઉપરાંત લાંબા સમયનું કે ટૂંકા સમયના નાણાંના રોકાણમાં પણ સાવધાની દાખવવી જરૂરી છે. નોકરી માટે તા. ૬, ૭, ૮ શુભ જણાય છે. નોકરીમાં કામકાજમાં મંદ ગતિનો અનુભવ છતાંય પ્રગતિ જળવાઈ રહેશે. નાણાં આવક છતાંય ખર્ચનું પ્રમાણ અધિક જણાય છે. નવા કામકાજનો પ્રારંભ શક્ય જણાય છે. મહિલાઓને પરિવારના સંબંધીજનોનો સહયોગ પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓ અધ્યયનમાં એકાગ્રતા જાળવી શકશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના વાયદાના વેપારમાં તથા ટૂંકા સમયના કે દૈનિક વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરીમાં પરિવર્તનો શક્ય છે. નોકરીની બદલી પણ શક્ય છે. તા. ૩, ૭, ૮, ૯ પણ શુભ જણાય છે. કાર્યક્ષેત્રે મૌલિક પ્રવૃત્તિઓમાં યશસ્વી અનુભવ થાય. મહિલાઓ નોકરી ક્ષેત્રે યશ મેળવશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અધ્યયીઓનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં, દૈનિક વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરીમાં પરિવર્તનો શક્ય છે. વેપારમાં નાણાં લેવડદેવડમાં સાવધાની દાખવવી જરૂરી છે. મિત્રો ઉપયોગી થાય. મિત્રો દ્વારા કાર્યક્ષેત્રે પ્રગતિનો અનુભવ કરશો. નાણાં આવકની વૃદ્ધિ થશે. મહિલાઓને સંતાનના મૂંઝવતા પ્રશ્નોમાં રાહત જણાશે. કુટુંબીજનોમાં મહિલાઓનું માનપાન વધશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અભ્યાસના ક્રમ જળવાઈ રહેશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં સાહસિકતાથી મક્કમપણે આત્મવિશ્વાસપૂર્વક પ્રવૃત્તિઓ જાળવી શકશો. તા. ૩, ૪, ૯ નોકરી ક્ષેત્રે શુભ પરિણામ દર્શાવે છે. સાહસિકતાથી પ્રવૃત્તિઓનો ક્રમ જાળવી શકશો. નાણાં આવક જળવાઈ રહેશે. ભાગીદાર ઉપયોગી થશે. મહિલાઓને નોકરીના ક્ષેત્રે સફળતાનો અનુભવ થાય. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં કુટુંબના વડીલોનો સહયોગ, પ્રોત્સાહન પ્રાપ્ત કરશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં ટ્રેડિંગ તથા વાયદાના વેપારમાં પણ સાવધાની દાખવવી જરૂરી છે. તા. ૩, ૪, ૬ નોકરીક્ષેત્રે શુભ જણાય છે. નોકરીમાં સહકાર્યકરો અને અધિકારીનો સહયોગ મેળવશો. પ્રવાસ દ્વારા વેપારના કામકાજ સફળતાથી પૂર્ણ કરી શકશો. કાર્યક્ષેત્રે નાણાં આવકની વૃદ્ધિ થશે. કુટુંબીજનોનો સહયોગ, પ્રોત્સાહન વિદ્યાર્થીઓને પ્રાપ્ત થશે. આત્મવિશ્વાસ જળવાશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું નાણાં રોકાણ તથા દૈનિક વેપાર પણ પૂર્ણ થતો જણાશે. નોકરી માટે તા. ૩, ૪, ૬, ૭ શુભ જણાય છે. નકારાત્મક વિચારો દૂર કરી આત્મવિશ્વાસપૂર્વક નોકરીના કઠીન કામકાજ પૂર્ણ કરી શકશો. સંતાન પરિવારના કારોબારમાં જોડાશે. સંતાનના અપેક્ષિત જવાબદારીના કામકાજ પૂર્ણ કરવા માટે મહિલાઓ સફળ બની રહેશે. પરિવારના પ્રસંગો સરળતાથી પૂર્ણ થઈ શકશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અધ્યયનનો સુખદ અનુભવ થાય. ■

## આજનું પંચાંગ

### દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ પ્રારંભ

### રવિવાર, તા. ૩-૮-૨૦૨૫, આદિત્ય પૂજન, શ્રી હરિ જયંતી

ભારતીય દિનાંક ૧૨, માહે શ્રાવણ, શકે ૧૯૪૭

વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, શ્રાવણ સુદ-૯

જૈન વીર સંવત ૨૫૫૧, માહે શ્રાવણ, તિથિ સુદ-૯

પારસી શહેનશાહી રોજ ૨૪મો દીન, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪

પારસી ફસલી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫

પારસી ફસલી રોજ ૧૬મો મેહેર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪

મુસ્લિમ રોજ ૮મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭

મીસરી રોજ ૯મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭

નક્ષત્ર વિશાખા સવારે ક. ૦૬-૩૪ સુધી, પછી અનુરાધા

ચંદ્ર વૃશ્ચિકમાં

ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૭, અમદાવદ ક. ૦૬ મિ. ૧૨, સ્ટા.ટા.,

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૧, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૮, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

ભરતીઃ સવારે ક. ૦૭-૧૩, સાંજે ક. ૧૭-૪૯

ઓટઃ બપોરે ક.૧૨-૪૭, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૧૫ (તા. ૪)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, શ્રાવણ શુક્લ - નવમી. આદિત્ય પૂજન, શ્રી હરિ જયંતી, બગીચાનોમ, નકુલ નોમ, વિંછુડો.

શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ

મુહૂર્ત વિશેષઃ સર્વદેવ પ્રતિષ્ઠા, ભગવાન સૂર્યનારાયણનું પૂજન, અગ્નિદેવતાનું પૂજન, શનિ દેવતાનું પૂજન, નાગદેવતાના ઔષધીય પ્રયોગો અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, પરદેશગમનનું પસ્તાનું, મુંડન કરાવવું નહીં. પ્રયાણ, શુભ, નવાં વસ્રો, આભૂષણ, મહેંદી લગાવવી, વાસણ, વાહન, ચંત્રારંભ, પશુ લે-વેંચ, દુકાન, ધાન્ય ભરવું, બી વાવવું, શાંતિ પૌષ્ટિક સર્વશાંતિ પૂજા, ખેતીવાડીના કામકાજ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.

આચમનઃ ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ જ્ઞાનતંતુ પર બોજો આવે, ચંદ્ર-શનિ ત્રિકોણ કરકસરિયા, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ, સ્વપ્નદષ્ટા, ચંદ્ર-બુધ ત્રિકોણ તીવ્ર બુદ્ધિ પ્રતિભાવાળા.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ, ચંદ્ર-શનિ ત્રિકોણ, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર-બુધ ત્રિકોણ (તા. ૪)

ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-કન્યા, વક્રી બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-મિથુન, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૩-૮-૨૦૨૫ થી તા. ૯-૮-૨૦૨૫

રવિવાર, શ્રાવણ સુદ-૯, વિ. સં. ૨૦૮૧, તા. ૩જી ઓગસ્ટ, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર વિશાખા સવારે ક. ૦૬-૩૪ સુધી, પછી અનુરાધા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. આદિત્ય પૂજન, શ્રી હરિ જયંતી, બગીચાનોમ, નકુલ નોમ, વિંછુડો. સર્વદેવ પ્રતિષ્ઠા, સામાન્ય દિવસ.

સોમવાર, શ્રાવણ સુદ-૧૦, તા. ૪થી, નક્ષત્ર અનુરાધા સવારે ક. ૦૯-૧૨ સુધી, પછી જયેષ્ઠા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. શિવપૂજન, શિવમુષ્ટિ તલ, ઝુલનયાત્રા પ્રારંભ, વિંછુડો, ભદ્રા પ્રારંભ મધ્યરાત્રે ક. ૨૪-૩૦. ખાતમુહૂર્ત, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા, શુભ દિવસ.

મંગળવાર, શ્રાવણ સુદ-૧૧, તા. ૫મી, નક્ષત્ર જયેષ્ઠા સવારે ક. ૧૧-૨૨ સુધી, પછી મૂળ. ચંદ્ર વૃશ્ચિકમાં સવારે ક. ૧૧-૨૨ સુધી, પછી ધનુ રાશિ પર જન્માક્ષર. શ્રાવણ શુક્લ - એકાદશી. મંગલાગૌરી પૂજન, પુત્રદા એકાદશી (શિંગોડા), પવિત્રા એકાદશી, બપોરે ક. ૧૩-૧૩ પછી પવિત્રા ધરવા. દામોદર દ્વાદશી, વિંછુડો સમાપ્તિ સવારે ક. ૧૧-૨૩. ભદ્રા સમાપ્તિ બપોરે ક. ૧૩-૧૨. સામાન્ય દિવસ.

બુધવાર, શ્રાવણ સુદ-૧૨, તા. ૬ઠ્ઠી નક્ષત્ર મૂળ બપોરે ક. ૧૨-૫૯ સુધી, પછી પૂર્વાષાઢા. ચંદ્ર ધનુ રાશિ પર જન્માક્ષર. બુધપૂજન, પવિત્રા બારસ, વિષ્ણુ પવિત્રારોપણ, બુધ દ્વાદશી, પ્રદોષ, ખાતમુહૂર્ત, વાસ્તુકળશ, શુભ દિવસ.

ગુરુવાર, શ્રાવણ સુદ-૧૩, તા. ૭મી. નક્ષત્ર પૂર્વાષાઢા બપોરે ક.૧૪-૦૦ સુધી, પછી ઉત્તરાષાઢા. ચંદ્ર ધનુમાં રાત્રે ક. ૨૦-૧૦ સુધી, પછી મકર રાશિ પર જન્માક્ષર. બૃહસ્પતિ પૂજન, આખેટક ત્રયોદશી (ઓરિસ્સા), શિવપવિત્રારોપણ (ઓરિસ્સા), ખાતમુહૂર્ત, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા, શુભ દિવસ.

શુક્રવાર, શ્રાવણ સુદ-૧૪, તા. ૮મી ઓગસ્ટ, નક્ષત્ર ઉત્તરાષાઢા બપોરે ક. ૧૪-૨૭ સુધી, પછી શ્રવણ. ચંદ્ર મકર રાશિ પર જન્માક્ષર. જીવંતિકા પૂજન, વ્રતની પૂનમ, નાળિયેરી પૂર્ણિમા, હયગ્રીવ જયંતી, વરદ્ લક્ષ્મી વ્રત, બુધ પૂર્વમાં ઉદય થાય છે. ભદ્રા બપોરે ક. ૧૪-૧૨ થી ૨૫-૫૧, ખાતમુહૂર્ત. સામાન્ય દિવસ.

શનિવાર, શ્રાવણ સુદ-૧૫, તા. ૯મી, નક્ષત્ર શ્રવણ બપોરે ક. ૧૪-૨૩ સુધી, પછી ધનિષ્ઠા. ચંદ્ર મકરમાં મધ્યરાત્રિ પછી ક. ૨૬-૧૦ સુધી (તા. ૧૦) પછી કુંભ રાશિ પર જન્માક્ષર. અશ્વત્થ મારુતિપૂજન, શ્રાવણી પૂર્ણિમા, રક્ષાબંધન ઋક-શુક્લ-યજુઃ અથર્વ - હિરણ્યકેશી તૈતરીય શ્રાવણી, કુલધર્મ, અમરનાથયાત્રા, કોકિલાવ્રત સમાપ્ત, અન્વાધાન, ઝૂલનયાત્રા સમાપન, બલભદ્ર પૂજા (ઓરિસ્સા), અવની જયંતી (દક્ષિણ ભારત), અગસ્તય દર્શન, પંચક પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૬-૧૦, ખાતમુહૂર્ત, વાસ્તુકળશ, શુભ દિવસ. ■

# દેશની ચૂંટણી વ્યવસ્થા ડેડ, ૨૦૨૪ની ચૂંટણીમાં ઘાલમેલ થયેલીઃ રાહુલ

નવી દિલ્હી : કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ શનિવારે કહ્યું હતું કે હું ડેટાનો એટમ બૉમ્બ ફોડીશ જેથી આખી ચૂંટણી સિસ્ટમમાં આઘાતના તરંગ ફેલાઈ જશે. તેમણે આક્ષેપ કર્યો હતો કે ચૂંટણીની પદ્ધતિ અગાઉ જ મરી પરવારી છે અને ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં ઘાલમેલ કરવામાં આવી હતી.

'બંધારણના પડકારો : પરિપ્રેક્ષ્ય અને પગદંડી'ની થીમ પર આધારિત એક દિવસની સભાના ઉદ્‌ઘાટન સમારોહમાં બોલતાં રાહુલે દાવો કર્યો હતો કે વડા પ્રધાન પાતળી બહુમતીના જોરે ખુરશી પર બેઠા છે. અને જો થોડી બેઠકનું અંતર હોત તો તેઓ ખુરશીમાં ન હોત.

રાહુલે કર્ણાટકની વિધાનસભાની બેઠકમાં કૉંગ્રેસે ભેગા કરેલા ડેટાનો ઉલ્લેખ કર્યો હતો જેમાં પક્ષે કુલ સાડાછ લાખ મતદાતાના ફોટા અને નામ તપાસ્યા હતા અને જેમાંથી દોઢ લાખ મતદાતા નકલી નીકળ્યા હતા.

રાહુલે કહ્યું હતું કે યાદ રાખો કે વડા પ્રધાન પાતળી બહુમતી ધરાવે છે અને જો ૧૦-૧૫ બેઠકમાં ગોલમાલ કરવામાં આવી હોય અને અમને શંકા છે કે વાસ્તવિક આંકડો ૭૦-૮૦ કે ૧૦૦નો છે તો તેઓ ફરી વડા પ્રધાન બની શક્યા ન હોત. આગામી થોડા દિવસમાં અમે નિર્વિવાદ રીતે સાબિત કરીશું કે લોકસભાની ચૂંટણીમાં ઘાલમેલ થાય છે અને થઈ શકે છે. ગાંધી પાંચ ઑગસ્ટે બેંગ્લુરુના ફ્રીડમ પાર્કમાં કર્ણાટકના મતદારક્ષેત્રની મતદારયાદીમાં રહેલી વિસંગતિની વિગતો જાહેર કરશે. (એજન્સી)

## રાહુલનો 'અણુબૉમ્બ' સુરસુરિયું સાબિત થશેઃ રાજનાથ સિંહ

પટનાઃ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ દાવો કર્યો છે કે ચૂંટણી પંચ બિહારમાં મત ચોરીમાં સંડોવાયેલું છે અને આના તેમની પાસે નક્કર પુરાવા છે, જ અણુ બોમ્બ સમાન છે. કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીના આ નિવેદન પર સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે શનિવારે પ્રહાર કર્યા હતા.

બિહારની રાજધાની પટનામાં એક મીડિયા હાઉસ દ્વારા આયોજિત એક કાર્યક્રમને સંબોધતા રાજનાથ સિંહે આગામી વિધાનસભા ચૂંટણીઓની તુલના એક ક્રોસરોડ સાથે કરી હતી, જ્યાં એક રસ્તો (એનડીએ હેઠળ) વધુ પ્રગતિ તરફ દોરી જાય છે અને બીજો(ઇન્ડિયા બ્લોક હેઠળ) બિહારને અરાજકતા અને જાતિવાદના જૂના યુગમાં પાછો લઇ જાય છે.ભૂતપૂર્વ ભાજપ અધ્યક્ષે કટાક્ષમાં કહ્યું કે રાહુલ ગાંધી કહે છે કે તેમની પાસે જો ગુપ્તા માહિતીનો અણુ બોમ્બ છે. જો એવું છે તો તેમણે તરત ફોડવો જોઇએ. તેમણે ફક્ત એટલી ખાતરી કરવી જોઇએ કે તેઓ પોતે જોખમની બહાર રહે. તેમણે વધુમાં કહ્યું કે દેશ તેમના અગાઉના નિવેદનોને યાદ કરે છે. તેમણે સંસદમાં ભૂકંપ આવવાની ધમકી આપી હતી, પરંતુ જ્યારે તેમણે આ વાત કહી ત્યારે તે સુરસુરિયું સાબિત થયું હતું.

# નવું ભારત દુશ્મનના ઘરમાં ઘૂસીને તેને મારવાની ક્ષમતા ધરાવે છેઃ યોગી

વારાણસીઃ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે શનિવારે કહ્યું કે આ નવા ભારતમાં આતંકવાદ ફેલાવનારને કચડી નાખવાની અને તેમના વિસ્તારમાં પ્રવેશ કરીને દુશ્મનોનો નાશ કરવાની હિંમત છે.

એમણે જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની વારાણસીની મુલાકાત એવા સમયે આવી છે જ્યારે ભારત અને વિશ્વ બંનેએ ઓપરેશન સિંદૂરના સફળ અમલ દ્વારા દેશની શક્તિ અને ક્ષમતાઓનો અનુભવ કર્યો છે.

બાવીસ એપ્રિલના પહેલગામ આતંકવાદી હુમલાના જવાબમાં લશ્કરી કાર્યવાહીનો ઉલ્લેખ કરતા, આદિત્યનાથે કહ્યું કે,

"ઓપરેશન સિંદૂરની જીત પછી આજે કાશીમાં વડા પ્રધાન મોદીનું આગમન થયું છે. ઉત્તર પ્રદેશના લોકો વતી, હું વડા પ્રધાનનું સ્વાગત કરું છું અને તેમને અભિનંદન આપું છું."

મોદીના વૈશ્વિક સ્તરે સ્થાન પર પ્રકાશ પાડતા એમણે કહ્યું કે, પીએમ મોદી વિશ્વના સૌથી લોકપ્રિય નેતા છે. છેલ્લા ૧૧ વર્ષમાં, ૫૦ થી વધુ દેશોએ તેમને તેમના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારોથી સન્માનિત કર્યા છે.

દુનિયા તેમના જાહેર કલ્યાણ અને વૈશ્વિક ભલા માટેના દષ્ટિકોણનું સન્માન કરે છે. ગયા મહિને, ઘાના, ટ્રિનિદાદ અને ટોબેગો, નામિબિયા અને બ્રાઝિલ જેવા દેશોએ વડા પ્રધાન મોદીને તેમના સર્વોચ્ચ નાગરિક સન્માનથી સન્માનિત કર્યા, જેનાથી તમામ ૧૪૦ કરોડ ભારતીયો ગર્વ અનુભવે છે, એમ તેમણે કહ્યું હતું.

આદિત્યનાથે વારાણસી અથવા કાશીને મોદી દ્વારા સંસદ સભ્ય તરીકે રજૂ કરવા બદલ ગૌરવ પર પણ ભાર મૂક્યો હતો.

વડા પ્રધાન મોદી સંસદમાં 'અવિનાશી કાશી' (કાશીનું અવિનાશી શહેર)નું પ્રતિનિધિત્વ કરે છે તે ખૂબ જ ગર્વની વાત છે. છેલ્લા ૧૧ વર્ષમાં, કાશી પ્રાચીન અને અર્વાચીનના એક અનોખા સંગમ તરીકે ઉભરી આવ્યું છે - આધ્યાત્મિકતા અને આધુનિકતાનું મિશ્રણ જે વૈશ્વિક ધ્યાન ખેંચી રહ્યું છે, એમ તેમણે કહ્યું હતું.

તેમણે એમ પણ કહ્યું કે ૫૧મી વખત મોદીની એમના મતવિસ્તારમાં હાજરી કોઈપણ વડા પ્રધાન માટે અભૂતપૂર્વ છે.

# નેશનલ અવૉર્ડ મને સર્જન ચાલુ રાખવાની પ્રેરણા આપે છેઃ શાહરુખ

નવી દિલ્હી : સુપરસ્ટાર શાહરુખ ખાન કહે છે કે ૭૧મા રાષ્ટ્રીય ફિલ્મ અવૉર્ડમાં ઉત્તમ અભિનેતા જાહેર થવાથી હું કૃતજ્ઞતા, ગર્વ અને નમ્રતાથી ગદગદ થયો છું.

શાહરુખની ત્રણ દાયકાથી વધારે સમયની લાંબી કરિયરમાં તેને પહેલી વાર આવું બહુમાન મળ્યું છે.

શુક્રવારે ઈન્સ્ટાગ્રામ પર મૂકેલા વીડિયો મેસેજમાં ૫૯ વર્ષના એક્ટરે કહ્યું હતું કે નેશનલ ફિલ્મ અવૉર્ડ એ વાતની યાદ દોહરાવે છે કે મારું કામ મહત્ત્વનું છે અને અવૉર્ડ મને એક્ટિંગ ચાલુ રાખવાની, સખત મહેનત કરવાની, સર્જન કરવાની અને સિનેમાની સેવા કરવાનું ચાલુ રાખવાની પ્રેરણા આપે છે.

શાહરુખ અને 'બારવી ફેલ'ના એક્ટર વિક્રાંત મેસીને સંયુક્તપણે અવૉર્ડ આપવામાં આવ્યો છે. શાહરુખને ફિલ્મમેકર એટલીના એક્શન ડ્રામા 'જવાન' (૨૦૨૩) ના તેમના અભિનય માટે અવૉર્ડ આપવામાં આવ્યો છે. આ ફિલ્મને વિશ્વવ્યાપી બોક્સ ઑફિસમાં ૧,૧૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. આ થ્રીલરમાં શાહરુખે આર્મી ઑફિસર વિક્રમ રાઠોર અને તેમના જેલર પુત્ર એમ ડબલ રોલ કર્યા હતા.

શાહરુખે વીડિયો મેસેજ આપ્યો ત્યારે કિંગનું શુટિંગ કરતી વખતે થયેલી ઈજાને લીધે તેમના જમણા હાથમાં પાટો બાંધવામાં આવ્યો હતો. શાહરુખે કહ્યું હતું કે રાષ્ટ્રીય અવૉર્ડ ફક્ત સિદ્ધિ નથી, એ મને મારું કામ જારી રાખવાની પ્રેરણા આપે છે. અવૉર્ડ કહે છે કે અભિનય એ કામ નહીં, પરંતુ જવાબદારી છે.

શાહરુખે જ્યુરીને, માહિતી અને પ્રસારણ ખાતાને અને તેમના સહયોગી ડિરેક્ટર રાજકુમાર હિરાની (ડુનકી), સિદ્ધાર્થ આનંદ (પઠાણ) અને એટલીનો આભાર માન્યો હતો. (એજન્સી)

# 'ધ કેરલા સ્ટોરી'ને રાષ્ટ્રીય અવૉર્ડ સંઘના એજન્ડાનો ભાગઃ કેરળના પ્રધાન

તિરુવનંતપુરમ : 'ધ કેરલા સ્ટોરી'ને રાષ્ટ્રીય ફિલ્મનું બહુમાન આપવાની ટીકા કરતા કેરળના સાંસ્કૃતિક બાબતોના પ્રધાન સાજી ચેરિયને આક્ષેપ કર્યો હતો કે આ માન્યતા સંઘ પરિવારના રાજકીય એજન્ડાનો ભાગ છે. જ્યુરીના અધ્યક્ષ અને ફિલ્મમેકર આશુતોષ ગોવારીકરે શુક્રવારે દિલ્હીમાં ૨૦૨૩ના વર્ષના નેશનલ ફિલ્મ અવૉર્ડની જાહેરાત કરી હતી.

ડાયરેક્ટર સુદિપ્તો સેનને 'ધ કેરલા સ્ટોરી' માટે શ્રેષ્ઠ ડિરેક્ટર અવૉર્ડ મળ્યો હતો. આ ફિલ્મને ઉત્તમ સિનેમેટોગ્રાફીનો અવૉર્ડ મળ્યો હતો.

ફિલ્મ વિવાદોમાં ફસાઈ હતી કારણ કે એમાં એવું નિરુપણ કરાયું હતું કે ઈસ્લામિક સ્ટેટ (આઈએસ) આતંકવાદી જૂથ કેરળની મહિલાઓનું બળપૂર્વક ધર્માંતર કરાવીને તેની ભરતી કરે છે.

ટીવી ચેનલ સાથે વાતચીત કરતા ચેરિયને કહ્યું હતું કે 'ધ કેરલા સ્ટોરી' વિભાજનને પ્રોત્સાહન આપે છે, સમાજમાં નફરત ફેલાવે છે અને કેરળના લોકોનું અપમાન કરે છે. જરૂરી માપદંડ પૂરો કર્યો ન હોવા છતાં આ ફિલ્મને અવૉર્ડ અપાયો છે. તેમણે કહ્યું હતું કે અમારા અભિનેતા ઉવર્શી અને વિજય રાઘવનને અવૉર્ડ મળ્યો એ ગૌરવપ્રદ સિદ્ધિ છે, પરંતુ આ ફિલ્મને કઈ રીતે અવૉર્ડ મળ્યો. (એજન્સી)

# કુલગામમાં ત્રણ આતંકવાદી ઠાર

**સુરેશ એસ. ડુગ્ગર**

જમ્મુઃ કાશ્મીરના કુલગામમાં શુક્રવારે સુરક્ષા દળ સાથે થયેલી અથડામણમાં ત્રણ આતંકવાદી ઠાર મરાયા હોવાનું પોલીસે કહ્યું હતું.

દક્ષિણ કાશ્મીરના અખલ જિલ્લાના વન ક્ષેત્રમાં આતંકવાદીઓની હાજરીની મળેલી ગુપ્ત બાતમીને આધારે સુરક્ષા દળે સંપૂર્ણ વિસ્તાર ઘેરી લીધો હતો અને તપાસ અભિયાન શરૂ કર્યું હતું.

ભારતીય સેના, જમ્મુ-કાશ્મીર પોલીસ, સીઆરપીએફ અને એસએઓ દ્વારા સંયુક્ત કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

કુલગામમાં રાતભર સમયાંતરે તીવ્ર ગોળીબાર ચાલુ રહ્યો હતો. સતર્ક સેનાએ આતંકવાદીઓના ગોળીબારનો જડબાતોડ જવાબ આપ્યો હતો અને આતંકવાદીઓ છટકી ન જાય તે માટે ઘેરાબંધી વધુ ચુસ્ત કરી દીધી હતી.

ઠાર મરાયેલા ત્રણ આતંકવાદીમાંથી એકને હારિસ નાઝિર ડાર તરીકે ઓળખી કાઢવામાં આવ્યો હતો. નાઝિર પુલવામાના રાજપોરાનો વતની હતો, સર્ચ ઑપરેશન દરમિયાન એકે-૪૭ રાઈફલ, ગ્રેનેડ અને દારૂગોળો જપ્ત કરવામાં આવ્યો હતો.

પહેલા પાનાનું ચાલુ

### ભારત ત્રીજું

પચીસ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરી હતી અને ચેતવણી આપી હતી કે જો ભારત દ્વારા રશિયા સાથેનો દ્વિપક્ષી વેપાર ચાલુ રખાશે, તો તેના પર 'પેનલ્ટી' પણ લદાશે.

વડા પ્રધાને જણાવ્યું હતું કે હાલમાં વૈશ્વિક સ્તરે અસ્થિરતા જોવા મળે છે. બધા દેશ પોતાના હિતનું રક્ષણ કરવા વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. આપણે પણ સ્વદેશી બનાવટની ચીજો જ ખરીદવી જોઇએ અને અમારી સરકાર દેશને દરેક ક્ષેત્રે સ્વાવલંબી બનાવવા જરૂરી પગલાં લઇ રહી છે, પરંતુ દેશના નાગરિકોની પણ દેશના વિકાસમાં સહાય કરવાની જવાબદારી છે.

અગાઉ, મોદીએ વારાણસીમાં આંતરિક માળખાના કુલ રૂપિયા ૨,૨૦૦ કરોડના ખર્ચવાળા વિવિધ પ્રકલ્પનું ઉદ્‌ઘાટન કર્યું હતું અથવા શિલારોપણ કર્યું હતું, જેમાં અમુક રસ્તા પહોળા કરવાના, રેલવે ઓવરબ્રિજના નિર્માણના, ગ્રામીણ તેમ જ શહેરી વિસ્તારોમાં પરિવહનને લગતી સુવિધા વધારવાના પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.

મોદી ૨૦૧૪થી સંસદમાં વારાણસીના જનપ્રતિનિધિ છે. (એજન્સી)

### ઑપરેશન સિંદૂર

પાતાળ લોકમાં કેમ ન હોય.

પોતાના સંસદીય મતદારક્ષેત્ર વારાણસીમાં એક જાહેર સભાને સંબોધન કરતાં મોદીએ કૉંગ્રેસ પર ઑપરેશન સિંદૂરને 'તમાશા' લેખાવવાનો અને સશસ્ત્ર દળના શૌર્યનું સતત અપમાન કરવાનો આક્ષેપ કર્યો હતો. શું 'સિંદૂર' ક્યારેય મજાકનો વિષય હોઈ શકે? કૉંગ્રેસે દેશની બહેનોનાં સૌભાગ્યનાં પવિત્ર પ્રતીક સમા સિંદૂર અને સૈનિકોના શૌર્યનું અપમાન કરવાની હિંમત કરી છે.

પહલગામ આતંકવાદી હુમલામાં ૨૬ નિર્દોષ નાગરિકોનાં મોતથી મારું હૃદય દ્રવી ઉઠ્યું છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે ભોળાનાથની કૃપાથી જ 'સિંદૂર'નો બદલો લેવાનું મારું વચન પૂરું થયું છે.

'ઑપરેશન સિંદૂર'ની સફળતાનો યશ હું ભગવાન શિવને આપું છું, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

### બળાત્કારના કેસમાં

અને બેંગલુરુ સ્થિત નિવાસસ્થાને તેના પર બે વાર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. તેમજ આરોપીએ આ કૃત્ય તેના મોબાઇલ ફોનમાં રેકોર્ડ પણ કર્યું હતું.

અગાઉ ફરિયાદ પક્ષે જ્યારે રેવન્ના માટે આજીવન કેદની માગ કરી હતી, ત્યારે ૩૪ વર્ષીય રેવન્નાએ રાહતની માગ કરી હતી. સાથે દાવો કર્યો હતો કે તેમણે કંઇ ખોટું કર્યું નથી અને તેનો એકમાત્ર વાંક રાજકારણમાં 'ઝડપી' પ્રગતિ હતી. ન્યાયાધીશને ઓછી સજા માટે વિનંતી કરતી વખતે તે કોર્ટમાં રડી પડ્યો હતો.

આ કેસની તપાસ કરી રહેલી સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ(એસઆઇટી)એ સપ્ટેમ્બર, ૨૦૨૪માં ૧૧૩ સાક્ષીઓ સાથે ૧,૬૩૨ પાનાની ચાર્જશીટ દાખલ કરી હતી. રેવન્ના પર આઇપીસીની કલમ ૩૭૬(૨)(કે), ૩૭૬(૨)(એન), ૩૫૪એ, ૩૫૪બી, ૩૫૪સી અને ૫૦૬ અને ૨૦૧ તથા આઇટી એક્ટની કલમ ૬૬ઇ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

બળાત્કાર અને જાતીય સતામણીના આરોપોનો સામનો કરી રહેલા રેવન્ના સામે ચાર અલગ અલગ કેસ નોંધાયેલા છે. આ કેસોની તપાસ એસઆઇટીને સોંપવામાં આવી છે. નોંધનીય છે કે પ્રજ્વલ રેવન્ના ભૂતપૂર્વ વડા પ્રધાન અને જેડી(એસ)ના વડા એચ. ડી. દેવગૌડાના પૌત્ર છે.

### અરુણ જેટલીએ

ગયા હતા.ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાનના દીકરા રોહન જેટલીએ પણ રાહુલ ગાંધીના સંબંધિત નિવેદનને વખોડી કાઢીને જણાવ્યું હતું કે મારા પિતાનું અવસાન થયું છે. કૉંગ્રેસના નેતાએ તેમના (અરુણ જેટલીના) આત્માને શાંતિથી રહેવા દેવો જોઇએ. રાહુલ ગાંધીએ અગાઉ મનોહર પર્રિકરજી માટે પણ આવો જ બફાટ કર્યો હતો.

રાહુલ ગાંધીએ અહીંના વિજ્ઞાન ભવન ખાતે કાયદાને લગતા વાર્ષિક સંમેલનને સંબોધતા જણાવ્યું હતું કે મને બરાબર યાદ છે કે હું જ્યારે નવા કૃષિ કાયદાની વિરુદ્ધ આંદોલન ચલાવી રહ્યો હતો ત્યારે અરુણ જેટલીજીએ મને ધમકી આપી હતી. તેઓ ગુજરી ગયા છે અને તેને લીધે મારે તેમની વિરુદ્ધ ખરેખર તો બોલવું ન જોઇએ.

રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે મેં જવાબમાં જેટલીને કહ્યું હતું કે 'તમે નથી જાણતા કે તમે કોની સાથે વાત કરી રહ્યા છો. અમે કૉંગ્રેસના લોકો છીએ. અમે ડરપોક નથી. અમે કોઇની સામે ઝૂકતા નથી. એક જમાનાની મહાસત્તા બ્રિટન પણ અમને નમાવી નહોતું શક્યું, તો પછી તમારી શું વિસાત છે?ભાજપે જણાવ્યું હતું કે નવા કૃષિ કાયદા ૨૦૨૦માં લવાયા હતા, પરંતુ જેટલી તો ૨૦૧૯માં ગુજરી ગયા હતા અને તેથી જેટલીએ કોઇની સાથે આ મુદ્દે વાત કરી હોવાનો સવાલ જ ઊભો નથી થતો. (એજન્સી)

### મારું નામ જ નથી

આવ્યો છે. પંચે વધુમાં કહ્યું હતું કે તેજસ્વીએ તેમના બૂથ સ્તરના ૪૭,૫૦૬ એજન્ટને કોઈનું નામ ન હોય તો દાવો કરવાનું કહેવું જોઈએ.

ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાને પત્રકાર પરિષદમાં તેમનો ફોન મોટા સ્ક્રીન સાથે જોડ્યો હતો. પછી તેમણે તેમનો ઈપીઆઈસી નંબર સર્ચ કર્યો હતો તો એવું રિઝલ્ટ આવ્યું હતું કે ' કોઈ રેકોર્ડ મળતો નથી.'

યુવાન નેતા તેજસ્વીએ એવો ઉદગાર કાઢ્યો હતો કે હવે જુઓ! મારી મતદાર તરીકે નોંધણી થઈ નથી. આનાથી હું ચૂંટણી લડવા માટે અયોગ્ય બનું છું. કદાચ હું ભારતનો નાગરિક મટી જઈશ અને મને આ ઘરમાં રહેવાના અધિકારથી વંચિત રખાશે.

યાદવ રાજ્ય વિધાનસભાના વિરોધ પક્ષના નેતા છે. તેમણે દાવો કર્યો હતો કે મારી પાસે ઈન્યુમેરેશન ફોર્મ ભરવા આવનાર બૂથ સ્તરના અધિકારીએ મને કોઈ રશિદ આપી નહોતી. જોકે મેં જોખમ ન લેતાં મારું ભરેલું ફોર્મ આપતી વખતે ફોટો લીધો હતો.

અમુક પત્રકારોએ તેજસ્વીને સૂચન કર્યું હતું કે ચૂંટણી પંચે બધા રાજકીય પક્ષોને આપેલા મુસદ્દાની પ્રિન્ટ તેમને જોવી જોઈએ અને એમાં તેમનું નામ હોઈ શકે.

યાદવે વળતો પ્રહાર કર્યો હતો કે લોકાને ઓનલાઈન મેથડ હાથવગી છે. શું તમે બિહારની બહાર રહેતા લોકોને મતદારયાદીમાં તેમનું નામ જોવા બિહાર આવવાની અપેક્ષા રાખો છો? મારો મુદ્દો એ છે કે જો અમારા જેવા નેતા સાથે આવું થાય છે તો સામાન્ય માનવીનું શું? મને સાંભળવામાં મળ્યું છે કે એક સનદી અધિકારી દંપતીના નામ પણ નથી. (એજન્સી)

# ગુજરાત પોલીસના ૧૧૮ પોલીસ કર્મીઓને ઉત્કૃષ્ટ સેવા બદલ ચંદ્રક એનાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પોલીસમાં ઉત્કૃષ્ટ સેવા બદલ રાજ્યના પોલીસ કર્મીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત પોલીસ અકાદમી કરાઈ ખાતે યોજાયેલા સમારોહમાં ૧૧૮ પોલીસ કર્મીને ચંદ્રક એનાયત કરવામાં આવ્યા હતા. આ સમારોહમાં રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ચંદ્રક અલંકરણ સમારોહમાં ૫૦૦ જેટલા પરિવારજનો પણ હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમમાં મુખ્યપ્રધાને પોલીસ દળની ફરજ નિષ્ઠા અને કર્તવ્યભાવનાની પ્રશંસા કરી હતી અને તેમના યોગદાનને કારણે ગુજરાતને શાંતિ-સલામતી અને સુરક્ષામાં અગ્રેસર ગણાવ્યું હતું. ભૂપેન્દ્ર પટેલે મેડલ્સ મેળવનાર સૌ પોલીસ અધિકારી-કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા. ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવીએ આ પ્રસંગે ચંદ્રક મેળવનાર સૌ સેવાનિષ્ઠ અધિકારી-કર્મચારીઓને અભિનંદન પાઠવતા કહ્યું હતું કે, રાજ્યમાં શાંતિ-સલામતીની જાળવણી અને સૌ નાગરિકોને સુરક્ષા પ્રદાન કરવા પાછળ આપ સૌનું યોગદાન અમૂલ્ય છે. તેમ છતાં આ અભિનંદનના પ્રથમ હક્કદાર સૌ અધિકારી કર્મચારીઓના પરિવારના સભ્યો છે, તેમણે આપેલા સમયના ત્યાગનું આ પરિણામ છે. હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યું હતું કે, પોલીસ નિર્દોષ અને ભોળા નાગરિકોની રજૂઆતો અને પ્રશ્નો ઉપર ખૂબ જ સંવેદના સાથે કાર્યવાહી કરી રહી છે. તાજેતરમાં જ વ્યાજખોરોએ પચાવી પાડેલી જમીન તેમજ અન્ય કિંમતી ચીજવસ્તુઓ ગુજરાત પોલીસે મધ્યસ્થી કરીને નિર્દોષ નાગરિકોને પરત કરાવી દાખલારૂપ કામગીરી કરવામાં આવી છે. એટલું જ નહીં આવા વ્યાજખોરો સામે ડ્રાઇવ કરીને પોલીસ દ્વારા કડક કાયદાકીય કાર્યવાહી પણ કરવામાં આવી છે. ■

# સીએમ મળ્યાં પીએમનેઃ નવા પ્રદેશ પ્રમુખ, પ્રધાન મંડળના વિસ્તરણની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)



અમદાવાદઃ ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ ગઇ કાલે સાંજે દિલ્હી પહોંચ્યા હતા અને પીએમ મોદી સાથે રૂબરૂ મુલાકાત કરી હતી. આ મીટિંગમાં ગુજરાતના નવા પ્રદેશ પ્રમુખ અને મંત્રીમંડળ વિસ્તરણ અંગે ચર્ચા થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ મુલાકાત બાદ ગુજરાતમાં ભાજપ નવા અધ્યક્ષની પસંદગી અને પ્રધાન મંડળના વિસ્તરણની ચર્ચા તેજ બની હતી. આ પહેલા આ સંદર્ભે નવી દિલ્હીમાં ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જેપી નડ્ડા, સંગઠન રાષ્ટ્રીય મહામંત્રી બી.એલ. સંતોષ અને કેન્દ્રીય પ્રધાન તથા ગુજરાત ભાજપના અધ્યક્ષની ચૂંટણી માટે નિરીક્ષક તરીકે નિમાયેલા ભૂપેન્દ્ર યાદવ વચ્ચે બેઠક મળી હતી. દિલ્હીમાં જે બેઠક મળી તેમાં પ્રમુખની ચૂંટણીની પ્રક્રિયા જલદી પૂરી કરવાનો નિર્ણય થયો હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. ગુજરાતમાં રવિવારે કે સોમવારે આ માટેની પ્રક્રિયા અંગે કોઈ મોટી અપડેટ સામે આવી શકે છે. સૂત્રો દ્વારા એવું પણ જાણવા મળ્યું કે, ભૂપેન્દ્ર યાદવ ગમે ત્યારે ગુજરાતની મુલાકાતે આવી શકે છે. આ પહેલા ભાજપના અધ્યક્ષપદ માટે નામાંકનની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવશે.

સૂત્રો મુજબ, હાઈ કમાન્ડ દ્વારા અધ્યક્ષનું નામ નક્કી કરી દેવામાં આવતું હોય છે, ચૂંટણીપ્રક્રિયા તો માત્ર ઔપચારિક હોય છે. જે વ્યક્તિનું નામ હાઈ કમાન્ડ નક્કી કરશે તેને જ નામાંકન ભરવાનો આદેશ ઉપરથી કરવામાં આવશે! સૂત્રોનું કહેવું એવું પણ છે કે, આ ચૂંટણીપ્રક્રિયા બિનહરીફ રહેશે. આ સમગ્ર પ્રક્રિયા એટલે કે પાર્ટીના નવા અધ્યક્ષની ઔપચારિક ચૂંટણી પ્રક્રિયા એકાદ અઠવાડિયામાં પૂર્ણ કરી લેવામાં આવશે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે ભાજપ સૌરાષ્ટ્ર અથવા ઉત્તર ગુજરાતમાંથી પોતાના નવા અધ્યક્ષની પસંદગી કરી શકે છે.

આ વખતે ભારતીય જનતા પાર્ટી ઓબીસીમાંથી કોઈ વ્યક્તિને પાર્ટીના નવા પ્રદેશ અધ્યક્ષ બનાવી શકે છે. છેલ્લા ઘણાં વર્ષોથી ઓબીસીના કોઈ નેતાને આટલી મોટી જવાબદારી આપવામાં આવી નથી. ■

# જુલાઈમાં ગુજરાતની જીએસટી આવક ૧૫ ટકા વધી, ૧૦,૩૮૧ કરોડની રેકોર્ડ આવક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્યની ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) આવક સતત વધતા સરકારી તિજોરીઓ છલકાઈ રહી છે. જુલાઈ-૨૦૨૫માં જીએસટી હેઠળ રૂ.૬,૭૦૨ કરોડની આવક થઈ હતી. જે જુલાઈ-૨૦૨૪માં થયેલ આવક રૂ.૫,૮૩૭ કરોડ કરતા ૧૫ ટકા વધુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે જુલાઈ ૨૦૨૫માં રાષ્ટ્રીય કક્ષાએ જીએસટી આવકનો ગ્રોથ ૮ ટકા રહ્યો હતો.

રાજ્યને જુલાઈ-૨૦૨૫માં વેટ હેઠળ રૂ.૨,૬૨૦ કરોડ, વિદ્યુત શુલ્ક હેઠળ રૂ.૧,૦૩૮ કરોડ અને વ્યવસાય વેરા હેઠળ રૂ.૨૨ કરોડની આવક થઈ હતી. આમ, રાજ્ય કર વિભાગને જીએસટી, વેટ, વિદ્યુત શુલ્ક અને વ્યવસાય વેરા થકી કુલ રૂ.૧૦,૩૮૧ કરોડની આવક થઈ હતી.

આવકમાં વધારાની સાથે સાથે, ગુજરાતમાં કરદાતાઓની સંખ્યામાં પણ ઉલ્લેખનીય વધારો થયો છે. જીએસટી લાગુ થયા પછી, ૨૦૨૪-૨૦૨૫ ના આર્થિક વર્ષમાં કરદાતાઓની સંખ્યા બમણાથી પણ વધુ થઈ ગઈ છે. આ ઉપરાંત, મોબાઈલ સ્ક્વોડ દ્વારા પણ રેવન્યુ કલેક્શનમાં મહત્વનો ફાળો આપવામાં આવ્યો છે. જુલાઈ ૨૦૨૫ માં, મોબાઈલ સ્ક્વોડ દ્વારા ૩૦.૯૯ કરોડની આવક થઈ, જે ગયા વર્ષના સમાન મહિનામાં થયેલી ૨૪.૬૫ કરોડની આવક કરતાં ૨૫.૭૨ ટકા વધુ છે. આ આંકડા ગુજરાતના કર વિભાગની કાર્યક્ષમતા અને રાજ્યની વધતી જતી કરપાત્ર વસ્તી દર્શાવે છે.

જુલાઈ-૨૦૨૫માં મોબાઈલ સ્ક્વોડ દ્વારા અન્વેષણની કામગીરી થતી રૂ.૩૦.૯૯ કરોડની આવક થઈ હતી જે ગત વર્ષના સમાન માસ દરમ્યાન થયેલ રૂ.૨૪.૬૫ કરોડ સામે ૨૫.૭૨ ટકા વધારે છે. ■

# શ્રીમતી ટીના અંબાણીએ RoboGynIndia ૨૦૨૫ના વાર્ષિક સંમેલનનું ઉદ્‌ઘાટન કર્યું



ફોટામાં ડાબેથી જમણે ડૉ. સંતોષ શેટ્ટી, ડૉ. અંશુમાલા શુકલા કુલકર્ણી, ડૉ. રમા જોશી, શ્રીમતી સોનાલી બેન્દ્રે બહેલ, શ્રીમતી ટીના અંબાણી, ડૉ. રૂમા સિંહા, ડૉ. યોગેશ કુલકર્ણી

મુંબઈઃ શ્રીમતી ટીના અંબાણી, અધ્યક્ષ, કોકીલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટરે મુંબઈ ખાતે યોજાયેલ "RoboGynIndia 2025" એસોસિએશન ઓફ ગાયનેકોલોજિકલ રોબોટિક સર્જનોના ચોથા વાર્ષિક સંમેલનનું ઉદ્‌ઘાટન કર્યું હતું. તેમની સાથે અતિથીવિશેષ તરીકે શ્રીમતી સોનાલી બેન્દ્રે બહેલ અને ખાસ આમંત્રિત તરીકે હોસ્પિટલના સીઈઓ અને એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર ડો. સંતોષ શેટ્ટી હાજર રહ્યા હતા. શ્રીમતી અંબાણીએ જણાવ્યું હતું કે ગાયનેકોલોજી ક્ષેત્રમાં રોબોટિક્સ એક ગેમચેન્જર સાબિત થયું છે. ભવિષ્યલક્ષી ટેક્નોલોજી અને તબીબી નિપુણતા સાથે મળીને અદ્‌ભુત સિદ્ધિઓ મેળવી રહી છે. એટલે જ RoboGynIndia જેવા સંમેલનો ખૂબ જ અગત્યના છે. આ પ્રસંગે શ્રીમતી સોનાલી બેન્દ્રે બહેલે જણાવ્યું હતું કે કોકીલાબેન હોસ્પિટલએ મને બીજી જિંદગી આપી છે એના માટે હું સદાય આભારી છું. અહીં મળતી કાળજી અને વિશ્વાસ માત્ર દર્દી સુધી સીમિત નથી રહેતો, પરંતુ સમગ્ર પરિવારને સ્પર્શે છે. ટેક્નોલોજી અને સંવેદના સાથે મળીને અહીં જીવન કેવી રીતે બદલાય છે એ જોઈને પ્રેરણા મળે છે. ■

# ₹૧૫૦૦ કરોડના કૌભાંડમાં આરોપી ભાવનગરના હનીફ શેખના ઘર પર ઈડીના દરોડા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શેરબજારમા 'પમ્પ એન્ડ ડમ્પ' કૌભાંડ થકી રૂ. ૧૫૦૦ કરોડની નાણાકીય હેરફેર કરનાર ભાવનગરના હનીફ શેખ ઉર્ફે ખાટકીના ઘર પર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની ટીમે દરોડા પાડ્યા હતા. હનીફના ઘરમાં ૧ ઓગસ્ટથી શરૂ કરાયેલી તપાસ ૨ ઓગસ્ટ સવાર સુધી ચાલી હતી. ભાવનગરના અજય ટોકિઝ વિસ્તારમાં આવેલા હનીફના ઘર પરથી તપાસ પૂર્ણ કરી રવાના થઈ હતી. આ ઉપરાંત અમદાવાદ અને ભુજમાં પણ દરોડા પાડ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, જુલાઇ ૨૦૨૩માં ૧૫૦૦ કરોડના એસ.એમ.એસ. સ્ટોક ટીપ કૌભાંડના માસ્ટર માઇન્ડ ભાવનગરના હનીફ કાસમભાઇ શેખ ઉર્ફે ખાટકીની અગાઉ સેબી દ્વારા પણ તપાસ કરવામાં આવી હતી. સેબીની તપાસમાં કરોડો રૂપિયાના કૌભાંડની વિગતો ખુલતા અને કૌભાંડનાં નાણાં વિદેશમાં પણ ટ્રાન્સફર કરવામાં આવ્યા હોવાની શંકાના આધારે ઇ.ડી. દ્વારા હનીફ શેખના ભાવનગરના જૂની અજય ટોકીઝ નજીકના નિવાસસ્થાને શુક્રવારે બપોરે કાર્યવાહી માટે ગયા હતા, પરંતુ હનીફનું ઘર બંધ હતું. ઇ.ડી. દ્વારા સ્થાનિક પોલીસના બંદોબસ્ત અને પંચોની રૂબરૂમાં મોડી સાંજે બંધ ઘરની હનીફના સંબંધી પાસેથી ચાવી મંગાવી અને દરોડાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. તપાસ ટુકડી દ્વારા સમગ્ર બંગલાની તલસ્પર્શી ચકાસણી મોડી રાતે પણ કરવામાં આવી હતી અને દસ્તાવેજો, ઇલેક્ટ્રોનિક ઉપકરણો સહિતની શંકાસ્પદ વસ્તુઓની ચકાસણી કરવામાં આવી હતી.

રેગ્યુલેટરે અગાઉ કરેલી તપાસમાં બલ્ક એસ.એમ.એસ. દ્વારા હનીફ શેખ સ્ટોક ટિપ્સ આપતો હતો, જેના કારણે સેબીની તપાસ ૨૨૬ એકમો અને હનીફ સાથે સાંકળવામાં આવી હતી. અમદાવાદ, મુંબઇ, કોલકાતામાં બહુવિધ બેંક એકાઉન્ટ અને ફંડ ટ્રાન્સફર થતા હોવાની બાબતો તપાસ દરમિયાન સપાટી પર આવી હતી. સેબીએ નાની કંપનીઓના પ્રમોટર્સની લિંક સાથે એસ.એમ.એસ. કમ્પાઇલેશન, ફોરેક્સ બિલ, ટ્રેડિંગ લોગ, જી-મેલ લિંક્સ, કોલ ડેટા પણ અગાઉ રીકવર કર્યો હતો, અને બાદમાં તેની આર્થિક બાબતોની ઊંડાણપૂર્વક તપાસ ચાલી રહી હતી. સેબી દ્વારા બે વર્ષ અગાઉ તપાસ શરૂ કરવામાં આવી હતી ત્યારે હનીફ દુબઇ ભાગી ગયો હતો.

હનીફ દ્વારા ચોક્કસ રોકાણકારોને આકર્ષવા માટે મોટા પ્રમાણમાં એસ.એમ.એસ. મોકલવા અને સ્ટોક ટિપ્સને વેબસાઇટ્સ દ્વારા વહેતી કરવામાં આવતી હતી. અને સ્ક્રિપ્ટ રોકાણકારોને આકર્ષિત કર્યા પછી બહુવિધ લોકો દ્વારા ચોક્કસ શેરને ડમ્પ કરવાનું કૌભાંડ આચરવામાં આવ્યું હતું. ૧૫૦૦ કરોડથી વધુના કૌભાંડમાં સેબીની તપાસ બાદ આર્થિક વ્યવહારોના તાર વિદેશમાં પણ ફેલાયેલા હોવાની શંકાથી ઇ.ડી.એ પણ તપાસમાં ઝંપલાવ્યું છે.

સેબીની તપાસમાં ખુલ્યું હતું કે, હનીફે ૫ શેરોની હેરાફેરી કરી અને રૂપિયા ૧૪૪ કરોડનો ગેરકાયદે લાભ મેળવ્યો હતો. શેખે મોરિયા ઉદ્યોગ, ૭એનઆર રિટેલ, જીબીએલ ઇન્ડસ્ટ્રીઝ અને દાર્જીલિંગ રોપ-વે કું. સહિતની ઘણી કંપનીઓના શેરમાં પણ ગોટાળા કર્યા હોવાની તપાસ સેબી કરી રહ્યું છે. ઉપરાંત લીડિંગ લીઝિંગ ફાયનાન્સ એન્ડ ઇન્વેસ્ટમેન્ટ, એગ્રોફોસ ઇન્ડિયા પ્રાયવેટ લિમિટેડ, વી.બી. ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ સહિતની સ્ક્રિપ્ટમાં હેરાફેરી કરવામાં આવી હતી અને તેની તપાસ ચાલુ છે.

હનીફ શેખ દ્વારા અનેક કંપનીઓના શેરમાં કરેલા ગોટાળા બદલ સેબી દ્વારા અનેક વખત તેને સમન્સ પાઠવવામાં આવ્યા હતા, પરંતુ તે હાજર થઇ રહ્યો ન હતો તેથી સેબી દ્વારા ૭ લાખ રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવેલો હતો. હનીફ ઉર્ફે ખાટકીનું ભાવનગરના અલંગ શિપ રીસાયકલિંગ યાર્ડમાં, શ્રીજી યાર્ડમાં પાઇપ ઉદ્યોગ, ભાવનગરના મુસ્લિમ પોશ વિસ્તાર-અમદાવાદ, મુંબઇના રિઅલ એસ્ટેટ ક્ષેત્રે પણ કરોડો રૂપિયાનું રોકાણ છે. ઇ.ડી. દ્વારા આ તમામની તપાસ કરવામાં આવી રહી છે. ■

# અમદાવાદમાં સાબરમતી નદી પર ૩૬ મીટર ઊંચો બુલેટ ટ્રેન પુલ બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ અમદાવાદ શહેરમાં સાબરમતી નદી પર ૩૬ મીટર ઊંચો અને ૪૮૦ મીટર લાંબો ભવ્ય પુલ બાંધવાનું કામ ચાલી રહ્યું છે. પશ્ચિમ રેલવેની અમદાવાદ-દિલ્હી મેઈન લાઇનની બાજુમાં સ્થિત આ પુલ ૧૨ માળની ઈમારત જેટલી ઊંચાઈ ધરાવે છે. એકવાર તૈયાર થઈ ગયા બાદ આ પુલ દેશના હાઈ સ્પીડ રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને હાલના રેલ નેટવર્ક વચ્ચેના સુમેળનું અનોખું ઉદાહરણ બની રહેશે. પુલની ડિઝાઇન અને બાંધકામમાં આંતરરાષ્ટ્રીય ગુણવત્તાના માપદંડો અને સલામતીની કડક વ્યવસ્થાઓ અમલમાં રાખવામાં આવી છે.

જિલ્લામાં બુલેટ ટ્રેનની લાઈનદોરી અનેક નિર્માણ જેમ કે ફ્લાયઓવર, પુલ, રેલવે લાઇન અને મેટ્રો કોરિડોરને પાર કરે છે. આઈઆરસી (ઈન્ડિયન રોડ્સ કોંગ્રેસ) માર્ગદર્શિકા અનુસાર ટોચના બાંધકામ બિંદુથી ૫.૫ મીટરની ફરજિયાત ઊભી ક્લિયરન્સ જાળવવા માટે સાબરમતી નદીના પુલના થાંભલાની વધારેલી ઊંચાઈ સાથે ડિઝાઇન કરવામાં આવ્યા છે. કુલ ૮ વર્તુળાકાર થાંભલા, જેમનો વ્યાસ ૬થી ૬.૫ મીટર છે તે બનાવવામાં આવ્યા છે. તેમાંથી ૪ નદીના પટમાં છે, બે નદીના કિનારાઓ પર (દરેક બાજુએ એક) છે અને બે નદીના કિનારા બહાર આવ્યા છે. થાંભલાની વ્યૂહાત્મક જગ્યાએ સ્થાપનાથી નદીના પાણીના પ્રવાહમાં ઓછામાં ઓછી અડચણ પડે તે પ્રકારની પુલની ડિઝાઇન તૈયાર કરવામાં આવી છે.

આ પુલ બેલેન્સ્ડ કેન્ટિલિવર પદ્ધતિનો ઉપયોગ કરીને બાંધવામાં આવી રહ્યો છે, જે ઊંડા પાણી અને નદીઓ પરના લાંબા સ્પાનવાળા પુલ માટે યોગ્ય એવી વિશિષ્ટ બાંધકામ તકનીક છે. આ પદ્ધતિનું તાત્પર્ય એ છે કે, પુલની નીચે પાલખી લગાવ્યા વિના પુલનું બાંધકામ કરવામાં આવે છે અને દરેક થાંભલા પરથી ડાબી અને જમણી બાજુના સેગમેન્ટોને ક્રમશઃ જોડીને, પોસ્ટ-ટેન્શનિંગ અને સંતુલન દ્વારા પુલનું સુપરસ્ટ્રક્ચર પૂર્ણ કરવામાં આવે છે. આ રીતે સોલિડ અને સ્થિર પુલનો ડેક તૈયાર થાય છે. ■

# રાજકોટ એઈમ્સમાં ભરતી કૌભાંડનો પર્દાફાશ, પૂર્વ ડાયરેક્ટરે દિવ્યાંગ પુત્રને ક્લાસ-૨ અધિકારી બનાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ એઈમ્સમાં ભરતી કૌભાંડનો પર્દાફાશ થયો હતો, એઈમ્સ સંસ્થાના પૂર્વ ડિરેક્ટર ડો. સી.ડી.એસ. કટોચે પોતાના દિવ્યાંગ પુત્ર ભાવેશ કટોચને ખોટી રીતે ક્લાસ-૨ અધિકારી તરીકે નિયુક્ત કરાવ્યા હોવાનો આરોપ થયો છે. મળતી માહિતી મુજબ, ભાવેશ કટોચને આંખમાં તકલીફ છે અને તેની પાસે ૬૦ ટકા ડિસેબિલિટીનું સર્ટિફિકેટ પણ છે, તેમ છતાં તેને મેડિકલી ફિટ બતાવીને આ પોસ્ટ આપવામાં આવી હતી. આ ગેરરીતિનો પર્દાફાશ થતાં રાજકીય વર્તુળોમાં પણ ખળભળાટ મચી ગયો છે.

રાજકોટ એઈમ્સના પૂર્વ ડિરેક્ટર ડો. સી.ડી.એસ. કટોચે પોતાના દિવ્યાંગ દીકરા ભાવેશને મેડિકલ ફિટ બતાવીને કલાસ-૨ અધિકારી બનાવી દીધો છે. પૂર્વ ડિરેક્ટર ડો. સી.ડી.એસ. કટોચનો દીકરો ભાવેશ આંચકી (ઈપીલેસી) ના રોગથી પીડાય છે. ભાવેશને આંચકી ઊપડતા એઈમ્સમાંથી સારવાર લીધી હોય તેવી વિગતો પણ બહાર આવી છે. આ ઉપરાંત ભાવેશની બંને આંખમાં પણ તકલીફ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ડો. સી.ડી.એસ. કટોચના દીકરા ભાવેશને આટલી શારીરિક તકલીફો હોવા છતાં મેડિકલી ફિટ હોવાનું સર્ટિફિકેટ ઈશ્યુ કરવામાં આવ્યું હતું. એટલું જ નહિ પરંતુ આ સર્ટિફિકેટને આધારે ભાવેશને કલાસ-૨ અધિકારી પણ બનાવી દેવાયો છે. કાયદાના લીરેલીરા ઉડાડીને આચરવામાં આવેલા આ કૌભાંડથી માત્ર રાજકોટ જ નહિ પરંતુ સમગ્ર ગુજરાતમાં ચકચાર મચી ગઈ છે.

સાંસદ પરષોત્તમ રૂપાલાએ આ મામલે નિવેદન આપતા જણાવ્યું હતું કે તેમને એઈમ્સમાં ગેરકાયદેસર ભરતી અંગે ફરિયાદ મળી હતી. તેમણે કહ્યું હતું કે, એઈમ્સમાં ભરતી મુદ્દે મને ફરિયાદ મળી હતી. આ ભરતીને લઈને વિવાદ સર્જાયો છે અને તેની તપાસ કરવામાં આવશે. અમે ફરિયાદના આધારે તપાસના આદેશ પણ આપ્યા છે. કોઈપણ ગેરરીતિ એઈમ્સમાં ચલાવી નહીં લેવાય. જે પ્રમાણે ભરતી કરવામાં આવી છે, તેના ડિરેક્ટર સાથે પણ અમે ચર્ચા કરીશું. ■

# અમેરિકાએ આ વર્ષે ૨૪૫ ગુજરાતીને પરત મોકલ્યાઃ લોકસભામાં સરકારે માહિતી આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લોકસભામાં શુક્રવારે ડીએમકેના સાંસદ કનીમોઝીએ અમેરિકાથી કેટલા ભારતીયોને વતન પરત મોકલવામાં આવ્યા તે અંગે પ્રશ્ન પૂછ્યો હતો. તેમણે પૂછ્યું કે, શું સરકાર જાન્યુઆરી ૨૦૨૫થી અમેરિકાથી ભારત પરત મોકલવામાં આવેલા લોકોનો ડેટા રાખે છે અને તેમને ક્યા કારણોસર પરત મોકલવામાં આવ્યા તેની માહિતી છે? શું સરકાર સ્ટુડન્ટ વિઝા પ્રક્રિયામાં હાલના બદલાવ, સ્ટુડન્ટ વિઝા અને અન્ય વિઝામાં થઈ રહેલા વિલંબ અંગે અમેરિકા સાથે કોઈ ઔપચારિક કમ્યુનિકેશન થયું છે કે કેમ? શું સરકાર પાસે વિઝા રિજેક્ટ કરવામાં આવ્યા બાદ કે સોશિયલ મીડિયા આધારિત તપાસ પ્રક્રિયાનો સામનો કરી રહેલા ભારતીય વિદ્યાર્થીઓ અને પ્રવાસીઓની સ્થિતિની દેખરેખ માટે કોઈ તંત્ર છે કે નહીં સવાલ પૂછ્યા હતા.

જેના જવાબમાં વિદેશ રાજ્ય પ્રધાન કીર્તવર્ધન સિંહે જણાવ્યું હતું કે, અમેરિકા દ્વારા ૧૭૦૩ ભારતીયને વતનમાં ડિપોર્ટ કરાયા હતા. તેમાં ૧૫૬૨ પુરુષ અને ૧૪૧ મહિલા સામેલ હતા. ડિપોર્ટ કરાયેલા ભારતીયોમાં ૧૪ ટકા ગુજરાતી છે. આ સમયગાળામાં ૨૪૫ ગુજરાતીઓને પરત મોકલવામાં આવ્યા હતા.

કેન્દ્ર સરકારે લોકસભામાં આપેલા જવાબ મુજબ, ૨૦૨૫માં આ સમયગાળા દરમિયાન સૌથી વધુ પંજાબના ૬૨૦ અને હરિયાણાના ૬૦૪ નાગરિક સામેલ હતા. અન્ય એક સવાલના જવાબમાં સરકારે જણાવ્યું હતું કે, સૌથી વધુ ૫૬.૯૩ લાખ ભારતીયો અમેરિકામાં વસે છે. તેમાંથી ૧૯ લાખથી વધુ નોન રેસીડેન્ટ ઇન્ડિયન છે અને ૩૭ લાખ અમેરિકન નાગરિક છે. ડિપોર્ટ થયેલા લોકોમાં ભારતના ૨૨ રાજ્યના નાગરિકો સામેલ છે.ઉપરોક્ત રાજ્ય સહિત ભારતના ૨૨ રાજ્યના નાગરિકને અમેરિકાથી ડિપોર્ટ કરાયા હતા. મહારાષ્ટ્ર અને દિલ્હીના ૨૦-૨૦, તેલંગાણાના ૧૯, તમિલનાડુના ૧૭, આંધ્ર પ્રદેશ અને ઉત્તરાખંડના ૧૨-૧૨, હિમાચલ પ્રદેશ અને જમ્મુ કાશ્મીરના ૧૦-૧૦ નાગરિકોને અમેરિકાથી ભારત ડિપોર્ટ કરાયા હતા. ઉપરાંત અન્ય નવ રાજ્યના કુલ ૫૦ નાગરિકોને પણ પરત વતનમાં ડિપોર્ટ કરાયા હતા. આ ઉપરાંત જણાવ્યું કે, વિદેશમાંથી ભારતીયોને પરત મોકલતી વખતે તેમની સાથે માનવીય વ્યવહાર સુનિશ્ચિત કરવા માટે અમેરિકા સાથે સતત સંપર્કમાં રહે છે. ■

# ગુજરાતમાં સિઝનનો સરેરાશ ૬૩ ટકા વરસાદઃ નર્મદા ડેમ ૮૩ ટકા ભરાયો

અમદાવાદઃ ગુજરાતમાં હાલ વરસાદનું જોર ઘટ્યું છે. આ દરમિયાન હવામાન વિભાગે વરસાદી સિસ્ટમ રાજ્ય પરથી દૂર થઈ હોવાનું જણાવી ક્યાંક હળવા વરસાદી ઝાપટા પડવાની સંભાવના વ્યક્ત કરી હતી. રાજ્યમાં સરેરાશ વરસાદ ૬૩ ટકા થયો છે. દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૬૭.૧૧ ટકા વરસાદ વરસ્યો છે. કચ્છમાં ૬૪.૧૬ ટકા, ઉત્તર ગુજરાતમાં ૬૫.૪૭ ટકા, પૂર્વ મધ્યમાં ૬૪.૮૭ ટકા, સૌરાષ્ટ્રમાં ૫૫.૧૧ ટકા વરસાદ નોંધાયો છે. સરદાર સરોવર ડેમ ૮૨.૯૧ ટકા ભરાયો છે. ■

# ભાજપના ધારાસભ્ય હાર્દિક પટેલે પોતાની સરકાર સામે બાંયો ચઢાવી, ઉપવાસ આંદોલનની ચીમકી આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલ સામે તેમના જ પક્ષના ધારાસભ્ય હાર્દિક પટેલે મોરચો માંડ્યો છે. હાર્દિક પટેલે પત્ર લખીને મુખ્ય પ્રધાનને તેમના વિસ્તારના કામો નહીં થતા હોવાની નારાજગી વ્યકત કરી હતી તેમજ પોતાની જ સરકાર સામે ઉપવાસ પર ઉતરવાની ચીમકી આપતા રાજકારણ ગરમાયું છે.

ભૂપેન્દ્ર પટેલને ભાજપના જ વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલે વિરમગામ શહેરમાં ઉભરાતી ગટર તેમજ ઘરમાં આવતા ગંદા પાણીનું કાયમી નિરાકરણ કરવા અપીલ કરતો પત્ર લખ્યો હતો. હાર્દિક પટેલે વિરમગામમાં ઉભરાતી ગટરો અને ગંદા પાણી મુદ્દે યોગ્ય નિરાકરણ નહીં આવે તો ઉપવાસ ઉપર ઉતરવાની ચીમકી આપી હતી. હાર્દિક પટેલે મુખ્ય પ્રધાને કહ્યું હતું કે, જો આ સમસ્યાનું નિરાકરણ નહીં આવે તો મારે પ્રજાની તકલીફ સાથે એક જનપ્રતિનિધિ તરીકે ખુલીને સરકાર સામે વિરોધમાં ઉતરવું પડશે. લોકોની પડખે ઊભા રહીને જર પડે ઉપવાસ આંદોલનમાં પણ કરશે.

વિરમગામના ધારાસભ્યએ લખેલા પત્રમા જણાવ્યું હતું કે પ્રજાના આશીર્વાદથી સૌથી નાની ઉંમરના ધારાસભ્ય બન્યા છે અને વિરમગામની પ્રજાની સેવા કરવાનો અવસર મળ્યો છે. દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ તેમજ આપના નેતૃત્વમાં મારી વિરમગામ વિધાનસભામાં હજારો કરોડના કામો મંજૂર થયા છે અને લગભગ કામો પ્રગતિ હેઠળ છે.

વિરમગામ શહેરમાં પણ બગીચા, લાયબ્રેરી, ટાવર, તળાવનું બ્યુટીફિકેશન સહિત અનેક વિકાસનાં કામોની શહેરના લોકોને ભેટ મળી છે. વિરમગામના વિકાસ માટે લોકોએ સ્વયંભુ દબાણ હટાવવામાં પણ સાથ આપ્યો છે.

પરંતુ વિરમગામ શહેરના લોકોની મારી પાસે મહત્વની એક અપેક્ષા હતી કે વિરમગામ શહેરના ગટરનાં પાણી ઊભરાવવાની જે સમસ્યા છે તેનું કાયમી નિરાકરણ આવે પરંતુ કોઈ કારણસર આ નિરાકરણ નથી આવી રહ્યું. વિરમગામ શહેરમાં છેલ્લાં કેટલાય વર્ષોથી ઊભરાતી ગટરના કારણે ઐતિહાસિક વિરમગામ શરમ અનુભવી રહ્યું છે. વિરમગામ શહેરના અનેક વિસ્તારોમાં ગટર ઊભરાવી, પીવાના પાણી સાથે ગંદુ પાણી મિકસ થવું અને સ્વચ્છતા બાબતે લોકોની ખૂબ ફરિયાદો છે.

રાજ્યમાં ૨૩ ડેમ એલર્ટ અને ૨૧ ડેમ વોર્નિંગ પર છે. રાજ્યમાં હજુ પણ ૫૦ રોડ રસ્તા બંધ છે. પંચાયત હસ્તકના ૪૫, સ્ટેટ હાઇવે ૨, અન્ય માર્ગો ૨ તથા નેશનલ હાઇવે ૧ મળી કુલ ૫૦ રોડ રસ્તા બંધ છે.

રાજ્યમાં સાંજે ૬ વાગ્યા સુધીમાં ૪૩ તાલુકામાં વરસાદ પડ્યો હતો. મહેસાણાના જોટાણામાં સૌથી વધુ ૧.૦૨ ઇંચ વરસાદ પડ્યો હતો. આ સિવાય એક પણ તાલુકામાં એક ઇંચથી વધુ વરસાદ નોંધાયો નથી. નેત્રંગમાં ૦.૩૫ ઇંચ, તળાજામાં ૦.૩૧ ઇંચ, તિલકવાડામાં ૦.૨૮ ઇંચ, કપરાડામાં પણ ૦.૨૮ ઇંચ વરસાદ વરસ્યો હતો. ■

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. "મુંબઈ સમાચાર" પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના "મુંબઈ સમાચાર" પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: samachar.bombay@gmail.com ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.

# અમારા માણસોને જ રોજગારી આપો અને અમને જ કોન્ટ્રેક્ટ ફાળવો

## ઈન્ડસ્ટ્રીઝ સાથે થતી દાદાગીરી પુણેના વિકાસને અવરોધે છેઃ મુખ્ય પ્રધાન

પુણેઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું છે કે ચોક્કસ વ્યક્તિઓને કામ પર રાખવા અથવા અમુક લોકોને જ કોન્ટ્રેક્ટ આપવા માટે ઉદ્યોગ જગત પર દબાણ કરવા અમુક તત્ત્વો દ્વારા વધી રહેલી દાદાગીરીને કારણે પુણેનો વિકાસ રુંધાઇ રહ્યો છે.

મુખ્ય પ્રધાને ચેતવણી આપી હતી કે જો આ માનસિકતા નાબૂદ નહીં થાય તો રાજ્યનું બીજું સૌથી મોટું શહેર અને દેશના અગ્રણી આર્થિક કેન્દ્રોમાંનું એક પૂણે તેની સાચી વિકાસ ક્ષમતા હાંસલ નહીં કરી શકે.

શુક્રવારે પૂણે મેટ્રોપોલિટન રિજન ગ્રોથ હબના ઉદઘાટન પ્રસંગે સીએમએ વધુમાં જણાવ્યું હતું કે 'માત્ર સરકારી સ્તરે મુશ્કેલી વિનાનું વાતાવરણ ઊભું થાય એ પૂરતું નથી. વિશાળ સામાજિક અને રાજકીય ઇકોસિસ્ટમ પણ વ્યવસાય માટે અનુકૂળ હોવી આવશ્યક છે. તેમણે ભલામણ કરેલા ઉમેદવારોને નોકરી આપવા, તેમની પાસેથી કાચો માલ ખરીદવા અને ફક્ત તેમને જ કોન્ટ્રેક્ટ ફાળવવા આજે કેટલાક લોકો ઉદ્યોગો પર દબાણ લાવી રહ્યા છે. આ પ્રકારની દખલગીરી પુણેની પ્રગતિમાં મોટો અવરોધ બની ગઈ છે. (પીટીઆઈ) ■

# અજિત પવારે ફડણવીસના નિવેદનને આપ્યો રદિયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે એવું નિવેદન કર્યું હતું કે પુણે એક માહિતી ટેકનોલોજી અને ઔદ્યોગિક શહેર તરીકે જાણીતું શહેર છે. મોટી અને પ્રખ્યાત કંપનીઓ પુણેમાં રોકાણ કરવા આતુર છે. જોકે, રોકાણકારો પર દબાણ કરવામાં આવે છે કે 'ફક્ત અમારા લોકોને કામ આપો, અમને કોન્ટ્રાક્ટ આપો, અમે તમને કહીએ તે દરે કામ કરો.' આવી દબાણયુક્ત માનસિકતાને રોકવામાં નહીં આવે, તો પુણેનો વિકાસ હાંસલ કરવો અશક્ય છે. તેમણે કહ્યું હતું કે ઔદ્યોગિક ક્ષેત્રમાં પ્રવેશી ગયેલી દાદાગીરી કમનસીબે પુણેના વિકાસમાં સૌથી મોટો અવરોધ છે.

આ અંગે વિપક્ષે મહાયુતિ સરકાર પર નિશાન સાધતા એવો સવાલ કર્યો હતો કે પુણે એમઆઈડીસીમાં કોનો અત્યાચાર ચાલી રહ્યો છે તેનું નામ મુખ્ય પ્રધાને જાહેર કરવું. હવે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે દેવેન્દ્ર ફડણવીસના નિવેદન પર સ્પષ્ટતા કરી છે.

અજિત પવારે કહ્યું હતું કે મહારાષ્ટ્રમાં ક્યાંય અત્યાચાર સહન કરવામાં આવતો નથી. અમે પુણેના પોલીસ કમિશનર અને પુણે ગ્રામીણના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ બંનેને સ્પષ્ટ શબ્દોમાં સૂચના આપી છે કે જો કોઈ પણ પક્ષ સાથે સંકળાયેલા લોકો ઉદ્યોગપતિઓને હેરાન કરી રહ્યા હોય, તો તેમની સામે કેસ દાખલ કરો અને કાર્યવાહી કરો. જો તેઓ ત્રણ-ચાર વખત કેસ દાખલ કરીને પણ સાંભળતા નથી, તો તેમના પર મકોકા લાદવાની સ્પષ્ટ સૂચના આપી છે.

તેમણે જવાબ આપ્યો કે માત્ર પુણે જ નહીં પરંતુ મહારાષ્ટ્રમાં ગમે ત્યાં રોકાણ કર્યા પછી આવતા ઉદ્યોગપતિઓને જે પણ મદદ અને સુવિધાઓ પૂરી પાડવી જોઈએ તે પૂરી પાડવી એ મહાયુતિ સરકારનું કામ છે, અને અમે તે કરી રહ્યા છીએ. ■

# ભાષા વિવાદ અંગે રાજ ઠાકરેનું નવું નિવેદન

## સીએમ વિદ્યાર્થીઓને હિન્દી શીખવવા વિચારે છે, અન્ય રાજ્યના મજૂરોને મરાઠી બોલતા નથી કરવા

પનવેલઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરેએ શનિવારે ચાલી રહેલા ભાષા વિવાદ મુદ્દે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પર પ્રહાર કરી કહ્યું હતું કે મુખ્ય પ્રધાન શાળાનાં બાળકોને હિન્દી શીખવવા વિશે વિચારે છે પરંતુ રાજ્યમાં કામ કરવા માટે બહારથી આવતા લોકો મરાઠી કેવી રીતે શીખી શકે છે તે અંગે કોઈ વિચાર નથી કરતા.

પનવેલમાં શેતકરી કામગાર પક્ષના સ્થાપના દિવસના કાર્યક્રમને સંબોધિત કરતા ઠાકરેએ રાજ્ય સરકારને મહારાષ્ટ્ર વિશેષ જાહેર સુરક્ષા વિધેયક હેઠળના પ્રોજેક્ટ્સનો વિરોધ કરનારાઓની ધરપકડ કરવા પડકાર ફેંક્યો હતો.

ઠાકરેએ એમ પણ કહ્યું હતું કે 'ધરતીપુત્રો અને મરાઠી માણુસ માટે કોઈ દરકાર નથી અને તેનું ભયાનક ઉદાહરણ રાયગઢ જિલ્લો છે. જિલ્લામાં ખેડૂતો પાસેથી જમીન લેવામાં આવી રહી હોવાનો નિર્દેશ કરતા ઠાકરેએ ભારપૂર્વક જણાવ્યું હતું કે રાજ્યમાં મરાઠી માણુસની કબરો પર ઉદ્યોગો બાંધી ન શકાય. ઉદ્યોગો લાવવા હોય તો મરાઠી માણુસનો આદર કર્યા વિના નહીં કરી શકો.'

વાડ ખેતરને ગળી રહી છે એવો આક્ષેપ કરી રાજ ઠાકરેએ જણાવ્યું હતું કે એક તરફ ખેડૂતો બરબાદ થઈ રહ્યા છે અને બીજી તરફ અન્ય રાજ્યોના કામદારોને નોકરી પર રાખવામાં આવી રહ્યા છે. આ વર્ષના અંત ભાગમાં કાર્યરત થનારા નવી મુંબઇ એરપોર્ટ પર ૧૦૦ ટકા મરાઠી યુવાનોને નોકરી આપવી જોઈએ. (પીટીઆઈ) ■

# ...તો પછી તમારી ધરપકડ થશે

## રાજ ઠાકરેએ સરકારને ફેંકેલા પડકાર પર ફડણવીસનો જવાબ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મનસે પ્રમુખ રાજ ઠાકરેએ રાયગઢમાં પોતાના ભાષણમાં શેકાપના નેતા જયંત પાટીલની પ્રશંસા કરી હતી અને અહીં ખેડૂતો અને કામદારોને મૂલ્યવાન સલાહ આપી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે અહીં ઉદ્યોગો સ્થાપવા માટે ખેડૂતોની જમીનો છીનવી લેવામાં આવી રહી છે અને પરપ્રાંતી કામદારોને નોકરીઓ આપવામાં આવી રહી છે. આ દરમિયાન, સરકારની નીતિની ટીકા કરતા, રાજ ઠાકરેએ જનસુરક્ષા કાયદા પર પણ કટાક્ષ કર્યો હતો. હવે, જો તે કાયદો બનશે તો શું થશે, અમારી શહેરી નક્સલી તરીકે ધરપકડ કરવામાં આવશે, પરંતુ અમારી ધરપકડ કરીને બતાવો, એવો પડકાર રાજ ઠાકરેએ ફેંક્યો હતો. એના પર જવાબ આપતાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે જો તમે શહેરી નક્સલ જેવું વર્તન કરશો, તો તમારી ધરપકડ કરવામાં આવશે.

મુખ્ય પ્રધાનને રાજ ઠાકરે દ્વારા જનસુરક્ષા કાયદાની ટીકા અંગે સવાલ પૂછવામાં આવ્યો હતો. શું તમે કાર્યકરોની ધરપકડ કરી શકશો? એમ રાજ ઠાકરેએ પુછ્યું હતું. આનો જવાબ મુખ્ય પ્રધાને આપ્યો. 'આ કાયદો તમારા જેવા લોકો માટે બનાવવામાં આવ્યો નહોતો, પરંતુ જો તમે શહેરી નક્સલ જેવું વર્તન કરશો, તો તમારી ધરપકડ કરવામાં આવશે અને જો તમે શહેરી નક્સલ જેવું વર્તન નહીં કરો તો તમારી ધરપકડ કરવાનું કોઈ કારણ નથી,' એમ દેવેન્દ્ર ફડણવીસે રાજ ઠાકરેની ટીકાનો જવાબ આપતા સ્પષ્ટ કર્યું હતું.

આ ઉપરાંત, આ કાયદાના રાજ્યના વિરુદ્ધ હોય તેવા લોકો માટે કાયદો છે, આ કાયદો પ્રદર્શનકારીઓ વિરુદ્ધ નથી. સરકાર વિરુદ્ધ બોલવાનો અધિકાર છે, તેથી મને લાગે છે કે કાયદો વાંચ્યા વિના ટિપ્પણીઓ કરવામાં આવે છે, એમ પણ ફડણવીસે રાજ ઠાકરેની ટીકા કરતાં કહ્યું હતું.

### મરાઠીની સાથે બીજી ભાષા પણ શીખવી જોઈએઃ ફડણવીસ

મરાઠી ભાષાના સંદર્ભમાં બોલતા ફડણવીસે કહ્યું હતું કે મારો મક્કમ મત છે કે મહારાષ્ટ્રમાં મરાઠી શીખવી જોઈએ. તે ફરજિયાત હોવી જોઈએ, અમે તેને ફરજિયાત બનાવી દીધી છે. પરંતુ, જો મહારાષ્ટ્રમાં મરાઠી બાળકોને મરાઠીની સાથે બીજી ભારતીય ભાષા શીખવા મળે તો તેમાં શું ખોટું છે?

રાજ ઠાકરેની મરાઠી ભાષાના મુદ્દે કરવામાં આવેલી ટીકા પર પણ વળતો પ્રહાર કરતાં તેમણે કહ્યું હતું કે તેઓ ભારતીય ભાષાઓનો વિરોધ કરવાની અને અંગ્રેજી ભાષાઓના જૂતા પહેરવાની માનસિકતાની વિરુદ્ધ છે.

### રાજ ઠાકરેએ શું કહ્યું હતું

રાજ ઠાકરેએ કહ્યું હતું કે, રાજ્ય સરકારે બધી જમીનો પર કાયદો લાવ્યો છે અને આ વિશે શું કહેવું. તમે કોણ છો, તમે શહેરી નક્સલ છો. શહેરોમાં રહેતા નક્સલવાદી. જો તમે કોઈ પણ વસ્તુ, કોઈપણ પ્રોજેક્ટનો વિરોધ કરો છો, તો સરકાર તમારી ધરપકડ કરી શકે છે એમ જણાવતાં રાજ ઠાકરેએ સરકારને જનસુરક્ષા કાયદા વિશે ચેતવણી આપી હતી. ■

# સુપ્રિયા સુળેએ મહારાષ્ટ્રમાં વધતી ગુનાખોરી અંગે સરકારની ટીકા કરી

## લાડકી બહિણ યોજનામાં ૪,૯૦૦ કરોડ રૂપિયાના કૌભાંડનો આરોપ

મુંબઈઃ એનસીપી (એસપી)નાં નેતા સુપ્રિયા સુળેએ શનિવારે મહારાષ્ટ્રમાં વધી રહેલા અપરાધ દરને પહોંચી વળવામાં નિષ્ફળ રહેવા બદલ ભાજપના નેતૃત્વવાળી મહાયુતિ સરકારની ઝાટકણી કાઢી હતી અને સરકાર મૂક પ્રેક્ષક છે તેમજ બદમાશોને કાયદાનો કોઈ ડર નથી એવો આરોપ મૂક્યો હતો.

મુંબઈમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં બારામતીનાં સંસદ સભ્યએ દાવો કર્યો હતો કે મહિલાઓને દર મહિને ૧૫૦૦ રૂપિયાની સહાય આપતી સરકારી યોજના માઝી લાડકી બહિણમાં ૪ હજાર ૯૦૦ કરોડ રૂપિયાનું કૌભાંડ થયું છે.

સુળેએ વધુમાં જણાવ્યું હતું કે 'પુણે અને બીડ જિલ્લાઓ સહિત રાજ્યના કેટલાક ભાગોમાં ગુનાઓમાં સતત વધારો જોવા મળ્યો છે અને સરકાર મૂક પ્રેક્ષક બની રહી છે. જનતાએ સિસ્ટમમાંથી વિશ્વાસ ગુમાવી દીધો છે. કાયદાનો કોઈ ડર નથી રહ્યો. આ ગુનેગારોને કોણ ટેકો આપી રહ્યું છે? આ પ્રશ્નોની તપાસ કરવાને બદલે, સરકાર મૌન રહે છે.'

સત્તા અને પૈસો શાસનને બગાડી શકે છે એનું મહારાષ્ટ્ર ઉદાહરણ છે એવો દાવો કરી બારામતીનાં સંસદ સભ્યએ આક્ષેપ કર્યો હતો કે 'લાડકી બહિણ યોજનામાં ૪ હજાર ૯૦૦ કરોડ રૂપિયાનું કૌભાંડ થયું છે. ખેડૂતો આત્મહત્યા કરી રહ્યા છે, અને તેમ છતાં સરકાર પોતાના ગુણગાન ગાવામાંથી ઊંચી નથી આવતી'.

મહારાષ્ટ્રનાં મહિલા અને બાળ વિકાસ પ્રધાન અદિતિ તટકરેએ તાજેતરમાં સ્વીકાર્યું હતું કે પુરુષો સહિત લગભગ ૨૬.૩૪ લાખ અપાત્ર વ્યક્તિઓએ લાડકી બહિણ યોજનાનો લાભ લીધો છે. (પીટીઆઈ) ■

# આઈઆઈટી બોમ્બેના વિદ્યાર્થીએ હૉસ્ટેલ બિલ્ડિંગ પરથી ઝંપલાવ્યું

મુંબઈઃ પવઇ વિસ્તારમાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઇઆઇટી) બોમ્બેના ૨૨ વર્ષના વિદ્યાર્થીએ હોસ્ટેલના ૧૦મા માળેથી ઝંપલાવીને જીવનનો અંત આણ્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર શુક્રવારે મોડી રાતે ૨.૩૦ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. મૃતકની ઓળખ રોહિત સિંહા તરીકે થઇ હોઇ તે દિલ્હીનો રહેવાસી હતો. રોહિત સિંહા મેટલર્જિકલ સાયન્સીસના ચોથા વર્ષનો વિદ્યાર્થી હતો.

પોલીસે જણાવ્યું હતું કે રોહિત અને અન્ય કેટલાક વિદ્યાર્થીએ શુક્રવારે રાતે જમવાનું મગાવ્યું હતું. ત્યાર બાદ તેઓ અગાશી પર ગયા હતા. અન્ય વિદ્યાર્થીઓ બાદમાં ત્યાંથી જતા રહ્યા હતા, જ્યારે રોહિત ત્યાં રોકાયો હતો.

દરમિયાન રોહિતે મોડી રાતે નીચે ઝંપલાવ્યું હતું. રોહિતને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઇ જવાયો હતો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.

રોહિતના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા બાદ પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કરીને તપાસ આદરી હતી. પોલીસને ઘટનાસ્થળેથી કોઇ સૂસાઇડ નોટ મળી આવી ન હોવાથી રોહિતે ભરેલા અંતિમ પગલા પાછળનું કારણ જાણી શકાયું નહોતું. ■

પોર્શે કાર અકસ્માત

# પિતાના અવસાન બાદ આરોપીને ત્રણ દિવસના હંગામી જામીન મળ્યા

પુણેઃ પુણેમાં પોર્શે કાર અકસ્માત કેસમાં પિતાના અવસાનને લઇ આરોપીને મુંબઈ હાઇ કોર્ટે ત્રણ દિવસના હંગામી જામીન આપ્યા હતા.

જસ્ટિસ અશ્વિન ભોબેએ શુક્રવારે આદિત્ય અવિનાશ સૂદને ૨ ઑગસ્ટથી પાંચ ઑગસ્ટ સુધી જામીન આપ્યા હતા.

પુણેના કલ્યાણીનગર વિસ્તારમાં ૧૯ મે, ૨૦૨૪ના રોજ બિલ્ડરના સગીર પુત્રએ નશામાં પોર્શે કાર હંકારીને મોટરસાઇકલને અડફેટમાં લેતાં બે આઇટી એન્જિનિયરનાં મોત થયાં હતાં.

આ કેસમાં સગીરનાં માતા-પિતા સહિત ૧૦ જણની ધરપકડ કરવામાં આવી હતી, જેમાં આદિત્ય સૂદનો સમાવેશ હતો. સગીર ડ્રાઇવરે દારૂ પીધો નહોતો એ બતાવવા તેના લોહીના નમૂના બદલી નાખવા બદલ આદિત્યની ધરપકડ કરાઇ હતી.

સગીરના પિતાના લોહીના નમૂનાની જગ્યાએ આદિત્યના લોહીના નમૂના ગોઠવી દેવામાં આવ્યા હતા. આ પ્રકરણમાં પુણેની સાસૂન જનરલ હોસ્પિટલના ડોક્ટર અને કર્મચારીની પણ ધરપકડ કરવામાં આવી હતી, જેમણે લોહીના નમૂના બદલવા માટે સક્રિય ભૂમિકા ભજવી હતી.

એડવોકેટ આબિદ મુલાનીએ આદિત્યના પિતાનું અવસાન થયું હોવાથી અંતિમવિધિમાં હાજરી આપવા ત્રણ દિવસના જામીન માગ્યા હતા.

મુલાનીએ કોર્ટને જણાવ્યું હતું કે મારા અસીલના પિતાને ૨૭ જુલાઇએ હૃદયરોગનો હુમલો આવ્યો હતો અને ૧ ઑગસ્ટે તેમનું મૃત્યુ થયું હતું. વિશેષ સરકારી વકીલ શિશિર હિરેએ જામીન આપવા સામે કોઇ વાંધો ન હોવાનું જણાવ્યું હતું. હાઇ કોર્ટે બાદમાં પચીસ હજાર રૂપિયાના પર્સનલ બોન્ડ પર જામીન મંજૂર કર્યા હતા. (પીટીઆઈ) ■

# ઢાળ પર ડ્રાઈવરે કાબૂ ગુમાવતાં ટ્રકે અનેક વાહનોને મારી ટક્કરઃ મહિલાનું મોત

થાણેઃ થાણે જિલ્લાના બદલાપુરમાં ઢાળ પરથી ઊતરતી વખતે ડ્રાઇવરે કાબૂ ગુમાવતાં પૂરપાટ વેગે આવી રહેલી ટ્રકે અનેક વાહનોને ટક્કર મારી હતી, જેમાં મહિલાનું મૃત્યુ થયું હતું.

બદલાપુર પશ્ચિમમાં વાલિવલી વિસ્તારમાં બારવી ડેમ રોડ પર ઉલ્હાસ નદીના બ્રિજ નજીક શનિવારે સવારે સાત વાગ્યે આ અકસ્માત થયો હતો, જેમાં ત્રણ જણને ગંભીર ઇજા થઇ હતી.

પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું હતું કે ટ્રક પૂરપાટ વેગે મુરબાડ તરફ જતી હતી ત્યારે ઢાળ પરથી ઊતરતી વખતે ડ્રાઇવરે અચાનક કાબૂ ગુમાવ્યો હતો. ટ્રક પ્રથમ રિક્ષા સાથે ટકરાઇ હતી, જેમાં ત્રણ પ્રવાસી હાજર હતા. બાદમાં તે ટૂ-વ્હીલર, રાહદારી તથા હાઉસિંગ કોમ્પ્લેક્સ બહાર પાર્ક કરાયેલી કાર સાથે ભટકાઇ હતી.

સાક્ષીદારે કહ્યું હતું કે ટ્રક ડ્રાઇવરને ઇજા પહોંચી હતી અને અકસ્માત અગાઉ તે ટ્રકમાંથી બહાર કૂદી પડ્યો હતો.

ટ્રકના ટાયર નીચે રિક્ષા કચડાઇ ગઇ હતી અને રિક્ષામાં હાજર ત્રણ પ્રવાસીને ગંભીર ઇજા પહોંચી હતી. અકસ્માતમાં મોટરસાઇકલસવાર અને રાહદારી પણ ઘાયલ થયા હતા. અકસ્માતમાં ગંભીર ઇજાને કારણે ઘટનાસ્થળે મૃત્યુ પામેલી મહિલાની ઓળખ થઇ નહોતી.

ઘટનાસ્થળના સીસીટીવી ફૂટેજ તપાસવામાં આવ્યા હતા, જેમાં વાહનો સાથે અથડાયા પહેલા ટ્રક ઢાળ પરથી ઊતરતી નજરે પડી હતી.

હાઉસિંગ કોમ્પ્લેક્સ બહાર પાર્ક કરાયેલી કારમાં શખસ ફસાઇ ગયો હતો અને ક્રેનની મદદથી તેને બહાર કાઢવામાં આવ્યો હતો. ટ્રક અને અન્ય વાહનોને માર્ગ પરથી હટાવવાની કામગીરી બપોર સુધી ચાલી હતી. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા બે જણને સારવાર માટે ડોંબિવલી વિસ્તારમાં આવેલી એઇમ્સ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. (પીટીઆઈ)■

# અજિત પવારે ભરણેના નિવેદનને યોગ્ય ઠેરવ્યું

મુંબઈઃ દરેક વ્યક્તિ સરળ કામ કરે છે, પરંતુ લોકો ખોટા માર્ગે કરી આપેલા કામનો રેકોર્ડ રાખે છે અને અવળા કામને ફરીથી નિયમોના ચોકઠામાં ગોઠવીને કામ કરે તેની જ બોલબાલા છે, એમ રાજ્યના કૃષિ પ્રધાન દત્તાત્રેય ભરણેએ તાજેતરમાં જણાવ્યું હતું. આ અંગે પૂછવામાં આવ્યું ત્યારે અજિત પવારે કહ્યું હતું કે કૃષિ પ્રધાન બનતા પહેલા તેમણે અધિકારીઓની એક બેઠક યોજી હતી.

ત્યાં તેમણે આ નિવેદન આપ્યું હતું. ક્યારેક, જો લોકો માટે કોઈ સમસ્યાનો ઉકેલ લાવવાનો હોય અને તેને ઉકેલતી વખતે નિયમો અને મુશ્કેલીઓ આડે આવતી હોય, તો લોકોના હિત માટે, નિયમોને ક્યારેક થોડા બાજુ પર રાખવા પડે છે અને તે સમસ્યાનો ઉકેલ લાવવાનો રસ્તો શોધવો પડે છે. તે રસ્તો શોધતી વખતે, તે બંધારણ અને કાયદાના માળખામાં હોવો જોઈએ, બસ એટલું જ જરૂરી છે. ઘણીવાર, રાજ્ય સરકારને ખાસ કામ કરવાનો અધિકાર હોય છે. જો કોઈ ખેડૂત મુશ્કેલીમાં હોય, તો અમે કેબિનેટમાં કેટલાક નિયમો બાજુ પર રાખીને નિર્ણય લઈએ છીએ. તેમણે કહ્યું કે તે તેનો એક ભાગ છે. ■

# સરકાર વિરુદ્ધ બોલનારા લોકો સામે કાર્યવાહીઃ રોહિણી ખડસે

પુણેઃ પુણેમાં ''ડ્રગ પાર્ટી'' કેસમાં પતિની ધરપકડના થોડા દિવસો બાદ એનસીપી (એસપી)નાં નેતા રોહિણી ખડસેએ શનિવારે કહ્યું હતું કે સરકાર વિરુદ્ધ બોલનારા લોકો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે અને પોતે દરેક ટીકાનો યોગ્ય સમયે જવાબ આપશે.

ભૂતપૂર્વ પ્રધાન એકનાથ ખડસેની પુત્રી અને એનસીપી (એસપી)ની મહિલા પાંખનાં પ્રમુખ રોહિણી ખડસેએ પક્ષના અધ્યક્ષ શરદ પવારને પુણેની ઓફિસમાં મળ્યાં હતાં.

રોહિણીના પતિ પ્રાંજલ ખેવલકર ૨૭ જુલાઈએ પુણેના શ્રીમંત લોકોના ખરાડી વિસ્તારમાં એક સ્ટુડિયો એપાર્ટમેન્ટમાં દરોડામાં ધરપકડ કરાયેલા સાત વ્યક્તિઓમાંના એક છે. પોલીસે દાવો કર્યો હતો કે દરોડા દરમિયાન માદક દ્રવ્યો, હુક્કા સેટઅપ્સ અને દારૂ કબજે કરવામાં આવ્યા હતા. પ્રાંજલને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે.

જોકે, સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં રોહિણી ખડસેએ જણાવ્યું હતું કે પોતે પક્ષ સંગઠન અંગે ચર્ચા કરવા માટે પવારને મળ્યા હતા.''ડ્રગ પાર્ટી'' કેસમાં પતિની ધરપકડ વિશે પૂછવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે 'હું ન્યાયિક પ્રક્રિયા પર કોઈ ટિપ્પણી નહીં કરું. મામલો અત્યારે ન્યાયાધીન છે. (પીટીઆઈ) ■

# હિન્દુ મરણ

**ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ**

ગામ બાલંભા હાલ મુલુંડ ચેકનાકા નિવાસી ગં. સ્વ. સરસ્વતીબેન (ઉં. વ. ૮૦) તે સ્વ. તુલસીદાસ દેવશી ચૌહાણના ધર્મપત્ની ગુરુવાર, તા. ૩૧-૭-૨૫ને દિવસે રામચરણ પામ્યા છે. તે દિપક તથા લલીતાબેનનાં માતુશ્રી. બાબુભાઇ રાઠોડ તથા જગદીશભાઇ રાઠોડના બહેન. ડો. અમિત, ચેતન, ચંદ્રિકા વેગડ, ગૌરવ તથા નિખિલ, હેતલના ફોઇ. વર્ષા, ભારતી તથા શ્રદ્ધાના ફોઇજી. પ્રાર્થનાસભા તા. ૪-૮-૨૫ના સોમવારે સાંજે ૫થી ૬.૩૦. ઠે. ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ હોલ, મુલુંડ કોલોની ખાતે રાખેલ છે, મુલુંડ (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

ગામ નરેડી હાલ અંધેરી ગં. સ્વ. લીલાવંતીબેન (મૈયાબેન) હંસરાજ કેસરિયા (ઉં. વ. ૮૫) તે સ્વ. હંસરાજ હીરજી કેસરીયાના પત્ની તા. ૩૧-૭-૨૫ના ગુરુવારે રામશરણ પામ્યા છે. તે રાજેશ, મૂકેશ, જયેશ તથા ઉષાના માતુશ્રી. તે દેવ્યાની, તન્વી, મનીષા, અને સ્વ. ઉદયભાઇ ઘેલાણીના સાસુ. સ્વ. મુળજીભાઇ, સ્વ. વિઠ્ઠલદાસભાઇ, સ્વ. કાંતિભાઇ અને સ્વ. દમંયતીબેનના મોટા ભાભી. સ્વ. કેશવજી મનજી ચંદન (રવાપર)ના પુત્રી. તે વિમળાબેન, ગીતાબેન, રામજીભાઇના મોટા બેન. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૩-૮-૨૫ના સાંજે ૪થી ૬. ઠે. શાંતિધામ (મુક્તિધામ), પારસીવાડા, સહાર રોડ, ચકાલા, અંધેરી (ઇસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ તેરા હાલ મુલુંડ નિવાસી સ્વ. નારાયણજી વેલજી પલણ (ઠક્કર)ના પુત્ર સ્વ. ધનજી નારાયણજી પલણ (ઉં.વ. ૭૩) સ્વ. રૂક્ષ્મણી નારાયણજી પલણના પુત્ર. નર્મદાબેનના પતિ. સ્વ. સાવિત્રી હરિરામ ગેસોતા, સ્વ. ભરતભાઇ, સ્વ. લહેરીભાઇના ભાઇ. નિર્મળાબેન અને સ્વ. ક્રિષ્ણાબેનના દિયર. દીપા મૌલિક ટપાલિયા, વિનોદ, પ્રકાશ, ઉર્વીના પિતાશ્રી શુક્રવાર, તા. ૧-૮-૨૫ના રામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩-૮-૨૫ના રવિવારે સાંજે ૪થી ૫.૩૦. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ચંદનબાગ, યુનીયન બેન્કની બાજુમાં, પાંચ રસ્તા, મુલુંડ (વેસ્ટ).

**જામનગર મોઢ વણિક**

શાંતીલાલ (મનુભાઇ) વૃંદાવનદાસ મણીયાર (ઉં. વ. ૯૫) હાલ પ્રભાદેવી તે સ્વ. હંસાબેનના પતિ. તે સ્વ. વૃંદાવનદાસ ડોસાભાઇ મણીયાર તથા નિર્મળાબેનના પુત્ર. કિરણભાઇ, હીનાબેન રમેશભાઇ રાઘવનના પિતા. તે કલ્પનાના સસરા. તે તન્વી, રાજીવના દાદા. તે જયોત્સનાબેન જયંતીલાલ અડલજા, સ્વ. ભારતીબેન ઠાકોર પાપડીવાલા, સ્વ. રજનીકાંત મણીયાર, નયનાબેન મણીયારના ભાઇ. તે કિંજલ અને હેમાંગના કાકા. કલ્પના, ભૈરવ અને કુનાલના મામા તા. ૩૦-૭-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૩-૮-૨૫ના સવારના ૧૧થી ૧૨.૩૦. ઠે. હોલ ઓફ હારમની નહેરુ સેન્ટર, વરલી ખાતે રાખેલ છે.

**સુરતી મોઢ વણિક**

સુરત નિવાસી હાલ બોરીવલી સ્વ. દીલીપભાઇ તથા સ્વ. પ્રમીલા દિલીપ મહેતાના પુત્ર સંજય દિલીપ મહેતા (ઉં.વ. ૫૮) તા. ૩૦-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે રાજુલ સંજય મહેતાના પતિ. વરુણના પિતાશ્રી. દૃષ્ટિ વરુણ મહેતાના સસરા. કવિતા દિપેશ ઠક્કરના ભાઇ. સ્વ. વિનોદભાઇ તથા સ્વ. વત્સલાબેન મહેતાના જમાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

તળાજા નિવાસી હાલ અંધેરી સ્વ. ગજેન્દ્રભાઇ રમણીકલાલ દોશીનાં ધર્મપત્ની સુધાબેન (ઉં. વ. ૮૫) તા. ૧-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પિયર પક્ષેઃ બોટાદ નિવાસી વિમળાબેન અમૃતલાલ શાહની દીકરી. તે મનીષાબેન કેતનભાઇ ગાંધી, રૂપાબેન, નૈષધભાઇ મોદી, બાબુલભાઇ (સુરીલ)ના માતુશ્રી. તે ધારીણીબેનના સાસુ. તે સ્વ. ભાસ્કરભાઇ, દિનકરભાઇ, જતીનભાઇનાં ભાભી. તે જેનીલનાં દાદી. તે રોહન, રાજ, કોશાની, ઝલકના નાની. પ્રાર્થનસભા સોમવાર, તા. ૪-૮-૨૫ના દીને સાંજે ૫થી ૭. ઠે. જાનકીબાઇ હોલ, રીક્રીએશન કલબની સામે, ભવન્સ કોલેજની બાજુમાં, અંધેરી (વેસ્ટ).

**કપોળ**

ખાખબાઇવાળા (રાજુલા) હાલ કાંદિવલી સ્વ. સંતોકબેન રામજી જીવન ચીતલીયાના પુત્ર સ્વ. જીતેન્દ્રભાઇ (ઉં વ. ૮૪) તે સ્વ. કુસુમબેનના પતિ. તે અમીત, રાજેશ, રેખા યોગેશ કાણકીયા, માયા (શ્રદ્ધા) રાજેશ દેસાઇ, કેતકી રાજેશ મહેતા, સોનલ જયેશ મણીયાર, સ્વ. નીલેશના પિતાશ્રી. તે સ્વ. ભારતીબેન રમણીકભાઇ તથા તરલાબેન જયંતીલાલ પારેખના ભાઇ. તે હીના તથા ગીતાના સસરા. તે હર્ષ, અનવી, વીધી, દીગીશા, રીષભ, રીત્વીકના દાદા. તે સ્વ. શીવકુંવરબેન કલ્યાણજી ઓધવજી ગાંધીના જમાઇ તા. ૨-૮-૨૫ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૪-૮-૨૫ સોમવારે સાંજે ૫થી ૭. ઠે. ઠક્કર ભાટીયા સેવા ફંડ હોલ નં.૫, નમો હોસ્પિટલની સામે, શંકરલેન, કાંદિવલી (વેસ્ટ), દેહદાન કરેલ છે.

**દશા શ્રીમાળી વણિક**

પોરબંદર નિવાસી હાલ મુંબઈ ગં. સ્વ. ચંપાવતી ભગત (ઉં.વ. ૯૬) તે સ્વ. ભગવાનદાસ ભગતના પત્ની. તે સ્વ. શરદ, સ્વ. આશાબેન, કલ્પનાબેન, ચેતન, પરાગના માતુશ્રી. તે સ્વ. સરિતાબેન, ભારતીબેન, ભૈરવીબેન, સ્વ. શશીકાંત શાહ અને નિપુર્ણ શાહના સાસુજી. તે અક્ષય, ચિંતન, હિરલ, કરણ, રચના અને હર્ષના દાદીમા. તે પિયરપક્ષે સ્વ. ગુલાબબેન ત્રિભોવનદાસ વેલજીના દીકરી તે ૩૧ જુલાઈ ૨૦૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ભાટિયા**

ગં. સ્વ. ભારતીબેન દિલીપભાઈ આશર (ઉં.વ. ૭૫) તે હાલ મુંબઈ ૧/૮/૨૫ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. દિલીપભાઈ લક્ષ્મીદાસ આશરના ધર્મપત્ની. ડિમ્પલ તથા દેવાંગના માતુશ્રી. જિજ્ઞેશ તથા બીજલના સાસુમા. સ્વ. કાંતાબેન તથા સ્વ. પુરુષોત્તમ ગોપાલદાસ દૂતીયાના દીકરી. રોનવના દાદી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

ગામ કણેરી (સૌરાષ્ટ્ર) હાલ પનવેલ નિવાસી સ્વ. હરિદાસ ગોરધનદાસ સુબાના પુત્ર દામોદરદાસ (કાકુભાઈ) (ઉં.વ. ૯૦) તે સુમનબેનના પતિ. તે સ્વ. કરસનદાસ, સ્વ. મથુરાદાસ, ઠા.ગિરધરલાલ સ્વ. હેમકુવરબેન, સ્વ. પ્રભાબેન, સ્વ. વાલીબેન, સ્વ. મુક્તાબેનના ભાઈ. તે ભુપેન્દ્રભાઈ, સંધ્યાબેન પરેશભાઈ પુજારા, પલ્લવીબેન રાજેશભાઈ ઠકરારના પિતાશ્રી. તે અ.સૌ. અલ્પાબેનના સસરા. તે સ્વ. દામજી પુંજાભાઈ ઠક્કર (ખપોલી)ના જમાઈ. તે અદિતિ અને નીલના દાદા. શુક્રવાર, તા. ૧-૮-૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તેમની બંને પક્ષની પ્રાર્થના સભા તા. ૩-૮-૨૫ રવિવાર સાંજે ૪ થી ૬ વાગે પૂજ્ય સિંધી પંચાયત હોલ, વિશ્રાળી નાકા, એમ. જી. રોડ પનવેલ ખાતે રાખેલ છે. (લૌકિક પ્રથા બંધ છે).

**બાજ ખેડાવાળ બ્રાહ્મણ**

મૂળ ગામ કણજરી હાલ થાણા નિવાસી સ્વ. શાંતાબેન રામશંકર મહેતાના પુત્ર સનત કુમાર (ઉં.વ. ૭૬) શુક્રવાર, તા. ૧-૮-૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. જ્યોત્સનાબેનના પતિ. તે યોગીતા વિનોદકુમાર કાનાબાર, લીના નવીન શાહ, અનિતા સનત કુમાર મહેતા, પ્રીતિ વિનીત ત્રિવેદીના પિતાશ્રી. તે સ્વ. જયાબેન નટવરલાલ દવે, સ્વ. રમાબેન ઘનશ્યામભાઈ વ્યાસના ભાઈ. તે સ્વ. છગનલાલ મેઘજી રાઇચા ભિવંડીના જમાઈ. તે પૂજા સૌરભ ડોળસ, રિયા, મેઘા, ધ્વનિ, નીલક્ષના નાનાજી. લૌકિક પ્રથા બંધ રાખેલ છે. રહેઠાણ : એ વિંગ, ૫૦૪ ન્યૂ ગ્રીન વૂડ, હાર્વર્ડ ગાર્ડન સોસાયટી, સૂર્યા ટાવર પાસે, ઘોડબંદર રોડ, થાણા પશ્ચિમ.

# પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

# જૈન મરણ

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

લાખેણી નિવાસી હાલ મુંબઇ ગં. સ્વ. ઇન્દુબેન જયંતીલાલ રામજી મહેતા (ઉં. વ. ૮૮) રાજેશ, મીતા, જયોતિ, ભાવના અને સોનલના માતુશ્રી. અ. સૌ. રીટા, કમલભાઇ, સ્વ. દીલીપભાઇ, હિતેશભાઇ, જયેશભાઇના સાસુ તા. ૧-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. વલ્લભીપુર નિવાસી સ્વ. ઓધવજી નારણભાઇ શાહના પુત્રી. નિકેત અને પીનલના દાદી. માધવી, મનનના દાદી-સાસુ. બન્ને પક્ષથી લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

અમરેલી નિવાસી હાલ કાંદિવલી સ્વ. ફતેચંદ કપૂરચંદ શાહના ધર્મપત્ની સુધાબેન (ઉં. વ. ૮૧) તા. ૧-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ફાલ્ગુન-દેવેન્દ્ર તથા વિવેક-જીજ્ઞા, નિહારના મમ્મી. તથા સ્વ. ધીરજલાલ, સ્વ. વ્રજલાલ તથા પ્રવીણભાઇ, સ્વ. ગુલાબબેન, સ્વ. કસુંબાબેન તથા જયાબેન અને સા.મ. વિમળયશાશ્રીજીના ભાભી. પિયરપક્ષે ભાવનગરવાળા બાબુલાલ અમૃતલાલ શાહના દીકરી. ભરતભાઇ, પ્રદીપભાઇ, સંધ્યાબેન, પ્રતિમાબેન (કીન્દ્રા)ના બેન. સાદડી તા. ૩-૮-૨૫ના રવિવારના ૩થી ૫. ઠે. બી-૮૦૪, વિમલ નગર, એસ. વી. રોડ, નમઃ હોસ્પિટલની બાજુમાં, કાંદિવલી (વેસ્ટ).

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ સામખીયારીના વીરાબેન મણીલાલ પોપટલાલ ગડા (ઉં.વ. ૬૮) અવસાન પામેલ છે. વાલીબેન પોપટલાલ અજા, સ્વ. મણિલાલના ધર્મપત્ની. ચેતન, અમિત, લતાના માતુશ્રી. રૂપલ, વર્ષા, આશિષના સાસુમા. આયુષ, રિદાન, દિયાના દાદી. પ્રીત દિશાના નાની. ધાણીથરના પુરીબેન ગેલા પરમા ગાલાના દિકરી. પ્રાર્થનાસભા સોમવારે તા. ૪-૮-૨૫ સવારે ૧૦.૩૦ થી ૧૨ સ્થળ. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, શ્રીમતી પુનઈબેન કરશન લઘુભાઈ હોલ, દાદર-વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મેરાઉના ચિ. રૂશીલ (રૂષભ) ગંગર (ઉં.વ. ૩૩) ૧-૮-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. મેઘબાઇ હેમરાજ ચાંપશી ગંગરના પૌત્ર. શ્રીમતી હીના જયંતના સુપુત્ર. હીરલના ભાઇ. રાયણના સ્વ. ખેતબાઇ નેમચંદ ફુરીયાના દોહીત્રા. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : જયંત હેમરાજ ગંગર, ૧-બી/૩, રાજેન્દ્ર સોસાયટી, સોડાવાલા લેન, ગોવિંદનગર, બોરીવલી (વેસ્ટ).

કોડાયના અ.સૌ. લીના જયેશ સાવલા (ઉં.વ. ૫૦) ૧-૮ના અવસાન પામેલ છે. ભાનુમતી ભવાનજી ઠાકરશીના પુત્રવધૂ. જયેશના ધર્મપત્ની. ખીલ્તી, દ્રષ્ટીના માતા. કોડાય મધુબેન નેમચંદ પુંજા વિસરીયાના સુપુત્રી. કેતુલ, કપીલના બહેન. પ્રા. શ્રી વ.સ્થા. જૈન શ્રા.સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) ટા. ૨ થી ૩.૩૦.

નાની તુંબડી (હાલે મોટા આસંબીયા)ના કલ્પના પ્રદીપ દેઢીયા (ઉં.વ. ૫૯) તા. ૩૧-૭-૨૫ના મૃત્યુ પામ્યા છે. દમયંતી મુલચંદના પુત્રવધૂ. પ્રદિપના ધર્મપત્ની. હેતલ, કેજલના મમ્મી. મો.આ.ના કસ્તુરબેન આણંદજીના સુપુત્રી. તુંબડીના ભાવના મહેશના બહેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. નિ. પ્રદીપ દેઢિયા, ૧૦૪, બિલ્ડીંગ નં.૭, નીલકંઠ પાર્ક (ફેજ ૧) દ્વારકાનગરી, વાયલે નગર, કલ્યાણ (પ.).

દેવપુરના જીતેશ પ્રેમજી ગાલા (ઉં.વ. ૬૪) તા. ૧-૮-૨૫ના અવસાન પામ્યા છે. મણીબેન પ્રેમજી હંસરાજના સુપુત્ર. જયાના પતિ. સુધીર, હાલાપરના પ્રતિભા શશીકાંત દેવરાજ, લાયજા મીના નલિન હંસરાજના ભાઈ. ના. ભાડીયા ભાનુબેન લખમશી જેસંગ ગડાના જમાઈ. પ્રા : શ્રી માટુંગા ક.શ્વે.મૂ. જૈન સંઘની નારાણજી શામજી વાડી (ટા. ૪ થી ૫.૩૦).

# અંધેરીમાં ટેન્કરે સ્કૂટરને ઉડાવ્યુંઃ વૃદ્ધાનું મોત

મુંબઈઃ અંધેરી વિસ્તારમાં પૂરઝડપે આવી રહેલા ટેન્કરે સ્કૂટરને અડફેટમાં લેતાં ૬૩ વર્ષની વૃદ્ધાનું મૃત્યુ થયું હતું, જ્યારે તેનો પતિ ઘાયલ થયો હતો. આ અકસ્માત બાદ ટેન્કરચાલક ફરાર થઇ જતાં એમઆઇડીસી પોલીસે ગુનો દાખલ કરીને તેની શોધ આદરી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર અંધેરીમાં વિજયનગરથી સિપ્ઝ જતા માર્ગ પર શુક્રવારે સવારના આ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ પામેલા વૃદ્ધાની ઓળખ માઘીબેન રામજી પટેલ તરીકે થઇ હતી, જ્યારે તેમના પતિ રામજી અંબાજી પટેલ હાલ હોસ્પિટલમાં દાખલ છે. વિલે પાર્લે વિસ્તારમાં રહેતા રામજી પટેલ શુક્રવારે સવારે તેમની પત્ની સાથે મંદિરમાં પૂજા કરવા માટે આરે કોલોની ખાતે ગયા હતા. પૂજા કર્યા બાદ સ્કૂટર પર તેઓ ઘરે પાછા જઇ રહ્યાં હતાં ત્યારે અંધેરીમાં સર્વિસ રોડ પર ટેન્કરે તેમના સ્કૂટરને ટક્કર મારી હતી, જેમાં બંને જણ ઘાયલ થયાં હતાં. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

**પુણેના યવતમાં કોમી હિંસા**

# ૫૦૦થી વધુ લોકો વિરુદ્ધ પાંચ એફઆઈઆર દાખલ, ૧૮ની ધરપકડ

## સોશ્યલ મીડિયા પર વાંધાજનક પોસ્ટ અપલોડ કરનારા યુવકની પણ ધરપકડ

પુણેઃ સોશ્યલ મેસેજિંગ પ્લેટફોર્મ પર વાંધાજનક પોસ્ટ બાદ પુણેના દૌંડ તાલુકાના યવત ગામમાં ફાટી નીકળેલી કોમી હિંસા પ્રકરણે પોલીસે ૫૦૦થી વધુ લોકો સામે પાંચ એફઆઇઆર દાખલ કરી છે, જ્યારે હિંસા સમયે આગ ચાંપવા તેમ જ મિલકતને નુકસાન પહોંચાડવા બદલ ૧૭ની ધરપકડ કરવામાં આવી છે. બીજી તરફ સોશિયલ મીડિયા પર વાંધાજનક પોસ્ટ અપલોડ કરનારા યુવકની ધરપકડ કરીને તેની સામે અલગથી કેસ દાખલ કરાયો છે.

યવત ગામમાં શુક્રવારે સોશિયલ મીડિયા પર વાંધાજનક પોસ્ટને કારણે કોમી હિંસા ફાટી નીકળી હતી અને ઉશ્કેરાયેલા ટોળાએ મિલકતોની તોડફોડ કરીને આગ ચાંપી હતી.

યવત પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે અત્યાર સુધી અમે હિંસા સંબંધે પાંચ કેસ દાખલ કર્યા છે. મિલકતને નુકસાન પહોંચાડવા અને આગ ચાંપવા બદલ ૫૦૦થી વધુ લોકો સામે ચાર કેસ દાખલ કરાયા છે, જેમાંથી ૧૦૦થી વધુ લોકોને ઓળખી કાઢવામાં આવ્યા છે અને ૧૭ની ધરપકડ કરવામાં આવી હતી.

વાંધાજનક પોસ્ટ અપલોડ કરનારા યુવક સામે ધાર્મિક ભાવના દુભવવાના આરોપસર એફઆઇઆર દાખલ કરીને તેની ધરપકડ કરવામાં આવી છે.

હિંસામાં સામેલ ટોળાએ મોટરસાઇકલ, બે કાર, એક ધાર્મિક સ્થળ અને બેકરીને નિશાન બનાવ્યા હતા અને આગ ચાંપી હતી. પોલીસે ટોળાને વિખેરવા માટે લાઠીચાર્જ કરવા સાથે ટિયર ગેસના શેલ પણ છોડ્યાં હતા. યવતમાં પ્રતિબંધાત્મક આદેશ લાગુ કરવામાં આવ્યો છે અને હાલ પરિસ્થિતિ નિયંત્રણમાં છે, એમ પોલીસ અધિકારીએ કહ્યું હતું.

પુણેના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ સંદીપ સિંહ ગિલે કહ્યું હતું કે પૂર્વનિયોજિત કાવતરાના કોઇ સંકેત મળતા નથી અને તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી કોઇ નિષ્કર્ષ કાઢી શકાતો નથી. શનિવાર બપોર સુધીમાં પોલીસે હિંસા સંબંધે પાંચ એફઆઇઆર દાખલ કર્યા છે. જે વ્યક્તિની વાંધાજનક પોસ્ટથી હિંસા ફાટી નીકળી હતી તે ગામમાં ઘણાં વર્ષથી રહે છે.

કોમી હિંસા બાદ ગામમાં સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ (એસઆરપીએફ) સહિત મોટી સંખ્યામાં સુરક્ષા કર્મચારીઓને તહેનાત કરવામાં આવ્યા છે. સત્તાવાળાઓએ ભારતીય ન્યાય સુરક્ષા સંહિતાની કલમ ૧૬૩ અને ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૪૪ હેઠળ શુક્રવાર રાતેથી પ્રતિબંધાત્મક આદેશ લાગુ કર્યો હોઇ આગળની પરિસ્થિતિની સમીક્ષા ન થાય ત્યાં સુધી તે અમલમાં રહેશે, એમ પણ એસપી ગિલે જણાવ્યું હતું.

એડિશનલ એસપી ગણેશ બિરાદરે કહ્યું હતું કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર અમે દેખરેખ રાખી રહ્યા છીએ. અમે ગામો પર ડ્રોનથી નજર રાખી રહ્યા છીએ. ■





દાદર કબૂતરખાનાને બંધ કરવા મુંબઈ મહાનગરપાલિકા દ્વારા શનિવારે બાંધકામ કરવામાં આવી રહ્યું હતું. બીજી તરફ આને પગલે દેરાસરની બહાર મોટી સંખ્યામાં શ્રાવકો એકઠા થઈ ગયાં હતાં. (અમય ખરાડે)

# અયોધ્યાના રામ મંદિર પર હુમલાની ધમકીનો મેસેજ બીડના યુવકને ઇન્સ્ટાગ્રામ પર મળ્યો

છત્રપતિ સંભાજીનગરઃ અયોધ્યાના રામ મંદિર પર હુમલાની ધમકીનો મેસેજ સોશિયલ મીડિયા પર યુવકને મળ્યા બાદ બીડ જિલ્લાની પોલીસે ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર ફરિયાદી સૂરજ ગાડેકર (૨૪) શિરુર કાસારનો રહેવાસી છે. સૂરજે આક્ષેપ કર્યો હતો કે તે ૧૧ જુલાઇએ ઇન્સ્ટાગ્રામ પર રીલ જોઇ રહ્યો હતો ત્યારે તેને એક અકાઉન્ટ દ્વારા કરાયેલી વાંધાજનક ટિપ્પણી જોવા મળી હતી. સૂરજે બાદમાં ઇન્સ્ટાગ્રામ યુઝર સાથે ગુસ્સામાં ચેટ્સની આપ-લે કરી હતી, જેમાં યુઝરે દાવો કર્યો હતો કે તે પાકિસ્તાનનો રહેવાસી છે અને કરાચીમાં તેનું લોકેશન શૅર કર્યું હતું. ફરિયાદીએ દાવો કર્યો હતો કે આરોપીએ ચેટ્સમાં હિન્દુ ધર્મ વિશે ટિપ્પણી કરી હતી અને ઑડિયો ક્લિપ મોકલાવી હતી, જેમાં અયોધ્યાના રામ મંદિર પર હુમલાની ધમકી અપાઇ હતી. દરમિયાન સૂરજે આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરીને પોલીસે તપાસ આદરી હતી. (પીટીઆઇ) ■

# અંબોલીના હિંદુ સ્મશાનભૂમિમાં નાના બાળકોની દફનભૂમિ ત્રણ મહિના બંધ રહેશે

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાના કે-પશ્ચિમ વોર્ડમાં અંબોલી(અંધેરી) હિંદુ સ્મશાનભૂમિમાં અત્યાધુનિકરણનું કામ હાથ ધરવામાં આવવાનું છે. તેથી સ્મશાનભૂમિમાં નાના બાળકોના અંતિમસંસ્કાર માટેની સ્મશાનભૂમિમાં રહેલી દફનભૂમિની સુવિધા ત્રણ મહિનાના સમય માટે બંધ રહેશે. કામ પૂરું થયા બાદ દફનભૂમિની સુવિધા ફરી ઉપલબ્ધ કરી આપવામાં આવશે. ત્યાં સુધી ઓશિવરા હિંદુ સ્મશાનભૂમિ અને ઢાકે કોલોની હિંદુ સ્મશાનભૂમિમાં આવેલી દફનભૂમિનો પર્યાય ઉપલબ્ધ રહેશે એવું પાલિકાના કે-પશ્ચિમ વોર્ડ દ્વારા જણાવવામાં આવ્યું હતું. ■

# મુંબઈ મેટ્રોના થાંભલાઓ પર થીમ આધારિત ડેકોરેશન

## અત્યાર સુધી ૮૬ ટકા થાંભલાનું ડેકોરેશનનું કામ પૂરું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટીએ શહેરના સુશોભીકરણ અને સાર્વજનિક સુવિધા ઉપક્રમ હેઠળ મુંબઈ મેટ્રોપોલિટન રિજનની મેટ્રોના કુલ ૨,૯૫૫ થાંભલામાંથી ૨,૫૩૭ થાંભલા (૮૬ ટકા) પર થીમ આધારિત પેઈન્ટિંગનું કામ પૂરું કર્યું છે. એમએમઆરડીએના જણાવ્યા મુજબ મેટ્રો રૂટ સાથે સંબંધિત થાંભલા પર સ્પેશિયલ થીમ આધારિત કલર કરવામાં આવ્યા છે. ઉદાહરણ તરીકે મેટ્રો લાઈન જે રેડ લાઈન તરીકે ઓળખાય છે, તેના થાંભલામાં ડેકોરેશન કરવામાં લાલ રંગ વાપરવામાં આવ્યો છે. મેટ્રો નેટવર્કમાં કુલ ૨,૯૬૨ થાંભલા છે, તેમાંથી ૨,૫૩૭ થાંભલાને અત્યાર સુધી રંગી દેવામાં આવ્યા છે. બાકીના થાંભલાના કામ ચોમાસા બાદ કરવામાં આવશે. મેટ્રો ટુ-બી ડી.એન.નગર-મંડાલેના કુલ ૬૫૩ પીલરમાંથી ૬૨૩ થાંભલાને રંગી દેવામાં આવ્યા છે. અહીં માત્ર ૨૫ થાંભલા બાકી રહ્યા છે. મેટ્રો ચાર અને ચાર-એ વડાલા-કાસારવડવલી-ગાયમુખ રૂટ પર કુલ ૧,૦૨૩ થાંભલામાંથી ૮૪૧ થાંભલા રંગી દેવામાં આવ્યા હોઈ ૮૨ ટકા કામ પૂરું થયું છે અને હવે ૧૮૨ થાંભલા બાકી રહ્યા છે. મેટ્રો-પાંચ થાણે-ભિવંડી-કલ્યાણ રૂટ પર ૪૮૮માંથી ૪૩૦ થાંભલાઓને રંગી દેવામાં આવ્યા છે અને હવે ૫૮ થાંભલાનું કામ બાકી રહ્યું છે. મેટ્રો-છ સ્વામી સમર્થ નગર-વિક્રોલી રૂટ પર ૪૨૨માંથી ૨૮૮ પીલરનું સુશોભીકરણનું કામ પૂરું થયુ હોઈ ૧૩૪ પીલરનું કામ બાકી છે. ■

# કબૂતરોને ચણઃ મુંબઈ પોલીસે નોંધ્યો પહેલો ગુનો

મુંબઈઃ જાહેર સ્થળે કબૂતરોને ચણ નાખવા પર પ્રતિબંધ મૂકતા મુંબઈ હાઇ કોર્ટના આદેશ બાદ શહેરમાં બે મુખ્ય કબૂતરખાનાં ખાતે કબૂતરોને ચણ નાખવાને મુદ્દે મુંબઈ પોલીસે શહેરનો પહેલો ગુનો દાખલ કર્યો છે. મુંબઈ મહાનગરપાલિકા દ્વારા નોંધાવાયેલી ફરિયાદને આધારે માહિમ પોલીસ સ્ટેશનમાં અજાણી વ્યક્તિ વિરુદ્ધ ગુનો કરાયો હતો. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર માહિમમાં એલ.જે. રોડ પર હોસ્પિટલ નજીક કબૂતરખાના ખાતે આ ઘટના બની હતી. એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે ટૂ-વ્હીલર પર અજાણી વ્યક્તિ ત્યાં આવી હતી અને કબૂતરોને ચણ નાખ્યું હતું. પાલિકાએ બાદમાં અજાણી વ્યક્તિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આથી માહિમ પોલીસે અજાણી વ્યક્તિ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. મુંબઈ હાઇ કોર્ટ દ્વારા પાલિકાને આપવામાં આવેલા કડક નિર્દેશને પગલે આ એફઆઇઆર દાખલ કરવામાં આવ્યો હતો. કોર્ટે કબૂતરને ચણ નાખનારાઓ સામે ફોજદારી ફરિયાદ નોંધાવવાનો આદેશ પાલિકાને આપ્યો છે. ■

# ઇડીના દરોડા જેવી એસટીપીની તપાસ કરો

## મહારાષ્ટ્રના પ્રધાને પ્રદૂષણ નિયંત્રણ અધિકારીઓને જણાવ્યું

મુંબઈઃ મહારાષ્ટ્રના પર્યાવરણ પ્રધાન પંકજા મુંડેએ શનિવારે જણાવ્યું હતું કે રાજ્યના પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે પ્રવર્તમાન ધારાધોરણોનું પાલન બરાબર થાય એ માટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દરોડા પાડે છે એ જ ધોરણે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ (એસટીપી)માં અણધારી તપાસ કરવી જોઈએ.

નાશિકમાં ઉદ્યોગપતિઓ અને મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓ સાથેની સંયુક્ત બેઠકને સંબોધતા મુંડેએ એમ પણ કહ્યું હતું કે ઉદ્યોગોનો વિકાસ થવો જ જોઈએ, પરંતુ પર્યાવરણીય સંરક્ષણને પ્રાધાન્ય આપવું પણ જરૂરી છે. જે રીતે ઇડી દરોડા પાડે છે, તે જ રીતે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે એસટીપી પ્લાન્ટ્સ પર દરોડા પાડવા જોઈએ. પાણી નદીઓમાં છોડવામાં આવે તે પહેલાં એનામાં રહેલી અશુદ્ધિઓ દૂર કરવામાં આવી રહી છે કે કેમ એ ચકાસવું જોઈએ.'

મુંડેએ પાણીના કાર્યક્ષમ ઉપયોગ અને સારવારની જરૂરિયાત પર પણ પ્રકાશ પાડી જણાવ્યું હતું કે 'આપણે જે કુલ પાણીનો ઉપયોગ કરીએ છીએ તેમાંથી માત્ર ૪૮ ટકા પાણી પર જ પ્રક્રિયા કરવામાં આવે છે, જ્યારે બાવન ટકા પાણીનો બગાડ થાય છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ પડકારને સ્વીકાર્યા પછી નમામિ ગંગે જેવા કાર્યક્રમો શરૂ કર્યા હતા.' કુંભમેળા દરમિયાન પ્રધાન તરીકે પોતાના કાર્યકાળને યાદ કરતાં મુંડેએ ધાર્મિક કાર્યક્રમો માટે સ્વચ્છ પાણીના મહત્ત્વની નોંધ લઈ જણાવ્યું હતું કે 'ગયા કુંભમેળા દરમિયાન હું પ્રધાન હતી અને હવે બીજો કુંભ મેળો નજીક આવી રહ્યો છે ત્યારે હું ફરી પ્રધાન છું.

યાત્રાળુઓ પવિત્ર સ્નાન માટે ડૂબકી લગાવે છે અને જ્યાં સંતો અને ભક્તો સ્નાન કરે છે ત્યાં પાણી સ્વચ્છ હોવું આવશ્યક છે. સીએસઆર ભંડોળનો ઉપયોગ મંદિરો અને શિક્ષણ માટે કરવામાં આવે છે તેમ આપણે પર્યાવરણ માટે ભંડોળ ઊભું કરવું જોઈએ.' (પીટીઆઈ) ■

# ડોંબિવલીના કચ્છી પરિવાર પર દુઃખનો પહાડઃ ટ્રેનમાંથી પડી ગયેલા મહેક ઠક્કરનું થયું મૃત્યુ

મુંબઈઃ ભાંડુપ અને કાંજુર માર્ગ રેલવે સ્ટેશન વચ્ચે ભીડને કારણે ટ્રેનમાંથી પડી જવાથી ગંભીર રીતે ઘવાયેલા ડોંબિવલીના ૨૯ વર્ષના કચ્છી યુવક મહેક અરવિંદભાઇ ઠક્કરનું શુક્રવારે મધરાતે સારવાર દરમિયાન હોસ્પિટલમાં મૃત્યુ થતાં પરિવારજનો પર દુખનો પહાડ તૂટી પડ્યો હતો.

ડોંબિવલી પૂર્વના રામનગરમાં શિવ મંદિર રોડ પર માધવાશ્રમ નગર નંબર-૧ ખાતે રહેનારો મહેક ઠક્કર સ્ટુડિયોમાં કામ કરતો હતો. મહેક શુક્રવારે સવારે કાંદિવલી આવવા માટે ઘરેથી નીકળ્યો હતો. ડોંબિવલી સ્ટેશન પરથી તેણે ટ્રેન પકડી હતી, પણ ભાંડુપ અને કાંજુર માર્ગ સ્ટેશન વચ્ચે ટ્રેનમાંથી તે પડી ગયો હતો, જેમાં તેને ગંભીર ઇજા પહોંચી હતી.

મહેકને સારવાર માટે પ્રથમ મુલુંડની ખાનગી હોસ્પિટલમાં લઇ જવાયો હતો અને બાદમાં સાયન હોસ્પિટલમાં ખસેડાયો હતો, જ્યાં મોડી રાતે તેનું મૃત્યુ થયું હતું. મહેકના પિતા અરવિંદભાઇએ કહ્યું હતું કે કાંદિવલી વિસ્તારમાં આવેલા દેરાસરમાં ચાતુર્માસ નિમિત્તે ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફીનું કામ મળ્યું હોવાથી મહેક શુક્રવારે સવારે ત્યાં જવા માટે નીકળ્યો હતો. મહેક ટ્રેનમાંથી પડી ગયો હોવાની જાણ અમને રેલવે પોલીસ તરફથી થઇ હતી. મહેક અપરિણીત હતો અને ત્રણ ભાઇમાં સૌથી નાનો હતો. મહેકના મૃતદેહને શનિવારે બપોરે તેમના પરિવારજનોને સોંપવામાં આવ્યો હતો, એમ અરવિંદભાઇના મિત્ર રાકેશભાઇએ જણાવ્યું હતું. ■

# જુહુના દરિયામાં ડૂબેલા યુવકનો મૃતદેહ ૧૪ કલાક બાદ મળ્યો

મુંબઈઃ જુહુના દરિયામાં ડૂબેલા ૨૦ વર્ષના યુવકનો મૃતદેહ ૧૪ કલાક બાદ મળી આવ્યો હતો. તેનો મૃતદેહ દરિયા કિનારે ઘસડાઇ આવ્યો હતો. મૃતકની ઓળખ વિઘ્નેશ મુર્ગેશ દેવેન્દ્રમ તરીકે થઇ હતી.

જુહુ વિસ્તારમાં ગોદરેજ ગેટ નજીક સિલ્વર બીચ પર દેવેન્દ્રમ અને રાજકુમાર સુબા (૨૨) શુક્રવારે સવારે તરવા માટે દરિયામાં ૨૦૦ મીટર દૂર સુધી ગયા હતા. એ સમયે તેઓ મોજાં સાથે અંદર તણાઇ ગયા હતા.

દરમિયાન લાઇફગાર્ડ અને અગ્નિશમન દળના જવાનોએ ઘટનાસ્થળે આવીને રાજકુમાર સુબાને બચાવી લીધો હતો, જ્યારે મોડી રાત સુધી દેવેન્દ્રમનો કોઇ પત્તો લાગ્યો નહોતો.

શનિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે દેવેન્દ્રમ દરિયા કિનારે બેભાન અવસ્થામાં મળી આવતાં તે ત્વરિત હોસ્પિટલમાં લઇ જવાયો હતો, જ્યાં તેને મૃત જાહેર કરાયો હતો. (પીટીઆઇ) ■

# મહેસૂલ અધિકારી પચાસ હજારની લાંચ લેતાં પકડાયો

મુંબઈઃ અહિલ્યાનગર જિલ્લામાં ખનીજ ઉત્પાદનોની ગેરકાયદે હેરફેર બદલ ગુનો દાખલ કરવાની ધમકી આપીને એક વ્યક્તિ પાસેથી પચાસ હજાર રૂપિયાની લાંચ માગવા બદલ એન્ટિ-કરપ્શન બ્યૂરો (એસીબી)એ મહેસૂલ અધિકારી સહિત બે જણની ધરપકડ કરી હતી. એસીબીના અધિકારીઓએ શુક્રવારે મહેસૂલ અધિકારી સતીષ રખમાજી ધરમ (૪૦) અને અક્ષય સુભાષ ઘોરપડે (૨૭)ને લાંચ સ્વીકારતાં પકડી પાડ્યા હતા. ફરિયાદીએ એવો આક્ષેપ કર્યો હતો કે તેણે ઘર બાંધવા માટે જેસીબી અને ટ્રેક્ટરનો ઉપયોગ કરી નદીમાંથી રેતી ઉલેચી હતી.

આરોપી અધિકારી કન્સ્ટ્રક્શન સાઇટ પર આવ્યો હતો અને દાવો કર્યો હતો કે ફરિયાદીએ ખનીજ ઉત્પાદનોની ગેરકાયદે હેરફેર કરી છે. (પીટીઆઇ) ■

# કોસ્ટલ રોડ પ્રોમેનેડને ઉદ્ઘાટનની રાહઃ રહેવાસીઓને ટ્રાફિક વધવાની ચિંતા

મુંબઈઃ કોસ્ટલ રોડ પ્રોમેનેડ તૈયાર છે પરંતુ તેના ઉદ્ઘાટનની તારીખ હજુ નક્કી કરવામાં આવી નથી. દક્ષિણ મુંબઈના દરિયાકાંઠાના રહેવાસીઓ તેમના વિસ્તારમાં ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. આ પડકારોને ઘટાડવાના રસ્તાઓ પર ચર્ચા કરવા માટે, તેઓ ગુરુવારે સંયુક્ત પોલીસ કમિશનર (ટ્રાફિક) અનિલ કુંભારેને મળ્યા. બેઠકમાં બ્રીચ કેન્ડી રેસિડેન્ટ્સ ફોરમ (બીસીઆરએફ), નેપિયન સી રોડ સિટીઝન્સ ફોરમ (એનઆરસીએફ) અને વરલીના રહેવાસીઓ હાજર રહ્યા હતા. જોકે રહેવાસીઓને એ જાણીને રાહત થઈ કે પ્રોમેનેડ પર પાર્કિંગની મંજૂરી આપવામાં આવશે નહીં. કુંભારેએ કહ્યું હતું કે, 'કોસ્ટલ રોડ પ્રોમેનેડ ખુલતાની સાથે જ પાર્કિંગની સ્થિતિ સ્પષ્ટ થઈ જશે. હાલમાં અમે પાર્કિંગ પર પ્રતિબંધ મૂક્યો છે, જેથી ત્યાં કાર ઉભી ન રહે. અમે આ માટે સાઇનબોર્ડ લગાવ્યા છે અને સૂચનાઓ જારી કરી છે. આ નિયમ તોડનારા વાહનોને દંડ કરવામાં આવશે.

બીસીઆરએફ એ ટ્રાફિક અધિકારીઓને બીજી વિનંતી કરી હતી જેમાં કોસ્ટલ રોડ પર કામ માટે ખાલી કરાયેલી જમીન પર પાર્ક કરવાની મંજૂરી આપવા વિનંતી કરવામાં આવી હતી. તેમણે ગુરુવારે સ્થાનિક ધારાસભ્ય મંગલ પ્રભાત લોઢા સમક્ષ આ માંગણી મૂકી હતી. તેમની વિનંતીને નકારી કાઢવામાં આવી હતી. રહેવાસીઓએ ધ્યાન દોર્યું હતું કે બ્રીચ કેન્ડી હોસ્પિટલના ડોકટરો અને મુલાકાત લેતા દર્દીઓ દ્વારા પાર્ક કરાયેલી કારને કારણે ત્યાં પાર્કિંગની સમસ્યા વધી ગઈ છે. વરલીના રહેવાસીઓ પણ ટ્રાફિકના નવા પ્રવાહ માટે ચિંતિત છે. વરલીથી કોસ્ટલ રોડ પરના પ્રોમેનેડ સુધી પહોંચવા માટે થોડા અંડરપાસ બનાવવાની યોજના છે, તેથી અમને ડર છે કે આ વિસ્તાર મુંબઈ દર્શન પ્રવાસ કાર્યક્રમમાં કાયમી વિશેષતા બનશે,'' આ વિસ્તારમાં રહેતા વીરેન શાહે જણાવ્યું. કારમાં સવાર લોકો સેલ્ફી લેવા માટે અહીં રોકાશે.'' તેમણે કોસ્ટલ રોડ પર ખાસ કરીને રવિવારે સવારે ઝડપી ગતિએ આવતી કારની સમસ્યા પર પણ પ્રકાશ પાડ્યો.

# નવી મુંબઈમાં હત્યાકેસનો આરોપી ૧૩ વર્ષે પકડાયો

થાણેઃ ઉછીના લીધેલાં નાણાં પાછા ન આપી શકનારા પચાસ વર્ષની શખસની હત્યા કરી ફરાર થઇ ગયેલા આરોપીને ૧૩ વર્ષ બાદ નવી મુંબઈ પોલીસે પકડી પાડ્યો હતો.

નવી મુંબઈ પોલીસની ક્રાઇમ બ્રાન્ચે મળેલી માહિતીને આધારે ગુરુવારે નાગપુર જિલ્લામાંથી આરોપી છોટુ મરકત યાદવ (૩૬)ને ઝડપી પાડ્યો હતો, જે બિહારનો વતની છે.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર રબાળે એમઆઇડીસી વિસ્તારમાં ઑક્ટોબર, ૨૦૧૨માં છોટુ યાદવે ભવનખાન ઉગાન યાદવ (૫૦)ની શસ્ત્રના ઘા ઝીંકી હત્યા કરી હતી. હત્યા બાદ છોટુ ફરાર થઇ ગયો હતો. તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે છોટુ પાસેથી મૃતકે પચીસ હજાર રૂપિયા ઉછીના લીધા હતા અને તે પાછા કરવામાં નિષ્ફળ ગયો હતો. આથી ઉશ્કેરાયેલા છોટુએ તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો. (પીટીઆઇ) ■

# સંસ્કૃત દેશના ખૂણે ખૂણે પહોંચવી જોઈએઃ ભાગવત

નાગપુરઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના અધ્યક્ષ મોહન ભાગવતે શુક્રવારે કહ્યું હતું કે સંસ્કૃત તમામ ભારતીય ભાષાઓની જનની છે અને દૈનિક વ્યવહારનું માધ્યમ બની દેશના ખૂણે ખૂણે પહોંચવી જોઈએ.

સંસ્કૃતની જાળવણી અને પ્રચાર પર જોર આપી ભાગવતે સંસ્કૃતને આપણી લાગણીઓનો વિકાસ કરતી ભાષા લેખાવી ઉમેર્યું કે દરેકે દરેક જણે પ્રાચીન ભાષા જાણવી જ જોઈએ.

નાગપુરની કવિ કુલગુરુ કાલિદાસ સંસ્કૃત યુનિવર્સિટીમાં એક ઇમારતના ઉદ્ઘાટન પ્રસંગે ભાગવતે નોંધ્યું હતું કે સંસ્કૃત ભાષા સમજવી અને એમાં વાતચીત કરવાની આવડત હોવા વચ્ચે તફાવત છે. સંસ્કૃત યુનિવર્સિટીને સરકારી આશ્રય મળશે, પરંતુ લોકોનું પીઠબળ પણ જરૂરી છે.

આરએસએસના વડાએ વધુમાં જણાવ્યું હતું કે 'આપણે દૈનિક વાતચીતમાં આ ભાષા બોલી શકાય એ રીતે શીખવાની જરૂર છે. દૈનિક બોલચાલની ભાષા બનવી જોઈએ. હું આ ભાષા શીખી ગયો છું, પણ અસ્ખલિત રીતે નથી બોલી શકતો. સંસ્કૃત ઘેર ઘેર પહોંચે એ જરૂરી છે.'

પોતાના ભાષણમાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સંસ્કૃતના સમૃદ્ધ વારસાનો ઉલ્લેખ કરી ભાષાના વિકાસ માટે તેમની સરકાર તરફથી તમામ સમર્થનની ખાતરી આપી હતી. (પીટીઆઈ) ■

# શિક્ષણને કારણે વિદ્યાર્થીઓ તાણમાં, આત્મહત્યાના કેસ પણ વધ્યા

મુંબઈઃ ભારતમાં ઉચ્ચ શિક્ષણ પ્રવેશ પ્રક્રિયામાં વધતી સ્પર્ધા, અપારદર્શિતા અંગે શંકા, સ્કૂલ અને કોલેજ ફીમાં વધારો અને પ્રવેશ પરીક્ષામાં અનિશ્ચિતતાને કારણે વિદ્યાર્થીઓએ જ નહીં પરંતુ તેમના માતાપિતાએ પણ માનસિક તાણમાંથી પસાર થવું પડે છે. શિક્ષણ અને આરોગ્ય મંત્રાલયના સહયોગથી તાજેતરમાં હાથ ધરવામાં આવેલા સંયુક્ત અભ્યાસાનુસાર, શિક્ષણ સંબંધિત તણાવને કારણે ભારતમાં છેલ્લાં પાંચ વર્ષમાં વાલીઓમાં શિક્ષણ સંબંધિત તણાવને કારણે ડિપ્રેશનનું પ્રમાણ ૨૨ ટકા થી વધીને ૩૩ ટકા થયું છે.

ઇન્ડિયન જર્નલ ઓફ સાયકિયાટ્રીના ૨૦૨૩માં પ્રકાશિત થયેલા એક અભ્યાસાનુસાર ૧૫ થી ૨૪ વર્ષની વયના લગભગ ૩૪ ટકા વિદ્યાર્થીઓ પ્રવેશ પ્રક્રિયા અને શૈક્ષણિક ખર્ચને કારણે સતત માનસિક તણાવમાં હતા. ૨૦૧૯માં આ ટકાવારીમાંથી, ફક્ત ૨૧ ટકા હતી. આ ઉપરાંત શિક્ષણ સંબંધિત કારણોસર આત્મહત્યા કરનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦૧૯ માં ૭,૨૪૫ હતી, જે ૨૦૨૩ માં વધીને ૮૦૭૦ થઈ ગઈ હતી.

૨૦૨૪ માં ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના અહેવાલ મુજબ, પ્રવેશ પરીક્ષામાં નિષ્ફળતા સંબંધિત માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓનો અનુભવ કરતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૨૫ ટકાનો વધારો થયો છે. માતાપિતાની અપેક્ષાઓ, શૈક્ષણિક લોનનો તણાવ અને સામાજિક તુલના આમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. શિક્ષણ માટે લેવામાં આવતી ખાનગી લોન પણ માતાપિતામાં માનસિક તણાવનું એક મુખ્ય કારણ છે. આ નાણાકીય બોજને કારણે, ઘણા માતાપિતા ચિંતા અને હતાશાનો અનુભવ કરી રહ્યા હોવાનું અભ્યાસમાં બહાર આવ્યું છે. ■

# જયસ્વાલની સદી કરાવી શકે જયજયકાર



ઓપનર યશસ્વી જયસ્વાલે શનિવારે છઠ્ઠી ટેસ્ટ સદી પૂરી કર્યા બાદ સ્ટૅન્ડમાં બેઠેલા તેના પરિવારજનોને સુંદર સંકેતોથી પણ ખુશ કરી દીધા હતા. (એપી/પીટીઆઇ)

# પહેલી ટેસ્ટ જેવો જ માહોલ છેલ્લી ટેસ્ટમાં: લીડ્સમાં બ્રિટિશરોએ ૩૭૧નો લક્ષ્યાંક મેળવેલો

### હવે ઇંગ્લૅન્ડને ૩૭૪ રનનો ટાર્ગેટ અપાયો: બ્રિટિશ ફીલ્ડર્સના હાથે ભારતીયોને છ જીવતદાન

લંડન: અહીં ઓવલની છેલ્લી ટેસ્ટમાં શનિવારના ત્રીજા દિવસે યશસ્વી જયસ્વાલ (૧૧૮ રન, ૧૬૪ બૉલ, ૨૯૬ મિનિટ, બે સિક્સર, ૧૪ ફોર)ની શાનદાર સેન્ચુરી તેમ જ નાઇટ-વૉચમૅન તરીકે રમેલા આકાશ દીપ (૬૬ રન, ૯૪ બૉલ, ૧૦૯ મિનિટ, ૧૨ ફોર), રવીન્દ્ર જાડેજા (૫૩ રન, ૭૭ બૉલ, ૧૨૯ મિનિટ, પાંચ ફોર) તેમ જ આક્રમક ફટકાબાજીથી ઓવલનું સ્ટેડિયમ ગૂંજવી નાખનાર વૉશિંગ્ટન સુંદર (૫૩ રન, ૪૬ બૉલ, ૫૮ મિનિટ, ચાર સિક્સર, ચાર ફોર)ની હાફ સેન્ચુરી અને વિકેટકીપર ધ્રુવ જુરેલ (૩૪ રન, ૪૬ બૉલ, પંચાવન મિનિટ, ચાર ફોર)ના યોગદાનની મદદથી ભારતે બીજા દાવમાં ૩૯૬ રન કર્યા હતા અને ઇંગ્લૅન્ડને જીતવા ૩૭૪ રનનો પડકારરૂપ લક્ષ્યાંક આપ્યો હતો. જૂનમાં લીડ્સની પ્રથમ ટેસ્ટમાં ભારતે બ્રિટિશ ટીમને ૩૭૧ રનનો લક્ષ્યાંક આપ્યો હતો અને તેમણે મેળવી લીધો હતો.

ગઈ કાલે ઇંગ્લૅન્ડના ફીલ્ડર્સે ભારતના બીજા દાવમાં કુલ છ છોડ્યા હતા. એમાં ત્રણ જીવતદાન યશસ્વીને મળ્યા હતા.

ઇંગ્લૅન્ડ વતી જૉશ ટન્ગે સૌથી વધુ પાંચ વિકેટ લીધી હતી. યોગાનુયોગ, ઇંગ્લૅન્ડના પાંચમાંથી (ગસ ઍટકિન્સનને બાદ કરતા) ચાર બોલરના નામ અંગ્રેજીમાં 'J' પરથી શરૂ થતા હતા: જૉશ ટન્ગ, જૅમી ઑવર્ટન, જૅકબ બેથેલ અને જો રૂટ. આ મૅચના પ્રથમ દાવમાં ભારતના ૨૨૪ રન સામે ઇંગ્લૅન્ડે ૨૪૭ રન કર્યા હતા.

# મુંબઈગરા અને અમદાવાદીઓ આનંદો! લિયોનેલ મેસી ડિસેમ્બરમાં આવવાનો છે

નવી દિલ્હી: વર્લ્ડ ચૅમ્પિયન આર્જેન્ટિનાનો સુપરસ્ટાર ફૂટબોલર અને કરોડોનો માનીતો ખેલાડી લિયોનેલ મેસી આગામી ડિસેમ્બરમાં ભારત આવશે અને ત્યારે તે મુંબઈ તથા અમદાવાદ ઉપરાંત કોલકાતા અને નવી દિલ્હીની મુલાકાત લેશે એવી પાકી સંભાવના છે. મુંબઈમાં તેના માટે વાનખેડે સ્ટેડિયમમાં સત્કાર સમારંભ યોજાશે એવી તૈયારીઓ થઈ રહી હોવાનું મનાય છે.

ક્રિસ્ટિયાનો રોનાલ્ડો જેવી જ અપ્રતિમ ખ્યાતિ ધરાવતો મેસી ૧૪ વર્ષ બાદ ભારત ફરી આવી રહ્યો છે. અગાઉ તે ૨૦૧૧માં ભારત આવ્યો હતો.

મેસીના ભારત ખાતેના સંભવિત પ્રવાસની પીટીઆઇને જાણકારી આપનાર સૂત્રએ એવું પણ જણાવ્યું હતું કે મેસી તરફથી ભારત-પ્રવાસ સંબંધમાં પુષ્ટિની રાહ જોવાઈ રહી છે. જોકે મેસી ગમે ત્યારે સોશિયલ મીડિયા પર જાહેરાત કરશે એવું મનાય છે.

કામચલાઉ સમયપત્રક મુજબ મેસી આગામી ૧૨મી ડિસેમ્બરે રાત્રે કોલકાતાના ઍરપોર્ટ પર આવી પહોંચશે અને કોલકાતામાં જ બે દિવસ-એક રાત્રિના રોકાણ દરમ્યાન કેટલાક કાર્યક્રમોમાં હાજરી આપવા ઉપરાંત ઈડન ગાર્ડન્સમાં સૌરવ ગાંગુલી, લિએન્ડર પેસ, બાઇચુન્ગ ભૂટિયા, જૉન અબ્રાહમ વગેરે સાથે ફૂટબૉલ રમશે. મેસી ૧૩ ડિસેમ્બરે સાંજે અમદાવાદ જશે અને ત્યાર બાદ ૧૪મી ડિસેમ્બરની ઇવેન્ટ્સ માટે મુંબઈ પહોંચશે જ્યાં તે સીસીઆઇ ખાતે તેમ જ વાનખેડે ખાતેના કાર્યક્રમોમાં હાજરી આપશે. ત્યાર બાદ તે દિલ્હીની મુલાકાતે જશે.

# પેસ બોલર આકાશ દીપને ઇંગ્લૅન્ડના કોચની ચેતવણી: પૉન્ટિંગે તો મારવાની વાતો કરી

### ભારતીય પેસ બોલરે ડકેટને આઉટ કર્યા બાદ તેના ખભે હાથ મૂકીને તેને સૅન્ડ-ઑફ આપ્યું હતું

લંડન: ઍન્ડરસન-તેન્ડુલકર ટ્રોફી માટે રમાતી ટેસ્ટ-સિરીઝની પહેલી ચાર મૅચમાં બ્રિટિશ ખેલાડીઓએ ભારતીયોને ઉશ્કેર્યા અને તેમની મજાક પણ ઉડાવી અને રહી-રહીને ઓવલની વર્તમાન ટેસ્ટના આરંભ પહેલાં ગૌતમ ગંભીરના કોચિંગ-સ્ટાફને પિચ ક્યૂરેટર લી ફૉર્ટિસે પિચથી ૨.૫ મીટર દૂર રહેવાની સૂચના આપીને તેમનું અપમાન કર્યું, પરંતુ હવે જ્યારે પેસ બોલર આકાશ દીપે ઓપનર બેન ડકેટ સાથે મૈત્રીભાવે હસતાં-હસતાં હળવી મજાક કરી ત્યારે બ્રિટિશ ટીમના સહાયક-કોચ માર્કસ ટ્રેસ્કોથિકના પેટમાં દુખ્યું છે. એટલું જ નહીં, કૉમેન્ટરી-બૉક્સમાંથી રિકી પૉન્ટિંગે તો ત્યાં સુધી કહ્યું હતું કે ' હું આવી મજાક ન ચલાવું. હું જો ડકેટની જગ્યાએ હોત તો મેં આકાશને એક પંચ લગાવી દીધો હોત.'

#### ડકેટે પડકાર્યો, આકાશે આઉટ કર્યો!

ઓપનિંગ બૅટ્સમૅન બેન ડકેટે ૬૬ મિનિટ સુધી ક્રીઝમાં રહીને ૩૮ બૉલમાં બે સિક્સર અને પાંચ ફોરની મદદથી ૪૩ રન કર્યા હતા. ડકેટને આકાશ દીપે વિકેટકીપર ધ્રુવ જુરેલના હાથમાં કૅચઆઉટ કરાવી દીધો ત્યાર બાદ ડકેટ પૅવિલિયન તરફ પાછો જઈ રહ્યો હતો ત્યારે આકાશ તેની પાસે ગયો હતો અને તેના ખભા પર હાથ રાખીને તેની સાથે કંઈક વાતચીત કરીને તેને સૅન્ડ-ઑફ આપ્યું હતું. વાત એવી છે કે સિરીઝની શરૂઆતમાં પણ ડકેટ અને આકાશ વચ્ચે બોલાચાલી થઈ હતી. શુક્રવારે આકાશની બોલિંગમાં ડકેટે બે વખત સ્કૂપ શૉટમાં ફોર પણ ફટકારી હતી. તેમની વચ્ચે ફરી એકવાર બોલાચાલી થઈ જેમાં સ્ટમ્પ માઇક્રોફોનમાં આકાશને ડકેટ એવું કહેતો સંભળાયો હતો કે ' તું મને આઉટ કરી જ નહીં શકે.'

જોકે લૉર્ડ્સ ટેસ્ટની જેમ અહીં ઑલ્ડ ટ્રૅફર્ડમાં પણ ડકેટને આઉટ કરવામાં આકાશને સફળતા મળી હતી. તેણે વિકેટકીપર જુરેલને તેનો કૅચ અપાવ્યો હતો.

#### મારા સમયમાં હું આવું સાંખી ન લેત: ટ્રેસ્કોથિક

ટ્રેસ્કોથિકે આકાશ દીપને બેન ડકેટ કે અન્ય કોઈ પણ બ્રિટિશ ખેલાડી સાથે આવું ન કરવાની ચેતવણી આપી છે. એટલું જ નહીં, ભૂતપૂર્વ બ્રિટિશ ઓપનર ટ્રેસ્કોથિકે ત્યાં સુધી કહ્યું છે કે ' મારા સમયમાં જો મારી સાથે કોઈ હરીફ ટીમના બોલરે આવું કર્યું હોત તો મેં એક લગાવી જ દીધી હોત.'



શુક્રવારે ડકેટને આઉટ કર્યા બાદ બોલર આકાશે તેને હળવી મજાક સાથે સૅન્ડ-ઑફ આપ્યું (ડાબે) ત્યાર પછી ગઈ કાલે આકાશ ૬૬ રન કરીને આઉટ થયો ત્યારે ડકેટે સાટું વાળવાનો પ્રયત્ન કર્યો હતો.

આકાશ દીપના બેન ડકેટ સાથેના વર્તનથી ટ્રેસ્કોથિક ખફા છે અને તેણે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું છે કે ' મારા સમયમાં આવું બન્યું હોત તો હું તો શું, બીજા ઘણા ખેલાડીઓએ આવું વર્તન કરનાર બોલરને એક ઝાપટ જ મારી દીધી હોત. કોઈ બોલર કોઈ બૅટ્સમૅનને આઉટ કર્યા બાદ તેની સાથે આવું કરે એવું મેં તો અગાઉ ક્યારેય નહોતું જોયું.'

માર્કસ ટ્રેસ્કોથિકે આકાશ દીપ માટે ચેતવણી આપતા સૂરમાં કહ્યું છે કે ' ખબરદાર, હવે પછી અમારા કોઈ પણ ખેલાડી સાથે આવું વર્તન નહીં કરતો.'

#### સ્લેજિંગના ચૅમ્પિયન પૉન્ટિંગે કહ્યું કે...

ભૂતકાળમાં હરીફ ખેલાડીઓ (ખાસ કરીને ભારતીયો) સામે સ્લેજિંગ કરવામાં ચૅમ્પિયન ભૂતપૂર્વ કૅપ્ટન અને દર વર્ષે આઇપીએલમાં અઠવાડિયાઓ સુધી ભારતમાં પડ્યા-પાથર્યા રહીને ભારતીય હોટેલોની રૅસ્ટોરાંમાં પેટ ભરનાર અને કરોડો રૂપિયાની કમાણી કરનાર રિકી પૉન્ટિંગે શુક્રવારે ઓવલ સ્ટેડિયમના કૉમેન્ટરી-બૉક્સમાંથી જણાવ્યું હતું કે ' બેન ડકેટને આઉટ કર્યા પછી આકાશ દીપે તેની સાથે ચાલીને તેના ખભા પર હાથ મૂકીને તેને જે રીતે સૅન્ડ-ઑફ આપ્યું એવું સામાન્ય રીતે રસ્તાની કે સ્થાનિક મેદાનોની ક્રિકેટ મૅચોમાં બનતું હોય છે, પરંતુ ટેસ્ટ-મૅચમાં આવું વર્તન ન ચાલે. મારી સાથે જો કોઈ બોલરે આકાશ જેવું વર્તન કર્યું હોત તો મેં તેને એક પંચ જ મારી દીધો હોત.'

# ચેસની વર્લ્ડ ચૅમ્પિયન દિવ્યાને ફડણવીસના હસ્તે ત્રણ કરોડ રૂપિયાનું ઇનામ સુપરત

### દેશના મુખ્ય ન્યાયાધીશે નાગપુરમાં દિવ્યાને ઘરે જઈને આપ્યા અભિનંદન



'મહારાષ્ટ્ર ચી મુલગી' દિવ્યા દેશમુખનું ગઈ કાલે નાગપુરમાં મુખ્ય પ્રધાન ફડણવીસ તથા અન્ય મહેમાનોની હાજરીમાં સન્માન કરવામાં આવ્યું હતું. (પીટીઆઈ)

નાગપુર: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે અહીં શનિવારે સત્કાર સમારંભમાં મહિલા ચેસ જગતની સૌથી યુવાન વિશ્વ વિજેતા દિવ્યા દેશમુખનું બહુમાન કર્યું હતું અને તેને ત્રણ કરોડ રૂપિયાના ઇનામનો ચેક સુપરત કર્યો હતો તેમ જ તેને ભવિષ્યમાં કરીઅર સંબંધિત પ્રયાસોમાં રાજ્ય સરકાર તરફથી સપોર્ટ કરવાની ખાતરી પણ આપી હતી.

૧૯ વર્ષની દિવ્યા મૂળ નાગપુરની છે. સીએમ ફડણવીસ પણ આ જ શહેરના છે. સન્માન સમારોહમાં દિવ્યાએ સીએમ તેમ જ અન્ય મહાનુભાવોનો આભાર માન્યો હતો અને કહ્યું હતું કે ' મારા માટે આ અપ્રતિમ પળો છે. હું બાળકો માટે પ્રેરક બની શકીશ અને તેમને કોઈને કોઈ રીતે મૉટિવેટ કરી શકીશ એની મને ખુશી છે. મારી આનંદની કોઈ સીમા નથી.'

દિવ્યાએ પ્રવચનમાં મહારાષ્ટ્ર સરકાર તથા મહારાષ્ટ્ર ચેસ ઍસોસિયેશનનો પણ આભાર માન્યો હતો.

દરમ્યાન, ચીફ જસ્ટિસ ઑફ ઇન્ડિયા (સીજેઆઇ) ભૂષણ ગવઈ શનિવારે નાગપુરમાં દિવ્યા દેશમુખના ઘરે ગયા હતા અને તેને તેમ જ તેના મમ્મી-પપ્પા અને સમગ્ર પરિવારને અભિનંદન આપ્યા હતા. યોગાનુયોગ, સીજેઆઇ અમરાવતીના છે. દેશમુખના દાદા સ્વ. કે. જી. દેશમુખ એક સમયે સંત ગાડગે બાબા અમરાવતી યુનિવર્સિટીના ઉપ કુલપતિ હતા. સીજેઆઇના પિતા અને સ્વ. કે. જી. દેશમુખ નજીકના મિત્રો હતા.

## ચીફ જસ્ટિસે દિવ્યા દેશમુખના ઘરે જઈ અભિનંદન આપ્યા

નાગપુર: ભારતના મુખ્ય ન્યાયાધીશ ભૂષણ ગવઇએ શનિવારે મહિલા ચેસ જગતની વર્લ્ડ કપ ચેમ્પિયન અને ગ્રાન્ડમાસ્ટર દિવ્યા દેશમુખના નાગપુરના નિવાસસ્થાને ગયા અને નોંધપાત્ર સિદ્ધિ બદલ અભિનંદન આપ્યા હતા.

૧૯ વર્ષની દિવ્યા દેશમુખ ૨૮ જુલાઈએ મહિલા વર્લ્ડ કપનું ટાઇટલ જીતનાર સૌથી નાની ઉંમરની ખેલાડી છે. તેણે ફાઇનલમાં ટાઇબ્રેકરમાં ભારતની જ કોનેરુ હમ્પીને પરાજિત કરી હતી. આ વિજયને પગલે વર્લ્ડ ચેમ્પિયન બનવા ઉપરાંત તે ગ્રાન્ડમાસ્ટર પણ બની ગઈ છે.

જોગાનુજોગ, ચીફ જસ્ટિસ અમરાવતીના છે અને દિવ્યા દેશમુખના દાદા સ્વર્ગીય ડો.કે.જી.દેશમુખ એક સમયે સંત ગાડગે બાબા અમરાવતી યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર હતા. સંવાદદાતાઓ સાથે વાત કરતા ગવઈએ કહ્યું હતું કે તેમના પિતા અને દિવંગત કેજી દેશમુખ અત્યંત નિકટના મિત્રો હતા. ચીફ જસ્ટિસે વધુમાં જણાવ્યું હતું કે 'અમે એક પરિવારના સભ્યોની જેમ ઉછર્યા છીએ. અહીં આવી ૫૦-૫૫ વર્ષ પહેલાની જૂની યાદો તાજી કરી. ફરી મળવાનો અનેરો આનંદ હતો. દિવ્યાની સિદ્ધિ બદલ અમે બધા ખૂબ ગર્વ અનુભવીએ છીએ અને એને હું શુભકામનાઓ આપવા આવ્યો છું.'

# મેં તો રૂટના વખાણ કર્યા, પણ તે મને ગાળ આપવા લાગ્યો: પ્રસિદ્ધ ક્રિષ્ના

લંડન શુક્રવારે અહીં ધ ઓવલ ગ્રાઉન્ડ પર ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચેની છેલ્લી ટેસ્ટમાં બપોરે ૩.૩૦ વાગ્યાથી મધરાત ૧૨.૦૦ વાગ્યા સુધીમાં ઘણું બની ગયું અને એમાં ભારતીય પેસ બોલર પ્રસિદ્ધ ક્રિષ્ના અને ઇંગ્લૅન્ડના પ્રતિભાશાળી નંબર-વન બૅટ્સમૅન જો રૂટ વચ્ચેની ખટપટ સૌથી વધુ ચર્ચામાં છે. અમ્પાયરે બન્નેને છોડાવવા પડ્યા હતા.

#### આખા દિવસમાં કુલ ૧૫ વિકેટ પડી

સાડાઆઠ કલાક દરમ્યાન ૭૫ ઓવરની રમતમાં કુલ ૧૫ વિકેટ પડી, ૩૪૦થી વધુ રન થયા, વરસાદ પણ પડ્યો, સૂરજદાદાએ પણ વારંવાર વાદળોમાંથી ડોકિયું કર્યું, ખેલાડીઓ વચ્ચે થોડી મજાક તેમ જ હળવી તકરાર પણ થઈ અને એકંદરે હજારો પ્રેક્ષકોએ બીજા દિવસની રમત ખૂબ માણી હતી.

#### અંતિમ તબક્કામાં ચકમક થવી સંભવ છે

યજમાન ઇંગ્લૅન્ડ સિરીઝમાં ૨-૧થી આગળ છે અને શ્રેણી જીતવા એણે કમર કસી છે ત્યારે બીજી બાજુ ભારતની મહેમાન ટીમ આ અંતિમ ટેસ્ટ જીતીને શ્રેણી ૨-૨થી બરાબરીમાં કોઈ કસર બાકી ન રાખવાનું હોવાથી સ્વાભાવિક છે કે શ્રેણીના આ આખરી તબક્કામાં હરીફ ખેલાડીઓ વચ્ચે થોડુંઘણું ઘર્ષણ તો થાય જ.

#### ઈંટનો જવાબ પથ્થરથી

ઑસ્ટ્રેલિયા અને ઇંગ્લૅન્ડના ખેલાડીઓ મૅચ પહેલાંની માઈન્ડ-ગેમ રમ્યા બાદ મેદાન પર કારણ વિના ભારતીયોને ઉશ્કેરવા માટે તેમ જ તેમની સામે સ્લેજિંગ કરવા માટે માહિર છે. પહેલી ચાર ટેસ્ટમાં બ્રિટિશરોએ સિરીઝને પોતાના કબજામાં કરવા મોટા ભાગે એ જ કામ કર્યું હતું. હવે છેલ્લી ટેસ્ટમાં જ્યારે ભારતના પેસબોલર પ્રસિદ્ધ ક્રિષ્નાએ બ્રિટિશ બૅટ્સમૅનને કંઈક કહ્યું તો તે મગજ પરથી કાબૂ ગુમાવી બેઠો હતો.

#### રૂટ શાંત અને નિર્વિવાદ ખેલાડી

ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ રન કરનાર સચિન તેન્ડુલકર પછી બીજું સ્થાન ધરાવતો ઇંગ્લૅન્ડનો



સર્વોત્તમ બૅટ્સમૅન જો રૂટ હરીફ ખેલાડીઓ સાથે ક્યારેય કોઈ પ્રકારની ખટપટમાં ઊતરે એવો તો નથી અને માનસિકતાની વાત કરીએ તો તે રિકી પૉન્ટિંગ કરતાં સચિન તેન્ડુલકર જેવો શાંત અને ઠરેલ મગજનો છે એવું પણ કહી શકાય.

#### આખરે રૂટે સસ્તામાં વિકેટ ગુમાવી

જોકે શુક્રવારે ક્રિષ્નાએ એવું કંઈક કહ્યું કે જેનાથી રૂટને ગુસ્સો આવી ગયો હતો. શુક્રવારે ૪ વિકેટ લેનાર ક્રિષ્ના રૂટની એકાગ્રતા તોડવા તેને કંઈક કહેવા માગતો હતો કે જેથી તે ખોટા શૉટમાં વિકેટ ગુમાવી બેસે. ખરેખર એવું જ બન્યું હતું. આ ઘટના પછી સિરાજના બૉલમાં રૂટ તેના ૨૯ રનના સ્કોર પર એલબીડબલ્યૂ થઈ ગયો હતો.

#### મેદાન પર શાબ્દિક ટપાટપી

ક્રિષ્નાએ રમત પછીની પત્રકાર પરિષદમાં કહ્યું કે 'મેં રૂટને એટલું જ કહ્યું કે વાહ, તું બહુ ફિટ અને સારા ફોર્મમાં લાગે છે. જોકે એ સાંભળીને રૂટ મારા પર ગુસ્સે થઈ ગયો હતો. મેં તો તેના વખાણ કર્યા, પણ તે મને ગાળ આપવા લાગ્યો હતો. મને તેના એ વર્તનથી ખૂબ નવાઈ લાગી હતી.'

#### મારો પ્લાન હતો જ: ક્રિષ્ના

ક્રિષ્નાએ જર્નલિસ્ટોને એવું પણ કહ્યું હતું કે 'રૂટની એકાગ્રતા ભંગ કરવાનો મારો પ્લાન હતો. જોકે તે આવી પ્રતિક્રિયાથી આંચકો આપશે એવું મેં ધાર્યું જ નહોતું. જે કંઈ હોય, રૂટ ગ્રેટ પ્લેયર છે. મેદાનની બહાર અમારી વચ્ચે બહુ સારી દોસ્તી છે. એટલું તો હું જરૂર કહીશ કે રૂટ બૅટિંગ-લેજન્ડ છે.'

# રોહિત શર્મા ઓવલમાં

### મહેમાન બનીને સ્ટૅન્ડમાં બેઠેલા ભૂતપૂર્વ કૅપ્ટને ચાર વર્ષ પહેલાં આ જ મેદાન પર મૅચ-વિનિંગ સદી ફટકારેલી



લંડન: અહીં ધ ઓવલ ગ્રાઉન્ડ પર ભારતીય બોલર્સે શુક્રવારે ઇંગ્લૅન્ડને ૨૪૭ રન સુધી સીમિત રાખ્યા અને ફક્ત ૨૩ રનની લીડ લેવા દીધી ત્યાર બાદ હવે ભારતીય બૅટિંગ લાઇન-અપે બ્રિટિશ બોલર્સની ખબર લીધી એ પહેલાં ઓવલના એક સ્ટૅન્ડમાં ભૂતપૂર્વ સુકાની અને તાજેતરમાં જ ટેસ્ટમાંથી નિવૃત્તિ લેનાર રોહિત શર્માનું આગમન થતાં વાતાવરણ વધુ ખુશનુમા થઈ ગયું હતું.

બે આઇસીસી ટ્રોફી જીતી ચૂકેલા 'હિટમૅન' રોહિત શર્માએ ઓવલના મેદાન પર સપ્ટેમ્બર, ૨૦૨૧માં ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટના બીજા દાવમાં બ્રિટિશ ટીમને જોરદાર લડત આપી હતી. તેણે ત્યારે ૩૫૩ મિનિટ સુધી ક્રીઝમાં ટકી રહીને ૨૫૬ બૉલમાં એક સિક્સર અને ૧૪ ફોરની મદદથી ૧૨૭ રન કર્યા હતા. એ જ દાવમાં ચેતેશ્વર પુજારાએ ૨૦૧ મિનિટની મૅરથન ઇનિંગ્સમાં ૬૧ રન કર્યા હતા. ભારતને ૪૬૬ રન કરીને ઇંગ્લૅન્ડને જીતવા ૩૬૮ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. ઇંગ્લૅન્ડ ૨૧૦ રનમાં ઑલઆઉટ થઈ જતાં ભારતનો ૧૫૭ રનથી વિજય થયો હતો અને રોહિત શર્માને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર મળ્યો હતો.

# ટેસ્ટ સિરીઝમાં કે. એલ. રાહુલની વિકેટ બ્રિટિશ બોલર્સ માટે અપશુકનિયાળ છે કે શું?



લંડન: ભારતીય ટેસ્ટ ઓપનર કે. એલ. રાહુલે ઇંગ્લૅન્ડ સામેની વર્તમાન ટેસ્ટમાં માત્ર ૧૪ અને ૭ રન કર્યા એ વાત સાચી, પરંતુ સિરીઝમાં તેનો પર્ફોર્મન્સ અસાધારણ રહ્યો છે, કારણકે પહેલી ચાર ટેસ્ટના આઠ દાવમાં (૧૩૭, ૪૨, ૫૫, ૨, ૩૯, ૧૦૦, ૯૦ અને ૪૬ રન) મોટા ભાગે તે સારું રમ્યો હતો. જોકે ભારતને તેના રનનો ફાયદો થયો ત્યાં તેની વિકેટ લીધા પછી બ્રિટિશ બોલરે અનાયાસે ઈજાનો શિકાર થવું પડ્યું છે. તમે વિચારતા હશો કે રાહુલની વિકેટને બ્રિટિશ ખેલાડીની ઈજા સાથે શું લેવાદેવા હોય? વાત સાચી છે, પણ અંધશ્રદ્ધામાં ન માનીએ તો પણ યોગાનુયોગ ત્રણ વખત એવું બન્યું છે કે રાહુલની વિકેટ લીધા બાદ (તેની વિકેટ લેનાર) બોલરને ઈજા થઈ છે. મુંબઈના જાણીતા સ્કોરર દીપક જોશીએ આપેલી જાણકારી મુજબ લૉર્ડ્સની ત્રીજી ટેસ્ટ, ઑલ્ડ ટ્રૅફર્ડની ચોથી ટેસ્ટ અને ઓવલની પાંચમી ટેસ્ટમાં બન્યું એવું કે તેને આઉટ કરનાર બોલરને રાહુલની વિકેટ પછી અનાયાસે ઈજા નડી છે.

(૧) લૉર્ડ્સની ત્રીજી ટેસ્ટના પ્રથમ દાવમાં સ્પિનર શોએબ બશીરના બૉલમાં રાહુલ ૧૦૦ રનના પોતાના સ્કોર પર હૅરી બ્રૂકના હાથમાં કૅચઆઉટ થયો હતો. ત્યાર બાદ બશીરને હાથની આંગળીમાં ઈજા થઈ હતી.

(૨) ઑલ્ડ ટ્રૅફર્ડની ચોથી ટેસ્ટના બીજા દાવમાં રાહુલ ૯૦ રન પર હતો ત્યારે તે બેન સ્ટૉક્સના બૉલમાં એલબીડબ્લ્યૂ થયો હતો. એ મૅચ બાદ સ્ટૉક્સ ખભાની ઈજાને કારણે પાંચમી ટેસ્ટમાં નથી રમ્યો.

(૩) ઓવલની વર્તમાન ટેસ્ટના પ્રથમ દાવમાં રાહુલ ૧૪ રન પર હતો ત્યારે ક્રિસ વૉક્સના બૉલમાં ક્લીન બોલ્ડ થયો હતો. એ દાવ દરમ્યાન વૉક્સને ફીલ્ડિંગમાં બૉલ રોકવા જતાં ખભામાં ઈજા થઈ અને તે આ ટેસ્ટની બહાર થઈ ગયો છે.

માલેગાંવ- મુંબઈઃ બૉમ્બધડાકા

# બધા જ 'આરોપી' નિર્દોષ!

## બેદરકાર અને ભ્રષ્ટ તંત્રને નિર્દોષોના લોહીની કોઈ કિંમત નથી...

**માલેગાંવ બૉમ્બબ્લાસ્ટ કેસમાં ભાજપનાં ભૂતપૂર્વ સાંસદ સાધ્વી પ્રજ્ઞા ઠાકુર સહિત તમામ ૭ આરોપીને વિશેષ કોર્ટે ૧૭ વર્ષ પછી નિર્દોષ છોડી મૂક્યાં.... આ પહેલાં મુંબઈના ૨૦૦૬ના ટ્રેન બોમ્બ બ્લાસ્ટ કેસમાં પણ તમામ આરોપી નિર્દોષ ઠર્યા હતા... એ બન્ને ઘટનાએ ભારે ચકચાર જગાવી છે કેમ કે નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA) હસ્તકના આ બન્ને કેસના તમામ આરોપી સાવ નિર્દોષ છૂટી ગયા છે!**

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

થોડા ફ્લેશ બેકમાં જઈએ...

મહારાષ્ટ્રના માલેગાંવમાં ૨૯ સપ્ટેમ્બર, ૨૦૦૮ના દિવસે ૩ બોમ્બ ધડાકામાં ૭નાં મોત સાથે ૮૦ લોકો ઘાયલ થયા હતા...

એ જ રીતે, ૧૧ જુલાઈ, ૨૦૦૬ના મુંબઈ લોકલ ટ્રેનના સાત કોચમાં થયેલા શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટોમાં ૧૮૯ લોકો માર્યા ગયા ને ૮૨૪ લોકો ઘાયલ થયા હતા.... ભારતમાં બનેલી આતંકવાદની સૌથી મોટી ઘટનાઓમાંની આ એક ઘટના હતી.

ગયા અઠવાડિયે બોમ્બે હાઈકોર્ટે આ કેસમાં તમામ ૧૨ આરોપીને નિર્દોષ છોડી મૂકેલા. 'મકોકા સ્પેશિયલ કોર્ટ'માં ૫ આરોપીને ફાંસી અને ૭ આરોપીને આજીવન કેદની સજા ફરમાવી હતી, પણ હાઈકોર્ટે ફરિયાદ પક્ષના કેટલાક સાક્ષીઓની વિશ્વસનીયતા અને કેટલાક આરોપીની ટેસ્ટ આઇડેન્ટિફિકેશન પરેડ (TIP) સામે સવાલ કરીને એ તમામ આરોપીને બાઈજ્જત બરી કરી દીધા. આના માટે તપાસ એજન્સી NIA એ ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મરવા જેવો આ ચુકાદો તાજો જ છે ત્યાં માલેગાંવમાં પણ હમણાં એ જ ચુકાદાનું પુનરાવર્તન થયું છે. તેથી NIA અને ન્યાયતંત્રની પણ વિશ્વસનિયતા સામે અનેક ગંભીર સવાલ ઊભા થઈ ગયા છે.

માલેગાંવ કેસની તપાસે ભારતમાં તપાસ એજન્સીઓ સત્યની શોધ નથી કરતી, પણ સત્તામાં બેઠેલાં લોકોને ખુશ કરવા માટે ગમે એને ફિટ કરી દેતાં પણ ખચકાતી નથી એ પણ પ્રજાની નજરે સાબિત થયું છે.

માલેગાંવના એ બોમ્બ ધડાકા જિહાદના નામે નિર્દોષ લોકોનાં લોહી વહેવડાવતા આતંકવાદી સંગઠન 'સિમી' એ કરાવ્યા હોવાનો દાવો કરાયેલો પણ કેસની મહારાષ્ટ્રની એન્ટિ ટેરરિસ્ટ સ્ક્વોડ (એટીએસ) પાસે તપાસ જતાં જ નવો વળાંક આવ્યો.

એ સમયે મહારાષ્ટ્ર એટીએસના વડા તરીકે હેમંત કરકરે હતા. કરકરેએ આ કેસની તપાસમાં ધડાકો કરેલો કે, અમદાવાદમાં જુલાઈ ૨૦૦૮માં થયેલા બોમ્બ ધડાકાનો બદલો લેવા 'હિન્દુ જાગરણ મંચ' અને 'અભિનવ ભારત' નામનાં બે હિન્દુવાદી સંગઠનોએ આ ધડાકા કરાવ્યા હતા. ATS એ સાધ્વી પ્રજ્ઞા સિંહ ઠાકુર, કર્નલ પ્રસાદ શ્રીકાન્ત પુરોહિત, મેજર રમેશ ઉપાધ્યાય, શ્યામ સાહુ, એસ.એન. કલસાગરા, સમીર કુલકર્ણી તથા દયાનંદ પાંડેને રાતોરાત ઊંચકીને જેલમાં ધકેલી દીધાં હતાં.

ATSનો આરોપ હતો કે, બોમ્બ કર્નલ પ્રસાદ શ્રીકાન્ત પુરોહિતે બનાવ્યા હતા અને એ એક બાઈકમાં ફિટ કરવામાં આવ્યા હતા. આ બાઈક સુરતમાંથી પ્રજ્ઞા ઠાકુરે ખરીદીને મોકલી હતી.

એ પછી સાધ્વી પ્રજ્ઞા તથા બીજા હિન્દુવાદીઓ સામે 'મકોકા ' ('મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ એક્ટ') સહિતના કાયદા હેઠળ કેસ ઠોકી દેવાયેલા. 'મકોકા' હેઠળ કેસ થાય પછી જેલમાંથી બહાર આવવાના રસ્તા બંધ થઈ જતા હોય છે કેમ કે પોલીસ જે પુરાવા રજૂ કરે એ માન્ય રખાતા હોય છે. પોલીસ મારઝૂડ કરીને આરોપીઓ પાસે નિવેદનો લખાવે એ પણ માન્ય ગણાતા હોય છે તેથી સાધ્વી પ્રજ્ઞા, કર્નલ પુરોહિતને બીજા લોકો બહાર આવશે જ નહીં એવું જ મનાતું હતું.

મહારાષ્ટ્ર ATSએ રજૂ કરેલા આક્ષેપોએ આખા દેશને ખળભાવી મૂકેલો કેમ કે ભારતમાં પહેલી વાર આતંકવાદી ઘટનામાં હિંદુવાદીઓની સંડોવણી બહાર આવી હતી. ૨૦૧૧માં આ કેસ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA)ને સોંપાયો પછી આ એજન્સીએ પણ ATSની તપાસ લાઈન પર આગળ વધીને સાધ્વી સહિતનાં આરોપીઓને આતંકવાદી ચિતરવાનું ચાલુ રાખ્યું, પણ ૨૦૧૪માં કેન્દ્રમાં સત્તા પરિવર્તન થયું ને ભાજપની સરકાર આવી એ સાથે જ 'નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી' એ પલટી મારી દીધી. ૨૦૧૬ મેમાં મુંબઈની કોર્ટમાં મૂકેલા આરોપનામામાંથી સાધ્વી પ્રજ્ઞાનું નામ કાઢી નાખ્યું કેમ કે પ્રજ્ઞા ભાજપનાં સાંસદ બની ગયેલાં. પ્રવીણ ટક્કલકી ઉર્ફે પ્રવીણ મુતાલિક ઉર્ફે પ્રદીપ વી. નાઈક સહિત બીજા ત્રણ નામ પણ કાઢી નખાયાં જ્યારે કર્નલ પ્રસાદ પુરોહિત સહિતના બીજા આરોપીઓ સામે 'મકોકા'ની કલમો દૂર કરીને અનલોફુલ એક્ટિવિટીઝ (પ્રીવેન્શન્સ) એક્ટ હેઠળ આરાપો મૂકાયા. આમ NIAના નવા આરોપનામાના કારણે બધા આરોપીની જેલમાંથી મુક્તિનો માર્ગ મોકળો થઈ ગયો હતો.

અહીં સવાલ એ છે કે, આતંકવાદ જેવી ગંભીર ઘટનામાં દેશની બે ટોચની એજન્સીઓની તપાસ અલગ કેમ પડી? મહારાષ્ટ્ર ATS જેમને ખૂંખાર આતંકવાદી ગણાવતી હતી એ બધાં છૂટી કઈ રીતે ગયાં? ATS એ તો સાધ્વી પ્રજ્ઞા, કર્નલ પુરોહિત સહિતના આરોપીઓ દ્વારા માલેગાંવમાં બ્લાસ્ટ કરવા માટેનું કાવતરું કઈ ATS એ તો સાધ્વી પ્રજ્ઞા, કર્નલ પુરોહિત સહિતના આરોપીઓ દ્વારા માલેગાંવમાં બ્લાસ્ટ કરવા માટેનું કાવતરું કઈ રીતે ઘડાયું અને કઈ રીતે પાર પડાયું તેની સિલસિલાબંધ વિગતો પુરાવા સાથે કોર્ટમાં રજૂ કરેલી. કોર્ટે બધા પુરાવા માન્ય રાખતાં ૨૦૦૮થી ૨૦૧૫ સુધી પુરોહિત, સાધ્વી પ્રજ્ઞા તથા એના સાથીઓ જેલમાં હતાં.

હવે NIA અને કોર્ટ બંને કહે છે કે, એ પુરાવા ખોટા છે તેનો મતલબ એ થયો કે, મહારાષ્ટ્ર ATS દ્વારા જૂઠાણાં ચલાવાયેલાં અને મનઘડંત વાર્તા-સ્ક્રિપ્ટ રજૂ કરીને કોર્ટમાં આરોપનામા તરીકે રજૂ કરી દીધી હતી !

સવાલ એ છે કે, તો પછી NIA સાચી કે પછી મહારાષ્ટ્ર ATS?

બીજો સવાલ એ છે કે, કોર્ટે મહારાષ્ટ્ર ATSના ખોટા પુરાવા કઈ રીતે માન્ય રાખ્યા? એટલું જ નહીં, કેન્દ્રમાં ભાજપની સત્તા આવી પછી NIA એ આરોપીઓને જામીન સામે વાંધો ન લીધો તેમાં ૨૦૧૭ સુધીમાં બધા આરોપી બહાર આવી ગયેલા.

હવે વધારાનો સવાલ એ પણ છે કે, NIAને આરોપીઓ ખોટા છે એ કહેવામાં પાંચ વર્ષ કેમ લાગી ગયાં?

માલેગાંવ કેસ ભારતમાં સિસ્ટમ એવી બેદરકાર અને કઈ હદે ભ્રષ્ટ છે તેનો ક્લાસિક કેસ છે.

### 'હિન્દુ ટેરરિઝમ'નું તૂત બૂમરેંગ સાબિત થયું...

ભારતમાં સમઝૌતા એક્સપ્રેસ બ્લાસ્ટ, માલેગાંવ બ્લાસ્ટ સહિતની ઘટનાઓના કારણે કૉંગ્રેસ શાસનમાં 'સેફ્રોન ટેરર' એટલે કે ભગવા આતંકવાદનું તૂત ઊભું કરવામાં આવ્યું હતું. કૉંગ્રેસના નેતા દિગ્વિજયસિંહ આ તૂતના પ્રણેતા હતા. ગુજરાતનાં ૨૦૦૨નાં રમખાણો પછી પત્રકાર પ્રવીણ માલીએ વાપરેલા 'સેફ્રોન ટેરર' શબ્દોને પકડી લઈને દિગ્વિજયે 'હિંદુ ટેરિરિઝમ' નામે નવો શબ્દ આપ્યો. સમઝૌતા બ્લાસ્ટના પગલે ૨૦૦૭ના ચૂંટણી પ્રચારમાં એમણે આ શબ્દ રમતો કર્યો પછી મુસ્લિમોને ખુશ કરવા માટે હિંદુઓ પણ આતંકવાદના રવાડે ચડ્યા છે એ સાબિત કરવા કૉંગ્રેસના નેતા મચી પડ્યા હતા.

સીબીઆઈ, એનઆઈએ, એટીએસ સહિતની એજન્સીઓએ એમના ઈશારે કામ કરીને આ ગંદા કામમાં યોગદાન આપેલું. આ દેશમાં બનેલી આતંકવાદની ચાર ઘટનાઓ એમણે 'હિન્દુવાદી ટેરરિઝમ'ના નામે ચડાવી દીધેલી, પણ આ બધા કેસમાં પુરાવાના અભાવે હિંદુવાદીઓ છૂટી ગયા. કૉંગ્રેસે રાજકીય ફાયદાને ખાતર શરૂ કરેલો આ ખેલ તેના માટે બૂમરેંગ સાબિત થયો કેમ કે ભગવા આતંકવાદની બકવાસ વાતોના કારણે હિંદુત્વની લાગણી પ્રબળ બની.

બીજી તરફ , મુંબઈ ટ્રેન બોમ્બ બ્લાસ્ટ કેસમાં ૧૮૯ લોકોનાં મોત થયેલાં ને માલેગાંવમા ૭ લોકો માર્યા ગયાં. લગભગ ૨૦૦ નિર્દોષ લોકોનો ભોગ લેનારી આતંકવાદની બે મોટી ઘટનામાં એક પણ વ્યક્તિને સજા નથી થઈ તેનો મતલબ એ થયો કે, આપણું તંત્ર કશું કરતું જ નથી. આપણે આતંકવાદ સામે ઝીરો ટોલરન્સના ફડાકા મારીએ છીએ ને ૨૦૦ લોકોના જીવ લેનારી બે ઘટનામાં એક પણ દોષિતને સજા કરાવી શકતા નથી તો એ ક્યા પ્રકારનું ઝીરો ટોલરન્સ છે?

આઘાત એ જોઈને પણ લાગે છે કે, આ દેશની પ્રજા આ નઘરોળપણા સામે સાવ ચૂપ છે. લોકોએ સરકારને સવાલ કરવો જોઈએ,એજન્સીઓને સવાલ કરવો જોઈએ પણ કોઈ હરફ નથી ઉચ્ચારતું. પાકિસ્તાનમાં આમ થયું ને મુસ્લિમોએ ફલાણું કર્યું તેના મેસેજ હોંશે હોંશે વાયરલ કરનારી પ્રજા આતંકવાદીઓએ ૨૦૦ લોકોનો જીવ લેનારી ઘટનામાં કોઈને સજા ના થાય તેની સામે ચૂપ રહે તેના કરતાં વધારે માનસિક નપુંસકતા શું હોઈ શકે ?! ■



અરાઉન્ડ દ વર્લ્ડ
નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

# શું આપણે મ્યુઝિયમોને ખોટી રીતે જોઈ રહ્યા છીએ?

**આપણે કળા, ઈતિહાસ અને સ્મૃતિઓ સાથે જે રીતે સહભાગી થઈએ છીએ તેમાં મૂક ક્રાંતિ નવો આકાર લઈ રહી છે અને તે તમે આગામી વખતેજે રીતે પ્રવાસ કરશો તેમાં બદલાવ લાવી શકે છે.**

મહામારી દરમિયાન મેં નો ધ અનનોન નામે પોડકાસ્ટ શરૂ કર્યું હતું, જેના 420 એપિસોડમાં વૈશ્વિક ઉત્સુકતાઓ વિશે જણાવ્યું હતું.તેમાંથી એક અનોખું 'મોનાલિઝા આપણને હંમેશાં નીરખીને કેમ જુએ છે?' તે હતું, જ્યાં અમે દા વિન્સીની 'ફુમાતો' ટેક્નિક વિશે જણાવ્યું,જે જાદુ તમે જ્યાં પણ ઊભા રહો ત્યાં તમારી સામે તે નીરખી રહી હોય તેવું મહેસૂસ કરાવે છે.

આ પેઈન્ટિંગ મને હજુ પણ મોહિત કરે છે. તેની ટેક્નિક માટે જ નહીં, પરંતુ તે જે આલેખિત કરે છે તેના માટે.અમે વીણા વર્લ્ડ શરૂ કરી અને 350+ સમર્પિત ટુર મેનેજર રાખ્યા તે પૂર્વે મેં એક ટુરની આગેવાની કરી હતી. મેં અસંખ્ય પ્રવાસી ઓનેમોનાલિઝાને જોવા મ્યુઝિયમ હોલ થકી પસાર થતા, ફોટો ખેંચતા અને "કામ થઈ ગયું? બહુ નાનું છે!" એવા ઉદગાર ઉચ્ચારતા જોયા.

આ અવસર કાંઈક ઊંડાણમાં લઈ જાય છે: મ્યુઝિયમ સાથે આપણો સંબંધ પુન:શોધ માટે તૈયાર છે. એક સમયે શાંતિઅને સ્થિરતાનો પવિત્ર હોલ-મ્યુઝિયમ આજે ભાવના, કલ્પના અને આંતરક્રિયાનું મેદાન બની ગયાં છે. તે હવે ફક્ત જોવાની બાબત નથી,તે મહેસૂસ કરવાની, કશુંક કરવાની અને યાદ રાખવાની બાબત બની ગયાં છે.

તો ચાલો, સ્થિર પ્રદર્શનોથી રોમાંચક વંડરલેન્ડ્સ સુધી આ ઉત્ક્રાંતિમાં ડૂબકીઓ લગાવીએ અને મ્યુઝિયમ કઈ રીતેબદલાઈ રહ્યાં છીએ તે જાણીએ.

### મ્યુઝિયમ કેવાં હતાં તેનો સંક્ષિપ્ત ઈતિહાસ

20મી સદીમાં મ્યુઝિયમો સ્પષ્ટ ફોર્મ્યુલાનું પાલન કરતાં હતાં: શાંત ઓરડાઓ, કાચની પાછળ કળાકૃતિઓ, સફેદ દીવાલો પર કળાકૃતિઓઅને સૌજન્યશીલ ભીંતપત્ર તે બધું સમજાવે છે. તે ઈતિહાસનું સંવર્ધન કરવા માટે નિર્માણ કરાયાં હતાં અને જરૂરી રીતે ઉત્સુકતા વધારવા માટે નહીં. મુલાકાતીઓ અંદર જોઈ શકતા,ઓડિયો ગાઈડ લઈ શકતા, વિવરણ વાંચતા, ફોટો ખેંચતા અને આગળ જતા. હા, શૈક્ષણિક, પરંતુ ભાવનાત્મક ભાગ્યે જ હતું.

યુવા મુલાકાતીઓ અથવા કળા અને ઈતિહાસથી ઓછા પરિચિત મોટે ભાગે અલગ મહેસૂસ કરતા, તેઓ ચેકલિસ્ટના ભાગરૂપે ઉતાવળમાંજોઈ નાખતા. જોકે આજે બધું બદલાઈ ગયું છે.

નવી ટેકનોલોજીઓ અને વિચારધારામાં બદલાવને લીધે મ્યુઝિયમ સ્વર્ણિમ, ઈન્ટરએક્ટિવ જગ્યા બની ગયાં છે,જ્યાં લોકોને ફક્ત નિરીક્ષણ કરવાને બદલે સહભાગી થવા માટે આમંત્રિત કરવામાં આવે છે.

### રોમાંચક અનુભવોનો વધારો

આધુનિક મ્યુઝિયમમાં પ્રવેશ કરો અને તમે પોતાને સંપૂર્ણ અલગ દુનિયામાં હોવાનું મહેસૂસ કરશો,જ્યાં કળા ફક્ત દીવાલો પર નહીં પરંતુ તમારી આસપાસમાં હશે.

ટોકિયોની ટીમલેબ બોર્ડરલેસમાં નકશા અથવા ગાઈડ નથી. ફક્ત ઈન્ટરએક્ટિવ ડિજિટલ આર્ટ છે, જે તમે આગળ વધો તેમ વહે છે.ફૂલો તમારા પગની નીચે ખીલે છે, લહેરો 3ઉમાં તમારી આસપાસ અથડાય છે, દરેક જગ્યા તમારી હાજરીને આધારે ઉત્ક્રાંતિ પામે છે.

અથવા વૈશ્વિક ટુર કરતાં વાન ઘોઘનાં રોમાંચક પ્રદર્શનનું જ જુઓ. તમે તારાઓથી ભરચક રાત ફક્ત જોતા નથી, પરંતુ તેના થકી ચાલો છે.જમીન પર સૂર્યમુખીઓ ઘૂમરાય છે, રંગો તમારી આસપાસ લહેરાય છે. આ ફક્ત ટેક્નિકનું વિશ્લેષણ કરવાની બાબત નથી,પરંતુ કલાકારની ભાવનાઓને મહેસૂસ કરવાની વાત છે.

તે પારંપરિક મ્યુઝિયમની અવેજી નથી, તે સાથી છે. તે નવી પેઢી સાથે વાત કરે છે: સેન્સરી-ફર્સ્ટ,



ટાઈમ-પુઅર અને કનેક્શન-હંગ્રી.તે ખાસ કરીને બાળકો અને પરિવારો સાથે સુમેળ સાધે છે, જેમને ચકમકતા ઓરડાઓ અને ઈન્ટરએક્ટિવ સાઉન્ડસ્પેસીસમાં જાદુ જોવા મળે છે. જોકે તે પુખ્તોને પણ મોહિત કરીને આપણે મોટે ભૂલી જતા હોઈએ તે અજાયબી જાગૃત કરે છે. આ મ્યુઝિયમની 'મસ્તી' કરવાની બાબત નથી, પરંતુ તે તેમને જીવંત કરવાની બાબત છે.

### રમો અને ભાગ લો: તમને સ્પર્શ કરવા દેતાં મ્યુઝિયમ

સર્વ ઈનોવેશન હાઈ-ટેક પ્રોજેકશન પર આધાર રાખતા નથી. અમુક વાર ચાવી સહજ હોય છે: લોકોને સ્પર્શ કરવા,રમવા અને ખોજ કરવા દો.

સાન ફ્રાન્સિસ્કોમાં ધ એક્સપ્લોરેટોરિયમ તેનો ઉત્તમ દાખલો છે. ઉત્સુકતા પર નિર્મિત તે તમને તમારો પડછાયો થીજવવા,તમારા હૃદયના ધબકાર માપવા નૃત્ય કરવા અથવા તમારી પોતાની સાધનસામગ્રીઓ નિર્માણ કરવા પ્રોત્સાહિત કરે છે. શીખવાની ધગશ જગાવે છે.

એમ્સ્ટર્ડેમમાં માઈક્રોપિયા મ્યુઝિયમ માઈક્રોબ્સ વિશે છે. તેમાં તમે તમારું શરીર સ્કેન કરી શકો છો અને તમારી પોતાની અદ્રષ્ટિગોચર ઈકોસિસ્ટમને જોઈ શકો છો. તે રમતિયાળ, વિચિત્ર અને બહુ યાદગાર છે.

પારંપરિક આર્ટ મ્યુઝિયમો પણ આ ઊર્જા લઈ રહ્યાં છે. ઈન્ટરએક્ટિવ એક્ઝિબિટ્સ તમને સ્કેચ કરવા, વોટ આપવા અથવા કો-ક્રિયેટ કરવા દે છે. બાળકોના મ્યુઝિયમોમાં લાંબા સમયથી આ હતું, પરંતુ હવે સાયન્સ સેન્ટરો અને હિસ્ટરી મ્યુઝિયમો પણ તે વસાવવા લાગ્યાં છે.

શા માટે? કારણ કે આપણે બધા કૃતિ થકી સારી રીતે શીખી શકીએ છીએ. નિર્માણ કરવાનું, ફેરવવાનું કે સ્પર્શ કરવાનું હોય સહભાગ ઘેરું,દીર્ઘ ટકાઉ જોડાણ નિર્માણ કરે છે. અને તે આપણને યાદ અપાવે છે કે ઉત્સુકતા બાળપણમાં પૂરી થતી નથી.

### પારંપરિક મ્યુઝિયમ શાંતિથી ઉત્ક્રાંતિ પામી રહ્યાં છે

પ્રતીકાત્મક સંસ્થાઓ પાછળ રહી ગઈ નથી. તે શાંતિથી અને શક્તિશાળી રીતે ઉત્ક્રાંતિ પામી રહી છે.

ધ લુવર હવે મોનાલિઝા વીઆર અનુભવ પ્રદાન કરે છે, જ્યાં તમે હેડસેટ થકી પેઈન્ટિંગની દુનિયામાં પ્રવેશ કરી શકો છો.સેલ્ફીને બદલે તમને પરિપ્રેક્ષ્ય મળે છે: તે કોણ હતી, દા વિંસીએ તેને કઈ રીતે ચિત્રી અને તે મહત્ત્વપૂર્ણ શા માટે છે.

એમ્સ્ટર્ડેમનું રિક્સ મ્યુઝિયમ ડ્રોઈંગ સ્ટેશન્સ અને મોબાઈલ એપ્સ સાથે ઊંડો સહભાગ કરવા પ્રોત્સાહિત કરે છે, જે તમને ધીમા પડવા,નજીકથી જોવા અને તમારા વિચારોને સ્કેચ કરવા મદદ કરે છે. આવું કરીને તમે રેમ્બ્રાન્ડટ અથવા વર્મિયર સાથે વધુ અંગત રીતે કનેક્ટ થાઓ છો.

ભારતીય મ્યુઝિયમ પણ હવે આ લહેરોમાં જોડાઈ રહ્યાં છે. બેન્ગલુરુમાં ધ ઈન્ડિયન મ્યુઝિક એક્સપીરિયન્સ મ્યુઝિયમ ભારતના સંગીતમય વારસાને ઈન્ટરએક્ટિવ બનાવવા માટે સાઉન્ડસ્કેપ્સ, સ્પર્શી શકાતાં વાજિંત્રો અને ટેકનો ઉપયોગ કરે છે. અમૃતસરમાં પાર્ટિશન મ્યુઝિયમભારતના ભાગલાની ઘેરી માનવી વાર્તા કહેવા માટે કળાકૃતિઓ સાથે મૌખિક ઈતિહાસને સંમિશ્રિત કરે છે.

આ બોલકણી ક્રાંતિ નથી, પરંતુ તે અર્થપૂર્ણ છે. તે ફક્ત નિરીક્ષકમાંથી સહભાગી બનવાની મુલાકાતીઓની ભૂમિકા બદલે છે.

### મ્યુઝિયમ જ્યારે તમને મહેસૂસ કરાવે છે

અમુક મ્યુઝિયમ તેની પણ આગળ જાય છે. તે ફક્ત માહિતી આપતું નથી, પરંતુ આગળ વધવાનું લક્ષ્ય ધરાવે છે.

બર્લિનનું જ્યુઈશ મ્યુઝિયમ આર્કિટેક્ટ ડેનિયલ લિબેસ્કાઈન્ડે તૈયાર કર્યું હતું જે તેનો ઉત્તમ દાખલો છે. તેના દિશાવિહીન કોણઅને મૂક હોલોકાસ્ટ ટાવર ખોટ અને ગેરહાજરી માટે શક્તિશાળી, પ્રત્યક્ષ રૂપકો છે. ખુદ ઈમારત વાર્તાનો હિસ્સો છે.

હિરોશિમામાં ધ પીસ મેમોરિયલ મ્યુઝિયમ પીગળેલા ઘડિયાળો, બળેલા સ્કૂલ યુનિફોર્મ અને ગંભીર ફોટો થકી ભયાનક વાર્તા કહે છે. તે ફક્ત ઈતિહાસ બતાવતું નથી, પરંતુ તેનું વજન મહેસૂસ કરાવે છે.

કેપટાઉનનું ડિસ્ટ્રિક્ટ સિક્સ મ્યુઝિયમ હસ્તલિખિત નોંધ, સ્ટ્રીટ સાઈન્સ અને ઘરેલુ વસ્તુઓ થકી વિસ્થાપિત સમુદાયની અંગત વાર્તા કહે છે.તે યાદગીરીઓ અને અન્યાયનો ચાકળો છે, જે કાચી, પ્રામાણિક વિગતો થકી જીવંત કરાઈ છે.

આ ફક્ત એક્ઝિબિટ્સ નથી. તે યાદગીરીઓની કૃતિઓ છે. તે સહાનુભૂતિ, આત્મચિંતન આમંત્રિત કરે છે, જે ગુણવત્તાઓની દુનિયાને વધુ જરૂર છે.

ભાવનાઓનો અર્થ દુ:ખ એવો જ થતો નથી. ઝેગરેબનું મ્યુઝિયમ ઓફ બ્રોકન રિલેશનશિપ્સમાં દુનિયાભરના લોકો દ્વારા દાન કરાયેલી વસ્તુઓ છે, જે દરેક પ્રેમભંગની વાર્તા કહે છે. તે મોજીલું, દુખદ, નાજુક અને ખૂબ જ માનવીય છે.

આ સ્થળો આપણને યાદ અપાવે છે કે મ્યુઝિયમો એટલે ફક્ત સંગ્રહ નથી. તે અનુભવો છે, તે યાદગીરીઓ, રમૂજ, દુ:ખ અને સૌંદર્ય માટેજગ્યા ધરાવે છે.

### મ્યુઝિયમ જનારા માટે મારી ટ્રાવેલ ટિપ

પ્રવાસમાં સામાન્ય ભૂલ શું છે? મ્યુઝિયમનો થાક. તમે અત્યંત ઝડપથી ઘણું બધું જુઓ તો તમને થાક લાગવાનો જ છે. તમારા પગ દુખશે,તમારું મન ભટકશે અને તમને પછી બધી કળાકૃતિઓ સરખી જ દેખાશે.

આથી મારી આ ભલામણ છે: ધીમા પડો. મ્યુઝિયમ "પૂરું" કરવાનું લક્ષ્ય નહીં રાખો. તેને બદલે તમને ખરેખર રુચિ જગાવે તેવાએક જ વિભાગ પર ધ્યાન કેન્દ્રિત કરો. તમારો સમય લો. બેસો. વાંચો. પ્રદર્શિત કરો. તમને તે વધુ યાદ રહેશે અને તે વધુ માણશો.

અને ભૂખ્યા અથવા થાકેલા હોય ત્યારે જશો નહીં. આ વિચિત્ર લાગશે, પરંતુ તમારા શરીરને સારું મહેસૂસ થાય ત્યારે તમારું મગજ વધુ સારી રીતે શોષી લે છે. આજના મ્યુઝિયમમાં સુંદર કેફે હોય છે, જે બ્રેક્સ, વાર્તાલાપ કરવા અને ચિંતન કરવા માટે આદર્શ હોય છે.

એકંદરે 'હાઈલાઈટ' નો પીછો નહીં કરો. શાંતિથી જુઓ. ખૂણામાં વસ્તુઓ, ભુલાયેલો ઓરડો, કોઈ જોતું નહીં હોય તેવા એક્ઝિબિટ્સજોઈને પોતાને આશ્ચર્યચકિત કરો.

તો આગામી સમયે પ્રવાસે નીકળો ત્યારે મ્યુઝિયમ જોવાનું જતું કરશો નહીં. તેને અલગ રીતે જુઓ. તમે ઉત્સુકતાથી અંદર જશોઅને પરિવર્તિત થઈને બહાર આવશો.

નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઇટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.

એક દેશ, આખો એક્ઝોર કરી લ્યો!
વીણા વર્લ્ડની ઓલ-ઈંકલૂઝિવ ટૂર્સ સાથે એક વખત એક દેશ એક્સ્પ્લોર કરો.
પોપ્યુલર અને ઑફબીટ જગ્યા વીઝીટ કરો. એન્જોય મૅક્સિમમ સાઈટસીઈંગ.
બાકી બધું સંભાળવા માટે વીણા વર્લ્ડ નો ટૂર મેનેજર તો સાથમાં છે જ!

| | | |
|---|---|---|
| બેસ્ટ ઑફ શ્રીલંકા (7D) Sep 10, Oct 1, 22 90000 - 100000 | બેસ્ટ ઑફ સિંગાપોર (4D) Sep 19, Oct 10, 16, 22 114000 - 130000 | બેસ્ટ ઑફ બાલી (7D) Aug 30, Sep 22, 30 125000 - 145000 |
| બેસ્ટ ઑફ જાપાન (7D) Sep 4, 25, Oct 9 245000 - 255000 | બેસ્ટ ઑફ ઈટાલી (8D) Sep 9, Oct 8 250000 - 260000 | બેસ્ટ ઑફ સ્કેન્ડિનેવિયા 10D Oct 6 324000 |
| બેસ્ટ ઑફ ઓસ્ટ્રેલિયા (9D) Oct 26, Nov 9 358000 - 368000 | બેસ્ટ ઑફ દુબઈ અબુ ધાબી (7D) Sep 21, 28, Oct 5 128000 - 148000 | બેસ્ટ ઑફ સાઉથ આફ્રિકા 9 Days - Oct 20, 27 255000 - 265000 |


T&C apply.
Book Online 365 days 24x7 Visit veenaworld.com



વીણા વર્લ્ડ
સિંગલ કન્ટ્રી ટૂર્સ
ચાલો, બૅગ ભરો, નીકળી પડો!
Email: travel@veenaworld.com
veenaworld.com | Toll-Free: 1800 313 5555 | 1800 22 7979
VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

આજે આટલું જ
શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# કાનસેન અને તાનસેન (૨)



અકબર, ગુણગ્રાહી અકબર એટલે જ તો મહાન અકબર તરીકે ઓળખાયા. આંગળીના વેઢે ગણી શકાય એટલા જ દુનિયાના મોટાભાગની આવડતોના મહાન સામર્થ્યો એમના દરબારના નવરત્નોમાં સામેલ છતાંય અકબરે દરેકના સામર્થ્યને પોતે શિખવાનો કદી પ્રયાસ ન કર્યો. ક્યારેય સાંભળ્યું છે કે અકબરે તાનસેન પાસેથી શીખીને માલકૌંસ રાગમાં એક ભજન ગાયું? ના... એણે પોતાના રાજ કરવાના સામર્થ્યને બાદ કરતાં બાકીના બધા સામર્થ્યોની ઈજ્જત કરી અને દરેકને પોતાની ઉસ્તાદી વિકસાવવા બાદશાહના સ્તરનું યત્કિંચિત બળ પૂરું પાડ્યું.

હવે મૂળ વાત પર આવીએ... નક્કી કર્યા મુજબ કાનસેન (અકબર) અને તાનસેન જમુના કિનારે મહાસમર્થ તાનસેનના અતિમહાસમર્થ ગુરુ હરિદાસની ઝૂંપડીની આજુબાજુમાં રાતના બે વાગે ગોઠવાઈ જાય છે. નિરવમાં શ્વસનનો રવ પણ ખલેલ ન પહોંચાડે એવી ઉત્સુકતા સાથે બન્ને ઘડીઓ ગણી રહ્યા છે... અને રાતના ત્રણ વાગે સ્વામી હરિદાસના એકતારાનો ટંકાર હવામાનમાં ગુંજે છે એ ક્ષણ પુરતો તો આગિયા પોતાનો કારોબાર અટકાવી દે છે, જાણે પ્રકાશની ગતિ ઉપર અવાજની ગતિએ સરસાઈ ના મેળવી હોય! ગુંજારવની અમલિન પવિત્રતા અકબરની બન્ને પાંપણ બીડી દે છે, એક લહેર જળની બન્ને આંખથી ડાબી જમણી ચિબુક તક વહે છે, મુખ પર અતિપ્રસન્નતાના ભાવાવેશની મૃદુ શિથિલતા છે. આંખનાં જળ તો રોક્યાં રોકાય નહીં... એટલા આહ્લાદિત થાય છે અકબર, જાણે જીવનમાં ક્યારેય ન થયા હોય. તાર બજતા રહે છે, સુર છેડાતા રહે છે, બંધ આંખોમાં કશુંક પારલૌકિક અજાણ્યું આકારાતું રહે છે ક્યાંય સુધી... સંગીતના શમન પછી પણ છે અકબર નિશ્ચેતમાં. તાનસેનના સંબોધનથી તન્મય તંદ્રા ત્યાગીને બન્ને રથ પર પાછા ફરે છે ત્યારે મહેલ સુધીના આખાય પંથ પર અકબર સંપૂર્ણ મૌન, બંધ આંખથી અતિપ્રસન્ન હાવભાવની દરકાર સાથે સંપૂર્ણ મૌન... અકબર, એવી મસ્તીમાં પાદશાહ અકબર કે શબ્દો સુઝે નહીં, જ્યારે મહેલના પગથિયાં ચઢવા માંડ્યા ત્યારે બોલાયુ તાનસેનને. તાનસેન! હું વિચારતો' તો કે તારો કોઈ મુકાબલો નથી આખી દુનિયામાં... હવે વિચારું છું કે તું ક્યાં! તારી ક્યાં ગણત્રી! તારા ગુરુનો કોઈ મુકાબલો નથી. તારા ગુરુ ગોદડીના લાલ... ખરેખર... સાવ સાધારણમાં જન્મેલું કોઈ અત્યંત અસાધારણ અસ્તિત્વ... કોઈને ખબરેય નથી... અડધી રાતે સંગીત પ્રસારે છે... કોણ સાંભળવાનું...? કોઈને જાણ પણ નહીં થાય અને આવા અદ્ભુત સ્વરસંગીત બજતા રહેશે અને લીન થઈ જશે. તારા ગુરુના આ અલૌકિક સૌંદર્ય, આ પારલૌકિક સંગીતનાં શું રહસ્ય શું ભેદ શું રાઝ!!! તું વર્ષો એમની પાસે રહ્યો, મને બોલ... તાનસેને કહ્યું: રાઝ સીધો સાદો છે. બે ને બે ચાર જેવડો સીધો સાદો છે ભેદ. હું વગાડું છું એટલે કે જેથી મને કંઈ મળે, અને એ વગાડે છે એટલે કે એમને કંઈ મળી ગયું છે. એ જે મળી ગયું છે ત્યાંથી એમનું સંગીત વહે છે ... માંગ નથી ત્યાં. અનુભવ, આનંદ, સમર્પિતભાવ છે ત્યાં. આનંદ સૌપ્રથમ છે. પછી એ આનંદથી સર્જાતું સંગીત છે. મારું સંગીત તો ભિખારીનું સંગીત છે. આમ તો બજવું છું વીણા, પણ આંખો તો ગણત્રીમાં ઉલ્ઝાયેલી છે કે શું મળશે! હૃદય તો પૂછ્યા કરે છે આજે પુરસ્કાર શું મળશે? આજે સમ્રાટ શું દેશે? વીણાવાદનથી પ્રસન્ન છે કે નહીં? આપનો ચહેરો જોયા કરું છું નથી જોતોના ડોળ સાથે. નથી હોતો પૂરેપૂરો વીણામાં. બિલકુલ બરાબર કહો છો તમે કે મારી એમની સાથે શું તૂલના... એ હોય છે તો પૂરા હોય છે...

જગતના મહાનતમ વાર્તાકાર ઓશોની અહંકારભંજનની ત્રિવેણીની રજૂઆત પછી આજે ચાલો સમષ્ટિ સાથે સુર માંડીએ... ગાઈએ...

*થઈ સુનેરી રંગમાં ચકચુર ગાતાં હોય છે*
*દરસવારે પંખીઓ ભરપૂર ગાતાં હોય છે*

*માંડણી સાથે વિધિસર ગાનનો ક્યાં છે સમય*
*સૂર્ય સામે ઓસ ક્ષણભંગુર ગાતાં હોય છે*

*હોય છે માથા ફરેલાં સાધકો સૂર તાલનાં*
*વટહુકમ સૌ ફાડી ફેંકી દૂર-ગાતાં હોય છે*

*નાશ કરવાનીય છે તાકાત કુમળા સૂરમાં*
*મેઘતાંડવમાં નદીના પૂર ગાતાં હોય છે*

*શુદ્ધ છે એ મહેફિલોનાં ક્યાં કદી મોહતાજ છે*
*કાનમાં, અથવા જઈને દૂર ગાતાં હોય છે*

*એક સરસ છે કલ્પના કે થાય જ્યાં મારો પ્રવેશ*
*જન્નતો, જન્નતનશીનો, હૂર ગાતાં હોય છે*

*એમની સરગમનું સ્તર સાવ જ જુદુ હોઈ શકે*
*હીટલરો, ઔરંગઝેબો ક્રૂર ગાતાં હોય છે*

*જે ક્ષણે નખલી અડે છે શિવજીની તારને*
*એક સાથે આંઠ દસ સંતુર ગાતાં હોય છે*

*એમણે મારા સુધી જ્યાં પહોંચવું નક્કી કર્યું*
*મારા ઘરનાં સૌ ગરીબ ગોપુર ગાતાં હોય છે*

*શક્ય છે, વિનવો અગર શોભિતને તો માને નહીં*
*પણ જરા જેવા થયાં ચકચૂર-ગાતાં હોય છે.*

આજે આટલુંજ ■

સન્ડે ધારાવાહિક
અનિલ રાવલ
feedback@bombaysamachar.com




## થીજી ગયેલી પળમાં ફફડતા જીવની રોમાંચક કથા

સોલંકી વોર્ડમાં એક ચક્કર મારીને બહાર આવ્યો ત્યાં સુધીમાં નિર્મલની નોંધણીનું કામ પતી ગયું હતું. એ બાજુમાં મુકેલા બાંકડા પર જઇને બેઠો હતો. અચાનક લિફ્ટની ઘરઘરાટી સંભળાઇ. લિફ્ટમાંથી નર્સ જયમાલા બહાર આવી. જયમાલા અહીંની સિનિયર નર્સ હતી અને હોસ્પિટલના કમ્પાઉન્ડમાં પાછળની બાજુ આવેલા સરકારી ક્વાર્ટરમાં રહેતી હતી. કોરોનાને લીધે શરૂઆતમાં જ એ તેની નાનકડી દીકરીને એની માને ત્યાં મૂકી આવી હતી. કોરોના એના પતિ રમેશની નોકરીને ભરખી ગયો હતો. હતાશા અને નિરાશાથી ઘેરાયેલો રમેશ દારૂનો બંધાણી હતો જ એમાં નોકરી ગુમાવવાના દુઃખે અને પુત્રી અને દારૂના વિયોગે એના સ્વભાવને ચિડિયો કરી નાખ્યો હતો. નાની નાની વાતે એ જયમાલા સાથે ઝઘડતો. બન્ને વચ્ચેના વધતા તણાવની અસર જયમાલાાના કામ પર વર્તાતી હતી.

'સર, ટેસ્ટ કલ સુબહ કરેંગે તો ચલેગા?'

'નહીં નહીં, અભી કરના હૈ, કલ સુબહ પુણે લેબ મેં ભેજ દેના હૈ.' સોલંકી એની ચાલાકી સમજી ગયો. આવતી કાલ પર ટાળવાથી સવારની શિફ્ટમાં આવનારી નર્સે એ કામ કરવું પડે. જયમાલાને સોલંકીની વાત જોહુકમી લાગી. જયમાલાનું માસ્ક પાછળનું વાંકું મોઢું સોલંકીએ જોયું. છેડાયેલી જયમાલા લેબમાં જતી રહી અને સોલંકી લિફ્ટમાં ઉપર ગયો. થોડીવારમાં જયમાલા પર્સનલ ઇક્વિપમેન્ટ કિટ (પીપીઇ) પહેરીને બહાર આવી. એણે નિર્મલને લેપટોપ બેગ અને બેગ સેનિટાઇઝ કરવા સેનિટાઇઝર આપ્યું. પછી એને પોતાની પાછળ આવવાનો ઇશારો કર્યો. જયમાલાએ ગુસ્સામાં સામેના વોર્ડનો દરવાજો ધડ દઇને ખોલ્યો અને ખૂણામાં આવેલા છેલ્લા ખાલી બેડ તરફ જવા માંડી. નિર્મલ ધીમા પગલે ચાલી રહ્યો હતો. એની નજર બે બેડ વચ્ચેના બે ફૂટના અંતર પર અટકી ગઇ અને એની સામે હોસ્પિટલના આંગણાંમાં કોઇપણ જાતના અંતર વિના એકબીજાની લગોલગ મૂકી રાખેલા મૃતદેહો તરવરવા લાગ્યા. મૃત્યુ અંતર મિટાવી દે છે. નિર્મલે વિચાર્યું.

'યહ આપકા બેડ હૈ' એટલું કહીને જયમાલા ઉતાવળે નીકળી ગઇ. નિર્મલ પલંગની કિનાર પર બેસી ગયો. ક્યાંય સુધી એમ જ બેસી રહ્યો. એના શરીર પર પરસેવો થવા માંડ્યો. એણે કપાળ પર હાથ ફેરવ્યો. હથેળી પર ઝાકળની જેમ ચોંટી ગયેલો પરસેવો જોયો. પોતાને આ શું થઇ રહ્યું છે. કંઇ સમજાયું નહીં. એણે આસપાસ નજર દોડાવી. ઉપર જોયું. પંખો બંધ હતો.

એર કન્ડિશન મશીનો હતાં, પણ ચાલુ ન હતાં. એણે પંખાની સ્વીચ ચાલુ કરી. વીજપ્રવાહે પરાણે હડસેલ્યો હોય એમ પંખો હલ્યો...પછી સહેજ ગતિ પકડી. વોર્ડમાં ભમતી દર્દીલી હવાને સ્થાને ઠંડો પવન ફરવા લાગ્યો....નિર્મલના શરીરમાં થોડી ઠંડક પ્રસરી ગઇ, પણ એને ક્યાં ખબર હતી કે એ ટાઢક ક્ષણભરની હતી. એની સામે સોલંકી મોટી ઝીપલોક બેગ લઇને ઊભો હતો.

'તમારો મોબાઇલ, લેપટોપ, બેગ..બધું આમાં નાખી દો. અત્યારે આમાંનું કંઇ કરતા કંઇ કામનું નથી.' નિર્મલને જેની કલ્પના ન હતી એ બન્યું. બીજું બધું તો ઠીક પણ મોબાઇલ છીનવાઇ જશે? મોબાઇલ વિના કેમ ચાલે? અગાઉ મુંબઇમાં એણે પવિત્રા સાથે વ્યાપાસનામાં જવાનો વિચાર કરેલો પણ મોબાઇલ વિના, કોઇના સંપર્કમાં રહ્યા વિના, મૂંગા મૂંગા દિવસો કેમ પસાર કરવા એ વિચારે એ પ્રોગ્રામ પડતો મૂકેલો, પણ પવિત્રાએ પૂરો કર્યો હતો.

'હું મોબાઇલ મારી સાથે રાખી શકું? ઘરનાઓ સાથે વાત કરવી જરૂરી છે.'

નિર્મલની વાતનો સોલંકી પાસે જવાબ હતો. કોરોના અને ક્વોરન્ટાઇનના ટૂંકા અનુભવે એને તર્કબદ્ધ જવાબ આપતા શીખવી દીધું હતું.

'તમે એની ચિંતા ની કરો સાહેબ, હોસ્પિટલ રોજ બે વાર તમારા ઘરનાને જાણ કરતી રેહે. જરૂર લાગહે તો વાત પણ કરાવી દેહે...તમારા કોન્ટેક્ટ નંબર આપી રાખો. હું નોંધાવી દેવા.'

> 'લાગણી શબ્દોની મોહતાજ નથી હોતી. સ્પર્શ અને આંખો ઘણુંબધું કહી દે છે.'

સ્પર્શ નહીં...સંપર્ક નહીં આ તે કેવી જિંદગી. એ વિચારી રહ્યો હતો. એણે પવિત્રાનો મોબાઇલ નંબર આપતાં પૂછ્યું: 'હું અત્યારે એકવાર ફોન કરી લઉં.? ' નિર્મલના અવાજમાં આજીજી હતી, વિનંતી હતી, લાચારી હતી. સોલંકીએ આંખ ઝપકાવીને હા પાડી.

'થેન્ક યું.' નિર્મલે પવિત્રાને ફોન લગાડતા લગાડતા આભારવશ અવાજે કહ્યું.

નિર્મલનો ફોન જોઇને પવિત્રા થડકાટ સાથે બોલી: 'નિર્મલ શું થયું?' થોડી સેકન્ડ સામેથી અવાજ નહીં આવતા એની ચિંતા વધી. એણે પૂછ્યું: 'નિર્મલ, ઇઝ એવરીથિંગ ઓલરાઇટ?'

નિર્મલ એક ઊંડો શ્વાસ લઇને બોલ્યો: 'મોબાઇલ અહીં જમા થઇ જશે.' થોડું અટકી ફરી બોલ્યો: 'તારો નંબર આપી રાખ્યો છે.'

'અરે, આવા કેવા નિયમ છે સરકારી હોસ્પિટલના? હજી કોરોનાની ટેસ્ટ થઇ નથી, બે ત્રણ દિવસ કેદીની જેમ રાખશે. ત્યાં સુધી મોબાઇલ વિના કેમ ચાલે?' પવિત્રાનો સિસ્ટમ સામેનો રોષ એકદમ ઉકળી ઊઠ્યો, પણ આ સમય કાંઇપણ બોલવાનો....કાંઇપણ વિચારવાનો કે આક્રોશ ઠાલવવાનો નહતો.

'અચ્છા, મને હોસ્પિટલના નંબર આપી રાખ...' સમસમીને રહી ગયેલી પવિત્રાએ કહ્યું. નિર્મલે સોલંકીની સામે જોયું. સોલંકી હોસ્પિટલના બન્ને નંબરો કડકડાટ બોલી ગયો. ફોન પત્યા પછી આભ તૂટી પડ્યું હોય એવી આફતનો અનુભવ કરી રહેલી પવિત્રાથી બોલી જવાયું: 'આ બધું ક્યારે પાર પડશે ખબર નહીં, બધી ટેસ્ટ બરાબર હશે તો બે ત્રણ દિવસમાં રજા મળશે નહીંતર ચૌદ દિવસ.'

'આપણે બન્નેએ વિરહના ચૌદ મહિના તો ગણી ગણીને કાઢ્યા, પણ આ ચૌદ દિવસ પસાર કરવા બહુ અઘરા થઇ પડશે.' પવિત્રાના મોંમાંથી શબ્દો સરી પડ્યા.

ઘણીવાર સંજોગો અને આપ્તજનોને સાચવવાની જવાબદારી માણસને મન મૂકીને રડવા નથી દેતા. પવિત્રાએ ગળે બાંધી રાખેલો ડૂમો એક મોટું ડૂસ્કું બનીને ફુટ્યો. રડવાનો અવાજ દબાવવા એણે મોં પર હાથ મુક્યો, પણ એક ધ્રૂસ્કું અંદરના રૂમ સુધી વાત પ્રસરાવી ગયું. પહેલાં મમ્મી, એની પાછળ પાછળ પપ્પા બહાર આવ્યા. થોડીવારમાં કિનુ પણ બહાર આવી. પપ્પાએ પવિત્રાના માથા પર હાથ મૂક્યો. મમ્મીએ એનો હાથ પોતાના હાથમાં લીધો. કિનુ અંદરથી પાણીનો ગ્લાસ લાવી. પવિત્રાએ વહેતા આંસુ રોકવાનો પ્રયાસ કર્યો.....પણ આંસુને ક્યાં કોઇ રોકી શક્યું છે. લાગણી શબ્દોની મોહતાજ નથી હોતી. સ્પર્શ અને આંખો ઘણુંબધું કહી આપતા હોય છે. મમ્મી અંદર ગયાં. શ્રીજીનું મંદિર ખોલ્યું. ઘંટડી વગાડીને બોલ્યાં: 'હે પ્રભુ, આ ચિંતા અમારી એકલાંની નથી, તારી પણ છે.' મમ્મીની પાછળ ત્રણેય હાથ જોડીને ઊભાં હતાં.

************

નર્સ જયમાલા બિલ્લી પગે નિર્મલનાં પલંગ પાસે જઇને બોલી: 'ટેસ્ટ કે લિયે ચલો.' નિર્મલ જયમાલાની પાછળ ચાલવા લાગ્યો ત્યારે બાજુના બેડ પરનો યુવાન નિર્મલને આશ્ચર્યભરી નજરે જોઇ રહ્યો હતો. નિર્મલને વોર્ડમાં લવાયો ત્યારથી એ બધી હિલચાલ જોતો હતો. એ નિર્મલ સાથે વાત કરવાની તૈયારીમાં હતો ત્યાં નર્સ એને લઇ ગઇ. નિર્મલ પાછો આવ્યો ત્યારે એ બેડ પર ઓશિકાને ટેકે આલરીને બેઠો હતો. નિર્મલે એની સામે જોયું કે તરત જ એણે વાત શરૂ કરી.

'મારો નામ ઇલિયાસ છે. તમારો નામ?' ગુજરાતી બોલવાનો એનો પ્રયાસ સ્પષ્ટ દેખાતો હતો. છતાં, માસ્ક પાછળથી આવતા એના અવાજમાં ગજબની મીઠાશ હતી.

'નિર્મલ પરીખ.' નિર્મલે કહ્યું.

'તમારી લેપ ટોપ બેગ પરથી મને લાગ્યો કે તમને કોઇ કોર્પોરેટ કંપનીમાંથી સીધા અહીં લવાયા છે.'

'હું એક અમેરિકા બેઝ્ડ રોબોટિક કંપનીમાં કામ કરું છું.'

'મારો ફ્રૂટનો ધંધો છે. કોર્ફ્ર્ડ માર્કેટમાં દુકાન છે.' પછી હસતા હસતા બોલ્યો: 'કોઇ ફ્રૂટ લઇ ગયો ને કોરોના આપી ગયો. આટલી મોડી રાતે તમને જોઇને તાજ્જુબ થયો મને.'

'હું અમેરિકાથી આવું છું. મને પ્લેનમાંથી સીધો....'

નિર્મલની વાત સાંભળીને અત્યાર સુધી ઓશિકાને ટેકે બેઠેલો ઇલિયાસ થોડો આગળ આવી ગયો.

'યા અલ્લા, ઉધર તો બહુત કેસ હૈ ભાઇ.' એ પોતાના બેઉ હાથ ઉપર કરીને બોલ્યો: 'રોઝાના કિતને લોગ ખુદા કો પ્યારે હો જાતે હૈ.' ઇલિયાસની વાતે નિર્મલને વિચારતો કરી દીધો.

'શું મને અમેરિકામાં કોરોનાનો ચેપ લાગ્યો હશે? કે પ્લેનમાં? અમેરિકામાં તો હું ભાગ્યે જ બહાર નીકળતો હતો. પ્લેનમાં બેઠેલા કેશુકાકાને સીટ બેલ્ટ બાંધી આપ્યો હતો. તો શું કેશુકાકા?

'ઓહ માય ગોડ...' એના મોંમાંથી શબ્દો સરી પડ્યા.

'અલ્લા સબ કો સલામત રખ્ખે.' ઇલિયાસ બે હાથ ઉપર કરીને બંદગી કરતો હોય એમ બોલ્યો.

************

બે જણ ધીમા પગલે ચાલતા અવકાશવીરોની જેમ નિર્મલના પલંગ પાસે આવી પહોંચ્યા. વાર્ડના ઝાંખા પ્રકાશમાં આખા શરીર પર પહેરેલી પર્સનલ પ્રોટેક્ટિવ કિટ (પીપીઇ)ને લીધે તેઓ હૂબહૂ અવકાશવીરો લાગતા હતા. તેમના ચહેરા સ્પષ્ટ જોઈ શકાતા નહોતા. નિર્મલને એ લોકો કોણ છે એ જાણવાની પડી નહતી...એને કોરોનાનો ચેપ ક્યાંથી લાગ્યો એની ચિંતા કોરી ખાતી હતી. ઉપરથી રાતભરનો ઉજાગરો, જેટલેગ, શરીરની કળતરથી ત્રસ્ત હતો.. આંખોના પોપચાં હવે થાક અને ઉજાગરાનો વધુ ભાર સહન કરી શકે એમ નહોતાં. એ લોકોને પોતાની તરફ આવતા જોઇને એણે આંખો પરાણે ખેંચીને જોવાની, જાગવાની કોશિશ કરી. બન્ને બેડ પાસે પહોંચ્યા. સોલંકી બોલ્યો: 'ડો. શાહ, આ નિર્મલ પરીખ. અમેરિકાથી આવેલા છે.'

સોલંકી એમનું નામ બોલ્યો એટલે નિર્મલને ડો. શાહની ઓળખ પડી, પણ આ એમની ખરી ઓળખ નહતી. એમનો પરિચય આપવો હોય તો આ રીતે આપવો જોઇએ: ડો. શાહ આ હોસ્પિટલના ડીન હતા. એક પ્રેમાળ અને કર્તવ્યનિષ્ઠ ડોક્ટર. આ જગતમાં કેટલાક લોકો એમના ભાગે આવેલા કાર્યો કે તેમણે સ્વીકારેલી જવાબદારીઓ અને વ્યવસાયને વફાદાર રહેવા જનમ્યા હોય છે. કામ પ્રત્યેની એમની લગન, નિષ્ઠા, ફરજ- આ બધું કોઇની સાથે સ્પર્ધા કરવા માટે નથી હોતા. તેમને નામ અને પૈસા કમાવાની પણ કોઇ ખેવના નથી હોતી. ડો. શાહ આ મહામારીમાં પોતાનું પદ પણ ભૂલી ગયા હતા. એમના માટે આ એક સેવાયજ્ઞ હતો. ઘરપરિવાર લઇને બેઠા હોવા છતાં તેઓ અહીં હાસ્પિટલની અગાસી પરની રૂમમાં રહીને કામ કર્યા કરતા હતા. આ હોસ્પિટલમાં ફરજ પર મૂકાયેલા સોલંકી માટે તેઓ પ્રેરણાસ્રોત બની ગયા હતા. બન્નેનું ધ્યેય એક જ-સેવા. અને એટલે જ ટૂંકા સમયમાં બન્ને વચ્ચે એટલી હદે સમજણશક્તિ વિકસી હતી કે કેટલીય વાર તો માત્ર આંખોથી વાતચીત કરી લેતા.

ડો. શાહે નિર્મલની સામે થર્મલ સ્કેનર તાક્યું. તાવ માપવા માટે થર્મોમીટર મોંમાં મૂક્યું, તર્જનીમાં ઓક્ઝિમીટર દબાવ્યું. પાછળ દોડી આવેલી જયમાલાએ બધા આંકડા પેડ પરના કેસ પેપરમાં લખ્યા. ડો. શાહે પોતાના ખિસ્સામાંથી એક ગોળી આપી. નર્સે ટેબલ પર પડેલા કળશિયામાંથી પાણી આપ્યું. નિર્મલે ગોળી ગળી લીધી. એની આંખમાં માત્ર ઉંઘ નહતી, પ્રશ્ન પણ હતો.

'ટેમ્પરેચર છે. આરામ કરો. યુ નીડ ટુ ટેઇક રેસ્ટ.' ડો. શાહે નિર્મલની અધખુલ્લી આંખો સામે જોઇને કહ્યું.

'તમારે કાંઇ પૂછવું છે નિર્મલ?' એમના અવાજમાં રહેલી હૂંફ નિર્મલે અનુભવી.

'ડોક્ટર મને કોરોના થયો છે? તમને શું લાગે છે?' નિર્મલના હોઠ ફફડ્યા.

'અત્યારે કહી શકાય નહીં. તમારા સેમ્પલો ટેસ્ટ માટે પુણે મોકલશું. ધેટ વિલ એસ્ટાબ્લીશ ઇટ.' એટલું કહીને તેમણે સોલંકી સામે જોયું.

'હાજી સાહેબ, આજે જ વહેલી તકે પુણે લેબમાં રવાના થઇ જશે.'

'નાવ, ટુ ટેઇક રેસ્ટ.' ડો. શાહ જવા લાગ્યા. પાછળ સોલંકી અને જયમાલા ચાલવા માંડ્યાં. નિર્મલને ત્રણેય આકૃતિ ઝાંખી દેખાવા લાગી.

(ક્રમશઃ)■

ટેક વ્યૂહ
વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# સ્માર્ટફોન ખરાબ થાય એ પહેલાં...

## ઓળખી લો એનાં કેટલાંક જરૂરી સંકેત

સ્માર્ટ ફોન એ આપણા સૌની દૈનિક જરૂરિયાતનો એક ભાગ બની ગયો છે. સવારના એલાર્મ સેટ કરવાથી લઈને ઓનલાઈન પેમેન્ટ સુધી અને મેસેજ મોકલવાથી લઈને ઈ-મેલ કરવા સુધીના મોટાભાગના કામ સ્માર્ટફોનથી થઈ રહ્યા છે. ફોનના ફીચર્સને બાદ કરતા સરળ અને સ્પષ્ટ એપ્લિકેશનથી દૈનિકધોરણે થતું ઘણું કામ હવે આસાન થઈ રહ્યું છે. લોકેશનથી લઈને પાર્સલના લોકેશનને ટ્રેક કરવા સુધી અનેક એવી એપ્લિકેશનથી કામ થાય છે. ઘણીવાર ફોનમાં આવતી અપડેટને નાખી ન હોય તો પણ ફોન સરળતાથી ચાલતો હોય છે તો ઘણા યુવાનો વારંવાર અપડેટ કરીને ફોનથી સતત બીજા ડિજિટલ વર્લ્ડમાં પણ અપડેટ રહે છે. દરેક સ્માર્ટફોન યુઝર સાથે એવું બન્યું હશે કે ક્યારેક ફોન વ્યવસ્થિત કામ આપવાનું બંધ કરે છે અથવા ટચ ખરાબ થઈ જાય છે. વ્યવસ્થિત અને લાંબા સમય સુધી ફોનનો મર્યાદિત ઉપયોગ કરતા લોકોમાં પણ આ મુશ્કેલી હવે ફોન સંપૂર્ણપણે ખરાબ થતાં પહેલા એક વોર્નિંગ તરીકે સમજવા જેવી છે.

સામાન્ય રીતે ફોન બગડવાનું શરૂ થાય એની શરૂઆત કેવી રીતે થાય છે એના પર નક્કી થાય છે કે ફોન રિપેર કરાવો કે નવો લેવો?

કોઈ પણ સ્માર્ટફોનમાં એક ચોક્કસ સમય બાદ બેટરીની પરેશાની ઊભી થાય છે. ક્યારેક વધારે પડતી ચાર્જ થાય તો ઝડપથી ઊતરી જાય છે તો ક્યારેક ચાર્જ જ થતી નથી. આવા



સમયે લાંબા સમય સુધી ફોનને ચાર્જિંગમાં ન રાખીએ તો પણ કામ ચાલી જાય છે. વારંવાર બેટરી ઊતરી જાય તો બ્રાઈટનેસને થોડી ઓછી કરીને કામ ચલાવી શકાય છે , પણ ફોનમાં લાંબો સમય સુધી ચાર્જિંગ રાખ્યા બાદ પણ બેટરી ચાર્જ બતાવે પણ એક કે બે કામમાં અડધી બેટરી ખતમ થઈ જાય ત્યારે બેટરી બદલવાનો સમય આવ્યો છે એવું માની શકાય છે. માત્ર બેટરી જ નહીં બીજા ફંક્શન પણ બગડે એના સંકેત સમજવા જેવા છે, કારણ કે જે એલર્ટ થઈ જાય એ ખોટા ખર્ચા કે ડેટાલોસ કરવાથી બચી જાય છે. ઘણીવાર ફોટો કે વીડિયો જે બિનજરૂરી છે એને ડિલિટ મારવા છતાં મેમરી ફૂલ બતાવે તો સમજવા જેવું છે કે સ્ટોરેજમાં વાઈરસ આવ્યો છે. ફોનના એન્ટિવાયરસ પ્રોગ્રામ કોમ્પ્યુટર કરતા અલગ રીતે કામ કરે છે. આ માટે ઘણી એપ્લિકેશનથી પણ કામચલાઉ કામ દોડાવી શકાય છે. પણ એક કે બે વીડિયો ડાઉનલોડ કરવા છતાં મેમરીફૂલની એરર આવતી હોય તો સ્ટોરેજ ક્ષમતા પૂરી થઈ ગઈ છે. આવા સમયે મેમરીકાર્ડ નાંખી જરૂરી ડેટા એમાં કોપી કરીને સાચવી શકાય છે. પછી ફોનમાંથી ડેટા ડિલિટ થશે પણ મેમરીકાર્ડમાં એની કોપી બીજા ફોનમાં નાખીને પણ વાપરી શકાશે.

આ સિવાય અન્ય પણ એક વિકલ્પ સાથે ઓછી મેમરીમાં કામ એ કરી શકાય કે, જરૂરી ડેટાને ડાયરેક્ટ મેલ કે ડ્રાઈવમાં સાચવી શકાય છે. એકવાર એક ઈમેલ આઈડી એક્ટિવ કરો ત્યારે ૧૦જીબી થી ૧૫ જીબી સુધીની સ્પેસ એક ફોન પર ફ્રીમાં મળે છે. આટલી સ્પેસમાં કોઈપણ આલબમથી લઈને વીડિયો રેકોર્ડિંગ પણ સરળતાથી સ્ટોર કરી શકાય છે. ઈન્ટરનલ મેમરી ઓછી હોય ત્યારે વધારે પડતી ફીચર્સ ધરાવતી એપ્લિકેશન ડિલિટ કરીને એ સ્પેસને કેમેરા કે બીજા કોઈ ઉપયોગી ડેટા માટે સાચવી શકાય છે.

ઘણીવાર ફોનમાં અમુક જગ્યા પર ટચ કરતા સેન્સર કામ કરતું નથી. આવું થાય એ સમયેથી સૌથી વધારે એલર્ટ થઈ જવાની જરૂર છે. ટેક્નિકલ ભાષામાં આને 'સ્ક્રીન રિસ્પોન્સ ઝીરો' કહે છે. થોડા જ સમયમાં આવું આખી સ્ક્રીન પર થાય ત્યારે ફરજિયાતપણે ફોન બદલવાનો વારો આવે છે. રિપેરિંગવર્કમાં સ્માર્ટફોનની સ્ક્રીન સૌથી વધારે ખર્ચાળ હોય છે. આવા સમયે ઘણીવાર તાત્કાલિક ધોરણે ફોન નવો ખરીદવો પડે છે. પ્લેસ્ટોર સિવાયની એપ્લિકેશન ઈન્સ્ટોલ કરતી વખતે સૌથી વધારે ફોનને જોખમ રહે છે.

બ્રાઈટનેસ લો રાખવાથી બેટરી બચે એવું ઘણા યુઝર્સ માનતા હોય છે, પણ ફોન જ્યારે લોક હોય એ સમયે પણ ઈન્ટરનેટ ડેટા અને બેગ્રાઉન્ડમાં બેટરી યુઝેજ થાય છે. આનો વિકલ્પ એ છે કે, બ્રાઈટનેસ આંખને માફક થાય અને અક્ષરો સરળતાથી વાંચી શકાય એટલી રાખવી જોઈએ. ફોનના ચાર્જર સાથે આવેલો ડેટા કેબલ પણ મીડિયા ફાઈલ ટ્રાન્સફર માટે વાપરવામાં આવે છે. આનાથી ડેટા કરપ્ટ થવાના કે ફાઈલ ખૂલવાના કેસને સૌથી વધારે ચાન્સ મળે છે. આવા સમયે અલગથી કેબલ ખરીદવો હિતાવહ હોય છે. વર્ષ ૨૦૧૬માં ફોનના સ્પીકરને ખરાબ કરી દેતો બ્લુટુથ નામનો ફોન વાઈરસ કેટલાય ફોનને નક્કામા કરી ગયો હતો. આ પાછળની ટેકનિક એવી હતી કે સતત બ્લુટુથ ચાલુ હોય એવા ડિવાઈસમાં વગર પેર કે મેચ થયે તે કનેક્ટ થઈ જાય અને પછી ઈયરફોન કે સ્પીકરને બગાડે. એટલા જરૂર ન હોય ત્યારે ડિવાઈસને ડિસકનેક્ટ કરી બ્લુટુથ બંધ રાખી શકાય છે. ■

### આઉટ ઓફ બોક્સ

*ફોન ચોંટવાનું ચાલુ થાય એટલે ફોન ખરાબ થઈ ગયો એવું નથી હોતું ડેટા વધારે પડતી જગ્યા રોકે ત્યારે એ જે તે એપ્લિકેશનને સ્મૂથ કામ કરતી અટકાવે છે એટલા માટે આવું બને છે.*

સ્પોટ લાઈટ

મહેશ્વરી
feedback@bombaysamachar.com

# એમનામાં કાંતિ મડિયા જેવી ચીવટ ને સભાનતા હતા...

‘સુગંધનું સરનામું’ અને ‘સરનામા વિનાનું ઘર’ એ બે નાટક રાજેન્દ્ર બુટાલા સાથે કર્યા પછી જાણે બુટાલા મારા માટે નાટકનું સરનામું બની ગયા હોય એવો ઘાટ થયો. બીજું નાટક ‘સરનામા વિનાનું ઘર’ના શો હજી ચાલી રહ્યા હતા અને એને સારો આવકાર મળી રહ્યો હતો ત્યાં બુટાલાનો ફરી ફોન આવ્યો. ‘મહેશ્વરી બહેન, હું એક નવું નાટક કરી રહ્યો છું અને તમારે આમાં પણ કામ કરવાનું છે.’ આ સાંભળી મને આનંદ થવો તો સ્વાભાવિક હતો પણ લાગલગાટ ત્રીજું નાટક? જોકે, એક નિર્માતા મને રિપીટ કરતો હતો એ મારા માટે તો સારા પરફોર્મન્સની પાવતી જ હતી.

નાટકનું નામ હતું ‘અંત વગરની અંતાક્ષરી.’ નાટકના રિહર્સલ શરૂ થઈ ગયા. નાટકની થીમ કંઈક આવી હતીઃ એક યુવતી ગુંડા – મવાલી જેવા યુવકના પ્રેમમાં પડે છે. યુવતીએ પિતાનું છત્ર ગુમાવી દીધું છે અને ઘરમાં માતા અને ભાઈ સાથે રહેતી હોય છે. ઘરનું વાતાવરણ પણ સતત ડહોળાયેલું રહેતું. અચાનક પરિસ્થિતિ બદલાય છે અને કથા વળાંક લે છે. જોકે, આ નાટકને પ્રેક્ષકોએ વધાવી ન લીધું. બુટાલા જેવા ખમતીધર નિર્માતા હોવાથી નાટકે જેમતેમ ૫૦ શો ખેંચી કાઢ્યાં. પછી નાટક બંધ થઈ ગયું.

ત્રીજું નાટક ધાર્યા કરતાં વહેલું બંધ થઈ જવાથી હું અચાનક કામ વિનાની થઈ ગઈ. જોકે, હૈયે આશા હતી કે ફોન રણકશે અને નવા નાટકની ઓફર આવશે. અને ફોન રણક્યો. ‘હેલો, હું અરવિંદ વેકરિયા બોલું છું’ સામે છેડેથી આ વાક્ય સાંભળ્યું ને હું આનંદમાં આવી ગઈ.

પચાસેક વર્ષ રંગભૂમિ પર વિવિધ નાટકોમાં અભિનય અને દિગ્દર્શનથી નાટ્ય રસિકોમાં પ્રસિદ્ધિ અને પ્રશંસા મેળવનારા અરવિંદ ભાઈ ‘દાદુ’ સાથે મેં નાટક નહોતું કર્યું પણ એમની સાથે પરિચય હતો. એમની સાથેના અંગત સંબંધ આજ દિન સુધી અકબંધ રહ્યા છે. કાંતિ મડિયા પાસે જેમ હું ઘણું શીખી એમ અરવિંદ ભાઈ પાસે પણ મને ઘણું શીખવા મળ્યું જે મને મારી કરિયરમાં ઉપયોગી સાબિત થયું છે.

બોલ્ડ વિષયનાં નાટકો કરવા માટે જાણીતા અરવિંદ ભાઈ, અમૃત પટેલ, મીરા આચાર્ય અને એમના પુત્ર તન્મય વેકરિયા (જેને આજે અનેક લોકો ‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’ ટીવી સિરિયલમાં બાઘાભાઈના પાત્રમાં માણી રહ્યા છે) સાથે કોમેડી નાટક ‘સુખને એક ચાન્સ આપો’નું આયોજન કરી રહ્યા હતા. નાટકના ડિરેક્ટર અરવિંદ ભાઈ જ હતા. એમના દિગ્દર્શનમાં કામ કરવાનો એ મારો પહેલો અનુભવ હતો. નાટકના રિહર્સલ દરમિયાન મને એમની કાર્યશૈલીમાં કાંતિ મડિયા જેવી ચીવટ અને સભાનતા જોવા મળ્યા.

નાટકના દરેક પાસા બારીકાઈથી સમજાવે અને પરિણામે પાત્ર ભજવતો કલાકાર એમાં જલદી ઓતપ્રોત થઈ જતો. મેં આ વાત એમને કહી પણ હતી. જોકે, આ નાટક બહુ ચાલ્યું નહીં. પચાસેક શો પછી બંધ પડી ગયું.

અલગ અલગ નાટકોમાં ક્યારેક કરુણ, ક્યારેક કોમેડી તો ક્યારેક ચોંકાવનારી કથાનાં પાત્રો ભજવનારી મહેશ્વરીના એટલે મારા અંગત જીવનમાં એક અત્યંત ચોંકાવી દે એવી ઘટના બની. મારા ઘરમાં જ ધમાલ થઈ. બન્યું એવું કે મારો દીકરો અમારા જ બિલ્ડિંગમાં રહેતી કોઈ મદ્રાસી (એક સમયે સાઉથ ઈન્ડિયન લોકો મુંબઈમાં મદ્રાસી તરીકે જ ઓળખાતા) યુવતીના પ્રેમમાં પડ્યો. પેલી યુવતી પણ મારા દીકરાના પ્રેમમાં પાગલ હતી. આખી વાતની મને જાણ થઈ એટલે મેં એ યુવતીને ઘરે બોલાવી અને સમજાવવાની કોશિશ કરી કે ‘આપણા પરિવારોનો કોઈ મેળ નહીં ખાય. તું મારા દીકરા સાથે પરણવાની વાત ભૂલી જા. તારા મા – બાપ કંઈ માનશે નહીં’. એણે તો મારી વાત એક કાનેથી સાંભળી બીજા કાનેથી કાઢી નાખી.

પરિવારની મંજૂરી નહીં મળે એનો ખ્યાલ આવી જતા બંને ઘરેથી ભાગી ગયા. અને કોઈને જાણ કર્યા વિના તેમણે કોર્ટ મેરેજ કરી લીધા. વાત વાજતેગાજતે યુવતીના ઘરે પહોંચી અને એટલે તરત એના માતા – પિતા મારા ઘરે આવ્યા. ખૂબ ઝઘડો કર્યો, ખરું – ખોટું સંભળાવ્યું. મેં ચુપચાપ સાંભળી લીધું, કારણ કે મારે પણ પુત્રીઓ હતી અને આવી પરિસ્થિતિમાં દીકરીની મા પર શું વીતે એ હું સમજી શકતી હતી. હું નાટકમાં દિવસ – રાત વ્યસ્ત રહેતી હોવાથી મને કશી જાણ નહોતી એવું ખોટું પણ તેમની પાસે બોલી. અલબત્ત, આ ખોટું બોલવાનો મને કોઈ અફસોસ નહોતો, કારણ કે કોઈને નુકસાન પહોંચાડ્યા વિના કોઈનું હિત જાળવવાનું હતું. જોકે, આવા પ્રસંગોમાં મોટે ભાગે થતું હોય છે એવું જ થયું. સોડાની બોટલનું ઢાંકણું જ્યારે ઉઘડે ત્યારે ક્ષણિક કેવો જોરદાર ફુવારો છૂટે અને પછી ગણતરીના સમયમાં જ બધું કેમ શાંત પડી જાય એમ યુવતીના માટે પિતાનો રોષ પણ ઠંડો પડી ગયો. જમાઈને સ્વીકૃતિ મળી ગઈ અને મારા ઘરમાં પુત્રવધૂનું આગમન થયું.

અંગત જીવનમાં અણધાર્યું ભજવાયેલું નાટક કેટલાક આંચકા સાથે સુખાંતમાં પરિણમ્યું એનો હાશકારો અનુભવ્યો. અચાનક ઉદભવેલી આ માથાકૂટમાં મારી પાસે કોઈ નાટક નહોતું એ વાત હું થોડા દિવસ માટે જાણે ભૂલી ગઈ હતી. દીકરો – વહુ ઘરમાં ઠરીઠામ થયા અને હું ફરી રંગભૂમિના વિચારોમાં મગ્ન થઈ ગઈ. મારાં છેલ્લાં બે નાટકને પ્રેક્ષકોનો મળેલો મોળો પ્રતિસાદ મને જરા ખટક્યો હતો. અલબત્ત, નાટક હિટ થશે કે ફ્લોપ એ કલાકારના હાથની વાત નથી હોતી, પણ રંગભૂમિની વાત જ એવી હોય છે કે દરેક કલાકાર નાટકને પોતાનું ગણીને કામ કરતો હોય છે. અમારા વખતમાં તો એવું હતું. આજની મને ખબર નથી.

કામ વિનાની બેઠી હતી અને નવા નાટક માટે કોના તરફથી ઓફર આવે છે એ વિચારી રહી હતી ત્યાં ફોન રણક્યો, ‘હેલો હું હોમી વાડિયા બોલું છું. એક ટીવી સિરિયલ બનાવી રહ્યો છું એમાં તમે મારી સાથે કામ કરો એવી ઈચ્છા છે.’

મારા આનંદની કોઈ સીમા ન રહી. નાટકનું વિચારી રહી હતી ત્યાં સિરિયલની ઓફર આવી. નાટકની સરખામણીએ સિરિયલમાં કામ કરવાના પૈસા વધુ મળે અને જો સીરિયલને સફળતા મળે અને એમનું પાત્ર ગમી જાય તો બીજી ઓફરો પણ આવતી થઈ જાય. આનંદનું બીજું એક કારણ એ પણ હતું કે હોમી વાડિયા સાથે કામ કરવાનું હતું. ■



## કવિ કાન્તનું નાટક નવા નામે ભજવાયું અને...

મણિશંકર રતનજી ભટ્ટ... કવિ કાન્ત તરીકે વધુ પ્રખ્યાત થયા. ‘વસંત વિજય’ તેમજ ‘સાગર અને શશી’ તેમનાં ખ્યાતનામ કાવ્યો છે. જોકે, તેમણે નાટ્યલેખન સુધ્ધાં કર્યું હતું. તેમની કવિ તરીકેની અભૂતપૂર્વ નામનાને લીધે નાટ્ય લેખકને ઓછી પ્રસિદ્ધિ મળી. અંગત જીવનમાં કવિને મહારાજા ભાવસિંહજી સાથે ઘરોબો હતો. મહારાજા ભાવસિંહ એટલે મહારાજા કૃષ્ણકુમારસિંહજીના પિતાશ્રી. ભારતને આઝાદી મળ્યા પછી ભારતને અખંડ રાષ્ટ્ર બનાવવાનું સરદાર પટેલનું સપનું સાકાર કરવા પોતાનું રાજ્ય દેશને અર્પણ કરનારા કૃષ્ણકુમારસિંહજી પ્રથમ રાજવી હતા. ભાવસિંહજી મહારાજની સૂચનાથી જ કવિ કાન્તે ચાર નાટક લખ્યા હતાં. અલબત્ત એમના બે નાટક ‘સલીમશાહ અથવા અશ્રુમતી’ અને ‘દુઃખી સંસાર’માં કવિ ડાહ્યાલાલ શિવરામ સહ લેખક હતા. ‘સલીમશાહ’ નાટકમાં કાન્તે જાતિના વાડાઓ અને તેમની વચ્ચે રહેલા વૈમનસ્ય દૂર કરવા માટે મહેનત કરતી પ્રતાપી પુત્રી અશ્રુમતી અને સલીમશાહના પ્રેમની કરુણ કહાણીનું વર્ણન કર્યું છે. તેમના ‘ગુરુ ગોવિંદસિંહ’ નાટકમાં સ્વદેશીનો સીમાડો છોડી સર્વદેશીપણાને આંબવા જતી હિન્દુ – મુસ્લિમ એકતાની ભાવનાનું નિરૂપણ છે. તેમણે લખેલા ‘રોમન સ્વરાજ્ય’ નાટકમાં રાજાશાહી સામે નાગરિકોના રાજનો એક સાવ નવો અને અસરકારક વિચાર રજૂ કરવામાં આવ્યો હતો. રાજવી પરિવાર સાથેની નિકટતાએ એમાં ભાગ ભજવ્યો એવું કહેવાયું હતું. રસપ્રદ વાત એ છે કે ‘રોમન સ્વરાજ્ય’ને સારો આવકાર નહોતો મળ્યો પણ આ જ નાટક જ્યારે ‘જાલિમ ટુલિયા’ નામથી ભજવાયું ત્યારે એને સારી પ્રસિદ્ધિ મળી હતી. એક નિષ્ફળ નાટક નજીવા ફેરફાર સાથે જ્યારે નવા નામથી ભજવાય અને સારી સફળતા મળે એવા અનેક ઉદાહરણ ગુજરાતી નાટકોના ઈતિહાસમાં જોવા મળે છે.

મનોરંજનનું મેઘધનુષ્ય

ઉમેશ ત્રિવેદી
feedback@bombaysamachar.com

# જુનૈદ વર્સિસ ઈબ્રાહિમ અલી ખાન

### બે સિનિયર અદાકાર આમિર ખાન અને સૈફ અલી ખાનના બે નવોદિત નવાબઝાદા એવા જુનૈદ ખાન અને ઈબ્રાહિમ અલી ખાનની ફિલ્મ-કરિયરની રસપ્રદ સરખામણી

સન ૧૯૯૫માં યશ ચોપરા દિગ્દર્શિત એક ફિલ્મ આવી હતી ‘પરંપરા’. તેમાં સુનીલ દત્ત, વિનોદ ખન્ના, આમિર ખાન, સૈફ અલી ખાન, નીલમ, રવિના ટંડન, અશ્વિની ભાવે, અનુપમ ખેર અને રામ્યા કૃષ્ણન હતા. આ ફિલ્મને અત્યારે યાદ કરવાનું કારણ એ છે કે આજે ૩૦ વર્ષ પછી પણ આમિર ખાન અને સૈફી અલી ખાન સક્રિય છે.

–અને... આજે ૩૦ વર્ષ પછી આમિરનો પુત્ર જુનૈદ ખાન અને સૈફનો પુત્ર ઇબ્રાહિમ અલી ખાન બોલિવૂડમાં પદાર્પણ કરી ચૂક્યા છે એમાં સૌથી મહત્ત્વની વાત એ છે કે આ બંને ખાનના અભિનયમાં જરાય ભલીવાર દેખાતો નથી. ઇબ્રાહિમનો સૌથી મોટો પ્લસ પોઇન્ટ ગણો તો પ્લસ પોઇન્ટ અથવા માઇનસ પોઇન્ટ એ છે કે એ અદ્દલ એના પિતા સૈફનું યુવા સ્વરૂપ છે.

આ બંને ખાન (જુનૈદ-ઇબ્રાહિમ )એ પોતાની કારકિર્દીની શરૂઆત સહાયક દિગ્દર્શક તરીકે કરી છે. આ બન્ને યુવા કલાકારની અત્યારસુધીમાં બે-બે ફિલ્મ રિલીઝ થઇ છે અને બન્નેની કારકિર્દીની શરૂઆત ફ્લોપ ફિલ્મથી જ થઇ છે.

જુનૈદ અને ઇબ્રાહિમ વચ્ચે સામ્યતા એ પણ છે કે જુનૈદની પહેલી ફિલ્મ ‘ઓટીટી’ પર રજૂ થઇ છેઃ ‘મહારાજ’, જે વિવાદમાં ફસાઇ હતી એટલે થિયેટરમાં રિલીઝ ન થઇ અને અંતે ‘ઓટીટી’ પર રજૂ થઇ. જ્યારે એની બીજી ફિલ્મ ‘લવય્યપા’ થિયેટરમાં રિલીઝ થઇ તો સાવ પટકાઈ ગઇ.

ઇબ્રાહિમની પહેલી ફિલ્મ ‘નાદાનિયા’ થિયેટરમાં રિલીઝ થઇ, પણ તે ક્યારે આવી અને ક્યારે ચાલી ગઇ એ કોઇને જ ખબર નથી. એની બીજી ફિલ્મમાં પૃથ્વીરાજ સુકુમાર અને કાજોલ જેવાં કલાકારો હોવા છતાં એ ફિલ્મ



જુનૈદ ખાન



ઈબ્રાહિમ અલી ખાન

‘સરજમીન’ સીધી ઓટીટી પર રજૂ થઇ.

ઇબ્રાહિમની પહેલી ફિલ્મ ‘નાદાનિયા’માં ખુશી કપૂર (બોની કપૂર-શ્રીદેવીની પુત્રી અને જહાનવી કપૂરની બહેન) હતી, પણ એ ફિલ્મ સાવ જ ફ્લોપ ગઇ હતી. જુનૈદની બીજી ફિલ્મ ‘લવય્યપા’માં પણ હીરોઇન ખુશી કપૂર હતી અને એ ફિલ્મને પણ ધોબીપછાડ મળ્યો હતો.

આમ અત્યારે તો આ બંને ‘ખાન’ પુત્રની કારકિર્દી લગભગ સરખી જ ચાલી રહી છે. બંનેએ ફ્લોપ અભિનેતા તરીકે શરૂઆત કરી છે. આ બન્નેને હજી પણ એક-એક ફિલ્મ મળી છે, જે ૨૦૨૬માં રિલીઝ થવાની છે. ઇબ્રાહિમની ફિલ્મ ‘દિલેર’ છે અને જુનૈદની ફિલ્મનું નામ છે ‘એક દિન’. આ ફિલ્મ જુનૈદ માટે ‘ગેમ ચેન્જર’ સાબિત થવાની શક્યતા છે. આ ફિલ્મ આમિર ખાન અને મન્સુર ખાન નિર્મિત છે અને જુનૈદની સાથે ફિલ્મમાં સાઇ, આમિર અને સૈફની ‘પરંપરા’ પછી ‘દિલ ચાહતા હૈ’માં સાથે દેખાયા હતા અને તે અગાઉ ‘બોમ્બે ટોકીઝ’નામની ફિલ્મમાં પણ બન્ને હતા, પણ એક પણ દશ્યમાં એ સાથે દેખાયા નહોતા.

જુનૈદ ખાને અભિનય કારકિર્દીની શરૂઆત ખૂબ મોડી કરી છે અને અત્યારે તે ૩૨ વર્ષનો છે, જ્યારે ઇબ્રાહિમે માત્ર ૨૪ વર્ષનો છે.

જોઈએ, બે સિનિયર અદાકારના આ બે નવોદિત નવાબઝાદાની ફિલ્મ- કરિયર કેટલી આગળ ધપે છે...

## ૩ ઓગસ્ટથી ૯ ઓગસ્ટ સુધી ૯ શો ને અનેક સુપરહિટ ફિલ્મની ભરમાર

OTTનું હોટસ્પોટ

આ સમયગાળામાં ઓટીટી પર ફિલ્મપ્રેમીઓને નિહાળવા માટે અનેક વિવિધતા છે.

‘ક્યૂંકી સાસ ભી કભી બહુ થી’ ૨૯ જુલાઈથી શરૂ થઈ છે એ નિયમિત ચેનલ સ્ટાર પ્લસની સાથે નેટફ્લિક્સ પર પણ રજૂ થઈ રહી છે.

શનિ-રવિના ‘કપિલ શર્મા’ને પણ નેટફ્લિક્સ પર મળી શકાશે.







જિયો હોટસ્ટાર પર જ ‘પતિ, પત્ની ઔર પંગા’ બીજી ઓગસ્ટથી શરૂ થઈ રહ્યો છે. જે શનિ-રવિ રજૂ થશે. મનોરંજનની દુનિયાના સાત સેલિબ્રિટી કપલ આ શોમાં દેખાશે. આ શોનું સંચાલન સોનાલી બેન્દ્રે અને મુનવ્વર ફારૂકી કરવાના છે.

શીબા ચઢ્ઢા, રાજેશ તેલંગ, આદિત્યા શુકલા, અભિનીત ફેમિલી ડ્રામા ‘બૈકેતી’ ઝી-ફાઈવ પર જોવા મળશે.

જિયો હોટસ્ટાર પર થ્રીલર અંગ્રેજી ફિલ્મ ‘બ્લેક બેગ’ રજૂ થશે, જેમાં કેટ બ્લેન્ચેટ, માઈકલ ફેસબેન્ડર, ટોમ બર્ક, પિયર્સ બ્રોસનન જેવા હોલિવૂડના સ્ટાર એક સાથે નજર આવશે.

બીજું શું છે નવું?

* મલ્ટીસ્ટારર ફિલ્મ હાઉસફુલ-ફાઈવ-એમઝોન પ્રાઈમ વીડિયો પર રજૂ થશે.

* નવમી ઓગસ્ટે નેટફ્લિક્સ પર ‘ફિર આઈ હસીન દિલરૂબા’ જોવા મળશે, જેમાં તાપસી પન્નુ, વિક્રાંત મેસ્સી, સન્ની કૌશલ અને જિમ્મી શેરગીલ છે.

* ધ અમ્બ્રેલા એકેડેમી-સીઝન થ્રી : આઠમી ઓગસ્ટે નેટફ્લિક્સ પર આ કોમેડી સીરિઝની ત્રીજી સિઝનની શરૂઆત થઈ રહી છે.

* મંડાલા મર્ડર્સઃ નેટફ્લિક્સ પર વાણી કપૂર અભિનિત આ ક્રાઈમ થ્રીલર સીરિઝ ધૂમ મચાવી રહી છે. આઠ એપિસોડવાળી આ સીરિઝ રજૂ થતાંની સાથે જ ઓટીટી પર છવાઈ ગઈ છે.

આ ઉપરાંત, જિયો હોટસ્ટાર પર કાજોલ, પૃથ્વીરાજ સુકુમારન અને ઈબ્રાહિમ અલી ખાનની ‘સરજમીન’.

અભિનેતા વિનીતકુમાર સિંહની ‘રંગીન’ એમેઝોન પ્રાઈમ વીડયો પર.

જિયો હોટસ્ટાર પર સાઈકલોજીકલ થ્રીલર ફિલ્મ ‘ડીએનએ’ હિન્દી, તમિળ, તેલુગુમાં રજૂ કરવામાં આવશે.

ઝી ફાઈવ પર પંકજ ત્રિપાઠી અભિનિત ‘કડક સિંહ’.

એમેઝોન-એમએક્સ પ્લેયર પર ‘ગુટર ગુ’ની નવી સિઝન.

સંજય દત્ત, મૌની રોય, પલક તિવારીની ‘ભૂતની’ ઝી-ફાઈવ પર અને નીરજ પાંડેની થ્રીલર સીરિઝ ‘સ્પેશ્યલ-ઓપ્સ ટુ’ જિયો હોટસ્ટાર પર રજૂ થઈ રહી છે.. ■

કેનવાસ

અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# મિડલ ચાઈલ્ડ સિન્ડ્રોમ શું છે?

### એનો ભોગ ફક્ત બાળક જ બને એ જરૂરી નથી. બે અંતિમ વચ્ચે રહેતું બિંદુ પણ બને!

**કોથમીરને** જાણો છો? અરે, લીલા ધાણા! નાના પાંદડાવાળી ભાજી...ફ્રીઝના શાકભાજીવાળા ડ્રોઅરમાં ક્યાંક દબાઈને પડી હોય બિચારી. યાદ આવે તો એનો ઉપયોગ થાય બાકી એ સુકાઈ જાય કે ચીમળાઈ જાય એવી એને ફેંકી દેવાની આવે. રસોઈમાં જેની ચપટીક જ જરૂરિયાત છે એવા મીઠાની ડબ્બી ક્યાં રાખી છે એ યાદ હોય, પણ મફતમાં મળતી આ કોથમીર ફ્રીઝમાં છે કે નહીં એ પણ યાદ હોય છે?



ઘરમાં તો રહીએ છીએ આપણે બધા, પણ આ પ્રવર્તમાન ઘરનું વાસ્તુ કર્યું હશે. આ ઘરમાં પહેલી વખત શિફ્ટ થયા હશો. સામાન બદલ્યો હશે. રંગરોગાન કરાવ્યું હશે. એ જ ઘરમાં સારા કે નરસા પ્રસંગો પસાર થયા હશે. આ ઘર કેટલામાં લીધું ને ક્યારે લીધું ને કેટલા લાખની લોન લીધી કે કેટલા બ્લેકના આપ્યા ને ક્યા રૂમમાં વધુ ગરમી થાય છે ને મહેમાનોને ઘરનો કયો ખૂણો વધુ ગમે છે આ બધી વાર્તાઓ આપણે આપણાં વર્તુળમાં કરતા રહેતા હોઈએ છીએ. ક્યારેય સામેથી આ ઘર બતાવનાર બ્રોકર કે આ જગ્યા જેણે બતાવી એ મિડલમેનને એ જ ભાવનાથી યાદ કરીએ છીએ ખરા? આપણાં ઘરની વાર્તામાં એનો રોલ એમણે ભજવેલો ભાગ ભુલાઈ જાય છે. અને યાદ આવે તો એ સપોર્ટિંગ એક્ટર નહીં, પણ એક્સ્ટ્રા કલાકારની ભૂમિકામાં કેમ હોય છે?

ઓકે. લગ્નનો આલ્બમ ખોલો. ઘરમાં કોઈના તો લગ્ન થયા હશે ને? આલ્બમ અથવા તો ડિજિટલ ફોટોઝ જુઓ. ફોટોઝમાં કોણ કોણ દેખાય છે, કોણ આવેલું, કોણ રિસાયેલું, કોણ આવ્યું ન હતું, લગ્નના આગલા દિવસે શું લોચો પડેલો, કેટલું મોડું થયેલું એ બધી વાર્તાઓ વાગોળવી કે કહેવી ગમે છે. ફોટોગ્રાફરને યાદ કરો છો ખરા? જો આ સવાલનો જવાબ હા હોય તો દિલ પર હાથ રાખીને જવાબ આપજો લગ્ન કરાવી દેનારા ગોર મહારાજનો ચહેરો યાદ છે? જેણે આ લગ્નનું ઠેકાણું બતાવ્યું એ મિડલમેનને કેટલી વખત ગૌરવપૂર્ણ રીતે યાદ કર્યા?

આમ કોથમીર- બ્રોકર ને મિડલમેન... આ ત્રણેયમાં સામ્ય શું છે? વધુ સચોટ સવાલ પૂછવો હોય તો આ અવગણના પામનારા ત્રણેય પરોપકારી તત્ત્વોનો વાંક શું છે? એમનો ગુનો એ કે એ ત્રણેય વચ્ચે છે, બરોબર વચ્ચે. નથી આ પાર કે નથી પેલે પાર. બંને છેડાની વચ્ચે એ ઝોલા ખાય છે માટે એમની હાલત આવી છે. સામે દેખાય તો માન-સમ્માન સૌ કોઈ આપે, હાથ પણ મિલાવે પરંતુ આલિંગન ના મળે, મહત્ત્વ ન મળે, એ યાદ ન રહે, અમરત્વ ન મળે. કારણ કે એ ક્રીઝની વચ્ચોવચ્ચ છે, બેટ્સમેન જ્યાં આવીને પિચ પર બેટ ઠપકારતો જોવા મળે ત્યાં. આ ત્રણ ઉદાહરણ પરથી શું પદાર્થપાઠ મળે છે - બીચ મેં રહોગે તો કઈ કે નહીં રહોગે!

આ જ સિદ્ધાંતના કાચથી કોઈ પણ પરિવારનું નિરીક્ષણ કરો. અરે વિરાટ વાચકો, પોતાના પરિવારની અંદર જ ડોકિયું કરો. પરિવારમાં વચ્ચે કોણ છે? વચ્ચેના બાળકનું પ્લેસમેન્ટ વિચારો. દરેક ઘરના બધા ભાંડરડાઓમાંથી જે સૌથી મોટા નથી ને જે સૌથી નાના નથી પણ એ વચ્ચે ઝૂલે છે એની હાલત શું છે? નથી એને કોઈ મોટું ગણતું કે નથી એને કોઈ નાનું ગણતું. મોટી પ્રતિષ્ઠિત જવાબદારી આપવાની વાત આવે તો એ મોટા ભાઈ કે મોટી બહેનને મળી જાય છે ને લાડ લડાવવાની વાત આવે તો એ સૌથી નાની બહેન કે મોટા ભાઈને મળી જાય છે તો વચ્ચેના ભાઈ કે બહેનના ભાગે આવે શું? કામ દોસ્ત, કામ. પંગત વાળી જમણવારમાં તમારે ન મીઠાઈ પીરસવાની આવે કે ન ભજિયા, તમને પકડાવે ચટણીની તપેલી ને પાપડની ડિશ! ધીસ ઇઝ યોર ડેસ્ટિની...

આ દુનિયાએ મધ્યની કદર કરી નથી. મધ્યમાં તો કેન્દ્ર હોય એટલે એને કેન્દ્રબિંદુ કહીને એની સ્થાપના કરી નાખે , પણ નવરાત્રિમાં એક વખત માતાજીની આરતી કરીને એને ફરતે ગરબા રમવાના શરૂ થાય પછી આગામી પાંચ કલાક સુધી કોણ ગરબા તરફ જુએ પણ છે? હવેના પરિવારમાં ત્રણ બાળકો નથી હોતાં. બે જ હોય છે, પણ તો પણ પિતૃસત્તાક સમાજના પરિવારમાં એક હેરઆર્કિ કે ક્રમ હોય જ. આખાય પરિવારમાં જેની ઉંમર વચ્ચે હોય એની હાલત મિડલમેન જેવી થાય – ઘણા સંજોગોમાં એ સ્થાન પર મમ્મીએ રહેવું પડે એવુંય બને. પણ મિડલમેન (કે વુમન) ના નસીબમાં જશની રેખા નથી હોતી, ભાઈ’સાબ. તમે વિચારો – આપણાં મિત્રો હોય એવા બે પ્રેમી ઝઘડતા હોય તો શું એના ઝઘડામાં વચ્ચે પડીને સમાધાન કરવા જવાય? ક્યારેય ન જવાય. કારણ કે એ બંને વચ્ચે તો વહેલા મોડી સંધિ થઈ જશે અને તમે કોરાણે મુકાઈ જશો અને પેલા બે તો કોર્નરમાં બેઠા બેઠા એકબીજાની સમીપ બેસીને ‘ઈલુ..ઈલુ ’ કરતાં હશે ! આ જ તો દુનિયાનો દસ્તુર છે !

એવું જ આ વિશ્વનું છે... તુર્કી યુરોપ અને મિડલ ઇસ્ટ વચ્ચે પીસાતું રહે છે. બ્રાઝિલ વેસ્ટર્ન અમેરિકા અને લેટિન અમેરિકન દેશો વચ્ચે ફસાયેલું છે. યુક્રેઇન ‘નાટો’ અને રશિયા વચ્ચે ભરાઈ ગયું છે.


–અને આપણે?

જો તમે મધ્યમ વર્ગી હો તો ગરીબોને મળતા લાભની પણ ઈર્ષ્યા આવે ને અમીરોની પણ. ચક્કીમાં પીસાવાનું મધ્યમ વર્ગે જ હોય. આ જ થિયરી પ્રેક્ટિકલી દેશને પણ લાગુ પડે. ગરીબ દેશ તો પાડોશી દેશની દયા પર જીવતો હોય અને ‘યુનિસેફ’ એને મદદ ને ફૂડપેકેટ મોકલી આપે. વિકસિત દેશ પાસે પૈસો ખૂબ હોય એટલે એ રોફ જમાવે રાખે ને એ કહે એમ દુનિયાએ કરવાનું. વચ્ચે ભરાયું કોણ? વિકાસશીલ દેશ. જે આમ મોટો દેશ છે પણ આમ સૌથી મોટો નથી. એની સાથે શરતી દોસ્તી કે બિનશરતી દુશ્મની રાખનારા ઘણા હોય. કેમ કે એ મિડલ મેન છે એટલે. આગળ નોંધ્યું એમ મધ્યની કદર નથી. દોરડા ઉપર ચાલતા નટ માટે તાળીઓ ત્યારે જ પડે છે જ્યારે એ એક છેડાથી ચાલીને બીજો છેડો સંપૂર્ણપણે પસાર કરી લે છે. વચ્ચે પહોંચે ને ત્યાં અટકેલું રહે એના માટે તાળીઓ નથી, સન્નાટો હોય છે, આઈ બાત સમજમેં...! ■

સર્જકના સથવારે
રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# પરંપરા ને આધુનિકતાના સંગમ સમા 'નાઝ' માંગરોળી

**દિલમાં મળે જો આપના થોડી જગા મને**
**સમજું બેઉ જગતની મળી ભવ્યતા મને**



મુંબઈમાં રંગભવનની જાહોજલાલી હતી. સાત દિવસની નાટ્ય મહોત્સવની ઉજવણી, મુશાયરા, સામાજિક મિલન સમારંભો અને શાસન પુરુસ્કૃત કાર્યક્રમો રંગભવનમાં ઉજવવામાં આવતા. ૧૪મી ઑગસ્ટનો ઈન્ડિયન નેશનલ થિયેટરનો મુશાયરો અત્યારે સંભારણું બની ગયો છે. પણ એક જમાનામાં કવિતા પ્રેમીઓ આવા અવસરની કાગને ડોળે રાહ જોતા હતા. આવા મુશાયરામાં દર વર્ષે ભાગ લેતા અને મુશાયરાને જીવંત કરી દેતા એક શાયરની આજે વાત કરવી છે. આ શાયર છે 'નાઝ' માંગરોળી.

મુશાયરાની સદારત જેમણે વર્ષો સુધી કરી હતી એ વિદ્વાન મુરબ્બી જ્યોતિન્દ્ર દવે શરૂઆતમાં બે ઓપનિંગ બેટ્સમેન 'નાઝ' માંગરોળી અને જયંત શેઠને રજૂ કરતા. એક વખત મુશાયરો અવાજો વચ્ચે સ્થિર થવાની કોશિશમાં હતો ત્યારે નાઝનું નામ બોલાયું. મૂછમાં વ્યંગપૂર્ણ હાસ્ય કર્યા પછી બોલ્યા 'હવે ડોશીઓ ફેશનેબલ બની છે...' અને હકડેઠ્ઠ મેદનીમાં હાસ્યનો દેકારો બોલી જાય છે. સામે મરક મરક હસતા ઊભા હોય નાઝ, સ્ટેજ પર બેઠેલા કવિમિત્રો તરફ સૂચક મસ્તીમાં જાણે કહેતા ના હોય, 'દેખ લો... યે પહેલા છક્કા...' નાઝભાઈ હઝલના માહેર હતા. પછી શરૂ થાય છે ગઝલનો દોર. શેર રજૂ થાય છે અને શ્રોતાઓ પકડમાં આવી જાય છે. શેર છે:

**આવશે દોડીને મળવા તને નદીઓ સામે,**
**છે શરત એટલી, પહેલાં તું સમંદર થઈ જા.**

'નાઝ શે'ર કે મુક્તક રજૂ કર્યા પછી મૂછમાં હસતો ચહેરો જાણે એમનો ટ્રેડમાર્ક!' મર્મીઓ જાણી જાય કે આ હાસ્યમાં ભારોભાર વ્યંગ છે. જમાના પર કટાક્ષ જેમ કે:

**દેશની વધતી જતી વસતિથી સૌ ગભરાય છે**
**છોકરા-કંટ્રોલની વાતો બધે ચર્ચાય છે,**
**આ નવા યુગની કરામત જોઈ લેજો, દોસ્તો -**
**વાંઝિયાઓ મૂછ ઉપર તાવ દેતા જાય છે.**

આ મુક્તક ૧૯૬૧ની સાલમાં રજૂ કર્યું હતું. જમાનાની તાસીર પર જબરદસ્ત વ્યંગ છે. નાઝ માંગરોળી રાજકારણ માણસ, પણ નખશિખ સમાજસેવક. એમનું વ્યક્તિત્વ દેબાગ હતું અને કરુણા સભર લાગણીથી છલોછલ કવિત્વના એ સ્વામી હતા. આઝાદી પછીની રાજકારણની, સમાજની અને ગાંધી મૂલ્યોની અવદશા જોઈને એમનું ઋજુ કવિ હૃદય કહે છે કે :

**લઈને દોલતનો સહારો 'નાઝ'**
**આ દુનિયા મહીં**
**એક નઠારો પણ બની જાએ છે**
**સારો એક દિન**

'નાઝ' ભારતના ભાગલાના અને લોકોની વ્યથા અને વેદનાના સાક્ષી હતા. કવિ હૃદય કલ્પાન્ત કરી ઊઠે છે:

**ઉમીદો ને ઉમંગોના સદનમાં**
**આગ લાગી ગઈ**
**થયા આઝાદ ને ત્યાં તો વતનમાં**
**આગ લાગી ગઈ**

એમણે પલટાતી પરિસ્થિતિ અને નેતાઓની ખુલ્લેઆમ લૂંટફાટ જોઈને કવિએ કરેલો કટાક્ષ તો જુઓ :

**'નાઝ' વણજાર એ મંઝીલ પર**
**પહોંચે ક્યાંથી?**
**રાહબર જેનો બની જાય લૂંટારો કોઈ**

ઉર્દૂના એક શેરમાં રાહબરને કેવામાં આવ્યું છે કે ખેર! અમને લૂંટારાઓ સામે ફરિયાદ નથી પણ આ તારી રાહબરીનો સવાલ છે - હમેં રેહજનો સે ગીલા નહીં યે તેરી રેહબરી કા સવાલ હૈં.

કવિ ગઝલના રંગ 'તગઝ્ઝૂલ'ને વિસારે પાડતા નથી. પ્રણયના, પ્રેમના, આવેશના અને ઉન્માદના દિવસોય યાદ કરી લઈને કહે છે:

**મહોબ્બતમાં અરે! આ કેવો**
**અત્યાચાર થાય છે**
**ખતા આંખો કરે છે ને જિગર**
**પર વાર થાય છે**
**ભલા ફૂલોનો રસ પીનાર ભમરો પ્રીત શું જાણે**
**પતંગાથી જઈ પૂછે કોઈ કેમ પ્યાર થાય છે**
**મહોબ્બત છે અનોખી મુજ ઈબાદત**
**પણ નિરાલી છે**
**પડે છે જ્યાં કદમ એના હું ત્યાં સિજદા**
**કરી લઉં છું.**

***

**દિલમાં મળે જો આપના થોડી જગા મને**
**સમજું બેઉ જગતની મળી ભવ્યતા મને**

***

**તમે તો દૂર જઈ બેઠા હૃદયના તારને છેડી**
**અને અહીંયા અમારા તનબદનમાં આગ**
**લાગી ગઈ.**

***

**બુઝાવું રૂપ-સુરાની તૃષા હું કેમ કરી**
**પીઉં છું જેમ વધુ તેમ પ્યાસ લાગે છે.**

***

**સેંકડો ફૂલનો ભ્રમર પી ગયો રસ ને એ છતાં**
**કોઈ કમી થઈ નહીં એના હૃદયની પ્યાસમાં**

***

**તૌબાની વાત નાસેહા ઘડપણ મહીં વિચારશું**
**રગ રગ મહીં જવાનીનો બાકી**
**હજી ખુમાર છે.**

***

**લાખ કીધા યત્ન પણ બુદ્ધિનું કંઈ ચાલ્યું નહીં**
**દિલ પ્રણય-આવેશમાં છેવટ**
**દીવાનું થઈ ગયું**

મિલન પછી વિયોગ, વિરહ અને હિજ્રનો લાંબો સમય આવતો હોય છે. મિલનના પ્રસંગો જૂજ હોય છે પણ વિરહની વ્યથા થકવી દેતી હોય છે. આ શાયરે પણ જુદાઈના સમયમાં ઠીક ઠીક ખુમારી દાખવી છે અને રોદણાં તો ક્યારેય નહીં જોઈએ વિરહની વ્યથાના ચંદ શેર:

ચમકે છે પ્રભાકર દિવસના ને રાતે શશી ને તારાઓ
પણ વિરહી હૃદયને દુનિયામાં અંધકાર નિરંતર લાગે છે

***

**હવે તો દૂર થઈ જશે તમારા દિલની શંકાઓ**
**લૂંટાવા આજ મહેફિલમાં જવાની લઈને**
**આવ્યો છું**

***

**દિવસો ગયા વિહારના, રાતો ગઈ કરારની**
**જીવન નીરસ બની ગયું શિક્ષા મળી એ**
**પ્યારની**

નાઝ માંગરોળી પરંપરાના માહોલમાં ગઝલ કહેતા થયા એ વાત સાચી પણ એમણે આધુનિક મિજાજ અપનાવીને પરંપરાને પાછળ રાખી દીધી હતી, જેમ કે:

**યુગ મહીં વિજ્ઞાનના પણ માનવી લાચાર છે**
**કાળની એક ચાલ પણ એનાથી**
**સમજાતી નથી**

***

**તારી તલાશમાં પ્રભુ ખોવાઈ એમ હું ગયો**
**મારી જ છું તપાસમાં આજ હું આસપાસમાં**

***

**આકાર વિનાના ઈશ્વરનો આકાર**
**બનીને રહેવું છે**
**ઈન્સાનને આજે દુનિયામાં કિરતાર**
**બનીને રહેવું છે**

ગઝલમાં સાકી, સુરા, સનમ, જામ અને સુરાહીની વાતો ન આવે તો શાયરીનો અસલી રંગ બેરંગ લાગે. આપણા આ શાયર જામની અને મયની વાત કરે છે પણ સંયમની પ્યાસ વિસરતા નથી :

**પરિવર્તન ચાહક છો તો સૌ ચાલો**
**સુરાલયમાં**
**કે ત્યાં પળમાં બધાની જિંદગી**
**બદલાઈ જાય છે**

દુઃખદર્દ જીવનનાં ભૂલી જવા હું 'નાઝ' મદિરા પીતો નથી
છલકાવું છું પ્યાલા નયનોના જો ભાર હૃદય પર લાગે છે.

***

**શાયર છું મુજને 'નાઝ' સુરાની નથી જરૂર**
**પીધા વગર સદા હું રહું છું ખુમારમાં**

***

**ના અડે મય્યતને મુજ પરહેઝગારો કોઈ પણ**
**મુજ જનાજો લઈ જવાને મયકશો બોલાવજો**
**જ્યાં સદા હો ધૂમ યારો મય અને મસ્તી તણી**
**કોઈ એવા મયકદામાં કબ્ર મુજ ખોદાવજો**
**ફાતેહા પઢવા અગર આવો તમે મુજ કબ્ર પર**
**સાથમાં અંગૂરની ચાદર ચઢાવા લાવજો**

નાઝભાઈ સમાજના પ્રશ્નોના ઓતપ્રોત હતા. એમની સામાજિક નિસ્બત તારસ્વરે વ્યક્ત થઈ છે. દીન દુઃખિયાની હાલત જોઈને એમના કવિ હૃદયે જે વ્યથા વ્યક્ત કરી છે તે વાસ્તવિક અને સચોટ છે.

વણજાર અમારી મંઝીલ પર પહોંચે તો પહોંચે કેમ કરી?
હર એક પથિકને 'નાઝ' અહીં સરદાર બનીને રહેવું છે.

***

**મેં કાળની સાથે કુદરતના વહેણોને**
**ફરતાં જોયાં છે**
**કાટાંઓ હસતા દીઠા છે ને ફૂલને**
**રડતાં જોયા છે.**

***

**કેવો આ ઈન્કિલાબ જગતમાં થયો પ્રભુ**
**તારા ઘડેલા માનવી તુજથી ફરી ગયા**

***

**તેં કોઈને અર્પી નિર્ધનતા, તો કોઈને**
**દૌલત શા માટે?**
**તારા જ ઘડેલા માનવમાં આવો રે!**
**તફાવત શા માટે?**


***

**ધનવાન જગતમાં એશ કરે,**
**કંગાલ જગતના કષ્ટ સહે**
**જર ઘરથી તુજને ઉલ્ફત છે,**
**કંગાલથી નફરત શા માટે?**

શાયર 'નાઝ' માંગરોળીનું પ્રદાન શાશ્વત છે અને જે તે સમયના પ્રહરી બનીને એમણે કવિધર્મ બજાવ્યો છે એ ઘટના ખુદ ગૌરવપ્રદ છે. ■

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@bombaysamachar.com

# સુખને સંતોષ સાથે સીધો સંબંધ છે...




થોડા દિવસો અગાઉ એક શ્રીમંત મિત્ર ઘણા સમય પછી મળ્યા. ફરિયાદના સૂરમાં એ કહે :

'મને આખી જિંદગી સુખ મળ્યું જ નહીં. કંઈક ને કંઈક તકલીફો આવતી જ રહે છે. હું મારા મિત્રોને અને મારી આજુબાજુના બીજા લોકોને જોઉં ત્યારે મને એ બધાની ઈર્ષા થાય છે. એ બધા સુખી જીવન વિતાવી રહ્યા છે. મારે તો વીકએન્ડમાં પણ કશુંક ને કશુંક કામ આવી જ જાય છે. આટલાં વર્ષો ધંધા પાછળ કાઢ્યા. એમ હતું કે મારા દીકરાઓ મોટા થશે પછી જીવન માણીશ, પણ મારા દીકરાઓ મારા ધંધામાં રસ લેવાને બદલે બીજા ધંધા કરે છે. એટલે હું આ ધંધો પણ છોડી શકતો નથી.... '

એમણે ઘણી હૈયાવરાળ ઠાલવી. વાસ્તવમાં એ આર્થિક રીતે સમૃદ્ધ છે. દીકરાઓ પણ સારું કમાય છે, પણ એમણે યુવાનીમાં ઘણો સંઘર્ષ કર્યો હતો એટલે એમના મનમાં આર્થિક અસલામતી ઘર કરી ગઈ છે માટે એ ધંધો છોડીને જીવન માણી શકતા નથી. મજાની વાત એ છે કે એમના મિત્રો એમને સુખી માને છે!

એ મિત્રની વાતો સાંભળીને એક પ્રાચીન કથા યાદ આવી ગઈ.

એક રાજા માનસિક અશાંતિ ભોગવી રહ્યો હતો. એ સુખ ઝંખતો હતો. કોઈએ સલાહ આપી કે 'નગરની બહાર એક સંત આવ્યા છે તે બધાના દુઃખ દૂર કરી આપે છે. તમે પણ એમને મળો. કદાચ તમારી અશાંતિનો ઈલાજ એમની પાસેથી મળી આવે અને સુખની ચાવી પણ મળી જાય.'

રાજા પોતાના રસાલા સાથે એ સંતને મળવા પહોંચી ગયો. સંતે એને કહ્યું કે 'તું કોઈ સુખી માણસનું પહેરણ માગીને પહેરી જો તો તારી બધી જ માનસિક અશાંતિ દૂર થઈ જશે અને તને સુખની અનુભુતિ થશે.'

રાજા પરત મહેલમાં ગયો અને એણે પોતાના માણસોને બધી દિશામાં દોડાવ્યા કે 'જાઓ, કોઈ સુખી માણસનું પહેરણ લઈ આવો બદલામાં એને જે જોઈતું હોય એ આપી દેજો.'

રાજાના માણસો તો બધી દિશામાં ફરી વળ્યા, પણ એમને કોઈ સુખી માણસ મળ્યો નહીં. કોઈ માણસને જોઈને એવું લાગે કે આ માણસ સુખી હશે, પણ જેવું એને પૂછે કે 'તું સુખી છે?' એ સાથે પેલો માણસ રોદણાં રડવા લાગે. કોઈ સુખી માણસ એમને મળ્યો નહીં, પરંતુ રાજાનો આદેશ હતો એટલે સુખી માણસ તો ગમે ત્યાંથી શોધવો જ પડે એમ હતો.

છેવટે એક એવો માણસ એમને મળી ગયો, જેણે કહ્યું કે 'હા, હું સુખી છું.' એ માણસ માત્ર ધોતી પહેરીને પોતાની મસ્તીમાં નદી કિનારે ચત્તોપાટ પડીને સૂતા-સૂતા ગીતો ગાઈ રહ્યો હતો.

એને મોઢે 'હું સુખી છું.' એવું સાંભળીને રાજાના માણસો ખુશ થઈ ગયા એમણે કહ્યું: 'તાત્કાલિક તારા ઘરે ચાલ અને તારું પહેરણ આપ.'

પેલો કહે : 'તમારે વળી મારા પહેરણનું શું કામ છે?'

'રાજાને સુખી માણસનું પહેરણ જોઈએ છીએ. એના બદલામાં તું જે માગીશ એ તને રાજા આપશે.'

પેલો કહે : 'પણ મારી પાસે તો પહેરણ છે જ નહીં!'

રાજાના માણસો વિલા મોંએ રાજા પાસે પહોંચ્યા. એમણે કહ્યું 'મહારાજ, અમને એક સુખી માણસ મળ્યો, પરંતુ એની પાસે તો પહેરણ જ નથી.'

રાજા નિરાશ થઈ ગયો. બીજે દિવસે ફરી પેલા સંત પાસે ગયો. કહ્યું :

'મહારાજ, તમે કહ્યું હતું કે હું કોઈ સુખી માણસનું પહેરણ પહેરીશ તો સુખી થઈ જઈશ, પરંતુ મારા રાજ્યમાં કોઈ સુખી છે જ નહીં અને એક માણસ સુખી છે એની પાસે તો પહેરણ જ નથી!' સંતે હસીને કહ્યું : 'ભલા માણસ, સુખ એ મનની સ્થિતિ છે. જે માણસને પોતાની પાસે જે કંઈ છે એનાથી સંતોષ નથી તે સુખી ન થઈ શકે.

તારી પાસે નાનું રાજ્ય હતું. એ રાજ્યને મોટું કરવા માટે તે ઘણાં યુદ્ધ કર્યા અને તારું સામ્રાજ્ય મોટું કર્યું. તું જેમ જેમ તારું સામ્રાજ્ય મોટું કરતો ગયો એમએમ માનસિક રીતે અશાંત થતો ગયો. તારા માણસોને પહેરણ વિનાનો માણસ મળ્યો હતો એની પાસે કશું છે જ નહીં, પણ તેને સંતોષ છે એટલે તે સુખી છે.'

ooo ooo ooo ooo

સાર એ છે કે કોઈ કરોડપતિ કે અબજપતિ માણસને પોતાની પાસે જે હોય એનાથી સંતોષ ન હોય તો એ દુઃખી હોઈ શકે અને કોઈ મધ્યમવર્ગી માણસને પોતાની પાસે જે કંઈ હોય એનાથી સંતોષ હોય તો એ સુખી હોઈ શકે. સુખનો અને સંતોષને સીધો સંબંધ છે. ■

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com

# તેરી દોસ્તી, મેરા પ્યાર... 'ફ્રેન્ડશિપ-ડે' મુબારક હો!

**ટાઇટલ્સઃ**
**દોસ્તીના M.O.U.ના હોય! (છેલવાણી)**

કહે છે 'દોસ્તોને ડિવોર્સ નથી આપી શકાતા'. મૈત્રી-દોસ્તી કે ફ્રેંડશિપ, લોહીનાં સંબંધો કરતાં વધુ ઘટ્ટ કે નફ્ફટ હોય છે, પણ એ જીવ સટોસટ હોય છે.

સંગીતકાર આર.ડી બર્મન અને લક્ષ્મી-પ્યારે, બોલિવૂડમાં કટ્ટર હરીફ પણ એટલાં જ સારા મિત્રો. ૧૯૬૪માં લક્ષ્મી-પ્યારેને 'દોસ્તી' નામની પહેલી ફિલ્મ મળી ત્યારે એમણે ગીતોમાં માઉથ-ઓર્ગન વગાડવા માટે ડરતાં ડરતાં આર.ડી.બર્મનને પૂછ્યું ને આર.ડી.એ તરત જ બધાં ગીતોમાં માઉથ-ઓર્ગન વગાડ્યું. 'દોસ્તી' ફિલ્મને બેસ્ટ સંગીતનો 'ફિલ્મફેર' એવોર્ડ મળ્યો. પછી છેક ૧૯૮૦માં લક્ષ્મી-પ્યારેને ફરી 'ફિલ્મફેર' એવોર્ડ મળ્યો ત્યારે એ વરસે રફીસાહેબને આર.ડી.ના ગીત 'ચાંદ મેરા દિલ' માટે એવોર્ડ મળેલો. હવે સમારંભમાં રફીજીએ આર.ડી.નું ગીત ગાવાનું હતું તો લક્ષ્મી-પ્યારેએ સામેથી કહ્યું કે મહાન સંગીતકાર આર.ડી.નાં ગીતની ઓર્કેસ્ટ્રા રફીજી માટે અમે વગાડીએ એથી વધુ ગર્વની વાત કઇ હોય?


.......................................................

અમેરિકામાં ગેર્ડી મેકકેન્ના નામની એક સ્ત્રીને બ્રેસ્ટ કેન્સરનું નિદાન થયું. એના ઈલાજ માટે કેમોથેરાપી લેવાથી ગેર્ડીના બધાં વાળ ઊતરી ગયા. એને સપોર્ટ આપવા એની ૧૧ બહેનપણી પણ પોતાનાં લાંબા વાળ કપાવીને સાવ ટાલકી થઈ ગઈ, જેથી ગેર્ડીને હૂંફ મળી શકે...

.......................................................

વિશ્વયુદ્ધ વખતે જર્મનીમાં મા-દીકરો ક્રિસમસનું ડિનર લેતા હતા ત્યારે ઘાયલ અમેરિકન સૈનિકો ઘરમાં આશરો લેવા આવી પહોંચ્યા. ત્યારે જર્મનો માટે દુશ્મન સૈનિકોને આશરો આપવો એટલે મોત સમાન,પણ માએ ઘાયલ સૈનિકોને આવકાર્યા. પછી ફરીથી દરવાજો ખખડ્યો ને આ વખતે ઘાયલ નાઝી સૈનિકો આવ્યા હતા. મા, ડરી ગઇ પણ પછી એણે બંને પક્ષના સૈનિકોને શસ્ત્રો મૂકી દેવા કહ્યું ને એ રાત્રે કોઈ હત્યા નહીં કરે એવું વચન લીધું. સૈનિકો સંમત થયા ને સૌએ શાંતિથી સાથે ક્રિસમસની ડિનર-પાર્ટી ઉજવી. યુદ્ધની લોહિયાળ શત્રુતા વચ્ચે મિત્રતાની અસંભવ વાર્તા અહીં અટકતી નથી. સવારે નાઝી સૈનિકોએ અમેરિકન સૈનિકોને જીવતા જવા દીધા ને એટલું જ નહીં, એમની છાવણી તરફ પાછા જવાની દિશા દેખાડી અને નાઝી સૈનિકોથી બચવાનાં રસ્તા પણ કહ્યા!

આજે ફ્રેન્ડશિપ-ડે છે, જેની શરૂઆત ૧૯૩૫માં થયેલી. કહે છે કે અમેરિકન સરકારે ઓગસ્ટના પહેલા રવિવારે એક વ્યક્તિની હત્યા કરેલી ને એની પાછળ એના મિત્રએ આત્મહત્યા કરેલી! ત્યારથી ઓગસ્ટનો પહેલો રવિવાર, 'ફ્રેન્ડશિપ-ડે' તરીકે ઉજવાય છે.



**ઇન્ટરવલઃ**
**દુશ્મનોં સે પ્યાર હોતા જાયેગા,**
**દોસ્તોં કો આઝમાતે જાઇએ. (ખુમાર બારાબંકવી)**

એક પોલીસવાળો રાતે ૧૦ વાગે રાઉંડ પર નીકળેલો. વરસાદને લીધે રસ્તાઓ સૂમસામ હતા. એણે જોયું કે દૂર બંધ હાર્ડવેર સ્ટોરના અંધારિયા દરવાજા પાસે સળગાવ્યા વિનાની સિગાર મોંમાં લઈને એક માણસ ઊભો હતો. પોલીસવાળાને આવતો જોઇને પેલાએ ગભરાઈને કહ્યું, 'સર, હું મારા મિત્ર જિમ્મીની રાહ જોઉં છું. તમે માનશો, આજની અમારી મુલાકાત ૨૦ વર્ષ પહેલાં નક્કી થયેલી! હું અને જિમ્મી બે સગા ભાઈની જેમ આ ન્યૂયોર્કમાં ઉછરેલા. હું ડૉલર કમાવવા માટે પશ્ચિમ બાજુ ગયો પણ જિમ્મી માટે તો ન્યૂયોર્ક જ એની દુનિયા હતી. આજે હું એની રાહ જોઉં છું'

'અચ્છા?પણ પછી એ મિત્રના કોઈ સમાચાર?'

'થોડો સમય તો અમારો પત્રવ્યવહાર ચાલ્યો પણ પછી સંપર્ક તૂટી ગયો, પણ આજે હું હજારો માઈલ દૂરથી આવ્યો છું ને મને ખાતરી છે કે જિમ્મી જીવતો હશે તો ચોક્કસ આવશે.' આટલું કહીને પેલાએ દીવાસળીથી સિગાર સળગાવી.

દીવાસળીનાં ઝાંખા પ્રકાશમાં પેલાનો નિસ્તેજ, ચોરસ જડબા ધરાવતો ચહેરો પોલીસ ઓફિસરે જોયો. એની જમણી આંખની ભ્રમર નીચે ઈજાનું નાનકડું નિશાન હતું. સુંદર હીરાજડિત ઘડિયાળમાં જોઈને એણે કહ્યું,

'હવે ૧૦ વાગવામાં ૩ મિનિટની જ વાર છે.'

'૧૦ વાગ્યે એ નહીં આવે તો?'

'તો વધુમાં વધુ અડધો કલાક તો રાહ જોઇશ જ!'

પોલીસવાળો પેલાને જોતો રહ્યો ને તરત મોં ફેરવી જતો રહ્યો. વીસેક મિનિટ બાદ એક ઊંચા-તગડા માણસે ઝડપથી પેલાની પાસે આવીને પૂછ્યું,'તું બોબ છે ને?'

'હા! ને તું જિમ્મી વેલ્સ ને? મને ખાતરી હતી કે તું હયાત હશે તો મને મળવા આવીશ જ.' બોબે જિમ્મીને ભેટીને કહ્યું.

'બોલ, પશ્ચિમ બાજુ કેવી રહી લાઇફ?'

'મેં જીવન પાસે માંગ્યું એના કરતાં ઘણું મળ્યું. પણ જિમ્મી યાર, તું બહુ બદલાયેલો લાગે છે. પહેલાં કરતાં થોડો ઊંચો દેખાય છે...અને તું કરે છે શું?'

'હું સરકારી નોકરી કરું છું. ચાલ બોબ, આપણી જાણીતી જગ્યાએ જઈને જૂની યાદો વાગોળીએ.'

બેઉ આગળ વધ્યા અને સ્હેજ પ્રકાશમાં આવતાં વેંત જ બંનેએ એકબીજાની સામે જોયું. બોબ તરત થંભી ગયો.

'ના...તું મારો મિત્ર જિમ્મી વેલ્સ નથી. ૨૦ વર્ષ એટલો ય લાંબો સમયગાળો નથી કે કોઇનું રોમન પુરુષ જેવું અણીદાર નાક આમ ચપટું થઈ જાય.'

'હા,પણ ૨૦ વર્ષ એટલો લાંબો સમય તો છે જ કે એક સારો માણસ ખરાબ થઈ શકે.... છેલ્લી ૧૦ મિનિટથી તારી ધરપકડ કરવામાં આવી છે, 'સિલ્કી બોબ'! શિકાગો પોલીસે અમને વાયરલેસ સંદેશો મોકલ્યો, પણ આપણે પોલીસ સ્ટેશન જઈએ એ પહેલાં કોઇએ તને ચિઠ્ઠી મોકલાવી છે.' પોલીસવાળાએ કહ્યું. બોબે ચિઠ્ઠી વાંચીઃ

**પ્રિય બોબ,**

હું નક્કી કરેલ મુજબ એ જગ્યાએ સમયસર પહોંચી જ ગયો હતો, પણ જ્યારે તે સિગાર માટે દીવાસળી સળગાવી ત્યારે એ પ્રકાશમાં મેં એવા માણસનો ચહેરો જોયો, જે શિકાગોમાં મોસ્ટ વોન્ટેડ હતો. એક પોલીસ અફસર તરીકે જાતે મારા દોસ્તની ધરપકડ કરતાં જીવ ના ચાલ્યો એટલે એટલે બીજાને મોકલીને એ કામ કરાવ્યું.

**તારો જિમ્મી**

આ છે વિખ્યાત લેખક ઓ. હેન્રીની આ અજરાઅમર વાર્તા, જે દોસ્તીની સૂક્ષ્મતમ સંવેદના બયાં કરી જાય છે. 'હેપ્પી ફ્રેન્ડશિપ-ડે'

**એંડ-ટાઇટલ્સઃ**
**આદમઃ દોસ્તી એટલે?**
**ઈવઃ જેમાં આવો સવાલ પૂછવો ના પડે.** ■

# રાધિકા હત્યાકાંડ: આપણા ક્રૂર સમાજે એક બાપની પણ હત્યા કરી છે!

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

ભારતીય સમાજમાંથી ઘણીવાર એવા એવા સમાચાર આવતા રહે છે, જે આપણને આપણા સભ્ય હોવા પર શંકા પડવા લાગે. આપણે હજારો વર્ષોની ભવ્ય પરંપરાનું ગૌરવ લઈએ છીએ, આપણે ‘સારે જહાં સે અચ્છા હિંદોસ્તાન’નાં ગાન ગાઈએ છીએ અને આપણે દુનિયાની સૌથી મોટી વિકસિત લોકશાહીના હાકલા પડકાર કરતા રહીએ છીએ, પણ ક્યારેક આ પ્રગતિ ભ્રામક લાગે તેવું પણ બનતું હોય છે. જે સમાજમાં અને જેની પરંપરામાં સ્ત્રીને શક્તિ માનીને પૂજવામાં આવતી હોય, ત્યાં એક બાપ એની દીકરીને માત્ર એટલા માટે ગોળીઓ મારી દે કારણ કે સમાજના લોકો એને ‘ગિરા હુઆ બાપ’ કહીને મહેણાં મારતા હતા...


તો આવા સમાજને શું કહેવું? શું માતા-પિતા પોતાના બાળકોનો જીવ લઈ શકે?

૨૦૦૮માં, આરુષિ તલવાર નામની યુવતીની એના જ ઘરમાં હત્યા થઇ ત્યારે આ સવાલ દેશે પૂછ્યો હતો. લોકોને

ત્યારે વિશ્વાસ જ નહતો આવ્યો કે એક ડોક્ટર દંપતી, નૂપુર અને રાજેશ તલવાર એમની એકની એક દીકરીને એટલા માટે મારી નાખે, કારણ કે એ ઘરના નોકર સાથે ‘હળીમળી’ ગઈ હતી ? આરુષિના મૃત્યુના ૧૭ વર્ષ પછી આ જ પ્રશ્ન ફરી ઊભો થયો છે.

દિલ્હી નજીક હરિયાણાના ગુરુગ્રામ સેક્ટરમાં દીપક યાદવ નામના પિતાએ એની ટેનિસ પ્રેમી દીકરી રાધિકાને પાછળથી ત્રણ ગોળીઓ ધરબી દીધી, તેને પારિવારિક મામલો કહીને આપણે આગળ વધી જઈએ તે ઉચિત નથી. આ ઘટના એ સમાજનું પ્રતિબિંબ છે જ્યાં આજે પણ સ્ત્રીના ખભા પર પરિવારની ઈજ્જત ઉજળી રાખવાનો ભાર છે. અને એવું પણ નથી કે આ કોઈ નફરતના ભાવથી થયું છે. એક બાપ એની દીકરીને એટલો બધો પ્રેમ કરતો હતો કે એનાથી સમાજનાં મહેણાં સહન ન થયાં અને એણે મહેણાં મારનારા લોકો તરફ બંદૂક તાકવાને બદલે પોતાની દીકરી પર જ નિશાન સાધ્યું, કારણ કે લોહીનો સંબંધ એ બાપને એ અધિકાર આપતો હતો. અથવા એવું કહો કે ઘર-સમાજની ઈજ્જતનું રક્ષણ કરવા માટે દીકરીનું બલિદાન આપી દેવા બદલ એ જ સમાજ તેને મેડલ આપવાનો હતો!

આ મામલો મીડિયામાં ચગ્યો તે પછી એવા પણ લોકો આગળ આવ્યા હતા, જેમણે જાત-ભાતનાં અન્ય કારણો અને તર્ક આપીને બાપના કૃત્યને ઉચિત ઠેરવ્યું હતું. સાચું કે ખોટું, ગમે તે કારણ હોય, છતાં એક બાપ એની જુવાન જોધ દીકરીને એક નહીં પણ ત્રણ ત્રણ ગોળીઓ કેવી રીતે મારી શકે? એ કેવી માનસિકતા હશે? એ કેવા સમાજનો દબાવ હશે? ટ્રેજેડી તો જુવો કે જે સમાજ સ્ત્રીઓને ભણવા માટે અને આગળ વધવા માટે પ્રોત્સાહન આપવાની વાત કરે છે એ જ સમાજમાં એક દીકરી નામના મેળવે છે તો લોકોને ખરાબ લાગે છે અને એના બાપને મહેણાં મારે છે. એ નિર્દયી સમાજે એક બાપનું ઘરની બહાર નીકળવાનું કેટલું મુશ્કેલ


પુત્રી રાધિકાની નિર્મમ હત્યા એના બાપ દીપક યાદવે કરી: સમાજે બાપને આવો નિષ્ઠુર બનાવ્યો?

કરી દીધું હશે કે બાપે બંદૂક ઉઠાવવી પડી!

પિતાએ પોલીસમાં કરેલા એકરાર અનુસાર, ‘મારી દીકરી રાષ્ટ્રીય ચેમ્પિયન હતી. ખભાની ઈજા પછી એણે પોતાની એકેડેમી શરૂ કરવાનું નક્કી કર્યું. જ્યારે હું દૂધ લેવા મારા ગામ વઝીરાબાદ જતો ત્યારે લોકો મને ઠપકો આપતા. લોકો કહેતા : ‘તું કેવો બાપ છે.. તારી દીકરીની કમાણી પર જીવી રહ્યો છે!’ મારું આત્મસન્માન ઘવાતું હતું. મને તે ગમતું નહોતું, એટલે મેં દીકરી રાધિકાને એકેડેમી બંધ કરવાનું કહ્યું હતું, પરંતુ એણે મારી વાત સાંભળી નહીં, તેથી મેં એને ગોળી મારી દીધી....!’

દુનિયામાં કોઈ એટલું મોટું કારણ નથી હોતું કે એક પિતા દીકરીને મારી નાખે. બીજું કંઈ નહીં, પણ માતા-પિતાએ એમનાં સંતાનોને ભાવનાત્મક ટેકો આપવો જોઈએ. જો દીકરીના પૈસે જીવવાનું આકરું લાગતું હોય તો અલગ થઇ જવું જોઈએ અને દીકરીને એની અલગ જિંદગી જીવવા દેવી જોઈએ. હત્યાથી શું મળે? બીજી તરફ, દીકરાની કમાણી ખવાય, ના ખવાય એ ભેદ પણ શું કામ હોવો જોઈએ? દીકરીને દીકરાની સમોવડી ગણતા હોઈએ તો એ પણ ઘરમાં આર્થિક યોગદાન આપે તે આવકાર્ય ન હોય? અને લોહીના સંબંધનું શું? કહેવાય છે કે એક પિતા એના દીકરા કરતાં દીકરી પ્રત્યે વધુ લાગણીશીલ અને પક્ષપાતી હોય છે, પણ અહીં જે પિતાએ સાત વર્ષની ઉંમરથી જેને ટેનિસ શીખવાડ્યું હોય તે એક દિવસ ‘લોકો શું કહેશે?’ના તનાવમાં આવી જઈને એ જ દીકરીનો જીવ લઇ લે તો આપણને પ્રેમ પરથી જ ભરોસો ઉઠી જાય.

સમાજની આ મુસીબત છે. ‘લોકો શું કહેશે’ એવો ભાવ આપણે ધારીએ છીએ તે કરતાં વધુ ક્રૂર રીતે સ્ત્રીઓનો દુશ્મન બની ગયો છે. સ્ત્રી પોતાની રીતે કામ પસંદ કરી ન શકે, પોતાની રીતે લગ્ન કરી ન શકે, પોતાની રીતે મિત્રો બનાવી ન શકે, ઈચ્છા હોય તે પ્રમાણે કપડાં પહેરી ન શકે, ક્યાંય આવી-જઈ ન શકે... કારણ કે ઘરના લોકોએ એક પ્રશ્ન સતાવતો હોય છે: લોકો શું કહેશે?

રાધિકાની વોટ્સએપ ચેટમાંથી એ પણ બહાર આવ્યું છે કે ઘણા પ્રતિબંધોનો સામનો કરી રહી હતી. એને બે મહિના માટે વિદેશ જવું પડ્યું હતું, પસંદગી ઓસ્ટ્રેલિયા કે દુબઈ વચ્ચે હતી. રાધિકાએ એના કોચને આ કહ્યું હતું. આનો અર્થ એ થયો કે તમામ સુખ-સુવિધાઓની વચ્ચે પણ એના પર સમાજની વિચારસરણી લાદવામાં આવી હતી. એક ચેટમાં રાધિકા કોચને કહે છે : ‘બસ, થોડું ખુલીને જીવવું છે.’ એણે કોચને વિનંતી કરી હતી કે એકેડમીમાં થોડાં બાળકોને મોકલે જેથી તેનું કામ ચાલતું રહે.

રાધિકાની હત્યા ઊંડા સામાજિક સવાલો ઊભા કરે છે. આ ઘટના જૂની માનસિકતા અને નવી પેઢીની સ્વતંત્રતા વચ્ચેના સંઘર્ષને ઉજાગર કરે છે. જ્યારે એક દીકરી પોતાની મહેનત સાથે આગળ વધે છે, પોતાના નિર્ણયો જાતે લે છે, ત્યારે એ જ સમાજને, એ જ પરિવારને ખટકવા લાગે, જેને એક સમયે એની સફળતા પર ગર્વ હતો. શું દીકરીની સફળતા અને આઝાદી એટલી મોટી ભૂલ છે કે એને એક બાપે આ રીતે મૃત્યુદંડ આપવો પડે?

એક વિકાસશીલ સમાજ ત્યારે જ વિકાસનું લક્ષ્ય હાંસલ કરી શકે, જ્યારે તે બદલાતા સમયનાં નવાં મૂલ્યોને આવકારે અને પરિવર્તનને તેના પ્રગતિશીલ અંતઃકરણ સાથે સંતુલિત કરે. ઘણીવાર નવી પેઢી પરિવર્તનમાં પોતાની જગ્યા કરવા માટે સમયની જરૂરિયાતો અનુસાર અનુકુળ થવાનો પ્રયત્ન કરતી હોય છે, પરંતુ તેની સામે જૂની પેઢીની સંકુચિત માનસિકતા એક દીવાલ બનીને આવી જાય છે.

આવા અવરોધો કેટલીકવાર એટલા કઠોર હોય છે કે એ માનવીય સંવેદનાઓ માટે કોઈ જગ્યા છોડતા નથી અને પોતાની વિવેકબુદ્ધિથી પોતાનું ભવિષ્ય પસંદ કરતા યુવાનોને રોકવા માટે હિંસાનો આશારો લે છે. રાજેશ ખન્નાએ ભલે ‘અમર પ્રેમ’માં શર્મિલાને સલાહ આપી હોય કે ‘કુછ તો લોગ કહેંગે, લોગો કા કામ હૈ કહેના, છોડો બેકાર કી બાતોં મેં બીત ન જાયે રૈના,’ લોકોની વાતોથી પીછો છોડાવો કેટલો અઘરો છે તે રાધિકાના કિસ્સામાં સાબિત થયું છે.

એક પિતાનો અહં કેટલો મોટો હશે કે એની સંવેદનાને કચડી ગયો? એનાથી પણ આગળ, એક સમાજની ઈજ્જત કેટલી મોટી હશે કે બાપને આટલો નિષ્ઠુર બનાવી દીધો? ગુરુગ્રામની આ ઘટનામાં માત્ર એક બાપે એની દીકરીની હત્યા નથી કરી, એક સમાજે એક બાપની પણ હત્યા કરી છે. ■

---

# આ ફ્રેન્ડલી ઈન્ડેક્સ દર્શાવશે ક્યાં રાજ્ય ઈન્વેસ્ટમેન્ટ માટે ઉત્તમ છે?

ઈકો-સ્પેશિયલ
જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

**આમ તો રોકાણકારો તો પોતાની રીતે આ વિશે જાણકારી મેળવતા રહે છે, પણ હવે કેન્દ્ર સરકાર આ દિશામાં માર્ગદર્શન મળી રહે એ હેતુ સાથે રાજ્યોનો એક ઈન્વેસ્ટમેન્ટ ફ્રેન્ડલી ઈન્ડેક્સ લોન્ચ કરી રહ્યું છે**



તાજેતરના એક સત્તાવાર અહેવાલ મુજબ વિદેશી રોકાણ આકર્ષવામાં મહારાષ્ટ્ર ગુજરાત કરતાં આગળ છે. જો ગુજરાતના વિકાસના ઢગલાબંધ ગુણો ગવાતા હોય તો તેને રોકાણ માટેનું આકર્ષક ડેસ્ટિનેશન પણ ગણવામાં આવતું હોય તો ગુજરાત પાછળ કેમ? એવો સવાલ થવો જોઈએ.

ખેર, આપણે અહીં માત્ર ગુજરાત અને મહારાષ્ટ્રની તુલના કે ઈર્ષ્યા કરવી નથી, પણ એક રાજ્ય વિકાસના સતત પ્રયાસ કરતું હોય તેમ છતાં પાછળ કેમ રહી જાય એનું મનોમંથન ત્યાંની રાજ્ય સરકારે જરૂર કરવું જોઈએ...

અલબત્ત, દરેક રાજ્યના પોતાના પ્લસ-માઈનસ પોઈન્ટ હોય છે. આ અભ્યાસમાં સહાયરૂપ થાય એવા એક કદમ સ્વરૂપે રાજ્યોનો એક ઈન્વેસ્ટમેન્ટ ફ્રેન્ડલી ઈન્ડેક્સ લોન્ચ થવાનો છે, જેને ટૂંકા નામે ‘IFI’ (ઈન્વેસ્ટમેન્ટ ફ્રેન્ડલી ઈન્ડેક્સ) ઓફ સ્ટેટસ કહે છે. આ ઈન્ડેક્સ જે-તે રાજ્ય આર્થિક વિકાસ, રોકાણ પ્રવાહ અને બિઝનેસ ગ્રોથ બાબતે કેવું અને કેટલું સફળ છે તેનું મુલ્યાંકન દર્શાવશે. આની ગણતરીની એક ચોકકસ પધ્ધતિ રહેશે, પણ આપણે એ ટેક્નિકલ બાબતમાં કે ગણિતમાં પડયા વિના તેના મુખ્ય કારણ સમજવા જોઈએ. ડિસેમ્બર ૨૦૨૪ સુધીના આંકડાને આધારે જોવાય તો સીધું વિદેશી રોકાણ આકર્ષવામાં મહારાષ્ટ્ર દેશનું અગ્રણી રાજ્ય છે. ત્યારબાદ કર્ણાટક, ગુજરાત, દિલ્હી અને તામિલનાડુ આવે છે. મહારાષ્ટ્રની આ સફળતામાં બહુ મોટો યશ મુંબઈને જાય છે. જેમ શૅરબજારના ઈન્ડેક્સ ચોકકસ સંકેત આપે છે તેમ રાજ્યોનો ‘ઈન્વેસ્ટમેન્ટ ફ્રેન્ડલી ઈન્ડેક્સ’ પણ ચોકકસ સંકેતો આપશે.

## ૨030 સુધીમાં ક્યાં પહોંચાશે?

ભારત હાલ ૨૦૩૦ સુધીમાં વિશ્વના ત્રીજા વિશાળ અર્થતંત્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે ત્યારે સરકારનું આ કદમ મહત્ત્વનું ઈન્ડિકેટર બનશે એમ જણાય છે. ‘એસ એન્ડ પી ગ્લોબલ માર્કેટ ઈન્ટેલિજન્સ’ના અભ્યાસ મુજબ ભારતનો જીડીપી નાણાકીય વરસ ૨૦૩૦-૩૧ સુધીમાં બમણો થઈને સાત લાખ કરોડ ડૉલરને પાર કરી જશે એવો અંદાજ છે. ભારત ઉત્પાદન ક્ષેત્રનું હબ બની રહ્યું છે, જેના પુરાવા રૂપે વરસ ૨૦૨૪-૨૫માં વિદેશી સીધા રોકાણ મામલે તેનો વૃદ્ધિ દર ૧૮ ટકા રહ્યો છે. તેમાં વળી મહારાષ્ટ્ર કુલ સીધા વિદેશી રોકાણમાં અગ્રક્રમે રહ્યું છે...

## ઈન્ડેકસમાં ક્યાં પરિબળો હશે?

રાજ્યોના મિત્રતા ઇન્ડેક્સ રોકાણો આકર્ષવા માટે મહત્ત્વની સંસ્થા ‘નીતિ આયોગ’ આ મિત્રતા ઇન્ડેક્સની પ્રથમ

આવૃત્તિ ઓગસ્ટમાં લોન્ચ કરશે, જે કંપનીઓને કુશળ માનવશક્તિની ઉપલબ્ધતા,

જરૂરી રોકાણ અને સંચાલનમાં સરળતા અને અનુપાલનના આધારે રાજ્યમાં રોકાણ કરવામાં મદદગાર સાબિત થશે. આ ઇન્ડેક્સ રાજ્યોને તેમના કાર્યક્ષેત્રમાં સુધારો કરવા માટે પણ પ્રોત્સાહિત કરશે, જેના પરિણામે સમગ્ર ભારતનું એકંદર રોકાણ વાતાવરણ સુધરશે. ‘નીતિ આયોગે’ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ડેટા એકઠાં કર્યો છે અને રાજ્યોના રેન્કિંગ પર પહોંચવા માટે પારદર્શક પદ્ધતિનું પાલન કરી આ ઇન્ડેક્સ રજૂ કરાશે.

## સમાન વિકાસનું લક્ષ્ય

સરકારનું ધ્યાન એ સુનિશ્ચિત કરવાનું છે કે દેશના રાજ્યોના તમામ પ્રદેશ એક સાથે વિકાસ પામે, ફક્ત થોડા વિસ્તારો કે રાજ્યો જ નહીં. દેશભરમાં એકંદર રોકાણ મિત્રતાપૂર્ણ વાતાવરણ રાષ્ટ્રીય ઉત્પાદન મિશનને નોંધપાત્ર પ્રોત્સાહન આપશે. આમ જોઇએ તો હાલ દક્ષિણ અને પશ્ચિમી રાજ્યો દેશના અન્ય ભાગો કરતાં રોકાણ આકર્ષવામાં, ખાસ કરીને ઓટોમોબાઈલ, ઇલેક્ટ્રોનિક્સ અને મોબાઇલ ફોનના ઉત્પાદનમાં આગળ પડતું સ્થાન ધરાવે છે. ‘ઇકોનોમિક એડવાઇઝરી કાઉન્સિલ’ દ્વારા વડા પ્રધાનને મોકલવામાં આવેલા એક દસ્તાવેજ મુજબ આવો ઇન્ડેક્સ રાજ્યોને તેમના રેન્કિંગમાં સુધારો કરવા માટે પ્રોત્સાહિત કરશે. ૨૦૨૩-૨૪માં પાંચ રાજ્ય કર્ણાટક, આંધ્ર પ્રદેશ, તેલંગણા, કેરળ અને તામિલનાડુ સામૂહિક રીતે ભારતના કુલ સ્થાનિક ઉત્પાદનમાં લગભગ ૩૦% હિસ્સો ધરાવે છે. નાણાપ્રધાન નિર્મલા સીતારમણે ૨૦૨૫-૨૬ માટેનું બજેટ રજૂ કરતી વખતે સરકાર ૨૦૨૫માં રાજ્યોનો રોકાણ મિત્રતા ઈન્ડેકસ લોન્ચ કરશે એવી જાહેરાત કરી હતી.

## ઇન્વેસ્ટમેન્ટ ફ્રેન્ડ્લી હોવાનાં માપદંડ

રોકાણની અસરકારકતા પર રાજ્યોની કામગીરીને માપવા માટે રોકાણ મિત્રતા ઇન્ડેક્સ માનવશક્તિ, માળખાગત સુવિધાઓ, જમીનની ઉપલબ્ધતા, અનુપાલનને નિર્ણાયક પરિબળો ગણાશે અને એનું વેઈટેજ (પ્રભાવ) આ ઇન્ડેક્સમાં હશે. તેના કારણે રોકાણ માટે શ્રેષ્ઠ રાજ્યોને ઓળખવામાં આ ઇન્ડેક્સ મદદરૂપ થશે. ‘નીતિ આયોગ’ એવી અપેક્ષા રાખે છે કે આનાથી ભારતમાં એકંદરે રોકાણ માટેની સાનુકૂળતા વધશે અને રેન્કિંગ સુધારવા માટે જરૂરી પગલાં લેવા માટે રાજ્યોને પ્રોત્સાહન મળશે.

## જોખમનાં પરિબળ ક્યાં?


વડા પ્રધાન નરેન્દ્ર મોદીને સમગ્ર દેશમાં એક સમાન વિકાસ થાય એમાં રસ હોવાથી ૨૦૨૪માં રાજ્યો માટે રોકાણકાર-મૈત્રીપૂર્ણ ચાર્ટર વિકસાવવા એમણે ‘નીતિ આયોગ’ને નિર્દેશ આપ્યા પછી આ જાહેરાત કરવામાં આવી હતી.

એવી અપેક્ષા રાખવામાં આવે છે કે રાજ્યોની કામગીરી તક અને જોખમના બે પ્રાથમિક પરિમાણના આધારે માપવામાં આવશે. આ સાથે ૩૫%ના વેઈટેજ સાથે જોખમના પરિમાણોમાં કુદરતી જોખમ, નિયમનકારી જોખમ, નાણાકીય જોખમ અને સંસ્થાકીય અસરકારકતા જેવા પરિબળોનો સમાવેશ થશે. આમ આ ‘ઈન્વેસ્ટમેન્ટ ફ્રેન્ડલી ઈન્ડેક્સ’ દેશના તેમ જ રાજ્યોના વિકાસને માપવામાં અને તેને આધારે વિદેશી તેમ જ સ્થાનિક રોકાણકારો માટે માર્ગદર્શક રૂપ બનશે. રાજ્યોમાં પણ આને કારણે તંદુરસ્ત હરીફાઈ આકાર પામશે એવું કહી શકાય. ■

---

# બદલાવને પારખીને એનો ગુણાકાર કરો...

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@bombaysamachar.com



ગયા અઠવાડિયે એક જાણીતી ટીવી ચેનલની સિનિયર ટીમ સાથે ચર્ચા ચાલી રહી હતી. ચર્ચા દરમિયાન પૂછવામાં આવ્યું :

‘આજની તારીખે અમારી સ્પર્ધા કોની સાથે છે તે કહી શકો?’

આપણે સહજ ભાવે ધારીએ કે બીજી ટીવી ચેનલો અને તેનાથી આગળ OTT ચેનલ્સ , યુટયૂબ વગેરે. જવાબ મળ્યો બ્રાન્ડ ડેટાના સહારે, જે ટીવી ચેનલ્સ પર ખર્ચ કરતી હતી તે હવે ઓનલાઇન શોપિંગ સાઈટ અને ક્વિક કોમર્સ પર કરે છે. કારણ સરળ છે, આ ચેનલ્સ પોતાના પ્લેટફોર્મ પર એડ કરવાની સામે નિશ્ચિત સેલની ખાતરી આપે છે. આવા સમયે કોઈપણ સમજદાર વ્યક્તિ પોતાનું બજેટ આ પ્લેટફોર્મ પર વધારી દે અને ટીવી પર ઓછુ કરી દે. આજે વાત આવા બદલાવની કરવાની છે, જે આપણે ધારીએ તેના કરતાં અલગ જ અનુભવ કરાવે છે.

સૌપ્રથમ આજે ઇનસાઈટ આધારિત વેચાણની જરૂર છે. પહેલા વેપારીઓ પ્રોડક્ટ વિશેની માહિતી આપી માલ વેચતા હતા. આજે વેબ પર લગભગ બધી માહિતી ઉપલબ્ધ છે તો તમે નવું શું કહેશો જયારે ગ્રાહક માલ ખરીદવા આવશે? આવા સમયે ઇનસાઈટ આધારિત વેચાણનો વિચાર કરવો પડશે.

આ ઇન્સાઇટ આધારિત વેચાણ સરળતાથી સમજીએ તો બ્રાન્ડની ખરી તકલીફ શું છે અને તે બ્રાન્ડના ગ્રાહકોની વિશેષ માહિતીઓ મેળવી કઇ રીતે તકલીફનું નિવારણ લાવી શકાય તેની વાતો કરવી. આને ઉદાહરણ દ્વારા સમજવાનો પ્રયત્ન કરીયે, જેમકે આજે લોકો પાસે સમય નથી. આ સમસ્યા છે. તેનો ઉકેલ રેડી ટુ ઈટના પેકેટ્સ આવ્યા, માઇક્રોવેવ ઓવન આવ્યા વગેરે. આ સમસ્યાના ઉકેલ માટે વિવિધ પ્રોડક્ટ લાવ્યા. બધા કહી રહ્યા છે કે સમય નથી તો તે મુજબના ઉત્પાદનો બનાવો. હવે એક બ્રાન્ડ આવી, જેણે કન્ઝ્યુમરના ડેટાનો વ્યવસ્થિત રીતે અભ્યાસ કર્યો અને ઇનસાઈટ મેળવી તારણો કાઢ્યા કે સમય નથી તે હકીકત છે,પણ આજે કન્ઝ્યુમર ઘરથી દૂર રહે છે તે પછી અભ્યાસાર્થે હોય કે નોકરી ધંધા માટે. બીજુ એને ખાવાનું બનાવતા મોટે ભાગે નથી આવડતું અથવા બનાવવું નથી ગમતું, પણ હકીકત એ છે કે એને ઘરનું ખાવાનું જોઈએ છે. તો આ કંપનીએ રેડી ટુ ઈટ સાથે સરળતાથી ઈડલી કે મેદુ વડા સીધા તેલમાં નાખી તે જ આકાર અને સ્વાદ મળે તેવાં ઉત્પાદનો લાવ્યા. બસ, કન્ઝ્યુમર ખુશ ને માલ વેચાવા લાગ્યો.

આમ તમે કઇ રીતે ડેટાનો ઉપયોગ કરી ઇનસાઈટ મેળવો છો જેના દ્વારા કન્ઝ્યુમરને જે જોઈએ છે, તે જાણે છે પણ તે કહી નથી શકતો તેવી વાતો એના જીવનમાં લાવો...

આ છે ઇનસાઈટ આધારિત વેચાણ.

બીજો બદલાવ એટલે સ્ક્રીન - ટીવીની સ્ક્રીન નહિં પણ મોબાઈલની સ્ક્રીન. આજે આ સ્ક્રીને ટીવીને પાછળ ધકેલી દીધી છે આથી આપણે આને ધ્યાનમાં રાખી વેબસાઈટ, કોમ્યૂનિકેશન બનાવવા પડશે. લોકો મોટા એપિસોડ નહિં પણ નાના વીડિયોને પ્રાધાન્યતા આપે છે તો તે પ્રમાણે પોકેટ સાઈઝ કન્ટેન્ટ બનાવવું પડશે.

એ જ રીતે , સેલિબ્રિટીની જગ્યા ઇન્ફ્લ્યુન્સરોએ કે નવી ટર્મિનોલોજી ક્રિએટરે લીધી છે. એ નાનાં શહેરોથી પણ હોઈ શકે અને આનાથી વિશ્વસનીયતા વધે છે. આપણે જોયું હશે કે આજના નામી સેલિબ્રિટીસ પણ નિયમિતપણે રીલ બનાવતા હોય છે. એ બધા જાણે છે કે જો એ આમ નહિં કરે તો આ ક્રિએટરોની હોડમાં ઊભા નહિ રહી શકે. સમય સાથે એ પણ પોતાની ચાલ બદલે છે. તો, આવા માઇક્રો ક્રિએટરો મોટો બદલાવ લાવ્યા છે.

આપણે ઘણીવાર સાંભળ્યુ છે કે આજે તમે જે વેચવા માગો છો તે નહિ, પણ ગ્રાહકને શું જોઈએ છે તે આપવું પડશે. બસ, આજ વાત કન્ટેન્ટ માટે પણ છે, ગ્રાહકને જેવું કન્ટેન્ટ ગમે છે તેવું આપવું. આજે રી-ટાર્ગેટીંગનો જમાનો છે. ટેક્નોલોજીના સહારે તમે જાણી શકો છો કે તમારો ગ્રાહક શું ગોતી રહ્યો છે. આવા સમયે તમારું કન્ટેન્ટ જો એને નજરમાં રાખી અર્થાત પરસોના બેઝડ હશે તો એનું ધ્યાન તરત તે તરફ આકર્ષાશે. આમ સમાન નહિ પણ અલગ અલગ વ્યક્તિને એના મુજબનું કન્ટેન્ટ પિરસવુ.

સૌથી મોટો બદલાવ એટલે AI... કઇ રીતે તેનો ઉપયોગ કરવો તે મહત્ત્વનું છે. તેના માટે શું પ્રોમ્પ્ટ કરવું તે શીખવું પડશે, કારણ જેવું વાવશો તેવું લણશો. માર્કેટિંગમાં આપણે SEO (સર્ચ એન્જિન ઓપ્ટિમાઈઝેશન) ની ટર્મિનોલોજીથી વાકેફ છીએ. આજે SEO માં મારું સ્થાન પહેલા પેજ પર છે તે જેટલું મહત્ત્વનું છે તેનાથી વધુ મહત્ત્વનું છે કે મારી બ્રાન્ડ AI સર્ચમાં આવે. આજે આપણે જયારે સર્ચ કરતા હશું ત્યારે ગૂગલ પોતાની રીતે બીજી વેબસાઇટની પહેલા માહિતી આપે છે તે AI આધારિત હોય છે અને ત્યાં મારું સ્થાન હોવું જોઈએ.

આવા તો ઘણા બદલાવો આપણે જોઈ શકીયે જે આજે વ્યવસાય માટે નવી વ્યવસ્થાઓ ઊભી કરી રહ્યા છે. આ બદલાવનો ફાયદો તે છે કે, આનો ફાયદો ફક્ત મોટી બ્રાન્ડને જ થાય છે અથવા મોટા વેપારીઓને થાય છે તે નથી. કોઈ પણ વેપારી અથવા બ્રાન્ડ જે આને સમજી તરત અમલમાં મૂકે એ નવા બદલાવનો ગુણાકાર કરી અગ્રસર બનવાની હોડમાં સામેલ થઇ જાય છે. ■

---

# શું સરસવનું તેલ ચહેરા પર લગાવી શકાય?

ટૂંકુ ને ટચ
રશ્મિ શુકલ
feedback@bombaysamachar.com

ખાવા અને વાળ પર લગાવવા માટે સરસવનું તેલ શ્રેષ્ઠ માનવામાં આવે છે. પરંતુ શું સરસવનું તેલ ચહેરા પર લગાવી શકાય? ચાલો જાણીએ આ વિશે...

સરવનું તેલ સ્વાસ્થ્ય માટે ખૂબ જ આરોગ્યપ્રદ માનવામાં આવે છે. તેનો ઉપયોગ મુખ્યત્વે ભારતીય ઘરોમાં ખોરાકમાં મસાલા ઉમેરવા માટે થાય છે. તે જ સમયે ઘણા લોકો વાળ પર લગાવવા માટે પણ તેનો ઉપયોગ કરે છે, પરંતુ ત્વચાને નુકસાન થવાના ડરથી તેને ચહેરા પર લગાવતા પહેલા ઘણી વાર વિચારો. પરંતુ ચાલો તમને જણાવી દઈએ કે સરસવના તેલમાં ઘણા એવા ગુણધર્મો છે, જે ત્વચાને પણ ફાયદો પહોંચાડી શકે છે. જો કે તે થોડું નુકસાન પણ કરી શકે છે. ચાલો જાણીએ કે ચહેરા પર સરસવનું તેલ લગાવવાના ફાયદા અને ગેરફાયદા શું છે?

## સરસવનું તેલ લગાવવાના ફાયદા

ચહેરા પર સરસવનું તેલ લગાવવાથી તમારી ત્વચાને પૂરતું પોષણ મળે છે. સરસવના તેલમાં મુખ્યત્વે ઓમેગા-૩ અને ઓમેગા-૬ ફેટી એસિડ હોય છે, જે તમારી ત્વચાને ઊંડે સુધી પોષણ આપે છે અને ભેજયુક્ત બનાવે છે. આ શુષ્ક અને નિર્જીવ ત્વચાને ચમકદાર બનાવે છે.

## કરચલીઓ અને ડાઘ-ધબ્બાથી રાહત

નિયમિત રીતે ચહેરા પર સરસવનું તેલ લગાવવાથી કરચલીઓ અને કરચલીઓ ઓછી થાય છે. વાસ્તવમાં સરસવના તેલમાં એન્ટી-ઓક્સિડન્ટ અને એન્ટી-એજિંગ ગુણધર્મો હોય છે, જે કરચલીઓ અને ફાઇન લાઇન્સ જેવા અકાળ વૃદ્ધત્વના ચિહ્નોને ઘટાડવામાં મદદરૂપ થઈ શકે છે.

## ગેરફાયદા?

કેટલાક લોકોને સરસવનું તેલ લગાવવાથી એલર્જી થઈ શકે છે, જેના કારણે તેઓ બળતરા, દુખાવો, ખંજવાળ અને લાલાશની ફરિયાદ કરી શકે છે.

સરસવનું તેલ થોડું જાડું અને ભારે હોય છે, જેના કારણે તે ત્વચાના છિદ્રોને બંધ કરી શકે છે. આવી સ્થિતિમાં ખીલ અથવા બ્રેકઆઉટ થવાની શક્યતા વધી જાય છે. જો તમે સરસવનું તેલ લગાવ્યા પછી તડકામાં બહાર જાઓ છો, તો સનબર્ન થવાનું જોખમ રહેલું છે. કારણ કે તે સૂર્યના તીવ્ર કિરણોથી ત્વચાને સંપૂર્ણપણે સુરક્ષિત કરવામાં સક્ષમ નથી. આવી સ્થિતિમાં, તડકામાં બહાર નીકળતા પહેલા ચહેરા પર સરસવનું તેલ ન લગાવો. ■

# યંગ ઑન્ટ્રપ્રેન્યોર અવૉર્ડથી નવાજાયેલા શ્વેતા મુત્રેજા-અગ્રવાલની ટેસ્ટી કેક, ચોકલેટ, કૂકીઝની પેશકશ






આજની યુવા પેઢી સહિત તમામ જનરેશન લોકોમાં પોતાની મેંદા વગરની કૂકીઝ, કેક, પેસ્ટ્રી અને ચોકલેટ સહિતની સ્વાદિષ્ટ વાનગીઓનો ચટકો લગાવ્યા બાદ કૉર્પોરેટ સેકટરમાં ધીમે ધીમે પણ મક્કમ ગતિએ આગળ વધી રહેલા કૂકી કેક ક્રમ્બલના સ્થાપક ૪૫ વર્ષના યુવા ઑન્ટ્રપ્રેન્યોર શ્વેતા મુત્રેજા-અગ્રવાલને તાજેતરમાં તેમના નવા ઓદ્યોગિક સાહસ બદલ ઈકોનોમિક્સ ટાઈમ્સ એફ એન્ડ બી લીડરના ઍવૉર્ડથી નવાજવામાં આવ્યા છે.

આજના જમાનામાં તગડી કોમ્પિટિશન વચ્ચે કેક ને કૂકીઝના ક્ષેત્રમાં કાઠું કાઢી રહેલા બેકિંગ ક્વીને શ્વેતા મુત્રેજા-અગ્રવાલ આજે પોતાના હાથે જ ઘરમાં ખાસ બનાવેલા કિચનમાં ઈંડા વગરની હેલ્થી કેક-કુકીઝ જેવી બેકરી આઈટમ્સ, ચોકલેટ, પેસ્ટ્રી જેવી અનેક સ્વાદિષ્ટ વાનગીઓ બનાવે છે. તેમની પાસે ખાસ તાલીમ પામેલો નાનો સ્ટાફ પણ છે. શ્વેતાના હાથના બનેલી ફૂડ પ્રોડક્સ ખાવાના શોખીનોને ઘેલા કરી મૂક્યા છે. નાનપણનો કૂકિંગનો શોખ આજે તેમની માટે એક પેશન બની ગયો છે અને તેમના આ સાહસ તેમની પેશન્સ અને મહેનતને કારણે આજે તેઓએ નાની ઉંમરે મોટું નામ કમાવ્યું છે.

કોવિડ મહામારી દરમ્યાન લૉકડાઉનમાં અનેક લોકોના ઉદ્યોગ-ધંધા પડી ભાંગ્યા હતા ત્યારે શ્વેતા મુત્રેજા કૂકિંગ પ્રત્યેના તેમના પેશનને એક નવી દિશામાં લઈ જવામાં સફળ રહ્યા હતા. કોવિડ મહામારી પહેલા તેઓએ કૂકિંગ કરતા હતા પણ લોકો સુધી પોતાના ફૂડ પ્રોડક્ટ્સ લઈ જવા માટે તેઓ હજી ચોક્કસ કંઈ વિચારે તે પહેલા જ તેમના એક મિત્રએ તેમના માટે હેલ્ધી કેક બનાવવાનો ઓર્ડર આપ્યો હતો. કોવિડના કારણે લૉકડાઉન હોવાથી બહાર દુકાનો બધી બંધ રહેતી હોવાને કારણે કેક બહારથી મળે એવી શક્યતા જ નહોતી. એવા સમયે મિત્રએ આપેલો કેકનો ઓર્ડર પર્ફેક્ટ હોવો જોઈએ તે માટે તેઓ માટે પૂરા દિલથી મહેનત કરીને તેમણે ૫૦ બોક્સ બનાવીને આપ્યા અને એ હેલ્ધી કેક લોકોને એટલી બધી ભાવી કે ત્યારપછી કોઈ દિવસ તેમણે પાછળ વળીને જોયું નથી.



કૂકિંગ ક્ષેત્રમાં આવવા પહેલા શ્વેતા પીઆર પ્રોફેશનમાં હતા. વાર તહેવારે નવા નવા ફૂડ પ્રોડક્ટ્સ સાથે લોકો સુધી પહોંચનારા શ્વેતા દિવાળી હોય કે ગણેશોત્સવ હોય લોકોને નવું આપવામાંથી કોઈ દિવસ પાછળ નહીં હટે. આવતા અઠવાડિયામાં રક્ષાબંધન છે તે માટે પણ તેઓ પોતાના નવા મેન્યુ સાથે હાજર થઈ ગયા છે. અલગ અલગ પ્રાઈઝ રેન્જમાં ૧,૦૦૦ રૂપિયાથી લઈને ૩,૨૦૦ રૂપિયા સુધીના તેમણે રક્ષાબંધન માટે હેમ્પર રાખ્યાં છે.

સંપૂર્ણ રીતે એગલેસ ખાદ્યપદાર્થ બનાવનારા શ્વેતાના જણાવ્યા પ્રમાણે હાલમાં દુબઈ ચોકલેટનો ટ્રેડ ચાલી રહ્યો છે. કોનાફા ચોકલેટ અને કોનાફા ચીઝકેક માટે તેમના મોટા પ્રમાણમાં ઓર્ડર આવી રહ્યા છે. આ સાથે જ તેઓ હવે ધીમી પણ મક્કમ ગતિએ કૉર્પોરેટ સેક્ટરમાં નાના સ્તરે કેટરિંગના ઓર્ડર લેવાનું ચાલુ કર્યું છે. શ્વેતાના જણાવ્યા પ્રમાણે તેમના પપ્પાનું હંમેશાંથી સપનું રહ્યું હતું કે તેણે બનાવેલી ડિશનો લોકો આનંદ ઉઠાવે અને તેમનું આ સપનું તેઓ ચોક્કસ એક દિવસ પૂરું કરશે.

નાનપણથી જ કૂકિંગ પ્રત્યે એક અલગ પ્રકારનું આકર્ષણ ધરાવતા શ્વેતા કૂકીઝ અને કેક, ચોકલેટ સહિતની અનેક બેકરી આઈટમમાં પોતાની આગવી ઓળખ ધરાવે છે. એ સિવાય કેટો, વિગન અને સુગર ફ્રી, ગ્લુટન ફ્રી અને જૈન બેકિંગ આઈટમ્સ પણ તેઓ બનાવે છે. તેમને આ કૂકિંગ પ્રત્યેનો શોખ તો ગળથૂથીમાં જ મળ્યો હતો. શ્વેતાના કહેવા મુજબ નાનપણમાં પપ્પા, મમ્મી, ફોઈઓ અને ઘરમાં કાકી દ્વારા બનાવવામાં આવતી રસોઈ અને નવા નવા ખાદ્યપદર્થિને જોઈને તેઓ પણ નાનપણથી મલબરી પાઈ બેક, બટર કૂકીઝ, અલ્મન્ડ રોડ, નૉગટ બાસ્કેટ જેવી બેકડ વાનગીઓ બનાવતા શીખી ગયા હતા. પોતાની આ વાનગીઓ શ્વેતા અકબર અલી અને રશ્મી ઉદય સિંહની દુકાનમાં સપ્લાય કરતા હતા.

સતત નવા નવા એકસપરીમેન્ટ કરનારા શ્વેતાના જણાવ્યા પ્રમાણે નાનપણથી કિચનમાં ઘૂસી જઈને કંઈ નવું બનાવવાની તેમનામાં પ્રબળ ઈચ્છા રહી હતી. તેમના પપ્પા ઓફિસથી સાંજે ઘરે આવતા અને સીધા રસોડામાં જઈને તેમની માટે જમવાનું બનાવતા અને તેમના હાથમાં જે ટેસ્ટ હતો તે આજે હોટલના જમવામાં પણ નહીં મળશે. તેમના પપ્પાને રસોડામાં રાંધતા જોઈને નાનપણથી તેમને પણ કૂકિંગ પ્રત્યે શોખ તો જાગ્યો જ હતો પણ પ્રોફેશનલ સ્તરે કંઈ કરવાનો હજી વિચાર્યું તો નહોતું છતાં ૨૦ વર્ષ પહેલા સોફિયા કૉલેજ ઓફ પોલિટેક્નિકલ કોલેજમાંથી બેકિંગમાં ડિપ્લોમા કોર્સ કરી નાખ્યો હતો. પછી એગલેસ બેકિંગનો કોર્સ કરવા માટે તેમણે સ્કૂલ ઓફ યુરોપિયનમાં એડમિશન લીધું હતું. ફૂકેતના ધ કૂકિંગ ક્લાસ પણ તેમણે કર્યા છે.

કૂકિંગ ફીલ્ડ એક એવું છે જેમાં તમારા ક્લાયન્ટને સતત કંઈ નવું આપતા રહેવું પડે છે. શ્વેતાના જણાવ્યા મુજબ તેમને ટ્રાવેલિંગનો ખૂબ શોખ છે એટલે તેઓ જે દેશમાં જાય ત્યાં જઈને ત્યાંની રેસિપી લઈને જ આવવી એવો એક નિયમ જ થઈ ગયો છે. શ્રીલંકા ગયા ત્યારે શ્રીલંકન અને ઈટલી ગયા તો ત્યાંથી ઈટાલિયન અને થાઈલેન્ડ ગયા તો ત્યાંની થાઈ વાનગીઓ બનાવતા શીખી ગયા છે.



શ્વેતાના જણાવ્યા મુજબ તેમના પપ્પાની કહેલી વાતને હંમેશા યાદ રાખી છે, જેમાં કોઈ પણ વાનગી બનાવતા સમયે તાજા ઈન્ગ્રેડિયન્ટ્સ વાપરવા. તેનાથી ટેસ્ટ તો રહે છે પણ તે આરોગ્ય માટે પણ હેલ્ધી રહે છે. શ્વેતાના જણાવ્યા મુજબ તેઓએ ડાયાબિટીકના દર્દીથી લઈને અન્ય ગંભીર બીમારી ધરાવતા દર્દીઓ માટે પણ ખાદ્યપદર્થિ બનાવ્યા છે. માતા-પિતા પણ તેમના બાળકને મેંદાના ખાદ્યપદાર્થથી દૂર રાખવાનું પસંદ કરે છે. એટલે જે આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને મેંદો નહીં પણ મિલેટ્સનો ઉપયોગ કરે છે. એટીથ્રીએલ કે મોન્ક ફ્રૂટ જેવા નેચરલ સ્વિટનર્સનો પણ તેઓ ઉપયોગ કરે છે. ખાદ્યપદાર્થ બનાવવામાં તેઓ કોઈ પણ પ્રકારની ગુણવત્તામાં બાંધછોડ કરતા નથી. તેઓ વિગન ફૂડ પણ બનાવે છે, જેમાં તેમની પાસે અલ્મન્ડ મિલ્સ, કોકોનટ મિલ્કની કેકના પણ ઓપ્શન છે.





શ્વેતાના ફૂડ પ્રોડક્ટસ મુંબઈગરાની સાથે જ બોલિવૂડમાં પણ અનેક કલાકારોમાં માનીતા છે. શ્વેતાએ અત્યાર સુધી બોલિવૂડમાં અભિષેક બચ્ચન, ઐશ્વર્યા રાય-બચ્ચન, ઈશા દેઓલ, વિદ્યા બાલન, કોંકણા સેન-શર્મા જેવા અનેક સેલેબ્સ માટે ગિફ્ટ હેમ્પર બનાવ્યા છે. હેલ્થ અને હાઈજિનને શ્વેતા પ્રાથમિકતા આપવામાં માને છે. ■

**અહીં ઓર્ડર આપી શકો છો**

ખાવાના શોખીનો તેમને વોટ્સએપ, ફોન નંબર સહિત ઈન્સ્ટાગ્રામ પર ઓર્ડર આપતા હોય છે. શ્વેતાને ૯૮૧૯૮૪૦૧૩ નંબર પર વોટ્સએપ પર મેસેજ કરીને ઓર્ડર આપી શકાય છે અથવા **kookiecakecrumble** પર ઓર્ડર કરી શકાય છે.

---

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ

feedback@bombaysamachar.com

# હળાહળ ઝેરીલા સાપવાળા ટાપુ પર માનવીને પ્રવેશ નથી!

એકાદ સાપ સપનામાં દેખાય કે સામે આવી જાય તો મોટાભાગના માનવી ઊછળી પડે. ભલે બધા સાપ- નાગ ઝેરીલા ન હોય પણ એની પૂરેપૂરી જાણકારી- સમજ ક્યાં છે આપણને? એવામાં ડગલે ને પગલે દુનિયાના સૌથી ખતરનાક અને ઝેરીલા સાપ હોય ત્યાં કોઈને જવાનું મન થાય ખરું? કદાચ મન થાય તો પણ ત્યાં જવાની મંજૂરી ન મળે.

હા, પર્યટકોને જવાની છૂટ નથી એવા ટાપુ પર. છે ચારેક હજાર અલગ અલગ પ્રજાતિના સાપ. અહીં સમ ખાવા પૂરતો એકેય માનવી કે પશુ પણ દેખાતા નથી. એ સ્થળ બ્રાઝિલનો ટાપુ. મૂળ નામ ઈલ્હા દા ક્યુઈમાંડા ગ્રાંડે પણ ઓળખાય સ્નેક આઈલેન્ડ તરીકે. અહીં દર સ્કવેર મીટર પર એક ઝેરીલો સાપ રહે છે. આ વિશ્વના સૌથી વધુ ઝેરીલા ગોલ્ડન લાંસહેડ વાઈપર સાપનું ઘર ગણાય છે.

સૌથી પહેલા જાણીએ સાપોના ટાપુનો ઈતિહાસ. બ્રાઝિલના પાટનગર સાઓ પાઉલોની દક્ષિણે ૯૦ કિલોમીટરના અંતરે આવેલો આ ટાપુ ૧૦૬ એકરમાં ફેલાયેલો છે. હકીકતમાં સમુદ્રની સપાટી વધી જવાથી આ ટાપુ બ્રાઝિલની મેઈનલેન્ડથી અલગ પડી ગયો હતો. ત્યાર બાદ અહીં રહેતા સાપ ઈવોલ્વ થવા, વિકાસ પામવા માંડ્યા. અહીં સાપ વધતા ગયા પણ એનો શિકાર કરનારા કે પકડનારા કોઈ નહોતા. સાપની વસતિ અને વૈવિધ્ય વધવા માંડ્યા.

આ ટાપુ પર નહોતા માનવી કે નહોતાં નાનાં-મોટાં જાનવર. આટલા બધા પેટ શેનાથી ભરે? એ લોકો પંખીઓનો શિકાર કરવા માંડ્યા. એમાંય મોટાભાગનાં યાયાવર પંખી. પોતાની મોસમમાં દૂરનું વતન છોડીને અહીં આવે અને સાપનો કોળિયો થઈ જાય,



પરંતુ પંખી ખૂબ સજાગ અને ચપળ હોય એટલે ઝડપથી છટકી જાય. કહેવાય છે કે શોધ એ જરૂરિયાતની જનની છે. ઊડતા પંખીને ઝડપી લેવા ત્યાંના અમુક સાપ ઊડવાય માંડ્યા.

જો કે ટાપુ પર ક્યારેય માનવ વસવાટ નહોતો સાવ એવું નથી. ઈ. સ. ૧૯૦૯થી ૨૦૨૦ વચ્ચે અહીં બનેલી દીવાદાંડીના સંચાલન માટે અમુક માણસો રહેતા હતા. પરંતુ એક દિવસે બારીમાંથી થોકબંધ સાપ તેમના ઘરમાં ઘૂસી ગયા. આ સાપોના જૂથે કરેલા હુમલામાં લાઈટ હાઉસ કીપર અને એના આખા કુટુંબે જીવ ગુમાવ્યા હતા.

વધુ ખાંખાખોળા કરતા માહિતી મળે છે કે આ ટાપુ પર સાપની વસતિ વધવાની શરૂઆત અગિયાર હજાર વર્ષ અગાઉ થઈ હતી. હવે વસતિ એટલી બેફામ થઈ ગઈ છે કે માણસો ત્યાં જવાનો વિચાર સુધ્ધાં કરતા નથી ને કદાચ કોઈ ધૂનીને મન થાય તો બ્રાઝીલ સરકાર ધરાર ત્યાં ન જવા દે.

અત્યારે તો માત્ર નૌકાદળ વિજ્ઞાનીઓ અને સંશોધકોને જ ટાપુ પર જવાની છૂટ છે. એટલાંટિક મહાસાગરમાં આવેલા આ ટાપુમાં જનારા રડ્યાખડ્યા વીરલા, સેટેલાઈટ ફોન અને પૂરી ટીમ સાથે જ જાય અને એ પણ સાપના ઝેર ઉતારવાની દવાના પૂરતા જથ્થા સાથે જ.

આ ટાપુની સૌથી ભયાનક અને ઝેરીલી વિશિષ્ટતા એટલે ગોલ્ડન લાંસહેડ વાઈપર સાપ. સરેરાશ ૭૦ થી ૯૦ સેન્ટિમીટરની લંબાઈ ધરાવતો આ સાપ માત્ર બ્રાઝિલમાં દેખાય છે. બીજા નંબરના સૌથી ઝેરી સાપ ગણાતા બોથ્રોપ્સ જરારાકાના ઝેર કરતાં ગોલ્ડન લાંસહેડ વાઈપર પાંચ ગણો વધુ ઝેરીલો છે. એ મુખ્યત્વે ચિલિયન ઈલાનિયા નામના યાયાવરી પંખીનો શિકાર કરે છે.

એક સમયે અહીંથી ગોલ્ડન લાંસહેન્ડ વાઈપર સાપની દાણચોરી થતી હતી. આ એક સાપ ૨૫-૨૫ લાખમાં વેચાતો હતો. હજીય સાપને ગેરકાયદે પકડવા માટે અમુક લોકો જીવ જોખમમાં મૂકતા હોવાના અહેવાલો આવતા રહે છે.

અને જોખમ પણ નાનુંસુનું નહીં.

ગોલ્ડન લાંસહેન્ડ વાઈપર સાપના કરડવાથી માણસની કિડની કામ કરતી બંધ થઈ જાય. આંતરિક રક્તસ્રાવ થાય અને માંસ પણ ઓગળવા માંડે.

આ ટાપુ પર નાના નાના પહાડ અને ગાઢ જંગલમાં એટલા બધા સાપ છે કે જો એક કરડે તો એનાથી બચો ત્યાં બીજો ડંખ મારી દે. એથી માનવીઓને અહીં આવવા દેવાનું જોખમ લેવાતું નથી. ■

---

ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી

feedback@bombaysamachar.com

# શિવાલયોમાં શિવનો સંસર્ગ ને આધ્યાત્મિક અનુભવ એ જ ખરી શ્રાવણ યાત્રા...

ક્યારેક કુદરતી સંકેત મળતા હોય છે અને કુદરત જ પરિસ્થિતિઓનું નિર્માણ કરે છે તમે કોઈ એવા રસ્તા પર ચાલી નીકળો જે ખરેખર તમારા માટે જ સર્જાયો હોય છે. મને નર્મદા પરિક્રમા કરવાની ઇચ્છા ત્યારથી હતી જ્યારથી રેવા સાથે જોડાવાના સંજોગ બન્યા. અનાયાસે જ રેવા સાથે જોડાવાનો મોકો મળ્યો અને રેવા જીવનનો ખૂબ જ મહત્ત્વનો હિસ્સો બની ગઈ. દરેક વ્યક્તિ સાથે આવી કોઈ ને કોઈ ઘટના તો બનતી જ હોય છે જેમાં કુદરતનો સંકેત હોય. પરિક્રમા કરવાનો સંકલ્પ પણ આ રીતે જ બન્યો. કોઈ ખાસ નિયમ, માનતા કે જિજ્ઞાસાને પકડીને નહીં પણ બસ મને પરિક્રમા કરવી જ છે એવી તીવ્ર ઈચ્છા થઈ એટલે સમય, ચાતુર્માસ કે સુરક્ષા જેવા કોઈ પણ કારણને કાને ધર્યા વિના નીકળી પડ્યા. રેવાનાં કારણે જ શિવનાં વિવિધ શિવાલયોમાં રહેવાનાં કે જોવાનાં સંજોગો ઘડાતા ગયા અને આપોઆપ શિવ સાથે વધુ પરિચય કેળવાયો. નદી કિનારાનો માર્ગ સામાન્ય રીતે અંતરિયાળ ગામડાઓમાંથી પસાર થતો હોય અને ત્યાં પ્રકૃતિ સોળે કળાએ ખીલેલી હોય છે અને પ્રકૃતિનાં સાનિધ્યમાં ગામને છેવાડે શિવજી બિરાજેલા જ હોય અને એ જ તમારો આશરો એટલે અનાયાસે પણ શિવજી સાથે તમારો પરિચય થયા વિના ના રહે. પહેલાના સમયમાં દરેક ગામના ચોરે એક મંદિર હોતું, પાદરમાં એક શિવાલય અને ગામની બહાર એક મઢી. નર્મદા પરિક્રમા પથમાં આવાં અઢળક શિવાલયો, પ્રાચીન શિવ સ્થાનકો વગેરે આવે છે પણ અમુક સ્થાનકો હૃદયને સ્પર્શી ગયાં અને જગ્યા છોડવાનું મન ન થાય એવાં હતાં, એવાં સ્થાનકો વિષે અહીં ચર્ચા કરીશું.



હાફેશ્વર મહાદેવ - ગુજરાત- મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્ર ત્રણે રાજ્યોમાં વહેતી નર્મદાના ઘાટ પર પહાડોની ઘાટી વચ્ચે અદ્‌ભુત શિવાલય છે. ગુજરાતમાં છોટા ઉદેપુર જિલ્લાના કાવંત નજીક આવેલ આ સ્થળ નર્મદાનાં ડૂબક્ષેત્રમાં હોઈ નદી કિનારે નવું મંદિર બનાવવામાં આવ્યું છે પણ જૂનું મંદિર ક્યારેક ક્યારેક પાણીની સપાટી ઓછી થતા દેખાય છે અથવા તો નાવ લઈને મંદિરને જળમગ્ન જોઈ શકાય છે. છેલ્લે ૨૦૧૮માં હાફેશ્વરની શિવાલય અર્ધું બહાર આવ્યું હતું. મંદિરની ધજા જળસપાટી પર જોઈ શકાય છે. અહીં ભોજન માટે ભંડારો અને યાત્રિકોને રહેવા માટે સુવિધા મંદિર દ્વારા જ કરવામાં આવે છે. ચોતરફ વનરાજી અને નર્મદા નદીના ઊંડા પ્રવાહને માણવો હોય તો આ સ્થળ શ્રેષ્ઠ કહી શકાય.

કોટેશ્વર મહાદેવ - કોટેશ્વર ઘાટ મધ્ય પ્રદેશનાં ધાર જિલ્લામાં નર્મદાનાં ડૂબ ક્ષેત્રમાં આવેલ રમણીય સ્થાનક છે જ્યાં ખૂબ જ વિશાળ પટમાં નર્મદા મુક્તમને વહેતી જોવા મળે છે અને અહીં નર્મદાનો રવ પણ સાંભળવા મળે છે. વિંધ્યાચળ પર્વતમાળાની ગોદમાં વસેલું કોટેશ્વર કુદરતના અસીમ વહાલ વચ્ચે લીલોતરીથી સતત છવાયેલું રહે છે. મહાભારત કાળથી જાણીતું આ શિવાલય મહાદેવની હાજરીનો દિવ્ય અનુભવ કરાવે છે. સામાન્ય રીતે આ મંદિર નર્મદાના ડૂબક્ષેત્રમાં હોઈ ચોમાસા દરમ્યાન જળમગ્ન રહે છે એટલે આસાપાસનાં વિશાળ વૃક્ષો પણ પાણીની સપાટીની નીચે ગરકાવ થઇ જાય છે. અહીં દગડું મહારાજની અખંડ રામધૂન વાતાવરણને દિવ્ય બનાવે છે. જૂના કોટેશ્વરથી થોડે દૂર નવું કોટેશ્વર નગર વસાવવામાં આવ્યું છે. અહીંનું નર્મદા જળ એટલું શુદ્ધ છે કે માછલીઓને સ્પષ્ટ રીતે જોઈ શકાય. શ્રાવણ માસ દરમ્યાન અહીં પાર્થિવ શિવલિંગનું પૂજન વૈદિક મંત્રોચાર સાથે કરવામાં આવે છે. 'રેવા' - આ એક શબ્દ વંચાય કે તરત મનમાં ક્યાંક એનો મધુર રવ સંભળાય, સ્મૃતિપટમાં વમળો લેતી, પહાડો કૂદતી, પથ્થરોની શિલાઓ સાથે અફળાતી અને સાવ શાંત અને પહોળા પટમાં જરાક પણ અવાજ વિના વહેતી એવા તમામ અલગ અલગ રૂપો નજર સમક્ષ તરવરવા લાગે. ભાગ્યે જ કોઈ હશે કે જેના મનમાં આ નિર્મળ ધારા નહિં વહેતી હોય. નર્મદા ભારતના દરેક જનોને જાણે અજાણે સ્પર્શે છે અને નિરંતર વહે પણ છે. રેવાની પરિક્રમા દરમ્યાન નિર્જન કોટેશ્વર ઘાટ પર બેસીને સામે કિનારે આવેલ રાજઘાટને નિહાળતાં નિહાળતાં નર્મદાનું વ્હાલપ માણ્યું ત્યારે સહજતાથી સમજાયું કે નર્મદા આ દેશનાં જ પુણ્યશાળી જનોની તપશ્ચર્યા અને સારાં કર્મોનું ફળ છે જે આપણા જેવા ભાગ્યશાળી જનોને સહજ રીતે મળે છે અને એના કિનારે ચાલનારા લોકોના મનમાં પણ એ જ સહજતા અને શ્રેષ્ઠ વ્યક્તિત્વના તમામ ગુણોની સરવાણી એ જ વહેતી કરે છે.

નીલકંઠ મહાદેવ માંડવગઢ - માંડવગઢની ખૂબસૂરતી, અહીંની ભવ્ય બાંધકામની શૈલી અને અહીંનું કુદરતી નયનરમ્ય વાતાવરણ જ અહીંની મુલાકાતને યાદગાર બનાવે છે, માંડવગઢમાં પ્રવેશતા જ ભવ્ય નીલકંઠ મંદિર જાણે તમારું સ્વાગત કરવા માટે તત્પર હોય છે. ૧૬મી સદીમાં બનેલું નીલકંઠ મહાદેવ મંદિરમાં આવેલા શિવલિંગ પર પથ્થરોમાંથી સતત વહેતી કુદરતી ધારા અભિષેક કરે છે. વિવિધ રાજાઓ, સુલતાન વગેરેઓએ મંદિરમાં વિવિધ શૈલીથી ફેરફાર કરાવ્યો હોય હિન્દુ અને મુઘલ સ્થાપત્યની ઝલક આ મંદિરમાં જોવા મળે છે. મંદિરની નજીક પર્વતમાળા પરથી સૂર્યાસ્તનું દ્રશ્ય મનને તૃપ્ત કરે એવું અદ્‌ભુત દેખાય છે.

સિદ્ધનાથ મહાદેવ, નિમાવર - ભારતીય પુરાતત્ત્વ વિભાગની દેખરેખ હેઠળ આવેલ સિદ્ધનાથ મહાદેવ મંદિર દેવાસ જીલ્લાના નિમાવર ખાતે આવેલ છે. બ્રહ્માજીનાં માનસ પુત્ર દ્વારા સતયુગમાં સ્થાપિત આ મંદિર નર્મદા ઘાટ પર આવેલા હિંદુઓનું મુખ્ય આસ્થા કેન્દ્ર છે. અસંખ્ય દેવી દેવતાઓના કંડારીને બનેલા શિલ્પોથી બનેલા આ મંદિર સાથે મહાભારતની કથાઓ પણ જોડાયેલી છે. અહીં પાંડવો દ્વારા અર્ધું બનેલુ મંદિર પણ આવેલ છે. દેવોના દેવ મહાદેવનો પ્રથમ શૃંગાર ચિતાની છેલ્લી ભસ્મથી થાય છે. આ શૃંગારને રેવાને તીરે દર્શન કરવાનો લહાવો મળે એ પણ સદીઓ પુરાણા શિવાલયમાં એટલે જાણે શિવ જાતે જ કૃપા વરસાવે છે એવો અનુભવ થાય. વહેલી સવારે અહીં ભસ્મ આરતીનો લ્હાવો અને નર્મદા સ્નાનનો લ્હાવો પણ લઇ શકાય છે. અહીં વિવિધ આશ્રમો અને સંસ્થાઓ છે જ્યાં રહેવા ખાવાની સુવિધાઓ વિના મૂલ્યે મળી રહે છે.

સહસ્ત્રાધારા, મહેશ્વર - શિવ અને શિવ આત્મજા રેવાના સંસર્ગમાં એના ખળ ખળ વહેતાં નીરને દિવસે મન ભરીને નિહાળ્યું અને રાત્રે મન ભરીને સાંભળ્યું ત્યારે સમગ્ર સૃષ્ટિ જાણે રેવા સામે નતમસ્તક હોય એવી અનુભૂતિ થાય એવું આ સ્થળ એટલે સહસ્ત્રાધારા. અહીં નર્મદાની વહેતી અનેક ધારાઓ વચ્ચે શિવ વિરાજમાન છે એટલે રાત્રી દરમિયાન રેવાનાં નીરને સાંભળતા સાંભળતા આકાશના વિશાળ તારોડિયાના ભંડારના દર્શન નરી આંખે કરી શકાય. ઘુવડનો સતત ભય પ્રેરતો અવાજ, તમરાઓ અને દેડકાઓનો રાત્રિની નિરવ શાંતિ સાથે તાલ મિલાવવા પ્રયત્ન કરતી સતત ધૂન, પોતાના જ પગરવથી પણ હૃદયના ધબકારાઓની ગતિ પળવારમાં વધી જાય. ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# ઘરની ધોરાજી હાંકવી

ગુજરાતી કહેવતોનો ઈતિહાસ સાથે જોડાણનો સિલસિલો આગળ વધારીએ. **ઘરની ધોરાજી હાંકવી** કહેવત તમારા વાંચવા કે સાંભળવામાં આવી હશે. આ કહેવતમાં જે ધોરાજીનો ઉલ્લેખ છે એ હાલ રાજકોટ જિલ્લાનો વિસ્તાર છે. સુંદર નગર આયોજન ધરાવતું ધોરાજી નગર આઝાદી પૂર્વે ગોંડલ રાજ્યનું વિસ્તાર હતું. જૂના ગોંડલ રાજ્યનું ધોરાજી નગર મૂળ જૂનાગઢના નવાબના અખત્યાર હેઠળ હતું. નવાબ બહાદુરખાન જૂનાગઢના સાતમા નવાબ હતા. ૧૮૮૨થી ૧૮૯૨ એમ ૧૦ વર્ષ તેમણે શાસન કર્યું હતું. ૧૭૩૦માં મોહમ્મદ શેરખાન બાબીએ જૂનાગઢની સ્થાપના કરી હતી અને બહાદુર ખાન એમના વંશજ હતા. નવાબ બહાદુર ખાન સાથે ધોરાજી અને ઉપલેટાના જાગીરદાર તેમજ લશ્કરની ટુકડીના માથાભારે અને બળવાખોર સરદાર વસંતરાય પુરબિયાને ઘર્ષણ થયું હતું. પુરબિયા પાસે આરબોની મોટી ફોજ તૈનાત રહેતી હતી. ચતુર પુરબિયા પ્રસંગોપાત બાદશાહને આર્થિક મદદ સુધ્ધાં કરતો હતો. આવી જ કોઈ મદદના બદલામાં પુરબિયાએ નવાબ પાસેથી ધોરાજી ઉપરાંત બીજા ચાર ગામ પણ કુનેહપૂર્વક મેળવી લીધા હતા. ત્યારબાદ રાજ્યમાં આંતરિક ખટપટો થતા વસંતરાય બળવાખોરની મદદે આવ્યા અને તેમનું સમર્થન કર્યું. જોકે, કપરા કાળમાં ગોંડલના કુંભાજી હાલોજી ઠાકોર નવાબની મદદે આવ્યા. કુંભાજીનું આક્રમક વલણ જોઈ પુરબિયા ગભરાયો અને નાસી જઈ ઉપરકોટ



વિસ્તારમાં સંતાઈ ગયો. કુંભાજીએ ત્યાં પણ એની પૂંઠ પકડી અને તેને તગેડી મૂક્યો. કુંભાજીની કુનેહ અને શૌર્યથી ખુશ થઈ નવાબ બહાદુર ખાનએ તેને શિરપાવ પેટે ધોરાજી સહિત પાંચ ગામ ભેટ આપ્યા. આમ કુંભાજીએ ધોરાજી ઘરની કરી મતલબ કે પોતાની કરી. એ સમયથી **'ઘરની ધોરાજી'** લોકોક્તિ પ્રચલિત થઈ. જોકે, વર્તમાન સમયમાં આ કહેવત સાવ જુદા અર્થમાં વપરાય છે. ઉપજાવી કાઢેલી વાત કે ડિંગ મારવી એના માટે **ઘરની ધોરાજી હાંકવી** એમ કહેવાય છે. કોઈ માણસ વ્યક્તિગત સિદ્ધિના બણગાં ફૂંકતો હોય જે માની ન શકાય એમ હોય ત્યારે ઘરની ધોરાજી હાંકવી રહેવા દે એમ કહી ટપારવામાં આવે છે.

ઘર સંબંધિત અનેક રૂઢિપ્રયોગ અને કહેવત છે. જોકે, એમાં સૌરાષ્ટ્રની ધરતી પર અવતરેલી કહેવતનો જોટો જડવો મુશ્કેલ છે. લોકસાહિત્યમાં દુહા સ્વરૂપે વણાઈ ગયેલી કહેવત છે **ઘર વખાણીએ બારથી ને ઓરડો વખાણીએ છત.** સૌરાષ્ટ્રના ખમતીધર રહેવાસીની ડેલીમાં પગ મૂકતા કાષ્ઠ કોતરણીવાળાં બારણાં અને બારસાખ (ઘરના બારણાનો ભીંત સાથે ચણેલો ઉમરા સાથેનો લાકડાનો ઘડેલો ઘાટ, બારણાનું ચોકઠું) ઊડીને આંખે વળગે. બારસાખ માથે ગણપતિબાપા કંડારાયા હોય, ઉપર હીર-ભરતનું તોરણ, ચાકળા અને લટકણિયાં ટાંગ્યાં હોય. થોડું ચીતરકામ પણ હોય. છત પણ એવી કામણગારી હોય કે જોઈને હૈયે ટાઢક થાય. આવા ઘરમાં હસતે મોઢે આવકાર આપતા મીઠાબોલા જણ રહેતા હોય અને એમના અનન્ય આવકારને કારણે ચોમેર એમની પ્રશંસા થતી હોય.

## રાષ્ટ્ર ભાષા: ઢિલ્લૂ-ઢિલ્લિકા-દહલીજ-દિલ્લી

દેશના અનેક નગર તેમજ શહેરના નામ પાછળ રોચક ઈતિહાસ જોડાયેલો છે જેની સાથે ભાષાની ખાસિયત પણ જોડાઈ છે. આજે આપણે દેશની રાજધાની દિલ્હીના મજેદાર ઈતિહાસથી વાકેફ થઈએ. મહાભારતમાં પાંડવોની રાજધાની તરીકે ઇન્દ્રપ્રસ્થનો ઉલ્લેખ આવે છે. પાંડવોએ ખાંડવપ્રસ્થ નામના જંગલનો પૂરો સફાયો કરી ઇન્દ્રપ્રસ્થ શહેર વસાવ્યું હોવાની રજૂઆત 'મહાભારત'માં કરવામાં આવી છે. આ ઈન્દ્રપ્રસ્થ એટલે આજના દિલ્હી શહેરનો પ્રાચીન અવતાર. **प्राचीन काल में दिल्ली का नाम इंद्रप्रस्थ हुआ करता था. इतिहासकारों के मुताबिक ईस्वीसन पूर्व ८०० में कनौज के गौतम वंश के राजा ढिल्लु ने ईस शहर पर कब्जा कर लिया था. तब उसने 'इन्द्रप्रस्थ' का नाम बदलकर 'ढील्लु' कर दिया था. वहीं मध्यकालीन युग ईस्वीसन १०५२ में तोमर वंश के राजा अनंगपाल द्वितीय को दिल्ली की स्थापना के लिए जाना जाता है. उनके शासनकाल में दिल्ली 'ढिल्लिका' के नाम से जानी जाती थी.** અન્ય ઢીલ્લુ, ઢિલ્લિકા અને દિલ્હી ઉપરાંત પણ દિલ્હીની કથા પ્રચલિત છે.અન્ય ઈતિહાસકારોનું માનવું છે કે દિલ્હી શબ્દ ફારસી શબ્દ 'દહલીજ' કે 'દેહલી'થી અવતર્યો છે. આ બંને શબ્દનો અર્થ પ્રવેશદ્વાર થાય છે. એ સમય કાળમાં આ જગ્યા ગંગા નદીના કિનારે આવેલા ગામના ગેટ તરીકે ઓળખાતું હતું. એ કારણસર એનું નામ દિલ્હી પડ્યું હતું.

## સગ્ગી બહિણ: करवीर-कोल्लगिरी-कोल्हापुर

ઈટાલિયન લક્ઝરી ફેશન બ્રાન્ડના કારણે હાલ કોલ્હાપુરી ચપ્પલ ખાસ્સા ચર્ચામાં છે. કોઈ શહેરના નામ સાથે પગરખાં જોડાયા હોય એનું આ વિલક્ષણ ઉદાહરણ છે. અલબત્ત, કોલ્હાપુર કોલ્હાપુરી ચપ્પલ ઉપરાંત મહાલક્ષ્મી મંદિર (અંબાબાઈ મંદિર), કુસ્તીના ખેલ તેમજ મિસળ અને ગોળ માટે સુધ્ધાં પ્રસિદ્ધ છે. આ શહેરના નામ પાછળની કથા પણ મિસળ જેવી મસાલેદાર છે. **कोल्हापुर या स्थल नामाचा 'करवीर' म्हणूनही उल्लेख सापडतो. महालक्ष्मीने आपल्या शुभदायक करांनी या नगरीला प्रलयकाळाच्या संकटातून सुरक्षित उचलेले म्हणून त्यांस 'करवीर' असे सार्थपणे संबोधले जाते.** ઈતિહાસના પાનાં ઉથલાવવાથી કોલ્હાપુરનો ઉલ્લેખ 'કરવીર' તરીકે પણ જોવા મળે છે. મહાલક્ષ્મી દેવીએ પોતાના શુભ હસ્તે આ નગરીને પ્રલય કાળના સંકટમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢ્યું એટલે એનું નામ 'કરવીર' પડ્યું હતું એવું કહેવાય છે. આ વ્યુત્પત્તિ બ્રિટિશ પુરાતત્ત્વ ખાતાએ પણ સૂચિત કરી છે. એ પહેલા આ શહેર કોલ્લાપુર, કોલ્લપુર, કોલ્લગિરી, કોલ્લાદિગિરીપટ્ટણ જેવા વિવિધ નામે પણ પ્રચલિત હતું. પ્રાકૃત ભાષામાં કોલ્લ એટલે ખીણ અને ખીણનો પ્રદેશ એટલે કોલ્લાપુર અને પછી કોલ્હાપુર એવી સંભાવનાનો પણ સ્વીકાર કરવામાં આવ્યો છે. અલબત્ત, આના કોઈ લેખિત પુરાવા ન હોવાથી મહાલક્ષ્મી દેવીના નામ સાથે જોડાયેલી કથા જનતાએ સ્વીકારી લીધી છે.

## ENગ્લિશ વિંGLISH: NAME CHANGE



શાળાના અભ્યાસ દરમિયાન જે વિવિધ વિષય ભણવામાં આવ્યા હશે એમાં ઈતિહાસની હાજરી તો અચૂક હોવાની જ. આ વિષય તમને બોરિંગ લાગતો હોય, એના પિરિયડમાં બગાસા આવતા હોય તો પણ એની કેટલીક વાત તમારા દિમાગમાં ફિટ બેસી ગઈ હશે એવો દાવો જરૂર કરી શકાય. કેટલીક ઘટનાઓ તેમ જ કેટલીક હસ્તીઓના નામ તમને આજે પણ યાદ હશે. ક્રિસ્ટોફર કોલંબસ એવું જ એક નામ છે. ઈટાલિયન નાવિક ક્રિસ્ટોફર દરિયો ખેડવાના શોખીન હતા. સાગર સફરમાં કોલંબસે ઘણા નવા પ્રદેશની ખોજ કરી હતી જેમાં હાલ રિપબ્લિક ઓફ કોલંબિયા તરીકે જાણીતા દેશનો પણ સમાવેશ છે. ઓગણીસમી સદીમાં સાગર ખેડુનાં સ્મરણમાં દેશનું નામકરણ કોલંબિયા કરવામાં આવ્યું હતું. ઈટલીના બીજા પ્રખ્યાત સાગર ખેડુ અમેરિગો વેસ્પુસીના નામ પરથી તેણે શોધી કાઢેલા પ્રદેશને અમેરિકા નામ આપવામાં આવ્યું હતું એ કથા જગજાહેર છે. જોકે, નામકરણના મામલે રશિયાના શહેર સેન્ટ પીટર્સબર્ગનો જોટો જડવો મુશ્કેલ છે. આ શહેર નામ બદલવાનો રેકોર્ડ ધરાવે છે. આ શહેરની સ્થાપના ૧૭૦૩માં રશિયન સમ્રાટ પીટર ધ ગ્રેટ દ્વારા કરવામાં આવી હતી. સમ્રાટ પીટરને સંત પીટર માટે આદર અને અહોભાવ હતા અને એટલે તેમ જ એ સમયકાળમાં યુરોપિયન શહેરોના નામ સાથે લ્લબર્ગ' (જેનો અર્થ શહેર થાય છે) શબ્દ જોડવાની પ્રથા હોવાથી 'સેન્ટ પીટર' અને 'બર્ગ' મળી નામ સેન્ટ પીટર્સબર્ગ પડી ગયું. Founded by Peter the Great in 1703, the city was named after Saint Peter, Peter the Great's patron saint, and also in a nod to European cities with ""burg"" in their names. The name was a combination of ""Saint Peter"" and ""burg"" (meaning city). જોકે, ત્યારબાદ નામમાં કેટલાક બદલાવ થયા છે. એને માટે રાજકીય ધરી અને સાંસ્કૃતિક પરિબળો જવાબદાર હતા. ૧૯૧૪માં જર્મન લાગતો શબ્દ 'બર્ગ' શબ્દ નામમાંથી હટાવી દેવામાં આવ્યો અને it was renamed Petrograd - પેટ્રોગાર્ડ તરીકે ઓળખાવા લાગ્યું. આ નામાંતરણને હજી દસકો પણ નહોતો થયો ત્યાં ફરી ફેરફાર કરવામાં આવ્યો. સોવિયેત રશિયાના પ્રથમ સમાજવાદી શાસક તેમજ વિશ્વ વિખ્યાત રશિયન ક્રાંતિકારી અને સમાજવાદી વિચારધારાના પ્રણેતા વ્લાદિમીર લેનિનના મૃત્યુ પછી એ શહેરનું નામ લેનિનગ્રાડ પાડવામાં આવ્યું હતું. આ નામ ૬૭ વર્ષ ટક્યું અને ૧૯૯૧માં જનમત લેવામાં આવ્યો અને શહેર ફરી મૂળ નામ સેન્ટ પીટર્સબર્ગ તરીકે ઓળખાવા લાગ્યું.

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# કચ્છ ધરા પર પાંગરતું બેજોડ જૈવ વૈવિધ્ય...



'ઓહો કલીક!' મેં કહ્યું. જોકે આછા અજવાળામાં આ પંખી મને કલીક કરતાં ઘણું અલગ લાગ્યું. ખડમોરનો ચમકતો કાળો અને સફેદ પીછાંનો ભભકો ઝાંખો પડી ગયેલો લાગ્યો. કલગી પણ અગાઉ હતી તેવી નહોતી રહી. જોકે મને તો કલીક એવો ને એવો વાચાળ અને મજામાં લાગ્યો, આ ખડમોર મને વહાલો થઈ પડેલો જીવ છે. મેં તેના બદલાયેલાં રંગ-રૂપ વિશે તેને કંઈ પૂછ્યું નહીં.

હું તેને ઓળખી ગયો એટલે ખડમોર રાજી થઈ ગયો. કહે, 'હા હું કલીક જ. મને એમ કે તું મને ભૂલી ગયો હોઈશ.'

'તને થોડો ભૂલું? મેં કહ્યું, 'પણ તું હજી અહીં કેમ છે? તારા પ્રદેશમાં જતો નથી રહ્યો?

'કેમ તને કંઈ મુશ્કેલી છે? ખડમોરે સીધું જ પૂછ્યું. પછી કહે, 'જેમ તું હજી અહીં છે તેમ હું પણ અહીં છું.'

મેં કહ્યું, 'અરે ના. મુશ્કેલી નહીં, પણ મને તો એવી ખબર હતી કે તમે, ખડમોર લોકો આ ઘાસવનમાં ચોમાસા પૂરતાં જ જોવા મળો છો. પછી નથી દેખાતાં.'

'શું શું શું? અમે જોવા મળીએ છીએ, નથી જોવા મળતાં, એવું બધું? ખડમોર કેકેકેકે સ્વર કાઢીને ખૂબ હસ્યો અને બોલ્યો, 'તમે માણસોયે ખરા છોવ. અને સાહેબ તેંય મને 'જોવા મળો છો' કહીને જોવાની ચીજ બનાવી દીધો?

'ના, એમ નહીં...'

હું કહેવા ગયો ત્યાં વચ્ચે ખડમોર કહે, 'તમારે બધાને બસ કંઈનું કંઈ જોવું હોય છે. કોઈકને ઘોરાડ જોવું છે, કોઈને સુરખાબ જોવાં છે. કોઈકને ફાલ્કન, ઈગલ હેણોતરા, વરુ કે સિંહ, વાઘ. બસ બધું જોવું છે. જ્યાં જુવો ત્યાં 'હાલો જોવા, હાલો જોવા.' કંઈ જોવા ન મળે તો. કહેશો ખાલી રણ બતાવો.'

કહીને ખડમોરે તેની ડોક ખાસ પ્રકારે નચાવીને આગળ 'હું તો બધે ફરું છું બધે, આ જંગલોમાં કાંઈ નહોતું ત્યાં હવે ઉપર ચડીને જોવાય એવાં, જેને 'વોચ-ટાવર' કહે છે તે બનાવ્યા છે. એના ઉપર ચડીને બેસવાનું અને 'આ જીવ વરસાદમાં, પેલો જીવ શિયાળે, પેલો ઉનાળે, પેલો જીવ આમ પેલો તેમ. બસ અમારી તો એવી જ વાતો ચાલે.'

તાજેતરમાં કવિ-લેખક ધ્રુવ ભટ્ટ લિખિત 'તિલોર... લુપ્તયોગનું કલ્પવિધાન' નામે પ્રકાશિત નવલકથાનો સંવાદ પ્રસંગ તમે આગળ માણ્યો. પક્ષી સાથે સંવાદથી તો લાગે જાણે નજર સમક્ષ દ્રશ્ય ખડું હોય. આડકતરા ઈશારા, પરોક્ષ આંખો ઉઘાડતા જરૂરી- ભાવમય સંદેશા. કચ્છમાં વસતી જત કોમના માલધારીઓ અને ઊંટ સાથેનું તેમનું સહજીવન પ્રસંગો રજૂ કરી મનને મોહી લેનારા છે. એની પણ વાંકા અંગવાળાનો મુદ્દો મગજમાં છે એટલે વાત તો કરશું જ ક્યારેક. અભણના મુખેથી વિભાજનની વેદના, સમજદાર કહેવાતી રમીના પાત્ર દ્વારા કચ્છી બાઈયુંની ખમીરી હોય કે પશુ-પંખીઓએ કરેલા સંવાદ; બધું જ એટલું સરસ રીતે પીરસાયું છે કે વારી જવાય!

પુસ્તકના ઉઘાડથી અંત એકદમ હૃદયસ્પર્શી છે. લેખક પક્ષી સાથે વાતચીત કરતા પૂછે છે, તારું નામ શું ? 'તિલોર' તેણે કહ્યું. નિશાળમાં ભણતી વખતે મેં કોઈ શબ્દકોશમાં ટિલોર શબ્દ વાંચ્યો હતો. 'તમે બીજું બોલ્યા તે હશે. અમે તમારા જેટલું સરસ રીતે બોલી નથી શકતા.' પેલાએ કહ્યું, અને ઉમેર્યું, 'અને તિલોર પણ મારા એકલાનું નામ નથી. તમારી યાદી પ્રમાણે તો અમે અમારો આખો વંશ તિલોર કહેવાઈએ.' અને અંત પણ નામ પૂછવાથી જ થાય છે. અંતિમ વાર્તાલાપ છે, 'મારી વાતમાંથી બન્ને ગુરાચીનો બહુ ઓછું સમજી હશે તે મને ખબર હતી તોપણ હું આનંદભર્યા શબ્દો ઉચ્ચાર્યે ગયો. અંતે મેં ફરી કહ્યું, 'બોલો, બોલો, તમારાં નામ તો કહો. લોકો તમને જોઈને શું બોલે છે તે જાણું તો ખરો! 'મારું નામ' એક સોહનચીડિયા બોલી, 'પરહેપ્સ,' 'લાસ્ટવન.' બીજીએ કહ્યું.

ધ્રુવભાઈ નિવેદન કરે છે કે, 'મને પશુ-પક્ષી, તેમનાં રહેણાંક (હેબીટેટ), તેમની આદતો, વર્તણૂક કે તેમની જીવનશૈલી, કશા વિશે કશું જ જ્ઞાન નથી. આવા વિષયોમાં મારો કોઈ અભ્યાસ પણ નથી. જનસામાન્ય જાણતા હોય તેથી વધુ કંઈ જાણવાના, મારા પૂરતા પ્રયત્નો પણ નથી. મને મજા પડે છે માત્ર આ બધાંના હોવામાં. હું અને મારી સાથે, પૃથ્વી પર વસતા જીવો એક સમયમાં સાથે છીએ તે સમયના બદલાવની અમારા પર થતી અસર અને પરસ્પરના સંબંધોનો વિચાર મને એવા રમ્ય પ્રદેશોમાં લઈ જાય છે; જ્યાં મને ઘણી નવતર વાતો સમજાય છે. એ સમજ મને પૃથ્વી પર પાંગરેલા જીવવૈવિધ્ય અને મારી સાથે જે કંઈ બની રહ્યું છે તેના અપાર આશ્ચર્ય, આનંદ, પીડા, જવાબદેહી, પશ્ચાત્તાપ અને કહ્યા વગર રહી ન શકાય તેવા સંજોગો વચ્ચે લાવી મૂકે છે. આમ, મારા સમયમાં શું બન્યું છે તે નિરાંતે સમજવાનો, નોંધવાનો અને કહેવાનો મારો પ્રયાસ એટલે મારી કથાઓ.' અને આ નિવેદન પુસ્તકના અંત સુધી યથાર્થ ઠરે છે. ધ્રુવભાઈ તમને સૌ કચ્છીઓ વતી સો-સો સલામ. ■

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# રાધારાણીએ કેટલા ડૉલરમાં પોપટ પાળ્યો...?




'આ બાસમતી ચોખાની કોથળી બે હાથે પકડો અને આ બરણીમાં નાખો.' રાધારાણીએ હુકમ કર્યો. આપણે ગોરધન તરીકે ઘરવાળીનો પડ્યો બોલનો તો અમલ કરવાનો હોય, પરંતુ જે બોલ બોલાયા ન હોય તેનો પણ અમલ કરવાનો હોય એવી પણ ઘરવાળીની અપેક્ષા હોય.

'ભલે.' એમ કહી બાસમતી ચોખાની બાર રતલની બેગને એક ખૂણેથી ઉંદર કાગળ કાતરે તેમ કાતરથી કાપી. પછી બેગ ઊંચી કરી. ચોખાની બેગ ઊંચી કરેલ એટલે નીચે મુકેલ બરણી દેખાતી ન હતી. 'તેલ જુવો તેલની ધાર જુવો..' એવું કહેવામાં આવે છે, પરંતુ 'ચોખા ભરવાની બરણી જુવો અને ચોખાની ધાર જુઓ' એવું ક્યા કહ્યું છે? પરિણામે ચોખાએ બળવો કર્યો. બરણીમાં ગણીને સાડા ત્રણ ચોખા પડયા અને બાકીના બહાર પડ્યા. ચોખા વેરાયા કિચનમાં.....એમાં રાધા રાણીનો પિતો ગયો.

'ભૈસાબ, તમને તો કોઇ કામ સોંપાય એવું નથી. કોઇ કામમાં બુધવારો બળ્યો ન હોય. મને ક્યાં કમત સૂઝી કે તમને પાડા વાળવાનું કહ્યું. તમે તો મારું કામ વધાર્યું. તમને મૂંઆ રાજુડા સાથે ઉલાળવા અને ચાયડા ચૂસવા સિવાય કશો વેતો પડતો નથી.'

રાધારાણીએ રંધા વગર અમને છોલી નાંખ્યા. ભલાઈનો જમાનો જ રહ્યો નથી. એક તો કામમાં મદદ કરવાની અને ઉપરથી ડંડા ખાવાના. આ ક્યાંનો ન્યાય?

'જો રાધુ, હવે હદ થાય છે. તને ખબર છે તે મને આવા કામ કરવાની ફાવટ નથી અને ડોમેસ્ટિક કામમાં મને રસ પણ નથી, છતાં તું જાણી જોઇને મને હેરાન કરવા હોળી સળગાવે છે.' મેં પણ કઢાય તેટલી દાઝ કાઢી.

'ગિરધરલાલ, તમે ઘસીને ગૂમડે ચોપડવાના કામમાં આવો એવા નથી. હું તમને વતાવવા માગતી જ ન હતી. તમારું ડાચું જોવા માગતી નથી. પણ હું શું કરું?'

આટલું કહી રાધારાણી મુસળધાર રડયા. હું બઘવાઇ ગયો. આ સિંહણે એકાએક બકરી અવતાર કેમ ધારણ કર્યો હશે?

'રાધુ, શું થયું? તું આમ પોદળા જેવી ઢીલી પડે એ મને ન ગમે?' મેં લાગણીથી કહ્યું. ગળે લગાડી. મેં એના આંસુ લૂંછ્યા. એને પાણીનો ગ્લાસ આપ્યો.

'ગિરધરલાલ, મારી આંગળી જુઓ. પૂરી કહાની સમજ મે આ જાયેંગી.' આમ કહી રાધારાણીએ જમણા હાથની વચલી આંગળી દેખાડી. આંગળી ફૂટબોલ તો નહીં પરંતુ, ગોલ્ફ રમતના સફેદ બોલ જેવી સૂઝીને લાલ થઈ ગઇ હતી. આંગળી ઘેરા રંગની થયેલી. આંગળીની ચામડી તડતડી ગઇ હતી. આજુબાજુ પીળા રંગનું પરું ભરાયું હતું.

'આટલું બધું થયું છે તો કહેવાય કે નહીં?' મેં પ્રેમથી રાધારાણીને ઠપકો આપ્યો.

'આંગળી મારું લોહી પી ગઇ છે. મારો જીવ લઇને જપશે.' દર્દથી કણસતા રાધારાણીએ કહ્યું.

'પણ કેમ કરતા આંગળી પકાવી?' અમે ચિંતા જતાવી.

'મેં ગેસ ચાલુ કર્યો અને ગેસની ફલેમ વચ્ચે આંગળી મૂકી. આંગળી પાકી ગઇ.' કોઇ વાનગીની રેસીપી કહેતી હોય તેમ રાધારાણીએ દર્દથી કણસતાં મજાક કરી. હકીકતમાં રાધારાણી રોટલી શેકતા ઇલેક્ટ્રિક ચૂલાની ગરમ કોઇલને અડી ગયેલાં એમાં આંગળીના નખનું નૈયું પાક્યું.

'હવે શું કરીશું?' મેં પૂછ્યું. કેમ કે, અમે ઇન્ડિયા નહીં પણ અમેરિકામાં હતા.ભારતમાં અસલી અને ઝોલાછાપ ડોકટરો અર્ધી રાતે મળી આવે. ઇન્ડિયાથી આવતી વખતે તમામ દવા ડોકટરોની ઓરિજિનલ પ્રિસ્ક્રિપ્શન સાથે લઇ આવેલા, પરંતુ બર્નોલ કે એન્ટિબાયોટિક દવા લઇને નહીં આવેલા.

'તમને ડોકટરોની એપોઇન્ટમેન્ટ તો ત્રણ ચાર મહિના સુધી મળશે નહીં. અહીં હરવું ફરવું સારું છે. પરંતુ, માંદા પડવું એ મરવા જેવું છે. મેડિકલેમ ન હોય તો સારવાર કરવી એ ચંદનનાં લાકડે બળવા જેવું મોંઘું છે.' અમારા યજમાન સ્પંદને કહ્યું .

'ત્યાં લગી તો આંગળી કે હાથ કાપવાની નોબત આવશે.' અમે દહેશત વ્યક્ત કરી. રાધારાણી ઠૂંઠી થાય તો કેવી લાગે એની કલ્પનામાં મલકાયા. રાધારાણીએ અમને પકડી પાડ્યા.

'દેડકીનો જીવ જાય છે અને વરૂને હસવું આવે છે.' કહેવત ઉલ્ટાવીને અમને ખખડાવી નાખ્યા.

'આપણને મલમ અને એન્ટિબાયોટિક ટેબ્લેટ કે કેપ્સ્યુલ ન મળે?' મેં યજમાન સ્પંદનને પૂછ્યું

'અહીં પ્રિસ્ક્રિસ્પ્શન વગર ઓવર ધી કાઉન્ટર પ્રકારની દવા કે ટેબ્લેટ મેડિકલ સ્ટોર કે ઇવન મોલમાં મળે, પરંતુ ગળી શકાય તેવી ટેબ્લેટ કે ટીકડી પ્રિસ્ક્રિસ્પ્શન વગર ન મળે.' સ્પંદને માહિતી આપી. અમે ઇન્ડિયા વીડિયો કોલ કરી ડોકટરને ટેલિમેડિસીનની જેમ કન્સલ્ટ કર્યા. અમે લીધેલી કંઇ દવા ચાલે તે પૂછ્યું.

રાધારાણીએ આંગળી પર હળદર લગાવવાના ઉપચારમાં સફેદ ચાદર પીળી કરી નાંખી. ગોળ અને હળદરને ગરમ કરી એટલે ખદખદાવીને કપડાંના પાટા પર લગાવી આંગળી પર પાટો બાંધવાના ડોશી ઉપચારમાં આંગળીનો સોજો ડબલ થયો. આંકડાના પાનનો લેપ, કાળી જીરીનો મલમ. જેટલા મોં એટલા ઉપચાર. ભારતમાં હોત તો ભૂવા પાસે રાંજણની જેમ દોરો કરાવ્યો. તમામ ઉપચારની એક જ અસર થઇ કે આંગળી ફૂલવા માંડી.

'તમારે ડોકટરને દેખાડ્યું હોય તો અર્જન્ટ કન્સલટન્સી સેન્ટર સિવાય કોઇ વિકલ્પ નથી. તમે કહેતા હો તો ઓનલાઇન એપોઇન્ટમેન્ટ માટે ટ્રાય કરું. કદાચ મેળ પડી જાય.' સ્પંદને કહ્યું. અમારે હા પાડવા સિવાય કોઇ વિકલ્પ જ ક્યાં હતો ?

'કોનસેન્ટ્રામાં એપોઇન્ટમેન્ટ મળી છે.' એક દિવસ સ્પંદને ગોળના ગાડા જેવી માહિતી આપી. અમે ત્યાં પહોંચ્યા. ગણીને ચાર દર્દી હતા. અમે સાંજે સાડા સાતે પહોંચેલા. સેનેટરવાળાએ ચારસો ડૉલરનો ચાંદલો કરાવ્યો. સવા બે કલાકે અમારો વારો આવ્યો. આટલા સમયમાં ભારતમાં કવોલીફાઇડ કે ઝોલાછાપ દર્દી વરસની ચાલીસ પચાસ હજારની ઓપીડી પતાવી નાખે અને દર્દીના ખિસ્સાનું ખિસ્સાકાતરૂની જેમ કરી નાંખે. દર્દી સાથે એક જ વ્યક્તિ જઇ શકે. આપણે દર્દી સાથે સગાના ધાડા ડોકટરની ચેમ્બરમાં બેધડક જાય તે દિવસો યાદ આવ્યા. અમને અંગ્રેજી પીતા ન આવડે તો બોલતા કયાંથી આવડે? પરિણામે સ્પંદન અમારી રાધારાણી સાથે ડોકટરની ચેમ્બરમાં ગયો.

'ચાલો, કામ પતી ગયું.' સ્પંદને કહ્યું. બંને જણ એક કલાક પછી ડોકટરની ચેન્બરમાંથી બહાર આવ્યા. ડોકટર તો સાંજે છ વાગ્યે સેન્ટરમાંથી ચાલતી પકડે. ડોકટર ગયા પછી ઇન્ટર્ની ફિઝિશિયન કે નર્સ સારવારનો ખેલ પાડે. કોઇ નર્સે જનરલ એનેસ્થિયા આપી સૂઝીને દડો થયેલ આંગળી પર ચેકો મારી ડ્રેસિંગ કરેલ. ઓઇન્ટમેન્ટ,બેન્ડએડ અને દવા લખી આપેલ. રાધારાણીએ આંગળી પંદર દિવસ તુલસીદાસ ચંદન ઘસે તેમ મલમ ઘસ્યો. ટીકડા ખાધા. અંતે આંગળી ગોલ્ફબોલમાંથી ઓરિજિનલ સ્વરૂપમાં આવી.

**એટલા દિવસ અમે શું કર્યું?**

પાઉં અને બ્રેડના ડૂચા મોઢામાં ઠુંસે રાખ્યા. દાળભાત ખીચડી, કિનોવા, ઓટસ ઓરે રાખ્યા. ત્યારે બધું નોર્મલ થયું.

રાધારાણીની વચલી આંગળીએ પાળેલ પોપટ પંદર દિવસમાં પાંચ હજાર ડૉલરમાં પડ્યો. એટલા રૂપિયામાં તો કેટલા બધા સાચા પોપટ પાળી શકાય. આમ આવું વિચારીને અમારે રડવું કે હસવું તેની જ ખબર પડતી નથી. વાંચકો, તમે તો જણાવજો પ્લીલીલીલીઇઝ.... ■

# અમેરિકામાં રોજગાર વૃદ્ધિ મંદ પડતાં સપ્તાહના અંતે વૈશ્વિક સોનું બે ટકા ઉછળ્યું

## રૂપિયો નબળો પડવાથી સોનાની આયાત પડતર વધતાં અપેક્ષિત માગ વૃદ્ધિ રૂંધાઈ

કોમોડિટી

રમેશ ગોહિલ

ગત સપ્તાહ દરમિયાન અમેરિકાના જાહેર થયેલા આર્થિક ડેટાઓ એકંદરે સારા આવ્યા હોવાથી વિશ્વ બજારમાં સોનામાં સલામતી માટેની માગ નબળી પડવાની સાથે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ જોવા મળ્યું હોવાથી ગત ગુરુવાર સુધી સોનાના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હતું. જોકે, સપ્તાહના અંતે શુક્રવારે અમેરિકાના રોજગારીના ડેટા બજારની અપેક્ષા કરતાં નબળા આવ્યા હોવાથી વર્ષ ૨૦૨૫માં ફેડરલ રિઝર્વ ઓછામાં ઓછા બે વખત વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ અને અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ ટૅરિફ અંગેની વધુ જાહેરાતો કરે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સોનાના ભાવમાં બે ટકા જેટલો ઉછાળો આવી ગયો હતો અને પુનઃ ભાવ ઔંસદીઠ ૩૩૨૫ ડૉલરની સપાટી પાર કરી ગયા હતા. જોકે, વિતેલા સપ્તાહ ટૅરિફની અનિશ્ચિતતાઓ વચ્ચે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ઑલ ફોલ ડાઉનનું વલણ જળવાઈ રહેતાં સપ્તાહ દરમિયાન રૂપિયો ૬૬ પૈસા ગબડી ગયો હોવાથી સોનાની આયાત પડતર વધવાથી વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૯૩ સુધી મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે વેરારહિત ધોરણે હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ આગલા સપ્તાહના અંતના ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૮,૪૪૬ના બંધ સામે નરમાઈના અન્ડરટોને રૂ. ૯૮,૩૭૫ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૯૭,૯૭૧ અને ઉપરમાં રૂ. ૯૯,૦૧૭ની રેન્જમાં રહ્યા બાદ અંતે આગલા બંધ સામે સાધારણ રૂ. ૧૯૩ના ઘટાડા સાથે રૂ. ૯૮,૨૫૩ના મથાળે બંધ રહ્યા હતા. સ્થાનિકમાં વિશ્વ બજાર પાછળ સોનાના ભાવમાં સાધારણ નરમાઈનું વલણ રહ્યું હોવાથી આગલા સપ્તાહની સરખામણીમાં ગ્રાહકોની ચહેલપહેલ સારી માત્રામાં જોવા મળી હોવાનું પૂના સ્થિત એક જ્વેલરે જણાવતાં ઉમેર્યું હતું કે ગ્રાહકો ભાવના વલણ અંગે વધુ પૂછપરછ કરી રહ્યા હતા અને ખરીદી થોડી માત્રામાં કરતા હોવાનું તેમણે ઉમેર્યું હતું.

વધુમાં ગત સપ્તાહે વિશ્વ બજાર પાછળ સોનાના ભાવમાં કરેક્શન જોવા મળ્યું હતું, પરંતુ રૂપિયાની નરમાઈને કારણે ભાવમાં અપેક્ષિત ઓછો ઘટાડો થવાથી જ્વેલરોની છૂટીછવાઈ માગ નીકળી હતી. આમ રિટેલ સ્તરની અને જ્વેલરોની ખપપૂરતી માગનો ટેકો મળતાં સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ જે આગલા સપ્તાહે વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૧૫ ડૉલર આસપાસના ડિસ્કાઉન્ટમાં ઓફર કરતાં હતા તેની સામે ગત સપ્તાહે ઔંસદીઠ સાત ડૉલર આસપાસના ડિસ્કાઉન્ટમાં ઓફર કરી રહ્યાના અહેવાલ હતા. તાજેતરમાં સોનાના ભાવમાં થયેલા વધારાની માગ પર માઠી અસર પડવાથી કૅલૅન્ડર વર્ષ ૨૦૨૫માં ભારતની સોનાની માગ ઘટીને પાંચ વર્ષની નીચી સપાટીએ રહેવાની શક્યતા વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલે એક અહેવાલમાં વ્યક્ત કરી છે. એકંદરે વિશ્વ બજારમાં ગત ગુરુવાર સુધી સોનાના ભાવ બેતરફી વધઘટે અથડાતા રહ્યા હોવાથી સાપ્તાહિક ધોરણે સાધારણ ૦.૫ ટકાનો સુધારો જોવા મળ્યો હતો, જ્યારે ચાંદીમાં નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં ત્રણ ટકા જેટલો કડાકો બોલાયો હતો. વાસ્તવમાં અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની નવા આક્રમક ટૅરિફની જાહેરાત સાથે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હતા. નોંધનીય બાબત એ છે કે અમેરિકા સાથે ટ્રેડ ડીલ ન થઈ હોય તેવા દેશોથી થતી આયાત સામે ૧૦ ટકા બેઝ ટૅરિફ ઉપરાંત ૪૧ ટકા ટૅરિફ સુધીની જાહેરાત કરી હતી. આ ઉપરાંત તૃતિય દેશો મારફતે થતી શંકાસ્પદ આયાત સામે વધુ ૪૦ ટકા લેવી લાદવાની જાહેરાત કરી હોવાથી વૈશ્વિક વેપારોમાં અનિશ્ચિતતા સર્જાવાની ભીતિ સપાટી પર આવી હતી. આ સિવાય ગત સપ્તાહે જાહેર થયેલા અમેરિકાના અન્ય આર્થિક ડેટાઓમાં જૂન મહિનાનો પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર આંક બજારની અપેક્ષા કરતાં વધી આવ્યો હોવાથી ફુગાવાની ઊંચી સપાટી જળવાઈ રહેવાની ભીતિ ઊભી થઈ હતી, જ્યારે બેરોજગારી ભથ્થું મેળવનારાઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. તેમ જ ગત ૨૯-૩૦ જુલાઈના રોજ યોજાયેલી અમેરિકી ફેડરલ રિઝર્વની નીતિવિષયક બેઠકના અંતે ફેડરલના અધ્યક્ષ જૅરૉમ પૉવૅલે અપેક્ષાનુસાર વ્યાજદર યથાવત્ રાખવાની સાથે નવાં ટૅરિફની અર્થતંત્ર પર થનારી સંભવિત અસરને ધ્યાનમાં લીધા વિના વ્યાજદરમાં કાપ મૂકવાનો નિર્ણય લેવામાં નહીં આવે તેવી સ્પષ્ટતા પણ કરી હતી.



વર્તમાન સ્થિતિને ધ્યાનમાં લેતા આગામી સપ્તાહ દરમિયાન વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંસદીઠ ૩૨૮૦થી ૩૪૨૦ ડૉલરની રેન્જમાં રહે તેવી અને સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૪,૩૦૦થી ૯૯,૮૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા એસએમસી ઈન્વેસ્ટમેન્ટ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે વ્યક્ત કરવાની સાથે ભાવમાં ભારે ચંચળતાનું વલણ જોવા મળશે, એમ જણાવ્યું હતું.

દરમિયાન ગત સપ્તાહના અંતે અમેરિકાના પે રૉલ ડેટા બજારની અપેક્ષા કરતાં નબળા આવ્યા બાદ ફેડરલ દ્વારા રેટકટ અંગેનો આશાવાદ વધવાથી તેમ જ ટ્રમ્પની ટૅરિફની જાહેરાતો સાથે વેપારની અનિશ્ચિતતા સપાટી પર આવતાં ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૧.૮ ટકા ઉછળીને ગત ૨૫ જુલાઈ પછીની ઊંચી ઔંસદીઠ ૩૩૪૭.૬૬ ડૉલરની સપાટીએ અને વાયદામાં ભાવ ૧.૫ ટકા વધીને ૩૩૯૯.૮ ડૉલર આસપાસના મથાળે રહ્યા હતા. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત જુલાઈ મહિનામાં નોન ફાર્મ પૅરૉલમાં અપેક્ષા કરતાં વધુ ૭૩,૦૦૦ રોજગાર વૃદ્ધિ થઈ હોવાનું બ્યુરો ઑફ લેબર સ્ટેટેસ્ટિક્સનાં લેબર ડિપાર્ટમેન્ટે જણાવતાં પુનઃ બજારમાં ફેડરલ રિઝર્વ દ્વારા વર્ષ ૨૦૨૫માં બે વખત વ્યાજદરમાં કાપ મૂકવાનો આશાવાદ નિર્માણ થયો હોવાથી સોનામાં બાઉન્સબૅક જોવા મળ્યું હોવાનું ટીડી સિક્યોરિટીઝના વિશ્લેષક બાર્ટ મેલેકે જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે નીચા વ્યાજદર, આર્થિક અને ભૂરાજકીય અનિશ્ચિતતાના સમય દરમિયાન સોનામાં રોકાણકારોની સલામતી માટેની માગ રહેતી હોય છે. ■

# વિદેશી હૂંડિયામણની અનામત ૨.૭ અબજ ડૉલર વધી



મુંબઈઃ ગત ૨૫ જુલાઈના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૨.૭૦૩ અબજ ડૉલર વધીને ૬૯૮.૧૯૨ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. જોકે, આ પૂર્વેનાં સપ્તાહે અનામત ૧.૧૮૩ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૯૫.૪૮૯ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

રિઝર્વ બૅન્કની આંકડાકીય માહિતી અનુસાર સમીક્ષા હેઠળના સપ્તાહમાં કુલ અનામતોમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૧.૩૧૬ અબજ ડૉલર વધીને ૫૮૮.૯૨૬ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે સપ્તાહ દરમિયાન ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યૅન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે સપ્તાહ દરમિયાન થયેલી વધઘટને ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન દેશની સોનાની અનામત ૧.૨૦૬ અબજ ડૉલર વધીને ૮૫.૭૦૪ અબજ ડૉલરના સ્તરે, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૧૨.૬ કરોડ ડૉલર વધીને ૧૮.૮૦૯ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૫.૫ કરોડ ડૉલર વધીને ૪.૭૫૩ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું યાદીમાં ઉમેર્યું હતું. ■

# સરકારે યુરોપિયન યુનિયન ખાતે ૫૮૪૧ ટન ખાંડની નિકાસ મંજૂર કરી



નવી દિલ્હીઃ ગત શુક્રવારે મોડી સાંજે સરકારે ટૅરિફ રેટ ક્વૉટા (ટીઆરક્યુ) હેઠળ યુરોપિયન યુનિયન ખાતે ૫૮૪૧ ટન ખાંડની નિકાસને નોટીફાઈ અથવા તો મજૂરી આપી હતી.

નોંધનીય બાબત એ છે કે ટીઆરક્યુ હેઠળ ચોક્કસ નિર્ધારિત કરવામાં આવેલી માત્રા સુધીની નિકાસ પર પ્રમાણમાં ટૅરિફના દર નીચા રાખવામાં આવતા હોય છે અને નિર્ધારિત માત્રા અથવા તો ક્વૉટાની માત્રા પૂરી થયા બાદ થતી નિકાસ પર ટૅરિફનાં ઊંચા દર લાગતા હોય છે. આ સરકારે વર્તમાન ખાંડ મોસમ ૨૦૨૫-૨૬ (ઑક્ટોબર-૨૫થી સપ્ટેમ્બર-૨૬) માટે ભારતથી યુરોપિયન યુનિયન ખાતે ટીઆરક્યુ હેઠળ ૫૮૪૧ ટન ખાંડની નિકાસને મંજૂરી આપી હોવાનું ડિરેક્ટર જનરલ ઑફ ફોરેન ટ્રેડે એક જાહેર નોટિસમાં જણાવ્યું છે.

વધુમાં નોટિસમાં જણાવ્યું હતું કે યુરોપિયન યુનિયન ખાતે પ્રેફરન્શિયલ નિકાસ માટે જો જરૂર પડે તો એગ્રિકલ્ચરલ ઍન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ એક્સપોર્ટ ડેવલોપમેન્ટ ઑથૉરિટી (અપેડા)ની ભલામણ અનુસાર એન્ટિટી અને જથ્થા માટે ડિરેક્ટર જનરલ ઑફ ફોરેન ટ્રેડ, મુંબઈ દ્વારા સર્ટિફિકેટ ઑફ ઓરિજિન આપવામાં આવશે. નોંધનીય બાબત એ છે કે યુરોપિયન યુનિયન ખાતે ટીઆરક્યુ હેઠળ થતી નિકાસ અંગેનો ક્વૉટા અંગેનું કાર્ય અપેડા કરી રહ્યું છે. ■

# ઈ-નામ પ્લેટફોર્મ હેઠળ પાંચ નાણાકીય વર્ષમાં ₹ ૩.૨૧ લાખ કરોડના વેપાર

નવી દિલ્હીઃ ઈલેક્ટ્રોનિક નેશનલ એગ્રિકલ્ચરલ માર્કેટ (ઈ-નામ) પ્લેટફોર્મ હેઠળ છેલ્લાં પાંચ નાણાકીય વર્ષમાં રૂ. ૩.૨૧ લાખ કરોડના મૂલ્યના વેપાર થયા હોવાનું તાજેતરમાં સરકારે જણાવ્યું છે.

ગત શુક્રવારે રાજ્યસભામાં એક પ્રશ્નનો લેખિતમાં ઉત્તર આપતાં રાજ્યકક્ષાના કૃષિ પ્રધાન રામનાથ ઠાકુરે જણાવ્યું હતું કે ગત પહેલી એપ્રિલ, ૨૦૨૦થી ૩૧મી માર્ચ, ૨૦૨૫ દરમિયાન ઈ-નામ પ્લેટફોર્મ મારફતે રૂ. ૩,૨૦,૭૬૬ કરોડનાં વેપાર થયા છે. વધુમાં આંકડાકીય માહિતી આપતા તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૩-૨૪ અને વર્ષ ૨૦૨૪-૨૫માં ઈ-નામ પ્લેટફોર્મ હેઠળ આંતરરાજ્ય વેપારનું વૉલ્યૂમ અનુક્રમે રૂ. ૧૮,૦૦૫ ટનનું અને ૩૯૩૫ ટનનું થયું હતું, જ્યારે ગત નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ૪૭૨.૬૨ ટનનું વૉલ્યૂમ થયું હતું.

વાસ્તવમાં કૃષિ માર્કેટિંગ એ રાજ્યનો વિષય છે. આથી રાજ્યો માટે જરૂરી છે કે તેઓ તેની ન્યાયીક પરિમિતિ હેઠળ વેપારના લાઈસન્સ માટેના ધોરણો હળવા કરે જેથી આંતરરાજ્ય વેપારને પ્રોત્સાહન મળે, એમ જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે અમુક રાજ્યોએ લાઈસન્સના ધોરણો હળવા કરીને ઈ-નામ અંતર્ગત રજિસ્ટર્ડ થયેલા ખરીદદારોને મંડીમાં નિર્ધારિત લોટ નું બિડ કરવા માટે મંજૂરી આપી છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે ઈ-નામ પોર્ટલ પર લગભગ ૧૫૨૨ મંડીઓ ઓનબોર્ડ છે, જેમાં ગત ૩૦મી જૂન સુધી ૨,૬૭,૭૧૯ ટ્રેડરો, ૪૫૧૮ ફાર્મર પ્રોડ્યુસર્સ ઓર્ગેનાઈઝેશન (એફપીઓ), ૧,૧૬,૦૪૨ કમિશન એજન્ટ અને ૧,૭૯,૪૧,૬૧૩ ખેડૂતો રજિસ્ટર્ડ થયા છે. જોકે, આંતરરાજ્ય કૃષિ વેપારને પ્રોત્સાહન આપવા સરકારે ઘણાં પગલાં લીધા છે. ખાસ કરીને એફપીઓ ટ્રેડિંગ મૉડ્યુલ અમલી કરવામાં આવ્યું છે જેમાં તેઓને કલેક્શન સેન્ટરથી સીધા વેપાર કરવા માટે મંજૂરી આપવામાં આવી છે જેમાં તેઓને એપીએમસીથી ઉત્પન્નના ટ્રાન્સપોર્ટેશનની જરૂર નથી પડતી.

વધુમાં પ્લેટફોર્મને વિસ્તૃત કરવા માટે ઈ-નામ ૨.૦ને ઈન્ટિગ્રેટ વૅલ્યુ ઍડેડ સર્વિસના વિકાસ માટે મંજૂરી આપવામાં આવી હોવાનું તેમણે ઉમેર્યું હતું. ■

# નાકા ડિલિવરી ધોરણે ખાંડમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૯૦થી ૩૯૪૦માં થયા હોવાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સપ્તાહના અંતે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં હાજર ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, પરંતુ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી છૂટીછવાઈ રહેતાં ભાવમાં વધ્યા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે અંદાજે ૨૭થી ૨૮ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટો તથા રિટેલ સ્તરની છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. તેમ જ માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૨૦થી ૪૧૦૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૬૨થી ૪૧૬૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી છૂટીછવાઈ રહેતાં બન્ને ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૬૦થી ૪૦૨૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૧૦થી ૪૦૭૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# પાંખાં કામકાજો વચ્ચે ધાતુમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે સપ્તાહના અંતે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે એકંદરે કામકાજો પાંખાં રહ્યાં હોવાથી સ્ટોકિસ્ટોની લે-વેચ તથા માગ અનુસાર ભાવમાં મિશ્ર વલણ રહ્યું હતું. જોકે, આજે ટીન, નિકલ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની માગને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૫, રૂ. સાત અને રૂ. પાંચનો સુધારો આવ્યો હતો. તેમ જ વપરાશકાર ઉદ્યોગની લેવાલીને ટેકે કોપર વાયરબાર સિવાયની અન્ય વેરાઈટીઓ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો સુધારો આવ્યો હતો, જ્યારે નિરસ માગે કોપર વાયરબાર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૩ અને રૂ. એક ઘટી આવ્યા હતા.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૨૫ વધીને રૂ. ૨૯૫૬, નિકલના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૧૩૩૨, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૫૬૦ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૮૩૭ના મથાળે રહ્યા હતા. આ સિવાય ઔદ્યોગિક વપરાશકારોની લેવાલીને ટેકે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૭૬૨ અને કોપર આર્મિચર તથા એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૮૨૫ અને રૂ. ૨૧૬ના મથાળે રહ્યા હતા. જોકે, આજે માત્ર કોપર વાયરબાર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીના દબાણ સામે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૯૦૭ અને રૂ. એક ઘટીને રૂ. ૨૫૫ના મથાળે રહ્યા હતા. આ સિવાય આજે છૂટીછવાઈ માગને ટેકે બ્રાસ શીટ કટિંગ્સ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૬૦૦, રૂ. ૨૬૫ અને રૂ. ૧૮૨ના મથાળે ટકેલા રહ્યાના અહેવાલ હતા. ■

# અન્ય એશિયન દેશોની તુલનામાં ભારત સામેના ઑટોમેટિવ, ટાયર ઉદ્યોગ પરનાં ટૅરિફ વધુ પક્ષપાતી

નવી દિલ્હીઃ ભારતથી અમેરિકા ખાતે થતી નિકાસ પર ૨૫ ટકા ટૅરિફ લાદવામાં આવી હોવાથી સ્થાનિક ઑટો કમ્પોનન્ટ ઉદ્યોગ અને ટાયર ઉત્પાદકો જાપાન, વિયેટનામ અને ઈન્ડોનેશિયા જેવાં અન્ય દેશોની સરખામણીમાં પ્રતિકૂળ સ્થિતિમાં મુકાઈ ગયા છે કેમ જે તેઓ ભારતની સરખામણીમાં ઓછી ડ્યૂટીનો સામનો કરી રહ્યા છે.

નોંધનીય બાબત એ છે કે અમેરિકી વહીવટીતંત્રએ આગામી સાતમી ઑગસ્ટથી ભારતથી થતી તમામ આયાત પર ૨૫ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરી હોવાથી ભારતીય ઑટોમેટિવ અને ટાયર ઉદ્યોગ ચિંતિત છે કેમ કે આ બન્ને ઉદ્યોગ અમેરિકી બજારમાં થતી નિકાસનો બહોળો હિસ્સો ધરાવે છે, એમ અગ્રણી રેટિંગ એજન્સી ઈક્રાએ એક અહેવાલમાં જણાવ્યું છે.

ઈક્રાની આંકડાકીય માહિતી અનુસાર ભારતીય ઑટો કમ્પોનન્ટ્સની કુલ નિકાસમાં અમેરિકા ખાતેની નિકાસનો હિસ્સો ૨૭ ટકા છે અને ટાયરની નિકાસનો હિસ્સો ૧૭ ટકા છે. અમેરિકાની આ ટૅરિફ વૃદ્ધિને કારણે જાપાન, વિયેટનામ અને ઈન્ડોનેશિયા જેવાં અન્ય એશિયન દેશો પર લાદવામાં આવેલી નીચી ટૅરિફની સરખામણીમાં ભારતીય ઉત્પાદકોને ગેરલાભ થશે, એમ અહેવાલમાં ઉમેર્યું હતું.

ટૅરિફ વૃદ્ધિને કારણે ભારતીય પુરવઠાકારોની સ્પર્ધાત્મકતા પર માઠી અસર પડશે, ખાસ કરીને રિપ્લેસમેન્ટ ટાયર સેગ્મેન્ટ પર તેમ જ સમગ્ર ઑટોમેટિવ કમ્પોનન્ટ્સ પર અસર જોવા મળશે. અગાઉ ભારતીય ટાયર નિકાસકારોને ચાઈનીઝ સ્પર્ધકો સામે લાભ મળી રહ્યો હતો. જોકે, હવે નીચા ટૅરિફના દરને કારણે આ લાભ અન્ય દક્ષિણપૂર્વ એશિયન દેશોને મળશે. તે જ પ્રમાણે ઑટો કમ્પોનન્ટ નિકાસકારો અમેરિકી બજાર પર ભારે નિર્ભર હતા તે હવે અન્ય બજારો તરફ વળશે અને તેઓએ ભાવ અસરકારકતામાં સુધારો કરવા માટે પ્રયાસ કરવા પડશે, જેથી ઊંચા ટૅરિફની અસર હળવી થઈ શકે, એમ અહેવાલમાં ઉમેર્યું હતું.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત નાણાકીય વર્ષ ૨૦૨૫માં ઑટો કમ્પોનન્ટ્સ ઉદ્યોગનું ટર્નઓવર આગલા વર્ષની સરખામણીમાં ૧૦ ટકા વધીને ૮૦.૨ અબજ ડૉલર (૬.૭૩ લાખ કરોડ)ની સપાટીએ રહ્યું હતું. તેમ જ નિકાસ નાણાકીય વર્ષ ૨૦૨૪નાં ૨૧.૨ અબજ ડૉલર (રૂ. ૧,૭૫,૯૬૦ કરોડ) સામે વર્ષ ૨૦૨૫માં આઠ ટકા વધીને ૨૨.૯ અબજ ડૉલર (૧,૯૨,૩૪૬ કરોડ)ની સપાટીએ રહી હતી.

# જ્વેલરીની માગ ઘટતાં સોનાની માગ પાંચ વર્ષના તળિયે પહોંચવાની શક્યતાઃ વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ

મુંબઈઃ વર્ષ ૨૦૨૫માં જ્વેલરીના ભાવ ઊંચી સપાટીએ રહેતાં વર્ષ દરમિયાન દેશની સોનાની વપરાશી માગ પાંચ વર્ષના તળિયે રહેશે. જોકે, અમુક અંશે રોકાણલક્ષી માગનો ટેકો મળવાની શક્યતા વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલે એક અહેવાલમાં વ્યક્ત કરી છે.

સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશોમાં બીજો ક્રમાંક ધરાવતા દેશ ભારતની વર્ષ ૨૦૨૫માં સોનાની માગ વર્ષ ૨૦૨૦ પછીની સૌથી નીચી અને વર્ષ ૨૦૨૪ની ૮૦૨.૮ ટન સામે ઘટીને ૬૦૦થી ૭૦૦ ટન આસપાસની સપાટીએ રહે તેવી શક્યતા વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના ભારત ખાતેના ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર સચિન જૈને વ્યક્ત કરતા ઉમેર્યું હતું કે જો ભાવમાં સ્થિરતા આવે તો માગ ૭૦૦ ટન સુધી પહોંચી શકે તેમ છે, પરંતુ ભૂરાજકીય પરિબળોને કારણે ભાવમાં ૧૦થી ૧૫ ટકાનો વધારો થાય તો માગ નીચલી સપાટીએ પહોંચી શકે છે.

નોંધનીય બાબત એ છે કે સ્થાનિકમાં ગત જૂન મહિનામાં સોનાના ભાવ વધીને ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૦૧,૦૭૮ની સપાટીએ પહોંચ્યા હતા. આમ વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૨૮ ટકાનો ઉછાળો આવી ગયો છે, જ્યારે ગત વર્ષ ૨૦૨૪માં ૨૧ ટકા ભાવ વધી આવ્યા હતા.

કાઉન્સિલની આંકડાકીય માહિતી અનુસાર ગત એપ્રિલથી જૂન સુધીના ત્રિમાસિકગાળામાં ખાસ કરીને જ્વેલરીની માગમાં ૧૭ ટકાના ઘટાડા અને રોકાણલક્ષી માગમાં સાત ટકાના વધારા સાથે દેશની સોનાની વપરાશી માગ ગત સાલના સમાનગાળાની સરખામણીમાં ૧૦ ટકા ઘટીને ૧૩૪.૯ ટનની સપાટીએ રહી હતી. તેમ જ સપ્ટેમ્બર અંતના ત્રિમાસિકગાળામાં પણ માગ ગત સાલના સમાનગાળાના ૨૪૮.૩ ટનની સરખામણીમાં ઓછી રહેવાની શક્યતા જૈને વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે ગત સાલ સરકારે આયાત જકાતમાં ઘટાડો કર્યો હોવાથી સોનાની ખરીદીમાં વૃદ્ધિ જોવા મળી હતી.

અન્ય અસ્ક્યામતોની સરખામણીમાં સોનામાં કામગીરી સારી જોવા મળી રહી છે, ખાસ કરીને હાજર સોનામાં તેમ જ એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં રોકાણલક્ષી માગ રહેતી હોવાનું તેમણે જણાવતા ઉમેર્યું હતું કે ભારતમાં ડિજિટાઈઝેશન વધુ પ્રચલિત થઈ રહ્યું હોવાથી એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં સારી વૃદ્ધિ જોવા મળી રહી છે. ગત જૂન મહિનામાં ભારતમાં સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં આંતરપ્રવાહ દસ ગણો વધીને પાંચ મહિનાની ટોચે ૨૦.૮૧ અબજ ડૉલરની સપાટીએ રહ્યો હોવાનું એસોસિયેશન ઑફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયાની આંકડાકીય માહિતી પરથી જાણવા મળ્યું છે. ■

# પચ્ચીસ ટકા અમેરિકી ટૅરિફ છતાં ભારતની ચોખાની નિકાસ જળવાશે

કોલકાતાઃ અમેરિકાએ ભારતીય ચોખા સહિતનાં ગૂડ્સ પર પચ્ચીસ ટકા લાદેલી ટૅરિફ એ કામચલાઉ ધોરણે અંતરાય સર્જશે, પરંતુ તેને કારણે ક્ષેત્ર પર મોટી માત્રામાં માઠી અસર નહીં પડે, એમ ચોખાના નિકાસકાર સંગઠને આજે જણાવ્યું હતું.

અમેરિકામાં થતી આયાતનાં નવાં ટૅરિફનો અમલ પહેલી ઑગસ્ટથી થનાર છે જેમાં ચોખા પરની ડ્યૂટીનો પણ સમાવેશ છે. ગત નાણાકીય વર્ષ ૨૦૨૪માં દેશની ચોખાની કુલ ૫૨.૪ લાખ ટનની નિકાસ પૈકી અમેરિકા ખાતે ચોખાની નિકાસ ૨.૩૪ લાખ ટનની સપાટીએ રહી હતી આમ એકંદરે અમેરિકા ખાતેની નિકાસનો હિસ્સો બહુ ઓછો છે.

અમેરિકા દ્વારા લાદવામાં આવેલી આ ટૅરિફ એ કામચલાઉ અંતરાય છે. વ્યૂહાત્મક યોજના, વિકેન્દ્રિકરણ અને થોડી બાંધછોડ સાથે અમેરિકી બજારમાં આપણો હિસ્સો વધારી શકીએ તેમ છીએ, એમ ઈન્ડિયન રાઈસ એક્સપોર્ટર્સ ફેડરેશન (આઈઆરઈએફ)નાં રાષ્ટ્રીય પ્રમુખ પ્રેમ ગર્ગે જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ભારતથી આયાત થતાં તમામ માલ પર આગામી પહેલી ઑગસ્ટથી પચ્ચીસ ટકા ટૅરિફનો અમલ કરવા ઉપરાંત રશિયાથી ક્રૂડતેલ અને મિલિટરી ઈક્વિપમેન્ટની ખરીદી પેટેનાં દંડ સ્વરૂપે જે નિર્ધારિત કરવામાં આવે તે લાદવામાં આવશે. ગર્ગે જણાવ્યું હતું કે ભારતીય બાસમતી ચોખા માટે અમેરિકા મુખ્ય બજાર નથી, પરંતુ પશ્ચિમ એશિયાની બજાર મહત્ત્વની છે. તેમણે નવી ડ્યૂટી છતાં ભારતે સ્પર્ધાત્મકતા પર ભાર મૂકતા જણાવ્યું હતું કે ભારત પર લાદવામાં આવેલી ટૅરિફ ચીન, વિયેટનામ, પાકિસ્તાન અને થાઈલેન્ડની સરખામણીમાં ઓછી છે.

તે જ પ્રમાણેના પ્રત્યાઘાત આપતા રાઈસવીલા જૂથનાં ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર સુરજ અગરવાલે જણાવ્યું હતું કે પચ્ચીસ ટકા ટૅરિફને કારણે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ચોખાની નિકાસ થોડી ધીમી પડશે, પરંતુ ભારતને સ્પર્ધાત્મકતાનો લાભ મળશે અને અમેરિકી બજારમાં વર્ષે ૨.૫ થી ૩ લાખ ટનની નિકાસ જળવાયેલી રહેશે. હાલમાં ચીન ૩૪ ટકા, વિયેટનામ ૪૬ ટકા અને થાઈલેન્ડ ૩૬ ટકા ટૅરિફનો સામનો કરી રહ્યું છે તેની સરખામણીમાં ભારત પર લાદવામાં આવેલી ટૅરિફ ઓછી છે જે ભારતને લાંબાગાળે સ્પર્ધાત્મકતાનો લાભ આપશે, એમ તેમણે ઉમેર્યું હતું. ■




રાજકોટમાં ફરજિયાત હેલ્મેટનો લોકો દ્વારા  વિરોધ કરવામાં આવી રહ્યો છે, જો આગામી દિવસોમાં કાયદો રદ નહીં થાય તો ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.. (તસવીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

વિવિધ ઓનલાઇન ટાસ્ક પૂર્ણ કરવાના નામે

# સાયબર ગઠીયાઓની જાળમાં ફસાયેલા મેઘપર (બોરીચી)ના યુવક સાથે રૂ.૨,૪૧000ની ઠગાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભયાનક મોંઘવારીના ચાલી રહેલા કપરા સમયમાં જીવતા રહેવા માટે આવક વધારવા માટે લોકો નોકરી ઉપરાંત અન્ય આર્થિક ઉપાર્જન માટેના વિકલ્પો શોધતા રહેતા હોય છે તેવામાં કહેવાતા ઓનલાઇન ટાસ્ક પૂર્ણ કરી તેના બદલામાં સારી એવી કમાણી કરવાની ભેજાબાજોની જાળમાં આવી ગયેલા અંજાર તાલુકાના મેઘપર બોરીચીના એક યુવકને રૂ. ૨,૪૧૦૦૦ ગુમાવવાનો વારો આવ્યો હતો.

મેઘપર બોરીચી સ્થિત સ્કાયવન સેસાયટીમાં રહી ભીમાસરની રત્નમણિ કંપનીમાં નોકરી કરનાર વિનિત જિતેન્દ્ર માલવી (લુહાર)એ આ અંગે સાયબર ક્રાઇમ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા.૧૬મી મેના રોજ તેને અજ્ઞાત નંબર વાટે વોટ્સએપમાં સુનીલા શન્મા સિગ્મા ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ કંપનીના એચ.આર.ના નામે સંદેશો આવ્યો જેમાં શું આપને પાર્ટ ટાઇમ જોબ કરવી છે? એવું પૂછતાં યુવકે હા પાડી હતી. બાદમાં તેને પ્રાપ્ત થયેલી એક યુઆરએલ લિન્ક ખોલતાં તે ટેલિગ્રામના એક ગ્રૂપમાં જોડાઇ ગયો હતો અને ગૂગલ મેપમાં જઇને કેટલાક લોકેશનોના રીવીવ સેક્શનમાં ફાઇવ સ્ટાર રિવ્યૂ આપવાનું જણાવાયું હતું. જાળમાં સપડાયેલા આ નોકરિયાતે ટાસ્ક પૂર્ણ કરવા માંડતા થોડા દિવસ બાદ તેના બેંક ખાતામાં પૈસા મોકલવામાં આવ્યા હતા. બાદમાં અઘરા ટાસ્ક આપી પૈસાની માગણી કરાઇ હતી, જેથી ફરિયાદી પાસે પૈસા ન હોવાથી પોતાની બહેનના, પિતાના તથા પિતાના મિત્રના ખાતામાંથી રૂપિયા આ ઠગબાજોના ખાતામાં જમા કરાવ્યા હતા. બાદમાં ફરી વધુ પૈસાની માંગણી કરતાં તેની સાથે રૂપિયા ૨,૪૧,૦૦૦ની છેતરપિંડી થઇ હોવાનું ભાન થતાં સાયબર પોલીસ સમક્ષ અજ્ઞાત લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ■

# ભુજમાં જ્યોતિષીની ઓફિસમાંથી ધોળા દિવસે ૩.૫૦ લાખની રોકડ ચોરનારો ઝડપાયો

ભુજઃ શહેરના સતત ધમધમતા રહેતા સ્ટેશન રોડ પર હોટેલ રાતરાણી નજીકની બંદૂકીવા શેરીમાં આવેલા અરવિંદભાઈ જોબનપુત્રાના જ્યોતિષ કાર્યાલયમાંથી ભરબપોરે એક કલાકની અંદર કબાટમાં રાખેલા રોકડાં સાડા ત્રણ લાખ રૂપિયાની ઉઠાંતરી કરનારા, ભુજના દાદુપીર રોડ પર રહેતા હિસ્ટ્રીશીટર ઓસમાણ ગની ગગડાની એ-ડિવિઝન પોલીસે વિવિધ સીસીટીવી કેમેરા અને હ્યુમન રિસોર્સની મદદ વડે ગણતરીના ઝડપી પાડ્યો હતો.

૭૨ વર્ષના વૃદ્ધ જ્યોતિષીની ઓફિસમાંથી તફડાવેલી રકમમાંથી ઓસમાણે ખરીદેલી ૧.૭૨ લાખ રૂપિયાની કિંમતની નવીનક્કોર બજાજ પલ્સર મોટર સાઇકલ અને બાકી બચેલા ૧ લાખ ૨૪ હજાર ૬૦૦ રૂપિયા રોકડાં મળીને કુલ ૨ લાખ ૯૬ હજાર ૬૦૦ રૂપિયાનો મુદ્દામાલ રીકવર કરી લેવામાં આવ્યો છે, જ્યારે બાકી બચેલા ૫૪ હજાર અંગે પોલીસ તપાસ કરી રહી છે.

ઓસમાણ વિરુદ્ધ વર્ષ ૨૦૧૫થી આજ દિન સુધીમાં ઘરફોડ ચોરીના બે, વાહનચોરીનો એક અને મારામારી, હુમલો કરવો, ધાક ધમકી આપવી વગેરે જેવા ૧૦ ગુના નોંધાઈ ચૂકેલાં છે તેમ તપાસકર્તા જણાવ્યું હતું. ■

પતિના ત્રાસથી કંટાળી ઘર છોડી ચાલી ગયેલી મહિલાનું

# જામનગર ૧૮૧ અભયમની ટીમે પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર ખાતે કાર્યરત ૧૮૧ હેલ્પલાઈન પર ફોન કરીને એક જાગૃત નાગરિકે જણાવેલ કે કોઈ મહિલા વહેલી સવારે ૫:૦૦ વાગ્યાથી ઓટલા પર ગભરાયેલી હાલતમાં બેઠી છે અને મદદની જરૂર છે. કોલ આવતાની સાથે જ જામનગર ૧૮૧ ટીમના કાઉન્સેલર રીનાબેન દિહોરા, હેડ કોસ્ટેબલ ગીતાબેન ધારવીયા તેમ જ પાયલોટ સુરજીતસિંહ વાઘેલા સહિતની ટીમ ઘટનાસ્થળ પર પહોચી હતી.

મહિલાનું કાઉન્સેલિંગ કર્યા બાદ જાણવા મળેલ કે, પોતાના પતિ સાથે ઝઘડો થતાં તેણીએ બે દિવસથી ઘર છોડી દીધું હતું અને અંતરિયાળ વિસ્તારમાં રહે છે. તેમના પતિ વારંવાર પિયર જતા રહેવા જણાવે છે અને હાલ તેઓને પિયર ન જવું હોવાથી ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગઈ હતી. બાદમાં અભયમની ટીમ દ્વારા મહિલાને સાંત્વના પાઠવી એડ્રેસ અને મોબાઈલ નંબર મેળવ્યા હતા. અને સાસરિયામાં જઈ તેના પતિ પતિનું કાઉન્સેલિંગ કરી કાયદાકીય સમજણ આપી હતી. બાદમાં તે મહિલાને ખોટી ધમકી કે ઘરની બહાર નીકળી જવા મજબૂર નહી કરે તેવી બાંહેધરી સાથે સુખદ જીવનની શરૂઆત કરવા સહમત થતા અભયમની ટીમે તેણીનું પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યું હતું. ■

# નકલી પોલીસ બનેલો ત્રગડીનો શખ્સ હનીટ્રેપના કેસમાં ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગત ગુરુવારે રૂપિયા ૧.૧૦ લાખના શરાબના જથ્થા સાથે માંડવીના શિરાચાથી ઝડપાયેલા ત્રગડીના આરોપી શક્તિસિંહ ભરતસિંહ જાડેજા સામે પોલીસની ખોટી ઓળખ ઊભી કરીને એક યુવકને હનીટ્રેપમાં ફસાવી રૂ. બે લાખની ખંડણી માગવા બાબતે બીજી ફોજદારી દાખલ થઇ હતી.

પશ્ચિમ કચ્છ પોલીસની સ્થાનિક ગુનાશોધક શાખાએ આ ગુનામાં સંડોવાયેલા શક્તિસિંહ ઉપરાંત તેના સાગરીત રિયાઝ ઉર્ફે હઠી સુમરાને ઝડપી પાડીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ સમગ્ર પ્રકરણ અંગે ડીવાયએસપી ક્રિશ્ચિનને જણાવ્યું હતું કે, પોતાને પોલીસ કોન્સ્ટેબલ તરીકે ખપાવનારા આરોપી શક્તિસિંહ ભરતસિંહ જાડેજા અને તેની સાગરીત એવી મહિલા સાથે ફરિયાદી યુવકને ભુજ-માંડવી માર્ગ પર આવેલા ખંડેરમાં પકડી લીધા બાદ શક્તિસિંહે દસ વર્ષ સુધી જેલમાં રહીશ તેવા ખોટા કેસમાં ફિટ કરાવી દેવાની ધમકી આપી ફરિયાદી પાસેથી બે લાખ રૂપિયાની ખંડણી મગાઈ હતી, જે પૈકી જુદા-જુદા સમયે કુલ રૂ. ૬૫,૦૦૦ પડાવી લેવાયા હતા.

પોલીસે શક્તિસિંહ ઉપરાંત રિયાઝને પકડી પાડી રિમાન્ડ મેળવવા સહિતની કાર્યવાહી હાથ ધરી છે, જ્યારે આ કૃત્યમાં સંડોવાયેલા અન્ય આરોપી મુન્નાફ રફીક સુમરા તથા હેમલતા નામની દહિંસરાની કહેવાતી મહિલા આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હોવાનું તેઓએ ઉમેર્યું હતું. ■

# ભાવનગર જિલ્લાના ૧.૦૫ લાખ ખેડૂતોના બૅન્ક ખાતામાં કિસાન સમ્માન નિધિ યોજનાના ૨૦મા હપ્તાની  રકમ પેટે કુલ ₹૨૬ કરોડ જમા થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના અટલ ઓડિટોરિયમ હોલ ખાતે વડા પ્રધાન મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં અને કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના રાજ્ય પ્રધાન નિમુબેન બાંભણીયાના અધ્યક્ષસ્થાને ‘‘પી.એમ.કિસાન ઉત્સવ દિવસ’’નો કાર્યક્રમ યોજાયો હતો.

પીએમ કિસાન સન્માન નિધિ યોજના ખેડૂતો માટે વરદાનરૂપ છે તેમ જણાવી નિમુબેન બાંભણિયાએ કહ્યું હતું કે, દેશભરના ૯.૭ કરોડથી વધુ ખેડૂતોને આ યોજનાનો લાભ મળી રહ્યો છે. ખેડૂતોના હિતમાં અને ખેડૂતોને સહાય માટે વર્ષ-૨૦૧૯માં કેન્દ્ર સરકારે શરૂ કરેલી આ યોજના વિશ્વની સૌથી મોટી ડીબીટી યોજના છે. નિમુબેનેએ જણાવ્યું હતું કે, પીએમ કિસાન સન્માન નિધિના ૨૦માં હપ્તા સ્વરૂપે આજ રોજ દેશભરના ખેડૂતોના ખાતામાં ૨૦,૫૦૦ કરોડથી પણ વધુ રકમ સીધી જ જમા કરાવવામાં આવી છે. આ યોજના અંતર્ગત ૨.૨૬ કરોડથી વધુ મહિલા ખેડૂત લાભાર્થી લાભ લઈ રહ્યા છે, જે સ્ત્રી સશક્તિકરણનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

ભાવનગર જિલ્લાના ૧.૦૫ લાખ ખેડૂતોના બેંક ખાતામાં કિસાન સમ્માન નિધિ યોજનાના ૨૦માં હપ્તાની રકમ પેટે કુલ રૂ.૨૬ કરોડ ડી.બી.ટી.થી જમા થયાં હતાં. રાજ્ય કક્ષાના પ્રધાનના હસ્તે લાભાર્થી ખેડૂતોને નવા ટ્રેક્ટરના પૂર્વ મંજૂરીપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. આ વેળાએ ખેડૂતોએ વડા પ્રધાન અને મુખ્ય પ્રધાનના સંબોધનનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. ■



(તસવીર-વિપુલ હિરાણી, ભાવનગર)

# અમરેલીના લોકોએ સૌર ઊર્જા વેચાણથી એક વર્ષમાં રૂ.૩.૩૩ કરોડની કમાણી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પ્રધાનમંત્રી સૂર્યઘર મફત વીજળી યોજના અને એક સમયની સોલાર રૂફટોપ યોજનાના માધ્યમથી અમરેલી જિલ્લાના ૨૦,૬૧૭ ઘરોમા સૂર્યપ્રકાશનો અજવાસ પથરાયો હતો. નાગરિકો પોતાના ઘરની છત ઉપર સોલાર પેનલ સ્થાપિત કરીને વીજ ઉત્પાદન કરી રહ્યા છે. આ સાથે ઘર વપરાશમાં વધ્યા બાદની વીજળીનું વેચાણ પણ કરી રહ્યા છે. હર ઘર સૂર્યઘર બને સાથે જ પરિવારને એક કમાણીનું સાધન પણ મળી રહે છે. તેમની આ નેમને સાર્થક કરવા અમરેલી જિલ્લો અગ્રેસર બન્યો છે. ભારત સરકાર અને વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીની અપીલને નાગરિકોએ વધાવી લીધી હોય તેમ નાગરિકો સૌર ઊર્જા સંગ્રહ દ્વારા વીજળી આપવાની સાથે વીજ બિલ ’ઝીરો’ કરવાનું લક્ષ્ય સાકાર થઇ રહ્યું છે.

જિલ્લામાં નાગરિકોના ઘરની છત ઉપર સૌરઊર્જા દ્વારા આશરે ૬૩,૨૯૯ કિલોવોટ એટલે કે, પ્રતિ દિન ૨,૫૩,૧૯૬ યુનિટ વીજ ઉત્પાદન થઈ રહ્યું છે. સોલાર પેનલથી વીજ ઉત્પાદન કરી રહેલા મોટાભાગના પરિવારનું વીજબિલ ‘ઝીરો’ તો થયું છે. આ સાથે નાગરિકોએ વર્ષ ૨૦૨૩-૨૪માં રુ.૩.૩૩ કરોડની વીજળીનું વેચાણ કરી કમાણી પણ મેળવી છે. સૂત્રોના કહેવા મુજબ, ભારત સરકારની આ બહુહેતુક યોજના સૌરઊર્જાને પ્રોત્સાહિત કરે છે અને વિદ્યુત ઊર્જા પરના આશ્રયને ઘટાડે છે. પર્યાવરણની દ્રષ્ટિએ પણ આ યોજના ઘણી લાભદાયક અને પરંપરાગત વીજળીના સ્ત્રોતોની તુલનામાં પર્યાવરણને વધુ અનુકૂળ છે.

ભારત સરકાર ખેડૂતો અને આર્થિક રીતે સામાન્ય સ્થિતિ ધરાવતા હોય તેવા નાગરિકોને સોલાર પેનલ માટે ખૂબ મોટી સહાય આપે છે, ઘર વપરાશ માટેનું વીજ જોડાણ ધરાવતા ગ્રાહકોને રૂ.૩૦,૦૦૦ થી રુ.૭૮,૦૦૦ સુધીની સહાય મળવા પાત્ર છે. ■

# ભાવનગરમાં ભાજપ સંગઠનના પૂર્વ પ્રધાન પર હુમલો કરનાર ત્રણ શખ્સ ઝડપાયા

અમદાવાદઃ ભાવનગરમાં ભાજપ સંગઠનના પૂર્વ મંત્રી પર અગાઉ કરેલી પોલીસ ફરિયાદની દાઝ રાખી ચાર ઈસમોએ સિમેન્ટના બ્લોક વડે હુમલા કરી ઈજા પહોંચાડી હતી. આ બનાવમાં નિલમબાગ પોલીસે ત્રણ શખ્સને ઝડપી લઇ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી ભાજપ સંગઠનના પૂર્વ મંત્રી નીતિનભાઈ બાબુભાઈ રાઠોડે નિલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી જેમાં ઉક્ત લોકોના વિરુદ્ધમાં તેમણે નિલમબાગ પોલીસમાં ફરિયાદ કરી હોવાની દાઝે ઉક્ત લોકોએ બે દિવસ પહેલા અપશબ્દો કહી ઢીકાપાટું અને સિમેન્ટના બ્લોક વડે માર માર્યો હતો. આ બનાવ સંદર્ભે નિલમબાગ પોલીસે ત્રણ શખસોને ઝડપી લીધા હતા, જ્યારે અન્ય એક શખ્સની શોધખોળ હાથ ધરી હતી. ■

# ભાવનગરના  શેળાવદર ગામે પતિના હાથે પત્નીની હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના તળાજા તાલુકાના શેળાવદર ગામે પતિએ તેની પત્નીને બોથડ પદાર્થના ઘા ઝીંકી ગળું દબાવી હત્યા કરી નાસી છૂટ્યા હતો. ખૂનના આ બનાવ અંગે પ્રાપ્ત થતી માહિતી તળાજા તાલુકાના  શેળાવદર ગામે  વહેલી સવારે વનરાજ બોઘાભાઈ ગોહિલે તેની પત્ની છાયાબેન ગોહિલ સાથે ઝઘડો કરી પથ્થર તથા ઈંટથી માથાના ભાગે માર મારી ગળું દબાવી મોત નિપજાવી ફરાર થઈ ગયો હતો.

મૃતકને ત્રણ સંતાનો છે, ૧૪ વર્ષ પહેલાં તેના લગ્ન થયા હતાં. છાયાબેનની હત્યા થતા ત્રણ સંતાનોએ માતાની છત્રછાયા ગુમાવી છે. આ બનાવ જાણ થતા જ દાઠા પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને પંચનામું સહિતની જરૂરી કાર્યવાહી કરી લાશને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપી હતી. અને આરોપીને ઝડપી લેવા પોલીસે ચક્રોગતિમાન કર્યા છે.

આ બનાવ અંગે મૃતક છાયાબેનના પિતા ભાવનગરમાં રહેતા મનુભાઈ હરિભાઈ ધોળકિયાએ દાઠા પોલીસ સ્ટેશનમાં તેના જમાઈ વનરાજ ગોહિલ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે હત્યા નો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મરનાર છાયાબેનને પતિ સાથે અવારનવાર ઝઘડો થતો હોય તેવો ભાવનગર પિયર રિસામણે હતા પરંતુ થોડા દિવસ પહેલા સમાધાન થતાં તેઓ સાસરે ગયા હતા અને શનિવાર સવારે ફરી ઝઘડો થતાં ઉશ્કેરાઈ જઈ પતિ એ તેની હત્યા કરી હતી. આ બનાવથી નાના એવા વેળાવદર ગામમાં ચકચાર મચી પામી હતી. ■

# કચ્છમાં આગામી ૭૯મા સ્વાતંત્ર પર્વની જિલ્લાકક્ષાની ઉજવણી ભચાઉ ખાતે કરાશે



(તસવીર- ઉત્સવ વૈદ્ય, ભુજ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ આગામી ૧૫ ઓગસ્ટ, ભારતના ૭૯મા સ્વાતંત્ર પર્વની સરહદી કચ્છમાં થનારી જિલ્લાકક્ષાની ઉજવણી ઐતિહાસિક ભચાઉ શહેર ખાતે કરવામાં આવશે. આ ઉજવણી અન્વયે કચ્છના જિલ્લા કલેક્ટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠકનું આયોજન કરાયું હતું. જેમાં આનંદ પટેલે મહત્તમ સંખ્યામાં નાગરિકો આ પર્વની ઉજવણીમાં સહભાગી થાય અને સમગ્ર કાર્યક્રમ સુચારું રીતે યોજાય તે બાબતે અધિકારીઓને માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું.

કલેક્ટર આનંદ પટેલે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓને અલગ અલગ વિભાગની કામગીરીની સોંપણી કરી હતી. આ ઉપરાંત કલેક્ટરે કાર્યક્રમની પૂર્વ તૈયારી માટે ભચાઉ ખાતે સ્થળની પસંદગી, શહેરમાં સુશોભન, વૃક્ષારોપણ, સ્ટેજ, મંડપ અને પાણીની વ્યવસ્થા, આમંત્રણ પત્રિકા, સાંસ્કૃતિક કાર્યક્રમો, વિશિષ્ટ કામગીરી બદલ અધિકારીઓ અને કર્મચારીઓનું સન્માન, પાર્કિંગ વ્યવસ્થા અને ટ્રાફિક નિયમન, સ્થળ ઉપર તબીબી સુવિધા, જાહેર કચેરીઓ ઉપર રોશની અને રીહર્સલ સહિતના મુદ્દાઓની સમીક્ષા કરીને જરૂરી માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું.■

# દિગ્ગજ અભિનેતા આમિર ખાને કચ્છના કોટાય ગામના ગ્રામજનો સાથે પોતાની સિતારે જમીન પર ફિલ્મને નિહાળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ વર્ષ ૨૦૦૧માં દુનિયાભરમાં રિલીઝ થયેલી આમિર ખાન અભિનીત અને આશુતોષ ગોવારિકર દ્વારા નિર્દેશિત સુપરહિટ હિન્દી ફિલ્મ ‘લગાન’નું જ્યાં આબેહૂબ ગ્રામ્ય થીમ પર સેટ બનાવીને શૂટિંગ થયું હતું.

ભાતીગળ કુનરિયાની નજીક આવેલા કોટાય ગામે તેમની તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ ‘સિતારે ઝમીન પર’નું સ્પેશિયલ સ્ક્રીનિંગ યોજવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અહીં આવેલા કચ્છ સાથે અઢી દાયકાથી પણ જૂનો નાતો ધરાવતા દિગ્ગજ કલાકાર આમિર ખાને જુના સંસ્મરણોને તાજાં કરવા ગ્રામજનો અને ખાસ કરીને બાળકો સાથે પલાંઠી વાળીને તેમની આ નવી ફિલ્મ નિહાળી હતી.

સુપરહિટ પુરવાર થયેલી ઓસ્કાર નોમિનેટેડ ‘લગાન’ ફિલ્મનું મોટાભાગનું શૂટિંગ કુનરિયા ગામે એક સેટ બનાવીને કરવામાં આવ્યું હતું. બાકી માંડવીના કોટડામાં આવેલા વિજય વિલાસ પેલેસ, ભુજના પ્રાગમહેલમાં પણ શૂટિંગ થયું હતું. તે સમયે આમિર ખાનની કોટાય ગામના અગ્રણી ધનજીભાઈ ચાક સહિતના અનેક લોકો સાથે ગાઢ મૈત્રી થઈ હતી જેને આજે પણ સહજતાથી જાળવી રાખી છે.

સિતારે જમીન પર ફિલ્મના સ્પેશિયલ સ્ક્રીનિંગ બાદ લગાનના શૂટિંગ સમયે સમગ્ર યુનિટને સહયોગ આપનાર સૌ લોકોને મળેલા આમિર ખાને નતમસ્તક થઈને આભાર માન્યો હતો.

આ પ્રસંગે આમિરે જણાવ્યું હતું કે, ભારતમાં મનોરંજન માટે થિએટર સ્ક્રિનની રાંખ્યા મર્યાદિત હોવાના અને ફિલ્મો જન-જન સુધી સરળતાથી પહોંચાડવાના આશયથી તેઓએ પુત્ર જુનેદ સાથે મળીને જનતા કા થિએટર નામથી ખાસ અભિયાનની શરૂઆત કરી છે. મોંઘેરા ઓટીટી પ્લેટફોર્મના બદલે દરેક લોકોના મોબાઈલમાં ઉપલબ્ધ યુટ્યૂબ એપ પર ‘પે પર વ્યુ’ મોડેલ પર ૧૦૦ રૂપિયાના નજીવા દરે તેમની ફિલ્મો દર્શાવવાનું શરૂ કરી દીધું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ‘સિતારે જમીન પર’ ૨૦૧૮ની સ્પેનિશ ફિલ્મ ‘ચેમ્પિયન્સ’ની ઑફિસિયલ હિન્દી રીમેક ફિલ્મ છે. બાસ્કેટ બોલનો સસ્પેન્ડેડ કોચ કેવી રીતે મનો દિવ્યાંગ બાળકોને રમતની તાલીમ આપી તેમને કુશળ ખેલાડી તરીકે તૈયાર કરે છે તેની હૃદયદ્રાવક કથા પર આધારીત આ ફિલ્મ ગત ૨૦ જૂન ૨૦૨૫ના રોજ રિલિઝ થઈ હતી જેને યુટ્યૂબ પર રિલિઝ કરવાના પ્રસંગે આમિર ખાન સરહદી કચ્છના કોટાય ગામમા આવ્યા હતા. ■

# કેબિનેટ પ્રધાન કુબેર ડીંડોરની સલાહનો રાજકોટ આમ આદમી પાર્ટીએ અનોખો વિરોધ કર્યો



(સવીર-પ્રવિણ સેદાણી, રાજકોટ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકારના કેબિનેટ પ્રધાન કુબેર ડીંડોરે ગઈકાલે એક કાર્યક્રમમાં લોકોને તેમની મૂળભૂત ફરજ સમજીને જાત્રે ત્રિકમ, પાવડો, તગારું લઈને ખાડો બુરવા માટે સલાહ આપી હતી. તેમની આ સલાહ બાદ રાજકોટમાં આમ આદમી પાર્ટીએ અનોખો વિરોધ કર્યો હતો. શહેરમાં આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓએ ત્રિકમ અને તગારૂ લઈ જાતે ખાડા બૂર્યા હતા અને શિક્ષણ મંત્રીના નિવેદનનો વિરોધ કર્યો હતો.

આમ આદમી પાર્ટીના સૂત્રોએ જણાવ્યું કે, કુબેર ડીંડોરે સમગ્ર ગુજરાતના લોકોને નાગરિક ધર્મ બજાવવા માટેની અનોખી સલાહ આપી હતી. તેમણે લોકોને રાજ્યમાં કોઈ પણ જગ્યાએ ખાડો પડે તો ત્યાં લોકોએ જાતે ખાડા પૂરી દેવા સરકારનો સંપર્ક કરવો નહીં તેમ જણાવ્યું હતું. જેથી અમે અહીં ખાડા પૂર્યા હતા. કાલે સવારે તમે એમ કહો કે, તમે પોલીસનો ડ્રેસ પહેરી લો એટલે અમે પોલીસનો ડ્રેસ પહેરી લેશું. તમે જજ, વકીલ કે ડ્રાઇવર બનવાનું કહેશો તો તે પણ બની જશું અને તમે એમ કહેશો કે હાથમાં સાવરણો લઈને સફાઈ કરી નાખો તો અમારી પાર્ટી હાથમાં ઝાડુ લઇ સફાયો કરી નાખશે. સૂત્રોએ કહ્યું કે, રાજકોટ શહેર આમ આદમી પાર્ટી દ્વારા અનોખો વિરોધ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. રૈયા સર્કલ પાસે રસ્તા પર પડેલા ખાડા આપના કાર્યકર્તાઓ દ્વારા બુરવામા આવ્યા હતા. શિક્ષણ પ્રધાને આપેલા નિવેદનનો વિરોધ કરવા આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.■